દૈનિક મુંબઈ સમાચાર

૨૦૪ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 176 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ શ્રાવણ સુદ - ૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 26 July 2025, Saturday ■ REGD.No. MCS/058/2024-26

શનિવાર, ૨૬ જુલાઈ ૨૦૨૫ (૧૬ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦ | વીકએન્ડ પૂર્તિ ૯ ૧૦ ૧૧ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# બેફામ અશ્લીલતાઃ પચીસ ઓટીટી પ્લેટફૉર્મ્સ પર બંધી

નવી દિલ્હીઃ ઓટીટી પ્લેટફોર્મ્સ પર બેલગામ સ્ટ્રીમ કરવામાં આવતી અશ્લીલ અને વાંધાજનક કન્ટેન્ટ સામે અવારનવાર પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા છે. હવે કેન્દ્ર સરકારે આવા ઓટીટી પ્લેટફોર્મ્સ પર સપાટો બલાવ્યો છે. સરકારે ૨૫ OTT પ્લેટફોર્મ પર પ્રતિબંધ લગાવ્યો છે, જેમાં ઉલ્લુ, ALTT અને દેશીફિલક્સ જેવા પ્લેટફોર્મ્સનો પણ સમાવેશ થાય છે. અહેવાલ મુજબ સરકારે ઈન્ટરનેટ સર્વિસ પ્રોવાઇડર્સ પચીસ ઓટીટી પ્લેટફોર્મનું પબ્લિક ઍક્સેસ ડિસેબલ કરવાનો નિર્દેશ આપ્યો છે. સૂચના અને પ્રસારિત મંત્રાલયે એક નોટિસ (જુઓ પાનું ૨) ▸▸

### કયા ઓટીટી પર બૅન?

ઉલ્લુ, ઑલ્ટટી, દેસીફ્લિક્સ બિગ શોટ્સ એપ, બૂમેક્સ, નવરસા લાઇટ, ગુલાબ એપ, કંગન એપ, બુલ એપ, જલવા એપ, વાઉ એન્ટરટેઈનમેન્ટ, લૂક એન્ટરટેઈનમેન્ટ, હિટપ્રાઈમ, ફેનીઓ શોએક્સ, સોલ ટોકીઝ, અડ્ડા ટીવી, હોટએક્સ વીઆઈપી, હલચલ એપ, મૂડએક્સ, નિયોનએક્સ વીઆઈપી, ફુગી, મોજફ્લિક્સ, ટ્રાઇફ્લિક્સનો સમાવેશ થાય છે.






# ઑપરેશન સિંદૂર હજી ચાલુ જ

## લશ્કરે 'શસ્ત્ર' અને 'શાસ્ત્ર'માં નિપુણ રહેવું જરૂરીઃ જનરલ અનિલ ચૌહાણ



નવી દિલ્હીઃ ચીફ ઑફ ડિફેન્સ સ્ટાફ જનરલ અનિલ ચૌહાણે શુક્રવારે 'ઑપરેશન સિંદૂર' હજી ચાલુ હોવાનો ફરી દાવો કરવાની સાથે જણાવ્યું હતું કે સશસ્ત્ર દળોએ હંમેશાં '૨૪×૭, ૩૬૫ દિવસ' ઘણાં ઉચ્ચ સ્તરની તૈયારી રાખવી જરૂરી છે. લશ્કરે 'શસ્ત્ર' અને 'શાસ્ત્ર'માં નિપુણ રહેવું આવશ્યક છે.

તેમણે અહીં યોજાયેલા સંરક્ષણને લગતા પરિસંવાદને સંબોધતા જણાવ્યું હતું કે આજના યુગમાં યોદ્ધાએ (સૈનિકોએ) 'ટૅક્ટિકલ', 'ઑપરેશનલ' અને 'સ્ટ્રેટેજિક' પાસાંમાં નિષ્ણાત બનવું જરૂરી છે.

અગાઉ, કેન્દ્ર સરકારે ગુરુવારે સંસદમાં જણાવ્યું હતું કે પાકિસ્તાનની મદદથી (જુઓ પાનું ૨) ▸▸

## 'પચાસથી ઓછાં શસ્ત્રે પાકને ઘૂંટણિયે પાડ્યું'

નવી દિલ્હીઃ ભારતીય હવાઇ દળના નાયબ વડા ઍર માર્શલ નર્મદેશ્વર તિવારીએ શુક્રવારે જણાવ્યું હતું કે ભારતના 'ઑપરેશન સિંદૂર'એ દુનિયાને બતાવી દીધું હતું કે પચાસથી ઓછા શસ્ત્રોનાં ઉપયોગથી દુશ્મનોને કઇ રીતે ઘૂંટણિયે પાડીને 'શાંતિ મંત્રણા' માટે આગળ આવવા મજબૂર કરી શકાય છે. આ લશ્કરી કાર્યવાહી અભ્યાસનો વિષય બની ગયો છે.

તેમણે સેન્ટર ફોર ઍર પાવર સ્ટડિઝ અને કૉલેજ ઑફ ઍર વૉરફેરના પરિસંવાદને સંબોધતા જણાવ્યું હતું કે અમે (લશ્કરી કાર્યવાહી)ના ખર્ચ - લાભ, ખાસ કરીને હવાઇ દળની તાકાત અંગે ઘણી સલાહમસલત તેમ જ ચર્ચા કરી હતી અને મને આશા છે કે તે અંગે ભવિષ્યમાં ઊંડાણથી અભ્યાસ કરાશે.

તેમણે જણાવ્યું હતું કે હાલના યુદ્ધમાં 'અમાનવ' (ડ્રોન જેવી) સિસ્ટમ અને 'સમાનવ' સિસ્ટમની સરખામણી કરીએ તો હજી પણ 'સમાનવ' સિસ્ટમના ઉપયોગના લાભ વધુ છે અને હજી થોડા સમય સુધી રહેશે. ચીફ ઑફ (જુઓ પાનું ૨) ▸▸






## દ. ગુજરાતમાં મેઘતાંડવ

### કપરાડામાં ૬.૩૪ ઈંચ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દક્ષિણ ગુજરાતમાં ચોમાસાએ ફરી જમાવટ કરી હતી. રાજ્યમાં સાંજે ૬ વાગ્યા સુધીમાં ૫૪ તાલુકામાં વરસાદ વરસ્યો હતો. વલસાડના કપરાડામાં સૌથી વધુ ૬.૩૪ ઇંચ વરસાદ ખાબક્યો હતો. વાપીમાં ૩.૮૨ ઇંચ, માંડવી (સુરત)માં ૧.૮૫ ઇંચ, ખેરગામમાં ૧.૭૩ ઇંચ, ધરમપુરમાં ૧.૬૧ ઇંચ, ડાંગ-આહવામાં ૧.૨૨ ઇંચ, વલસાડમાં ૧.૧૮ ઇંચ, પારડીમાં ૧.૧૪ ઇંચ, સુબીરમાં ૧.૦૬ ઇંચ, વાંસદામાં ૧.૦૨ ઇંચ વરસાદ નોંધાયો હતો.

રાજ્યમાં એક તાલુકામાં છ ઇંચથી વધારે, એક તાલુકામાં ત્રણ ઇંચથી વધારે, આઠ તાલુકામાં એક (જુઓ પાનું ૨) ▸▸

## હવે મૉલ્દીવ્સ વહાલું રે...

# મૉલ્દીવ્સને ૪,૫૦૦ કરોડ રૂપિયા આપશે ભારત




### માલે પહોંચેલા વડા પ્રધાન નરેન્દ્ર મોદીનું શાનદાર સ્વાગત

માલેઃ મૉલ્દીવ્સને ૪,૫૦૦ કરોડ રૂપિયાની લાઈન ઑફ ક્રેડિટની જાહેરાત કર્યા બાદ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે કહ્યું હતું કે મૉલ્દીવ્સના સૌથી વિશ્વસનીય મિત્ર હોવા બદલ ભારત ગર્વ અનુભવે છે. વેપાર, સંરક્ષણ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્ર સહકાર મજબૂત કરવા માલ્દીવ્સના પ્રમુખ મોહમ્મદ મુઈઝ્ઝુ સાથે વ્યાપક દ્વિપક્ષી મંત્રણા કર્યા બાદ મોદીએ ઉપરોક્ત નિવેદન કર્યું હતું.

આ કરાર બંને દેશ વચ્ચેના વ્યાપક સહકાર અને વિશ્વાસનું પ્રતિબિંબ પાડે છે એમ જણાવતાં મોદીએ કહ્યું હતું કે ભારત મૉલ્દીવ્સને તેની સંરક્ષણ ક્ષમતા વધારવામાં કાયમ મદદરૂપ (જુઓ પાનું ૨) ▸▸

## ડ્રોનમાંથી છોડી શકાતાં મિસાઇલનું સફળ પરીક્ષણ



નવી દિલ્હીઃ ડિફેન્સ રિસર્ચ ઍન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઇઝેશન (ડીઆરડીઓ)એ ડ્રોનમાંથી છોડીને લક્ષ્ય ચોકસાઇપૂર્વક સાધી શકાય એવા મિસાઇલનું આંધ્ર પ્રદેશમાંની ટેસ્ટ રેન્જ ખાતેથી શુક્રવારે સફળ પરીક્ષણ કર્યું હતું. સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે સોશ્યલ મીડિયા પર જણાવ્યું હતું કે આંધ્ર પ્રદેશના કર્નૂલુમાંની નેશનલ ઓપન એરિયા રેન્જ ખાતેથી 'અનમેન્ડ ઍરિયલ વેહિકલ લૉન્ચ્ડ પ્રિસિઝન ગાઇડેડ મિસાઇલ - વીથ્રી'નું સફળ પરીક્ષણ કરાયું હતું. તેને લીધે દેશની સંરક્ષણ ક્ષમતામાં ઘણો (જુઓ પાનું ૨) ▸▸

## રોકાણકારોની સંપત્તિમાં બે દિવસમાં ૮.૬૭ લાખ કરોડ રૂપિયાનું ધોવાણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શેરબજારમાં સતત બીજા દિવસે પણ પીછેહઠ ચાલુ રહી હતી અને બેન્ચમાર્ક સેન્સેક્સના ૭૨૧.૦૮ પોઈન્ટના ગાબડા સાથે એક્સચેન્જના માર્કેટ કેપિટલમાં ૬.૪૩ લાખ કરોડ રૂપિયાનું જોરદાર ધોવાણ જોવા મળ્યું હતું.

આ સાથે બે સત્રમાં સેન્સેક્સમાં ૧.૫૨ ટકાનો કડાકો નોંધાયો છે, જ્યારે લિસ્ટેડ કંપનીના શેરધારકોને બે દિવસમાં કુલ ૮.૬૭ લાખ કરોડ રૂપિયાની નુકસાની થઇ છે.

સેન્સેક્સે પાછલા બે દિવસમાં ૧૨૬૩.૫૫ પોઇન્ટ ગુમાવ્યા છે, જેને પરિણામે બીએસઇ પર લિસ્ટેડ માર્કેટ કેપિટલાઇઝેશન ૮,૬૭,૪૦૬.૭૫ કરોડ રૂપિયા ઘટીને (જુઓ પાનું ૨) ▸▸

## જાતિ આધારિત જનગણના અગાઉ ન કરાવી એ મારી ભૂલઃ રાહુલ ગાંધી

નવી દિલ્હી : કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ શુક્રવારે સ્વીકાર્યું હતું કે તે તેની ''ભૂલ'' હતી અને પાર્ટીની નહીં કે તેઓ અગાઉ જાતિ આધારિત જનગણના કરાવી શક્યા નહીં, અને કહ્યું કે તે હવે તેને સુધારી રહ્યા છે. તેણે વધુમાં કહ્યું કે તેણે ૨૧ વર્ષની તેની રાજકીય કારકિર્દીમાં ''ભૂલ'' કરી છે, જે અન્ય પછાત વર્ગો (ઓબીસી) વિભાગનાં હિતોનું રક્ષણ કરી (જુઓ પાનું ૨) ▸▸

## રાજસ્થાનમાં શાળાનું મકાન તૂટી પડતાં સાત બાળકોનાં મોત



**બચાવ કામગીરીઃ** રાજસ્થાનના ઝાલાવાડ જિલ્લામાં તૂટી પડેલી સરકારી શાળાની ઈમારત ખાતે બચાવ કામગીરી કરી રહેલા સ્થાનિક લોકો. આ દુર્ઘટનામાં ભારે જાનહાનિ થઇ હતી. (પીટીઆઇ)

ઝાલાવાડઃ રાજસ્થાનના ઝાલાવાડ જિલ્લામાં શુક્રવારે એક સરકારી શાળામાં સવારની પ્રાર્થના માટે વિદ્યાર્થીઓ ભેગા થઈ રહ્યા હતા ત્યારે શાળાનો એક ભાગ તૂટી પડતાં ભયંકર દુર્ઘટના બની હતી. જેમાં સાત બાળકોના મોત નીપજ્યા (જુઓ પાનું ૨) ▸▸







મુંબઈ સમાચાર

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ટ્રમ્પનો વેવલો દેશપ્રેમ ટેક કંપનીઓને ના પરવડે

**અમેરિકાના** પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ફરી એક વાર 'અમેરિકા ફસ્ટ'નો રાગ આલાપ્યો છે અને અમેરિકાની ટોચની કંપનીઓને ભારત સહિત બીજા દેશોમાંથી ભરતી નહીં કરવાની વણમાગી સલાહ આપી છે. ટ્રમ્પે પોતાની વાત નહીં માનનારી કંપનીઓને સાણસામાં લેવાની આડકતરી ધમકી પણ આપી. તેના કારણે ભારતીયોએ હવે અમેરિકન કંપનીઓની નોકરીઓ માટે બહુ મથવું પડશે એવી વાતો પણ વહેતી થઈ ગઈ.

ભારતીયોને નુકસાન જશે એવા દાવા પણ સૂંઠના ગાંગડે ગાંધી થયેલા કેટલાક વિશ્લેષકોએ કરી નાખ્યા પણ આ વાતોમાં દમ નથી ને ભારતીયોએ ડરવાની જરૂર પણ નથી. ટ્રમ્પ આ પ્રકારની આડકતરી ધમકીઓ પહેલાં પણ આપી ચૂક્યા છે ને અમેરિકાની કંપનીઓ ટ્રમ્પને રીતસર ઘોળીને પી ગઈ છે. હજુ મહિના પહેલાં જ ટ્રમ્પે એપલને ભારતમાં પોતાની ફેક્ટરી નહીં નાખવા કહેલું ને આડકતરી ધમકી આપેલી પણ એપલે ટ્રમ્પની ધમકીને એક કાનેથી સાંભળીને બીજા કાનેથી કાઢી નાખેલી. બીજી ટેક કંપનીઓ પણ એ રીતે જ વર્તે છે તેથી ટ્રમ્પની ધમકીથી જરાય ડરવા જેવું નથી.

ટ્રમ્પની ધમકીની અસર કેમ નહીં થાય અને અમેરિકાની ટેક કંપનીઓ ટ્રમ્પને કેમ ગણકારતી નથી એ સમજવા માટે પહેલાં ટ્રમ્પે શું જ્ઞાન પીરસ્યું એ જાણવું જરૂરી છે. વોશિંગ્ટનમાં એક એઆઈ સમિટ દરમિયાન ટ્રમ્પે અમેરિકન કંપનીઓને ભારતીયો સહિતના વિદેશીઓને બદલે અમેરિકન ટેલેન્ટની ભરતી કરવા સલાહ આપી છે.

એઆઈ સમિટ હોવાથી ગૂગલ, માઈક્રોસોફ્ટ, મેટા સહિતની અમેરિકાની ટોચની ટેક કંપનીઓના ધુરંધરો હાજર હતા. તેમની હાજરીમાં ડોનલ્ડ ટ્રમ્પે ટેક ઈન્ડસ્ટ્રીની માનસિકતાની ઝાટકણી કાઢીને કહ્યું હતું કે, દુનિયાની ટોચની ટેક કંપનીઓ અમેરિકાની છે પણ આ કંપનીઓ દ્વારા ઘણાં કારણોસર અમેરિકન ટેલેન્ટને ઈગ્નોર કરવામાં આવે છે. ટોચની કંપનીઓ વધારે નફો રળવા માટે અમેરિકાની આઝાદીનો ગેરલાભ ઉઠાવે છે અને મોટાપાયે બહારના લોકોને નોકરીઓ આપીને અમેરિકનોને અન્યાય કરે છે.

ટ્રમ્પે એવું ડહાપણ પણ ડહોળ્યું કે ટેકનોલોજી કંપનીઓ સસ્તા ઉત્પાદન ખર્ચ માટે ચીનમાં ફેક્ટરી નાખે છે અને સસ્તા મજૂરો માટે ભારતમાંથી કર્મચારીઓની મોટાપાયે ભરતી કરે છે. આ રીતે ટેક કંપનીઓ પોતાના જ દેશના લોકોની ઉપેક્ષા કરે છે અને આ ઓછું હોય તેમ અમેરિકાની ટીકા પણ કરે છે.

ટ્રમ્પે અમેરિકા ફર્સ્ટ પૉલિસીની રેકર્ડ વગાડીને કહ્યું કે, એઆઈની રેસમાં કંપનીઓને નવી ટેલેન્ટની જરૂર પડે છે તેથી અનિવાર્ય હોય ત્યાં બહારથી ભરતી કરાય તેની સામે વાંધો નથી પણ દેશ તરફ લગાવ હોવો પણ જરૂરી છે. આપણને અમેરિકામાં રહે અને સાથે સાથે અમેરિકા ફર્સ્ટ પૉલિસીને ફોલો કરે એવી કંપનીઓની જરૂર છે, અમેરિકનોની નોકરીઓ છિનવે એવી કંપનીઓ નથી જોઈતી.

ટ્રમ્પે બીજી પણ ઘણી વાતો કરી છે અને આ વાતોનો ટૂંક સાર એ જ છે કે, અમેરિકાની કંપનીઓ ભારતીયો સહિતના વિદેશીઓને બદલે અમેરિકનોને નોકરીએ રાખે તેમાં તેમની ભલાઈ છે. બાકી સરકારને દંડો ચાલવતાં આવડે જ છે. ટ્રમ્પની વાત સાંભળીને સમિટમાં હાજર લોકોએ તાળીઓ પાડી ને ટ્રમ્પના ચમચા મીડિયાએ વાહવાહી કરી પણ ટ્રમ્પની વાતને કોઈ ગંભીરતાથી નથી લેવાનું એ પણ નક્કી છે. અમેરિકાની ટેકનો કંપનીઓ શેઠની શિખામણ ઝાંપા સુધી એમ માનીને વર્તવાની એ પણ નક્કી છે કેમ કે ટેકનો કંપનીઓ ચલાવનારા દિગ્ગજોને ખબર છે કે, ટ્રમ્પની વાતો સાંભળવામાં સારી લાગે ને ટ્રમ્પના ભક્તો એ સાંભળીને ઝૂમી ઉઠતા હશે પણ આઈટી કંપનીઓ ટ્રમ્પના રસ્તે ચાલવા જાય તો નેવું ટકા કંપનીઓને તાળાં મારવાં પડે.

અમેરિકાની આઈટી કંપનીઓ ભારતીયોને મોટા પાયે નોકરી આપે છે તેનાં બે મુખ્ય કારણ છે. પહેલું કારણ એ કે, ભારત પાસે આઈટી સેક્ટરમાં કામ કરી શકે એવા થોકબંધ સ્કીલ્ડ પર્સન્સ તૈયાર થાય છે. અંગ્રેજોએ ભારતમાં પોતાનો વહીવટ સરળતાથી ચાલે એટલા માટે કારકુનો પેદા કરવા માટે બનાવેલી શિક્ષણ નીતિ હવે કારકુનોના બદલે કોમ્પ્યુટર નિષ્ણાતો તૈયાર કરે છે. ભારતમાં થોકબંધ એન્જિનિયરિંગ કૉલેજો ખોલી દેવાઈ છે અને આ કોલેજોમાં અમેરિકાની ટોચની કંપનીઓમાં સરળતાથી નોકરી મળી જાય એ પ્રકારના અભ્યાસક્રમો ચલાવાય છે તેથી અમેરિકન કંપનીઓને વધારે મહેનત કર્યા વિના તૈયાર માણસો મળી જાય છે.

બીજું કારણ એ કે, આ સ્કીલ્ડ પર્સન્સ અમેરિકનો કરતાં કદાચ દસમા ભાગના પગારમાં કામ કરે છે અને અમેરિકનોની જેમ કોઈ નખરાં કરતાં નથી. અમેરિકનોને નોકરીએ રાખો એટલે મિનિમમ વેજ આપવું પડે, સોશ્યલ સિક્યોરિટી સહિતના બીજા લાભ પણ આપવા પડે. ઓવરટાઈમ કરવાની ના પાડે તો પણ કશું ના કરી શકાય, વીક-એન્ડમાં રજા રાખીને ભાગી જાય તો પણ કશું ઉખાડી ના શકો. તેની સામે ભારતીયો ગમે તેટલા કલાક કામ કરવા તૈયાર હોય છે.

અમેરિકનો તેમની લાઈફસ્ટાઈલ બદલવા તૈયાર નથી હોતા ત્યારે ભારતીયો તો સંપૂર્ણપણે બદલાઈવ જવા પણ તૈયાર હોય છે. અમેરિકામાં દિવસ હોય ત્યારે ભારતમાં રાત હોય છે પણ આપણે રાતની ઉંઘ બગાડીને પણ અમેરિકન કંપનીઓનાં કામ કરીએ છીએ કેમ કે આપણને નોકરીની કિંમત ખબર છે.

આ બધાં કારણોસર અમેરિકાની કંપનીઓ ભારતીયોને નોકરીએ રાખે છે ને પોતાની પડતર અને મેન્ટેનન્સ કોસ્ટ નીચી લઈ જાય છે. કંપનીઓ ધંધો લઈને બેઠી છે, દેશપ્રેમની મંડળી ચલાવતી નથી એટલે પડતર કિંમત જેટલી નીચી જાય એટલો તેમને ફાયદો થાય. ભારતીયોના કિસ્સામાં ક્વોલિટી સાથે કોમ્પ્રોમાઈઝ કર્યા વિના ઓછા ખર્ચમાં સારા માણસો મળે છે તેથી કંપનીઓ ભારતીયોને નોકરીએ રાખે છે.

બીજી એક વાત એ પણ સમજવા જેવી છે કે, અમેરિકન ટેક કંપનીઓએ ભારતીયોને નોકરીઓ આપવા માટે જે મોડલ અપનાવ્યું છે તેમાં તેમના માથે કર્મચારીઓની કોઈ જવાબદારી જ નથી કેમ કે આખો ધંધો આઉટસોર્સિંગ પર ચાલે છે. અમેરિકન કંપનીઓ પોતાને શું જોઈએ છે એ નક્કી કર્યા પછી ઈન્ફોસિસ, ટીસીએસ, એચસીએલ જેવી કંપનીઓને આખા પ્રોજેક્ટ્સ આઉટસોર્સ કરે છે. આ કંપનીઓ ભારતમાં કર્મચારીઓ રાખીને પ્રોજેક્ટ્સ તૈયાર કરે છે અને પછી સર્વિસ આપે છે. આ કામના બદલામાં કંપનીઓ ભારતીય કંપનીઓને નાણાં ચૂકવે છે. આ ગોઠવણમાં અમેરિકન કંપનીઓના માથે કર્મચારીઓની કોઈ જવાબદારી નથી તેથી તેમને ફાવે છે.

ટ્રમ્પ રાજકારણી છે એટલે આવી બધી વાતો ભલે કર્યા કરતા પણ કંપનીઓ ધંધો કરે છે તેથી આવો વેવલો દેશપ્રેમ ટેક કંપનીઓને ના પરવડે. ■

## આજનું પંચાંગ

**પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા**

દક્ષિણાયન – સૌર વર્ષાઋતુ પ્રારંભ, શનિવાર, તા. ૨૬–૭–૨૦૨૫, અશ્વત્થ મારુતિ પૂજન, ચંદ્રદર્શન

- ભારતીય દિનાંક ૪, માહે શ્રાવણ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, શ્રાવણ સુદ–૨
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે શ્રાવણ, તિથિ સુદ–૨
- પારસી શહેનશાહી રોજ ૧૬મો મેહેર, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૧૧મો ખોરશેદ, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૮મો દએપઆદર, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૩૦મો, માહે ૧લો મોહરમ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૧લો, માહે ૨જો સફર, સને ૧૪૪૭
- નક્ષત્ર આશ્લેષા બપોરે ક.૧૫–૫૧ સુધી, પછી મઘા
- ચંદ્ર કર્કમાં બપોરે ક. ૧૫–૫૧ સુધી, પછી સિંહમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કર્ક (ડ, હ), સિંહ (મ, ટ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૪, અમદાવાદ ક. ૦૬ મિ. ૦૯, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૫, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૨, સ્ટા. ટા.
- –ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :–
- ભરતીઃ બપોરે ક. ૧૩–૧૫, મધ્યરાત્રિ પછી ક. ૦૧–૧૧ (તા. ૨૭)
- ઓટઃ સવારે ક. ૦૬–૩૮, રાત્રે ક. ૧૯–૩૫
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, શ્રાવણ શુક્લ – દ્વિતીયા. અશ્વત્થ મારુતિ પૂજન, ચંદ્રદર્શન, મું. ૩૦, સામ્યાર્ઘ, ઉત્તર શૃંગોન્નતિ ૩૫ અંશ, શુક્ર મિથુનમાં સવારે ક. ૦૮–૫૭, સૂર્ય મહાનક્ષત્ર પુષ્ય, વાહન મોર.
- શુભાશુભ દ્વિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ આશ્લેષા જન્મનક્ષત્ર શાંતિ પૂજા, પીપળાનું પૂજન, મહાબલિ મારુતિ દેવતાનું પૂજન, શનિ દેવતાનું પૂજન, બુધ–શનિ ગ્રહદેવતાનું પૂજન, હનુમાન ચાલીસા, સુંદરકાંડ વાંચન, શ્રાવણ માસ પર્વ ઉજવણી નિમિત્તે મંદિરોમાં જાહેરમાં ભજન–કીર્તન, શિવકથાના આયોજનો, શનિ–બુધ ગ્રહદેવતાનું પૂજન, ઔષધ ઉપચાર, માલ વેંચવો, ઘર–ખેતર જમીન, મકાન સ્થાવર લેવડદેવડના કામકાજ, શ્રી વિષ્ણુ–લક્ષ્મી પૂજા.
- આચમનઃ ચંદ્ર–શુક્ર અર્ધત્રિકોણ કળાપ્રેમી, ચંદ્ર–હર્ષલ ચતુષ્કોણ નાણાંના જોખમોમાં સંભાળવું.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–શુક્ર અર્ધત્રિકોણ, ચંદ્ર–હર્ષલ ચતુષ્કોણ (તા. ૨૭), ચંદ્ર–મઘા યુતિ
- ગ્રહગોચરઃ સૂર્ય–કર્ક, મંગળ–સિંહ, વક્રી બુધ–કર્ક, ગુરુ–મિથુન, શુક્ર–વૃષભ/ મિથુન, વક્રી શનિ–મીન, રાહુ–કુંભ, કેતુ–સિંહ, માર્ગી હર્ષલ–વૃષભ, માર્ગી નેપ્ચ્યૂન–મીન, વક્રી પ્લુટો–મકર. ■

# મણિપુરમાં રાષ્ટ્રપતિશાસન વધુ છ મહિના લંબાવાશે

નવી દિલ્હી : દેશના પૂર્વોત્તર રાજ્ય મણિપુરમાં સતત થાળે પડેલી સ્થિતિના પગલે કેન્દ્ર સરકારે મહત્ત્વનો નિર્ણય લીધો છે. જેમાં મણિપુરમાં અમલ રાષ્ટ્રપતિ શાસનને વધુ છ મહિના લંબાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. મણિપુરમાં ફાટી નીકળેલી જાતીય હિંસા બાદ કેન્દ્ર સરકારે ૧૩ ફેબ્રઆરી, ૨૦૨૫ના રોજ રાષ્ટ્રપતિશાસન અમલ કર્યું હતું. જેને હવે ૧૩ ઓગસ્ટ, ૨૦૨૫થી વધુ છ મહિના લંબાવવામાં આવશે. આ સંબંધે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ સંસદમાં પ્રસ્તાવ રજૂ કરશે. મણિપુરમાં લાગુ રાષ્ટ્રપતિશાસનને વધુ છ માસ લંબાવવામાં રાજયસભામાં એક નોટિસ જાહેર કરવામાં આવી છે. કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ દ્વારા આ પ્રસ્તાવને સ્વીકાર કરવા જણાવવામાં આવ્યું છે. જેમાં કહેવામાં આવ્યું છે કે, આ ગૃહ રાષ્ટ્રપતિ દ્વારા બંધારણના અનુચ્છેદ ૩૫૬ હેઠળ મણિપુર વિશે ૧૩ ફેબ્રઆરી, ૨૦૨૫ના રોજ જાહેર કરવામાં આવેલી સૂચનાને ૩ ઓગસ્ટ, ૨૦૨૫થી વધુ છ માસ સુધી લંબાવવા સુધી અમલી રાખવાને સમર્થન આપે છે. ઉલ્લેખનીય છે કે, મણિપુરમાં હાલ સ્થિતિ ધીરે ધીરે કાબુમાં આવી રહી છે. પરંતુ હજુ સ્થિતિ સંપૂર્ણ કાબૂમાં નથી. રાજ્યમાં મે ૨૦૨૩થી મેઈતી અને કુકી સમુદાય વચ્ચે જાતીય હિંસામાં અત્યાર સુધી ૨૬૦થી વધુ લોકોનાં મોત થયા છે. તેમજ આ હિંસાના લીધે રાજ્યના હજારો લોકો બેઘર થયા છે. ■

## અમદાવાદ પ્લેન ક્રેશ

# વિમાનની ફ્યુઅલ સિસ્ટમમાં યાંત્રિક ખામીના પુરાવા નહીં હોવાનો દાવો

વૉશિંગ્ટનઃ યુનાઇટેડ સ્ટેટ્સ ફેડરલ એવિયેશન એડમિનિસ્ટ્રેશન (એફએએ)ના વડાએ દાવો કર્યો હતો કે ઍર ઇન્ડિયાની જે બોઇંગ ૭૮૭ ડ્રીમલાઇનર ગયા મહિને દુર્ઘટનાગ્રસ્ત થઇ હતી, તેની ફ્યુઅલ કન્ટ્રોલ સિસ્ટમમાં મેકૅનિકલ ફૉલ્ટ (યાંત્રિક ખામી) હોવાના કોઇ નિર્ણાયક પુરાવા નથી મળ્યા.

અમદાવાદથી ૧૨ જૂને ઊપડેલી ઍર ઇન્ડિયાની આ ફ્લાઇટ ટૂંક સમયમાં જ તૂટી પડતાં ૨૬૦ જણ માર્યા ગયાં હતાં.

એફએએના વહીવટદાર (એડમિનિસ્ટ્રેટર) બ્રાયન બેડફોર્ડે ગુરુવારે વિસ્કોન્સિનમાંની એક ઍવિયેશન ઇવેન્ટ ખાતે પત્રકારોને જણાવ્યું હતું કે તપાસકારોને વિમાનના ફ્યુઅલ કન્ટ્રોલ યુનિટમાંની ખામી કે ફ્યુઅલ સ્વિચમાંના બિન-ઇરાદાપૂર્વક મેનિપ્યુલેશનના કોઇ પુરાવા નથી મળ્યા.

અમદાવાદથી ૨૪૨ જણને લઇને લંડનના ગેટવિક જતી ઍર ઇન્ડિયાની ફ્લાઇટ ૧૭૧ અમદાવાદના મેઘાણીનગરમાંની મેડિકલ કૉલેજ પર તૂટી પડતાં વિમાનમાંના ૨૪૧ લોકો અને જમીન પરના ૧૯ લોકો માર્યા ગયાં હતાં.

ભારતીય મૂળનો બ્રિટિશ નાગરિક ૨૮ વર્ષીય વિશ્વાસકુમાર રમેશ સીટ ૧૧એ પર બેઠો હતો. તે નુકસાન પામેલી ઇમર્જન્સી એક્ઝિટમાંથી નીકળી જતાં બચી ગયો હતો.

દુર્ઘટનાના પ્રાથમિક અહેવાલ મુજબ વિમાનની ફ્યુઅલ સ્વિચ બંધ થવાથી અકસ્માત થયો હતો.

ભારતની ઍરક્રાફ્ટ એક્સિડન્ટ ઇન્વેસ્ટિગેશન બ્યૂરો આ દુર્ઘટનાની યુએસ નેશનલ ટ્રાન્સ્પોર્ટેશન સેફ્ટી બોર્ડની સહાયથી આ વિમાન દુર્ઘટનાની તપાસ કરી રહ્યું છે. તેની તપાસના પ્રાથમિક અહેવાલ મુજબ વિમાનની ઈંધણની બન્ને સ્વિચ ઉડ્ડયનની થોડી સેકંડમાં જ બંધ કરી દેવાઇ હતી અને તેથી વિમાનના એન્જિન્સને ઈંધણ મળવાનું બંધ થયું હતું. કોકપિટ વૉઇસ રેકોર્ડિંગ્સમાં એક પાઇલટ બીજા પાઇલટને ફ્યુઅલ સ્વિચ બંધ થવા અંગે પૂછતો હોવાનું માલૂમ પડ્યું હતું. (એજન્સી)■

# સુપ્રીમ કોર્ટે કેરળને રાજયપાલ સામેની અરજી પાછી ખેંચવાની મંજૂરી આપી

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે શુક્રવારે કેરળ સરકારને રાજ્ય વિધાનસભા દ્વારા પસાર કરાયેલા ખરડાઓને મંજૂરી આપવામાં વિલંબને લઇને રાજ્યપાલ સામે દાખલ અરજી પાછી ખેંચવાની મંજૂરી આપી હતી.

ન્યાયાધીશ પી. એસ. નરસિંહા અને ન્યાયાધીશ એ. એસ. ચાંદુરકરની ખંડપીઠે આ આદેશ કેરળ સરકાર તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ કે. કે. વેણુગોપાલ દ્વારા તમિલનાડુના રાજ્યપાલના કેસમાં તાજેતરના ચુકાદાને ધ્યાનમાં રાખીને આ મુદ્દો બિનજરૂરી બની ગયો છે એમ કહીને અરજી પાછી ખેંચવાની માગ કર્યા બાદ આપ્યો હતો.

અટર્ની જનરલ આર. વેંકટરમણી અને સોલિસિટર જનરલ તુષાર મહેતાએ આ દલીલનો વિરોધ કર્યો અને કોર્ટને વિનંતી કરી કે તેઓ બિલોને મંજૂરી આપવાના કેસમાં બંધારણની કલમ ૧૪૩ હેઠળ રાષ્ટ્રપતિને મોકલવામાં આવેલા સંદર્ભ પર વડી અદાલતના નિર્ણયની રાહ જુએ.

બાવીસ એપ્રિલના રોજ વડી અદાલતે જણાવ્યું હતું કે તે તપાસ કરશે કે શું તમિળનાડુની અરજી પરના તેના તાજેતરના ચુકાદામાં, જેમાં બિલોની મંજૂરી માટે સમયમર્યાદા નક્કી કરવામાં આવી હતી, તેમાં કેરળ સરકાર દ્વારા તેની અરજીઓમાં ઉઠાવવામાં આવેલા મુદ્દાઓને આવરી લેવામાં આવ્યા છે. ■

## પહેલા પાનાનું ચાલુ

### બેલગામ અશ્લીલતા

જાહેર કરીને આ જાહેરાત કરી છે. નોટિસ મુજબ ઇન્ફોર્મેશન ટેકનોલોજી એક્ટ, ૨૦૦૦ અને ઇન્ફોર્મેશન ટેકનોલોજી (ઇન્ટરમીડીએટરી ગાઈડલાઈન્સ એન્ડ ડિજિટલ મીડિયા એથિક્સ કોડ) રુલ્સ, ૨૦૨૧ હેઠળ ગેરકાયદેસર માહિતીની ઍક્સેસને દૂર કરવા આદેશ આપવામાં આવ્યા છે.

મંત્રાલયના જણાવ્યા મુજબ આ પગલાનો ઉદ્દેશ્ય ઉત્તેજક તેમજ ભારતના કાયદાકીય અને સાંસ્કૃતિક ધોરણોનું ઉલ્લંઘન કરતા કન્ટેન્ટને રોકવાનો છે. મંત્રાલયે જણાવ્યું હતું કે આ કાર્યવાહી ગૃહ મંત્રાલય, મહિલા અને બાળ વિકાસ મંત્રાલય સહિતનાં મંત્રાલયો સાથે વિચારવિમર્શ બાદ આ નિર્ણય લેવાયો. ■

### ઑપરેશન સિંદૂર

ત્રાસવાદીઓએ નિર્દોષ લોકોની કરેલી હત્યાના જવાબમાં ભારતે 'ઑપરેશન સિંદૂર' હાથ ધર્યું હતું અને તેનો મુખ્ય હેતુ ત્રાસવાદીઓ અને તેઓના આંતરિક માળખાનો નાશ કરવાનો હતો.

વિદેશ ખાતાના રાજ્ય કક્ષાના પ્રધાન કીર્તિવર્ધન સિંહે રાજ્યસભામાં લેખિત જવાબમાં જણાવ્યું હતું કે ભારતનું લશ્કરી પગલું (ઑપરેશન સિંદૂર) ચોક્કસ લક્ષ્ય પાર પાડવા માટેનું નિર્ણાયક હતું, જ્યારે પાકિસ્તાનની સંબંધિત કામગીરી ઉશ્કેરણીજનક હતી અને તેણે ભારતીય મુલકી વિસ્તારમાં પણ નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કર્યો હતો.

તેમણે ફરી સ્પષ્ટતા કરી હતી કે ભારતના વળતાં લશ્કરી પગલાં બાદ પાકિસ્તાનના ડિરેક્ટર જનરલ ઑફ મિલિટરી ઑપરેશન્સે ભારતના ડિરેક્ટર જનરલ ઑફ મિલિટરી ઑપરેશન્સનો સંપર્ક કરીને યુદ્ધવિરામ માટે વિનંતી કરી હતી. (એજન્સી)

### પચાસથી ઓછા

ડિફેન્સ સ્ટાફ જનરલ અનિલ ચૌહાણ, હવાઇ દળના કેટલાક ભૂતપૂર્વ વડા અને અન્ય કેટલાક ઉચ્ચ અધિકારીઓએ આ પરિસંવાદમાં ભાગ લીધો હતો.

ભારતે સાત મેએ 'ઑપરેશન સિંદૂર' હેઠળ હાથ ધરેલી લશ્કરી કાર્યવાહીમાં પાકિસ્તાનમાંના અને પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાંની અનેક લશ્કરી છાવણીનો નાશ કર્યો હતો.

બાદમાં, પાકિસ્તાનની વિનંતીને પગલે ભારતે ૧૦ મેની સાંજે પોતાની લશ્કરી કાર્યવાહી અટકાવી હતી. (એજન્સી)■

### દ. ગુજરાતમાં મેઘતાંડવ

ઇંચથી વધારે વરસાદ પડ્યો હતો. ૪૪ તાલુકામાં એક ઇંચથી ઓછો વરસાદ નોંધાયો હતો.

રાજ્યમાં પ્રવર્તમાન ચોમાસાની સિઝનમાં વરસી રહેલા વરસાદના પરિણામે અત્યાર સુધીમાં મોસમનો કુલ સરેરાશ ૫૫.૨૬ ટકા વરસાદ નોંધાયો છે, જેમાં કચ્છ રીઝીયનમાં સૌથી વધુ ૬૪ ટકા વરસાદ વરસ્યો છે. આ સિવાય દક્ષિણ ગુજરાતમાં ૫૯.૧૧ ટકા, ઉત્તર ગુજરાતમાં ૫૪.૦૪ ટકા, સૌરાષ્ટ્રમાં ૫૪.૦૨ ટકા અને પૂર્વ મધ્યમાં ૫૧.૬૪ ટકા સરેરાશ વરસાદ નોંધાયો છે

રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમમાં હાલ ૫૯.૪૨ ટકા જેટલો જળસંગ્રહ થયો છે, જેમાં હાલ પાણીનો સંગ્રહ ૧,૯૮,૫૦૩ એમ.સી.એફ.ટી. નોંધાયો છે. રાજ્યના અન્ય ૨૦૬ જળાશયમાં ૩,૪૦,૮૧૭ એમ.સી.એફ.ટી. પાણી સંગ્રહાયું છે, જે કુલ સંગ્રહ ક્ષમતાના ૬૧.૦૬ ટકા જેટલું છે.

રાજ્યમાં સાર્વત્રિક વરસાદના પરિણામે ૨૦૬ ડેમો પૈકી કુલ ૨૮ ડેમ સંપૂર્ણ ભરાયા છે. આ ઉપરાંત ૪૮ ડેમને હાઈ ઍલર્ટ, ૧૯ ડેમને ઍલર્ટ તથા ૨૩ ડેમને વોર્નિંગ આપવામાં આવી છે. રાજ્યમાં કુલ ૨૦૬ ડેમો પૈકી ૬૨ ડેમ ૭૦ ટકાથી ૧૦૦ ટકા, ૪૧ ડેમ ૫૦ ટકાથી ૭૦ ટકા તથા ૩૮ ડેમ ૨૫ ટકાથી ૫૦ ટકા જેટલા ભરાયા છે. છેલ્લા ૨૪ કલાકમાં તાપી, વલસાડ અને નવસારી જિલ્લામાં સૌથી વધુ વરસાદ વરસ્યો છે. ■

### ડ્રોનમાંથી છોડાતાં

વધારો થયો છે. ડિફેન્સ રિસર્ચ ઍન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઇઝેશન દ્વારા અગાઉ તૈયાર કરાયેલા 'અનમેન્ડ ઍરિયલ વેહિકલ લૉન્ચ્ડ પ્રિસિઝન ગાઇડેડ મિસાઇલદ્ધ - વીટૂ'નું આ નવું સ્વરૂપ (વર્ઝન) છે. સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે ડ્રોનમાંથી છોડવામાં આવતી આ મિસાઇલ વિવિધ લક્ષ્યને ચોકસાઇપૂર્વક સાધી શકે છે. આ મિસાઇલ સપાટપ્રદેશ અને ઊંચાઇએ આવેલા લક્ષ્યનો નાશ કરવા ઉપયોગમાં લઇ શકાય છે. તે દિવસ ઉપરાંત રાતે પણ ચોક્કસ લક્ષ્યને સાધવાની ક્ષમતા ધરાવે છે. તેને છોડ્યા બાદ લક્ષ્યને લગતી અન્ય માહિતી મેળવવા માટેની 'ટૂ-વૅ ડેટા લિંક' પણ તેમાં છે.

બેંગલૂરુની સ્ટાર્ટ-અપ 'ન્યૂસ્પેસ રિસર્ચ ટેક્નોલૉજીસ' દ્વારા દેશમાં જ તૈયાર કરાયેલા ડ્રોનમાંથી છોડાયેલી આ મિસાઇલ અત્યાધુનિક ટેન્ક, બન્કર અને અન્ય લક્ષ્યને ઉડાડી દેવાની ક્ષમતા ધરાવે છે.

સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે અદાણી ડિફેન્સ, ભારત ડાઇનામિક્સ લિમિટેડ અને ૩૦ નાની કંપની તેમ જ સ્ટાર્ટ-અપે આ પ્રોજેક્ટને સફળ બનાવવા માટે મહત્ત્વનું યોગદાન આપ્યું હતું. (એજન્સી)■

### મૉલ્દીવ્સને

થશે. વૅલૅના આંતરરાષ્ટ્રીય વિમાનમથકે આવી પહોંચેલા મોદીનું પ્રમુખ મુઈઝ્ઝુ અને તેમના સાથીદારો દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. આઈકનિક રિપબ્લિક સ્ક્વેર ખાતે મોદીને ગાર્ડ ઑફ ઑનરથી આવકારવામાં આવ્યા હતા. મોદીની આ મુલાકાતે બંને દેશ વચ્ચે થોડો સમય અસ્વસ્થ રહેલા સંબંધને નવો વળાંક આપ્યો છે. બંને દેશ વચ્ચે ફ્રી ટ્રેડ ઍગ્રીમેન્ટ (એફટીએ) અંગે વાટાઘાટ શરૂ થઈ ગઈ હોવાનું જણાવી મોદીએ દ્વિપક્ષી રોકાણ કરારને મામલે કામગીરી શરૂ કરવાની જાહેરાત કરી હતી.

'નૅઈબરહૂડ ફર્સ્ટ' અને મ્યુચ્યુઅલ ઍન્ડ હૉલિસ્ટિક ઍડવાન્સમેન્ટ ફૉર સિક્યોરિટી ઍન્ડ ગ્રોથ અક્રોસ રિજનના વિઝનની ભારતની નીતિમાં માલ્દીવસ મહત્ત્વનું સ્થાન ધરાવતું હોવાનું મોદીએ કહ્યું હતું.

વડા પ્રધાન નરેન્દ્ર મોદી મૉલદીવ્સની રાજધાની માલે પહોંચ્યા હતા. મોદીના સ્વાગત માટે મૉલદીવ્સના રાષ્ટ્રપતિ મુઇઝુ, વિદેશ પ્રધાન, સંરક્ષણ પ્રધાન, નાણાં પ્રધાન, ગૃહ પ્રધાન એરપોર્ટ પર હાજર હતા. તેમજ છેલ્લા બે વર્ષથી ભારતના બહિષ્કારના નારા લગાવનારા મૉલદીવ્સ સરકારના આ બદલાવ પાછળ અનેક કારણો જવાબદાર છે. રાષ્ટ્રપતિ મુઇઝુ છેલ્લા ૨૦ મહિનાથી ભારતને લઈને કરેલી ભૂલોને સુધારવા માટે મજબૂર થયા છે. તેનું મુખ્ય કારણ દેશ આર્થિક સંકટ છે. કોરોના બાદ ત્યાંની અર્થવ્યવસ્થા ખૂબ કફોડી હાલતમાં છે. માલદીવનો વિદેશી મુદ્રા ભંડાર સપ્ટેમ્બર ૨૦૨૪માં માત્ર ૪૪૦ ડોલર હતો. જે દોઢ મહિનાની આયાત માટે પણ અપૂરતો હતો. આ મુશ્કેલીના સમયમાં ભારતે માલદીવની મદદ કરી હતી અને ભારતે ૭૫૦ મિલ્યન ડોલરની કરન્સી સુવિધા સ્વેપના માધ્યમથી આપી હતી. તેમજ ૧૦૦ મિલ્યન ડોલરની ટ્રેઝરી બિલ રોલ ઓવર સાથે સહાયતા આપી હતી. (એજન્સી)■

### રોકાણકારોની સંપત્તિમાં

૪,૫૧,૬૭,૮૫૮.૧૬ કરોડ રૂપિયા (૫.૨૨ ટ્રિલ્યન ડોલર)ની સપાટીએ પહોંચ્યું છે. બીએસઇ પર, બજાજ ફાઇનાન્સ પરિણામની જાહેરાત બાદ સત્ર દરમિયાન છ ટકા તૂટ્યા બાદ અંતે ૪.૭૩ ટકાના ઘટાડા સાથે સ્થિર થયો હતો. બજાજ ટ્વીન્સ, પાવર ગ્રીડ, ટેક મહિન્દ્રા, ઇન્ફોસિસ, ટાટા મોટર્સ, એનટીપીસી, અદાણી પોર્ટસ અને ટ્રેન્ટ ટોચના ઘટનારા શેરોમાં હતા. તેનાથી વિપરીત ભારતી એરટેલ અને સન ફાર્મા સેન્સેક્સમાં માત્ર બે જ વધનાર શેર હતા. વ્યાપક બજારોમાં પણ ધોવાણ જોવા મળ્યું હતું. નિફ્ટી મિડકેપ ઇન્ડેક્સ ૧.૬૧ ટકા ઘટ્યો હતો અને નિફ્ટી સ્મોલકેપ ઇન્ડેક્સ ૨.૧ ટકા ઘટ્યો હતો. સેક્ટરલ ધોરણે નિફ્ટી ફાર્મા સિવાય તમામ કાઉન્ટરો પર વેચવાલી જોવા મળી હતી. બીજી બાજુ, નિફ્ટી ઓટો ૧.૨૭ ટકા, નિફ્ટી આઈટી ૧.૪૨ ટકા, નિફ્ટી મેટલ ૧.૬૪ ટકા, નિફ્ટી રિયલ્ટી ૦.૯૯ ટકા, નિફ્ટી ફાઇનાન્શિયલ સર્વિસીસ ૦.૯૧ ટકા અને નિફ્ટી એફએમસીજી ૦.૯ ટકા ઘટીને બંધ થયા. સ્થાનિક બજારમાં બજારની અસ્થિરતાનો બેન્ચમાર્ક ઇન્ડિયા વીઆઈએક્સ, ૫.૧૫ ટકા વધીને ૧૧.૨૮ પર બંધ થયો છે. ■

### જાતિ આધારિત

રહી નથી જેટલી તેણે કરવી જોઈતી હતી. હું ૨૦૦૪થી રાજકારણ કરી રહ્યો છું, ૨૧ વર્ષ થઈ ગયા છે, અને જ્યારે હું પાછળ ફરીને સ્વ-વિશ્લેષણ કરું છું, ત્યારે મેં ક્યાં સાચું કર્યું અને ક્યાં હું ઓછો પડ્યો. મને બે-ત્રણ મોટા મુદ્દાઓ દેખાય છે - જમીન સંપાદન બિલ, મનરેગા, ખાદ્ય બિલ, આદિવાસીઓ માટે લડાઈ, મેં આ બધી બાબતો ખોટી કરી,'' એમ તેમણે કહ્યું હતું.

તાલકટોરા સ્ટેડિયમ ખાતે ઓબીસીના 'ભાગીદારી ન્યાય સંમેલન'ને સંબોધતા, રાહુલે કહ્યું કે ''જ્યારે દલિતો, આદિવાસીઓ અને લઘુમતીઓની વાત આવે છે, મહિલાઓના મુદ્દાઓ પર, મને સારા માર્ક્સ મળવા જોઈએ.''

''પરંતુ જ્યારે હું પાછળ ફરીને જોઉં છું, ત્યારે હું સ્પષ્ટપણે જોઈ શકું છું કે એક વસ્તુમાં મારી ખામી હતી, મેં એક ભૂલ કરી હતી - મેં ઓબીસી વિભાગનું રક્ષણ એ રીતે કર્યું નહીં જે રીતે થવું જોઈએ,'' એમ તેમણે કહ્યું હતું.

તેણે કહ્યું કે તે ૧૦-૧૫ વર્ષ પહેલા હું દલિત સમસ્યાઓ સમજી શક્યો હતો, જે સ્પષ્ટ છે; એસટીના મુદ્દાઓને પણ સ્પષ્ટ રીતે સમજી શકાય છે. ઓબીસીના મુદ્દાઓ છુપાયેલા છે. ''મને દુઃખ છે કે જો મને તમારા ઇતિહાસ અને મુદ્દાઓ વિશે વધુ ખબર હોત, તો મેં જાતિ વસ્તી ગણતરી કરાવી હોત. આ મારી ભૂલ છે, કોંગ્રેસની નહીં. હું તે ભૂલ સુધારીશ,'' એમ રાહુલે કહ્યું. જોકે, તેણે ઉમેર્યું કે એક રીતે, જાતિ વસ્તી ગણતરી પહેલા ન કરવામાં આવી તે વધુ સારું છે, કારણ કે તે તેલંગાણાના ઉદાહરણને અનુસરીને હવે જે રીતે કરવામાં આવશે તે રીતે કરવામાં આવી ન હોત.■

### રાજસ્થાનમાં

હતાં અને ૨૮ ઘાયલ થયા હતા. આમાંથી કેટલાકની હાલત ગંભીર હોવાનું જણાવાઇ રહ્યું છે. પોલીસના જણાવ્યા અનુસાર પિપલોદી સરકારી શાળાની ઇમારતનો એક ભાગ ધરાશાયી થયો હતો. આમાં ધોરણ ૬ અને ૭માં અભ્યાસ કરતા લગભગ ૩૫ બાળકો દટાયા હતા. આ ઘટના બાદ ગભરાયેલા વાલીઓ અને શિક્ષકો સહિત ઘણા લોકોએ બચાવ કામગીરીમાં મદદ કરી હતી અને બાળકોને કાટમાળમાંથી બહાર કાઢ્યા હતા.

પોલીસ અધિકારીઓએ જણાવ્યું કે તેમને પિપલોદી ગામમાં બનેલી દુર્ઘટના અંગે સવારે લગભગ ૭-૪૫ વાગ્યે સૂચના મળી હતી. ઝાલાવાડ જિલ્લાના મનોહરથાનાના પોલીસ સ્ટેશનના એસએચઓ નંદ કિશોર વર્માએ જણાવ્યું કે અત્યાર સુધીમાં સાત બાળકો મૃત્યુ પામ્યા છે. જ્યારે ઘાયલોને ઝાલાવાડ હોસ્પિટલ અને મનોહરથાના આરોગ્ય કેન્દ્ર ખાતે લઇ જવામાં આવ્યા હતા.

જિલ્લા હોસ્પિટલના એક ડોક્ટરે જણાવ્યું કે ઘાયલોમાંથી નવ લોકોને આઇસીયુમાં દાખલ કરવામાં આવ્યા છે. રોષે ભરાયેલા સ્થાનિકોએ કહ્યું કે તેમણે શાળાની ઇમારતની સ્થિતિ અંગે તહસીલદાર અને સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટને જાણ કરી હતી, પરંતુ કોઇ કાર્યવાહી કરવામાં આવી ન હતી. એક સ્થાનિક બાલકિશને પત્રકારોને જણાવ્યું કે આ ઘટના વહીવટીતંત્રની બેદરકારીને કારણે બની છે.

જો કે ઝાલાવાડના કલેક્ટર અજય સિંહના જણાવ્યા અનુસાર જિલ્લા વહીવટીતંત્રે તાજેતરમાં શિક્ષણ વિભાગને કોઇપણ જર્જરિત શાળાની ઇમારત વિશે જાણકારી આપવાનો નિર્દેશ આપ્યો હતો, પરંતુ આ શાળાનું નામ યાદીમાં હતું નહીં. હું આ ઘટનાની તપાસ કરાવીશ અને જે કોઇ દોષિત ઠરશે તો તેની સામે કાર્યવાહી કરવામાં આવશે. અન્ય એક સ્થાનિક રહેવાસીએ દાવો કર્યો હતો કે વહીવટીતંત્રની મદદ પહોંચે તે પહેલા તેમણે બાળકોને બચાવ્યા હતા અને તેમને ખાનગી વાહનોમાં આરોગ્ય કેન્દ્ર લઇ જવામાં આવ્યા હતા.

એક વિદ્યાર્થીએ જણાવ્યું કે શાળાની દિવાલોમાં ઝાડની ડાળીઓ ઉગી નીકળી હતી અને સતત પાણી ટપકતું હતું. એક ગ્રામીણ દુલીચંદ લોઢાએ જણાવ્યું કે એક વર્ગખંડ તૂટી પડ્યો હતો અને બાજુના વર્ગખંડને નુકસાન થયું હતું. તેમણે જણાવ્યું કે શાળાની ઇમારત ૩૦-૪૦ વર્ષ જૂની હોવાનું જણાઇ છે. તેમાં પાંચ વર્ગખંડો અને એક કાર્યાલય આવેલા હતા. એક ભાગ ધરાશાયી થયા બાદ જિલ્લા વહીવટીતંત્રે વધુ દુર્ઘટના અટકાવવા માટે બાકીના ભાગો તોડી પાડ્યા છે. ■

# મહારાષ્ટ્રના પ્રોજેક્ટ્સને ગતિ અપાવવા ફડણવીસ વરિષ્ઠ કેન્દ્રીય પ્રધાનોને મળ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે છેલ્લા બે દિવસમાં નવી દિલ્હીમાં અનેક વરિષ્ઠ કેન્દ્રીય પ્રધાનો સાથે શ્રેણીબદ્ધ ઉચ્ચ-સ્તરીય બેઠકો યોજી હતી, જેથી વિવિધ પ્રોજેક્ટ્સ માટે કેન્દ્રીય મંજૂરીઓ અને આર્થિક સહાય મેળવી શકાય, એમ અધિકારીઓએ અહીં જણાવ્યું હતું.

તેમણે કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ, સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ, નાણાં પ્રધાન નિર્મલા સીતારમણ, રસાયણ અને ખાતર ખાતાના પ્રધાન જે પી નડ્ડા અને કૃષિ પ્રધાન શિવરાજ સિંહ ચૌહાણ ઉપરાંત નીતિ આયોગના મુખ્ય કાર્યકારી અધિકારી બીવીઆર સુબ્રમણ્યમ અને સભ્ય રાજીવ ગૌબા સાથે મુલાકાત કરી હતી. સીતારમણ સાથેની મુલાકાત દરમિયાન, મુખ્ય પ્રધાને પાંચ મુખ્ય પ્રોજેક્ટ્સ પર ચર્ચા કરી જેના માટે મહારાષ્ટ્રે વૈશ્વિક નાણાંકીય સંસ્થાઓ પાસેથી આર્થિક સહાય માગી છે, જેમાં કુલ ૩.૫ અબજ ડોલરથી વધુનું ભંડોળ પ્રસ્તાવિત છે, એમ શુક્રવારે મુખ્ય પ્રધાન કાર્યાલય દ્વારા બહાર પાડવામાં આવેલા એક નિવેદનમાં જણાવાયું છે.

મહારાષ્ટ્રે ૧,૦૦૦થી વધુ વસ્તીના ગામડાઓમાં સિમેન્ટના રસ્તા બાંધવા માટે એક અબજ ડોલર, દરિયાકાંઠાના ધોવાણનું નિવારણ કરવા અને મ્યુનિસિપલ ગંદાપાણીના શુદ્ધિકરણ અને પુનઃઉપયોગ માટેના પ્રોજેક્ટ માટે ૫૦૦ મિલિયન ડોલર અને વિશ્વ બેંક પાસેથી બે પ્રોજેક્ટ્સ માટે વધારાના ભંડોળની માગણી કરી છે. નડ્ડા સાથેની મુલાકાતમાં, ફડણવીસે નાગપુર જિલ્લામાં પ્રસ્તાવિત ખાતર ઉત્પાદન પ્લાન્ટની ચર્ચા કરી હતી. ૧૨.૭ લાખ ટનની ક્ષમતાનો આ પ્રોજેક્ટ ગેઇલ, ખાતર વિભાગ અને મહારાષ્ટ્ર સરકારનું સંયુક્ત સાહસ હશે. રાજ્યે ૧૦,૦૦૦ કરોડ રૂપિયાના આ પ્રોજેક્ટ માટે સબસિડી અને કેન્દ્ર સરકારની સહાયની વિનંતી કરી છે.

મુખ્ય પ્રધાને કૃષિ પ્રધાન ચૌહાણને મળીને ગ્રામીણ વિસ્તારોમાં પચીસ વર્ષ સુધી જાળવણી-મુક્ત ધોરણો સાથે ૧૪,૦૦૦ કિલોમીટરના સિમેન્ટના રસ્તા બનાવવા માટે ૨૨,૪૯૦ કરોડ રૂપિયા (૨.૬ અબજ ડોલર)ના પ્રોજેક્ટ માટે દબાણ કર્યું. આ પ્રોજેક્ટ એશિયન ડેવલપમેન્ટ બેંકની સહાયથી પૂરો થવાનો છે. નીતિ આયોગ સાથેની ચર્ચામાં, ફડણવીસે એઆઈ-આધારિત એનસીડી (નોન-કમ્યુનિકેબલ ડિસીઝ)ના સ્ક્રીનીંગ, ૪,૩૦૦ કરોડ રૂપિયાના વાંસ-આધારિત ઔદ્યોગિક ક્લસ્ટર, મરાઠવાડા વોટર ગ્રીડ, દમણ ગંગા-ગોદાવરી નદી-જોડાણ પ્રોજેક્ટ અને આઈટીઆઈ (ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ)ને ખાનગી ઉદ્યોગ સાથે જોડતી કૌશલ્ય વિકાસ પહેલ સહિત અનેક ટેક-સંચાલિત અને ટકાઉ પહેલોની ચર્ચા કરી હતી. ■

# જળગાંવમાં પચાસ કરોડ રૂપિયાનું એમ્ફેટામાઇન ડ્રગ્સ જપ્તઃ ત્રણની ધરપકડ

મુંબઈ: રાયગડ જિલ્લામાં ડ્રગ્સ બનાવતી ફેક્ટરીમાંથી બુધવારે ૮૮.૯૨ કરોડ રૂપિયાના કેટામાઇન ડ્રગ્સ સાથે ચાર જણની ધરપકડ કરાયા બાદ હવે જળગાંવ જિલ્લામાં પચાસ કરોડનું એમ્ફેટામાઇન ડ્રગ્સ પકડી પાડવામાં આવ્યું હતું. આ પ્રકરણે ત્રણ આરોપીની ધરપકડ કરવામાં આવી છે, જેઓ આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ રેકેટમાં સંડોવાયેલા હોવાની પોલીસને શંકા છે.

પોલીસ અધિકારીઓએ મળેલી માહિતીને આધારે ગુરુવારે રાતે ચાલીસગાંવ ખાતે નેશનલ હાઇવે પર કારને આંતરી હતી. કારની તલાશી લેવામાં આવતાં પચાસ કરોડ રૂપિયાની કિંમતનું ૩૯ કિલો એમ્ફેટામાઇન ડ્રગ્સ મળ્યું હતું. પ્રતિબંધિત ડ્રગ્સ દિલ્હીથી ઇન્દોર, ધુળે, ચાલીસગાંવ અને છત્રપતિ સંભાજીનગર થઇને બેંગલુરુ લઇ જવામાં આવી રહ્યું હતું. બેંગલુરુમાં ડ્રગ્સ કઇ વ્યક્તિ સુધી પહોંચાડવામાં આવવાનું હતું, તેને ઓળખી કાઢવા પોલીસની વિશેષ ટીમ તૈયાર કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે રાયગડ જિલ્લાના મહાડ એમઆઇડીસી વિસ્તારના જીતે ગામમાં ડ્રગ્સ બનાવતી ફેક્ટરીમાં પોલીસ ટીમે બુધવારે રેઇડ પાડીને ૮૮.૯૨ કરોડનું કેટામાઇન ડ્રગ્સ પકડી પાડ્યું હતું. પોલીસે ત્યાંથી ચાર જણને ઝડપી પાડ્યા હતા, જેમની ઓળખ મચ્છીન્દ્ર ભોસલે, સુશાંત પાટીલ, શુભમ સુતાર અને રોહન ગવસ તરીકે થઇ હતી. ■

# ઘરમાં ફક્ત બે બલ્બ અને વીજળી બિલ આવ્યું ૭૭ હજાર રૂપિયા

ચંદ્રપુર: સરકારી ખાતાઓમાં કેવા કેવા છબરડા થાય છે તેનું ઉત્તમ ઉદાહરણ તાજેતરની ઘટનામાં જોવા મળે છે. ચંદ્રપુર જિલ્લાના વારોરા તાલુકા હેઠળના અર્જુની શેગાંવ ગામમાં મહાવિતરણ વિભાગની મોટી બેદરકારી સામે આવી છે. ગામના ગરીબ ખેતમજૂર દાદા લતારુ ભોયરને જુલાઈ મહિનાનું ૭૭,૧૧૦ રૂપિયાનું વીજળી બિલ આવ્યું. તેમના ઘરમાં ફક્ત બે બલ્બ અને એક બંધ પંખો છે. ભોયર પરિવારના ચાર સભ્યોના આ નાના બે રૂમવાળા ઘરમાં ન તો એસી છે, ન તો ફ્રિજ, ન તો કોઈ મોટા ઉપકરણો, છતાં વીજળી વિભાગે આ ઘરમાં વીજળીનો વપરાશ ૩૮૪૧ યુનિટ લગાડ્યો છે, જ્યારે તેમણે બિલ જોયું, ત્યારે તેઓ ચોંકી ગયા હતા.સૌથી આશ્ચર્યજનક વાત એ હતી કે છેલ્લા એક વર્ષમાં તેમનો કુલ વીજળીનો વપરાશ ફક્ત ૫૧૬ યુનિટ હતો. ગયા ઓગસ્ટમાં તે ૧૦૬ યુનિટ હતો, શિયાળામાં તે ૬૧ યુનિટ હતો, બાકીના મહિનાઓમાં વપરાશ ક્યારેય ૫૦ યુનિટથી વધુ નહોતો. તો પછી એક મહિનામાં અચાનક ૩૮૪૧ યુનિટ કેવી રીતે થઈ ગયું? જ્યારે ભોયર પરિવાર ૨૩ જુલાઈની સવારે બિલ લઈને સ્થાનિક સહાયક ઇજનેર સંતોષ ખોબ્રાગડે પાસે પહોંચ્યો, ત્યારે તેમને કહેવામાં આવ્યું કે આવું એક ટેકનિકલ ભૂલને કારણે થયું છે. ■






# શહાપુરમાં ખોરાકી ઝેરથી ત્રણ બહેનોનાં મૃત્યુ

મુંબઈ: શહાપુર તાલુકામાં અસ્નોલીમાં ખોરાકી ઝેરની અસર થવાથી ત્રણ સગીર વયની બહેનોનાં મૃત્યુ થયા હોવાનો બનાવ બન્યો હતો. મૃતકોમાં ૧૦ વર્ષની કાવ્યા, આઠ વર્ષની દિવ્યા અને પાંચ વર્ષની ગાર્ગી ભેરેનો સમાવેશ થાય છે.

સોમવારે તેમને ખોરાકી ઝેરની અસર થઈ હોવાનું જણાઈ આવ્યું હતું. તેમાથી બે બાળકી પર નાયર હૉસ્પિટલમાં અને એક પર ઘોટીની હૉસ્પિટલમાં સારવાર ચાલી રહી હતી.

ત્રણેય બાળકીના મૃત્યુ પ્રકરણમાં કિન્હવલી પોલીસ સ્ટેશનમાં મૃત્યુની નોંધ કરવામાં આવી છે. બાળકીઓના સંબંધીઓએ મૃત્યુ પ્રકરણમાં શંકા વ્યક્ત કરી છે.

શહાપુરને લાગીને આવેલા ચેરપોલીમાં સંદીપ ભેરે અને તેની પત્ની ત્રણ બાળકી સાથે આઠ મહિનાથી તાલુકાના આસ્નોલીમાં તેના પિયરમાં રહેતા હતા.

સોમવારે ૨૧ જુલાઈના ત્રણેય બાળકીઓને પેટમાં દુખાવો અને ઉલટીનો ત્રાસ થવા માંડયો હતો. તેથી તેમની માતા તેમને નજીક આવેલા ખાનગી ડૉક્ટર અને ત્યારબાદ શહાપુરમાં સરકારી હૉસ્પિટલમાં લઈ ગઈ હતી. ત્રણેયની હાલત ગંભીર હોવાથી બેને નાયર હૉસ્પિટલમાં અને એકને ઘોટીની હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. સારવાર દરમ્યાન કાન્યા અને ગાર્ગીના ગુરવારે તો દિવ્યાનું શુક્રવારે સવારના મૃત્યુ થયું હતું.

આ પ્રકરણમાં કિન્હવલી પોલીસે એક્સિડેન્ટલ મૃત્યુનો કેસ નોંધ્યો હતો. જોકે સંબંધીઓએ મૃત્યુ પ્રકરણમાં શંકા વ્યક્ત કરતા પોસ્ટમાર્ટમ બાદ ચોક્કસ કારણ જાણી શકાશે એવું પોલીસે જણાવ્યું હતું. ■











મનન અભ્યાસ મંડળ — જાહેર આમંત્રણ

અધ્યયન વર્ગ મુંબઈ

| વાર /તારીખ | સમય | વિષય | સ્થળ |
|---|---|---|---|
| સોમવાર ૨૮-૭-૨૫ | પ્રાતઃ ૭ થી ૮ | શ્રીમદ્ ભગવદ્ગીતા | દાસકાકા હૉલ, પાર્લેશ્વર મંદિર રોડ, વિલેપાર્લા-(પૂર્વ). મુંબઈ-૫૭. |
| સોમવાર ૨૮-૭-૨૫ | સાંજે ૬ થી ૭ | પંચદશી (પ્ર.૬) ચિત્રદીપ | કે.ઈ.એસ.ઈન્ટરનેશનલ સ્કૂલ, હેમૂ કલાની ક્રોસ રોડ-૪, કાંદિવલી (પ.), મુંબઈ-૬૭ |
| મંગળવાર ૨૯-૭-૨૫ | પ્રાતઃ ૭ થી ૮ | પંચદશી (પ્ર.૧૦) નાટકદીપ | દાસકાકા હૉલ, પાર્લેશ્વર મંદિર રોડ, વિલેપાર્લા-(પૂર્વ). મુંબઈ-૫૭. |
| મંગળવાર ૨૯-૭-૨૫ | બપોરે ૩ થી ૪ | ભજગોવિંદમ્ | બ્રાહ્મણ સમાજ હૉલ.જોશી લેન, ઘાટકોપર (પૂર્વ).મુંબઈ-૭૭. |
| બુધવાર ૩૦-૭-૨૫ | પ્રાતઃ ૭ થી ૮ | યોગવશિષ્ઠ મહારામાયણ | પરમ કેશવ બાગ, નવરોજી લેન, દેરાસર પાસે, ઘાટકોપર-(પશ્ચિમ). |
| બુધવાર ૩૦-૭-૨૫ | સાંજેઃ ૪.૦૦ થી ૫.૩૦ | શ્રીમદ્ ભગવદ્ગીતા, સંસ્કૃત વર્ગ | આયોજકઃ પ્રેમપુરી આશ્રમ, બાબુલનાથ, ચૌપાટી, મલબાર હિલ, મુંબઈ-૦૭ |
| ગુરૂવાર ૩૧-૭-૨૫ | સવારે ૧૦.૦૦ થી ૧૧.૩૦ | શ્રીમદ્ ભાગવત મહાપુરાણ | શ્રી વલ્લભનિધિ ટ્રસ્ટ, ૧૦ મો રસ્તો, જુહુ સ્કીમ, વિલેપાર્લા-(પશ્ચિમ), મુંબઈ |
| શુક્રવાર ૧-૮-૨૫ | સવારે ૮ થી ૯ | શ્રીમદ્ ભગવદ્ગીતા | IES નાબર ગુરૂજી અસેમ્બ્લી હૉલ નં.૨, કિંગ જ્યૉર્જ સ્કૂલ ગેટ-૨, ભાલચંદ્ર રોડ, હિન્દુ કૉલોની, દાદર(ઈ) |



પ્રવક્તાઃ પરમ પૂજ્ય માતાજી તન્મયાનંદ સરસ્વતી

સંપર્કઃ તરુણ ત્રાલસાવાલાઃ ૯૩૨૦૦૦૬૪૨૩ • વિજય મહેતાઃ ૯૮૨૧૦૮૬૧૪૫

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# વિલેપાર્લેના જ્વેલર્સની ૭૦ લાખની રોકડ લૂંટી ચાર લૂંટારા કારમાં ફરાર

## અમદાવાદથી રોકડ લઈને આવી રહેલા ડ્રાઈવરની કારને દહાણુ નજીક રોકી: ડ્રાઈવર સહિત બેનાં અપહરણ કરી મનોર પાસે છોડ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વિલેપાર્લેના જ્વેલર્સની ૭૦ લાખની રોકડ લઈને અમદાવાદથી કારમાં આવી રહેલા ડ્રાઈવરને મુંબઈ-અમદાવાદ હાઈવે પર દહાણુ નજીક આંતરીને લૂંટ ચલાવવામાં આવી હતી. બે કારમાં આવેલા ચાર લૂંટારાએ ડ્રાઈવર સહિત બેનાં અપહરણ કરી મનોર નજીક છોડ્યા હોવાનું પોલીસનું કહેવું છે.

કાસા પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટર અવિનાશ માંદળેએ જણાવ્યું હતું કે ઘટના સોમવારની મધરાતે દોઢ વાગ્યાની આસપાસ બની હતી. આ પ્રકરણે ગુજરાતના મહેસાણા જિલ્લામાં સનસિટી બંગલોઝ ખાતે રહેતા મનીષકુમાર ગોઠવાલે (૪૧) નોંધાવેલી ફરિયાદને આધારે ચાર અજાણ્યા શખસ વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો હતો. ઘટનાસ્થળે સીસીટીવી કૅમેરા ન હોવાથી આરોપીઓની ઓળખ તાત્કાલિક થઈ શકી નથી, એમ તેમણે જણાવ્યું હતું.

પોલીસ ફરિયાદ અનુસાર વિલેપાર્લેના જ્વેલર્સે સોમવારની સાંજે ડ્રાઈવર ગોઠવાલને તેમની કાર લઈને મુંબઈ પહોંચવાનું કહ્યું હતું. કારમાં ડ્રાઈવરની સીટ, બાજુની સીટ અને ડિકીમાં મળીને ૭૦ લાખ રૂપિયા રાખવામાં આવ્યા હતા. આ રોકડ મુંબઈ પહોંચતી કરવાની હતી.

મુંબઈ નીકળતાં પૂર્વે ગોઠવાલે તેના મિત્ર અક્ષય પટેલને કારમાં સાથે લીધો હતો. મધરાતે દોઢ વાગ્યાની આસપાસ કાર દહાણુ નજીકના ઘોળ ગામ પાસેના સૂર્યા નદીના પુલ નજીક પહોંચી ત્યારે સામેથી વિરુદ્ધ દિશામાંથી આવેલી બે કારે તેને આંતરી હતી. બન્ને કારમાંથી ઊતરેલા ચાર શખસે લોખંડના સળિયા અને બામ્બુથી ગોઠવાલની કારના કાચ તોડ્યા હતા. બાદમાં કારમાંથી ગોઠવાલ અને પટેલને નીચે ઉતારી બૂમાબૂમ કરી તો જાનથી મારવાની ધમકી આપી હતી.

ફરિયાદમાં જણાવાયું હતું કે ગોઠવાલ અને પટેલની આંખ પર પટ્ટી બાંધી દેવામાં આવી હતી. બન્નેના હાથ પણ કાપડની મદદથી બાંધવામાં આવ્યા હતા. પછી આરોપી બન્નેને પોતાની કારમાં લઈ ગયા હતા. લગભગ બે કલાક ફેરવ્યા પછી સાવરખંડ ખાતેના મનોર-વિક્રમગડ રોડ પર બન્નેને છોડી આરોપીઓ ફરાર થઈ ગયા હતા.

ગોઠવાલ અને પટેલ ચાલતા એક હોટેલમાં પહોંચ્યા હતા. ત્યાંના કર્મચારીની મદદથી મળસકે પાંચ વાગ્યે પોલીસનો સંપર્ક સાધવામાં આવ્યો હતો. બન્નેને કાસા પોલીસ સ્ટેશને લાવવામાં આવ્યા ત્યારે ગોઠવાલની ત્યાં નજરે પડી હતી. પૂછપરછમાં કાર સોમટા ગામ નજીક હાઈવેના ડિવાઈડર સાથે ભટકાયેલી સ્થિતિમાં મળી આવી હોવાનું પોલીસે કહ્યું હતું. ગોઠવાલે કારમાં તપાસ કરતાં રોકડ અને તેમના બન્ને મોબાઈલ ફોન ગુમ હોવાનું જણાયું હતું. આ પ્રકરણે પોલીસ વધુ તપાસ કરી રહી છે.

# પચીસ વર્ષ અગાઉના હત્યા કેસમાં આરોપીનો નિર્દોષ છુટકારો

થાણે: પચીસ વર્ષ અગાઉ થયેલી મહિલાના હત્યાના કેસમાં થાણેની સેશન્સ કોર્ટે ૪૬ વર્ષના આરોપીને પુરાવાનો અભાવ અને સાક્ષીની બિનભરોસાપાત્ર જુબાનીને આધારે નિર્દોષ છોડી મૂક્યો હતો.

સેશન્સ જજ એસ. બી. અગ્રવાલે શંભુભાઈ મનુભાઈ રાવલને ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૨ (હત્યા), ૪૫૨ (ઘરમાં ઘૂસવું) અને ૧૨૦બી (ગુનાહિત કાવતરું) હેઠળ નિર્દોષ જાહેર કર્યો હતો. કોર્ટે ૨૩ જુલાઈએ આપેલા આ ચુકાદાની નકલ ગુરુવારે પ્રાપ્ત થઈ હતી.

આ કેસમાં સેશન્સ કોર્ટે અગાઉ મૃતક કુંદા રાવલના પતિ કુંદન રાવલને પણ છોડી મૂક્યો હતો. ૨૦૨૦માં કુંદનના સાથી શંભુભાઈની ધરપકડ થતાં નવેસરથી કેસની સુનાવણી હાથ ધરાઈ હતી.

તપાસકર્તા પક્ષે દાવો કર્યો હતો કે કુંદન રાવલે શુંભભાઈ અને આ કેસના ત્રીજા આરોપી સુરેશ નાવી સાથે મળી પત્ની કુંદા રાવલની હત્યાનું કાવતરું ઘડ્યું હતું. સુરેશ નાવી હજુ ફરાર છે.

રાવલ પરિવારની ઓળખીતી હંસા ગોવિંદભાઈ રાવલે હત્યાના કાવતરાની વાત સાંભળી હતી. તેણે દાવો કર્યો હતો કે કુંદન રાવલે પત્નીને મારી નાખવા માટે એક સગાને પાંચ હજાર રૂપિયા આપવાની તૈયારી દાખવી હતી.

પોલીસ અનુસાર ઘટના ૧૭ ફેબ્રુઆરી, ૨૦૦૦ના રોજ બની હતી. બપોરે દોઢ વાગ્યે કુંદન રાવલે પોલીસને જાણ કરી હતી કે તે ઘરે પાછો ફર્યો ત્યારે તેની પત્ની ગુમ હતી. આ બાબતની જાણ તેને સંતાનોએ કરી હતી. બાદમાં પત્ની નજીકના બાથરૂમ પાસેથી મૃત અવસ્થામાં મળી આવી હતી. પોસ્ટમોર્ટમના અહેવાલમાં કુંદાની ગરદન, જડબું અને બગલમાં ઇજાનાં નિશાન હોવાનું જણાવાયું હતું, જેને કારણે હત્યાની શંકા જાગી હતી. જજ અગ્રવાલે જણાવ્યું હતું કે ફરિયાદ પક્ષ અનુસાર હંસા અને કુંદન વચ્ચે આડા સંબંધો હતો, જે હત્યાનું કારણ હતું. જોકે કાવતરા વિશે દલીલોમાં આ વાતને ટેકો મળ્યો નથી. આરોપીને ગુના સાથે જોડતો પ્રત્યક્ષ પુરાવો પણ નથી. ફરિયાદ પક્ષના બે સાક્ષી મૃતકના સંબંધી રાકેશ રાવલ અને સતીશકુમાર રાવલ નજરે જોનારા સાક્ષીદાર નહોતા અને તેમણે માત્ર સાંભળેલી વાતો પરથી જુબાની આપી હતી. (પીટીઆઈ)

# નારાજ વિધાનસભ્યોને રેવડીની લહાણી

## પાલિકા ચૂંટણીઓ પહેલા બોર્ડ - કોર્પોરેશનના અધ્યક્ષપદોની મહાયુતિમાં ૨:૧:૧ની ફોર્મ્યુલા સાથે વહેંચણી

***વિપુલ વૈદ્ય***

મુંબઈ: મહાયુતિ સરકાર સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ પહેલાં રાજ્ય સરકાર સંચાલિત બોર્ડ અને કોર્પોરેશનોમાં લાંબા સમયથી પડતર નિમણૂંકો કરે તેવી શક્યતા છે. નારાજ વિધાનસભ્યો અને પ્રધાન ન બની શકેલા અન્ય નેતાઓને શાંત કરવા માટે, સરકાર ટૂંક સમયમાં રાજ્ય સંચાલિત બોર્ડ અને કોર્પોરેશનોમાં નિમણૂકો કરશે, એમ આધારભૂત સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે.

મળતી માહિતી મુજબ ભાજપ, શિવસેના અને એનસીપી માટે ૨:૧:૧ની ફોર્મ્યુલા ઘડી કાઢવામાં આવી છે. પક્ષના પદાધિકારીઓએ જણાવ્યું હતું કે મ્હાડા અને સિડકો જેવા કેટલાક મોટા અને મહત્ત્વના બોર્ડ પર ખેંચતાણ ચાલી રહી છે અને મહાયુતિના પ્રધાનોની સંકલન સમિતિએ આ અઠવાડિયે વિવિધ પાસાં પર ચર્ચા કરી હતી. ગયા વર્ષે ડિસેમ્બરમાં સરકારની રચના થઈ ત્યારથી રાજ્ય સરકાર સંચાલિત કોર્પોરેશનો અને બોર્ડમાં નિમણૂકો બાકી છે.

ગયા વર્ષે રાજ્ય વિધાનસભાની ચૂંટણી પહેલા, રાજ્ય સંચાલિત બોર્ડ અને કોર્પોરેશનોમાં નામ આપવામાં આવેલા ચારમાંથી ત્રણને કેબિનેટ પ્રધાનનો દરજ્જો આપવામાં આવ્યો હતો. વિધાનસભ્ય સંજય શિરસાટને સિડકોના અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા અને વિધાનસભ્ય ભરત ગોગાવલેને મહારાષ્ટ્ર રાજ્ય પરિવહન નિગમ (એમએસઆરટીસી)ના અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. બંનેને કેબિનેટ પ્રધાનનો દરજ્જો આપવામાં આવ્યો હતો.

ભૂતપૂર્વ સાંસદ આનંદરાવ અડસુળને મહારાષ્ટ્ર રાજ્ય અનુસૂચિત જાતિ અને જનજાતિ આયોગના અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા અને ભૂતપૂર્વ સાંસદ હેમંત પાટીલને બાળાસાહેબ ઠાકરે હરિદ્રા સંશોધન અને તાલીમ કેન્દ્રના અધ્યક્ષ તરીકે કેબિનેટ દરજ્જો આપવામાં આવ્યો હતો.

જોકે, અધિકારીઓએ જણાવ્યું હતું કે આ વખતે આ બોર્ડ અને નિગમોમાં નિયુક્ત થયેલા નેતાઓને કેબિનેટ દરજ્જો આપવામાં આવશે નહીં કારણ કે સરકારમાં પહેલાથી જ ૩૯ પ્રધાનો રાખવામાં આવ્યા છે.

આ વર્ષે જાન્યુઆરીમાં એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળના નગર વિકાસ વિભાગે સિડકોના અધ્યક્ષ તરીકે શિરસાટની નિમણૂંક રદ કરી હતી. શિરસાટ હવે કેબિનેટ પ્રધાન હોવાથી નિમણૂંક રદ કરવામાં આવી હતી.

ચૂંટણી પહેલા, રાજ્ય સરકારે ચૂંટણી પહેલા સમુદાયો અને જાતિઓને આકર્ષવા માટે રચાયેલા અનેક નવા રાજ્ય સંચાલિત નિગમોની જાહેરાત કરી હતી. આનાથી મહાયુતિ સરકારે તાજેતરના ભૂતકાળમાં સ્થાપિત નવા નિગમોની સંખ્યા પચાસની નજીક પહોંચી ગઈ છે.

# મંત્રાલયનો સાતમા માળે છતનો કેટલોક ભાગ પડ્યો: સુદૈવે કોઈ નુકસાન નહીં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: રાજ્યના નાગરિકોની સુરક્ષાની જવાબદારી જેના પર છે તે મંત્રાલય જ સુરક્ષિત નથી તો રાજ્યને કેવી રીતે સંભાળી શકશે એવો મહત્ત્વનો સવાલ ઉપસ્થિત કરે એવી ઘટના શુક્રવારે મુંબઈના મંત્રાલયમાં નોંધાયો હતો.

મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના અખત્યાર હેઠળ આવતા મુખ્ય પ્રધાન તબીબી સહાય સેલની બહાર છતનો કેટલોક ભાગ તૂટી પડતાં સનસનાટી ફેલાઈ ગઈ હતી. આખા રાજ્યનો કારભાર જ્યાંથી ચાલી રહ્યો છે તે મંત્રાલયમાં જ આ હોનારત શુક્રવારે થઈ હતી. આને પગલે મંત્રાલયમાં સુરક્ષા અંગે નવી ચિંતા વ્યક્ત થઈ રહી છે. આ અકસ્માતમાં કોઈપણ જખમી થયું નથી એવી સ્પષ્ટતા સાતમા માળે આવેલા રાજ્ય સરકારના સામાન્ય વહીવટી વિભાગના અધિકારીઓ દ્વારા કરવામાં આવી હોવા છતાં રાજ્યના મુખ્યાલયમાં બનેલી આ ઘટનાથી સરકારના કારભાર પર અનેક ચિંતા ઊભી થઈ છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે સીલિંગનો નાનો ભાગ તૂટી પડ્યો હતો, તેમાં કોઈને ઈજા પહોંચી નહોતી.

અહીં ઉલ્લેખનીય છે કે આ છતનો ભાગ તૂટી પડ્યો તે ભાગ તબીબી સહાય સેલની બહાર જ છે. આ સેલમાં મદદ માટે આખા રાજ્યમાંથી લોકો આવતા હોય છે અને કાયમ ગરદી રહેતી હોય છે. આવી સ્થિતિમાં જો લોકોની હાજરીમાં આ અકસ્માત થયો હોત તો શું થાત એવી ચિંતા વ્યક્ત થઈ રહી છે. જાળવણી અને યોગ્ય દેખભાળને અભાવે આ અકસ્માત થયો હોવાનું કહેવાઈ રહ્યું છે અને તેને ધ્યાનમાં રાખીને વહીવટીતંત્રે તાત્કાલિક બાકીના ભાગની તપાસ અને સમારકામ ચાલુ કર્યું હતું.

# શું પ્રધાનમંડળમાં ફેરફાર થશે? મુનગંટીવારની સ્પષ્ટતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: રાજ્ય પ્રધાન મંડળમાં ફેરફારની ચર્ચાએ જોર પકડ્યું છે. તેનું કારણ એ છે કે શિવસેના (યુબીટી)એ એવો દાવો કર્યો છે કે રાજ્યમાં મહાયુતિ સરકારમાં ટૂંક સમયમાં પરિવર્તન થશે. આટલું જ નહીં, એવો પણ દાવો કરવામાં આવ્યો છે કે સરકારને મુશ્કેલીમાં મુકનારા આઠ પ્રધાનોને કેબિનેટમાંથી દૂર કરવામાં આવશે અને તેમના સ્થાને નવા ચહેરાઓને તક મળી શકે છે.

એવી પણ ચર્ચા છે કે ભાજપના નેતા સુધીર મુનગંટીવાર વિધાનસભા અધ્યક્ષ રાહુલ નાર્વેકરનું સ્થાન લેશે. જોકે, સુધીર મુનગંટીવારે હવે આ બધી વાતો અને વિધાનસભાના અધ્યક્ષ પદ અંગેની ચર્ચાઓને પણ ફગાવી દીધી છે. સુધીર મુનગંટીવારે કહ્યું હતું કે, હું તમને ફરી એકવાર કહું છું કે મારી પાસે આ અંગે કોઈ માહિતી નથી. જોકે, મારો મત છે કે હાલમાં કેબિનેટમાં ફેરફારની કોઈ શક્યતા નથી. કારણ કે આગામી સમયમાં મ્યુનિસિપલ અને જિલ્લા પરિષદની ચૂંટણીઓ છે. તેથી, મને નથી લાગતું કે આવા વાતાવરણમાં, તેઓ પ્રધાનો કે તે જિલ્લામાં કોઈપણ નેતાને અસ્થિર કરવાનું કામ કરશે, એમ સુધીર મુનગંટીવારે મીડિયા સાથે વાત કરતા કહ્યું હતું.

તેમણે એમ પણ કહ્યું હતું કે, 'ભારતીય જનતા પાર્ટીની કોર કમિટીમાં હાલમાં કેબિનેટમાં ફેરફાર અંગે કોઈ ચર્ચા થઈ નથી. ઉપરાંત, આવી કોઈ તાત્કાલિક બેઠક બોલાવવામાં આવી નથી. કેબિનેટમાં ફેરફાર અંગે કોઈપણ નિર્ણય કેન્દ્રીય સ્તરે લેવામાં આવે છે. ઉપરાંત, રાજ્ય સ્તરના નેતૃત્વને આ અંગે અગાઉથી કોઈ માહિતી અપાતી નથી. જો કે, જો આવો કોઈ ફેરફાર થશે, તો તે થાય તે ક્ષણે અમારી પાસે આવશે. પરંતુ, મારો મત છે કે હાલમાં આવો કોઈ ફેરફાર થશે નહીં.'

પ્રધાનપદ મળવાની ચર્ચા પર, રાહુલ નાર્વેકરે કહ્યું હતું કે, 'હું મીડિયા રિપોર્ટ્સમાં માનતો નથી. હું ફક્ત પક્ષના નેતૃત્વના આદેશનું પાલન કરું છું. તેમ છતાં, હું પક્ષ જે જવાબદારી આપે છે તે સ્વીકારીશ.'

દરમિયાન, શિવસેના (યુબીટી)એ એવો દાવો કર્યો છે કે નાર્વેકર પ્રધાનપદ ઇચ્છતા હતા, જેના પર નાર્વેકરે કહ્યું હતું કે, 'પાર્ટી જે ઇચ્છે તે મારી ઇચ્છા છે.' 'પક્ષ દ્વારા આપવામાં આવેલી જવાબદારી સ્વીકારીશ.'

એવી ચર્ચા છે કે વિવાદાસ્પદ નિવેદનો આપનારા અને સરકાર માટે મુશ્કેલી ઉભી કરનારા પ્રધાનોને કેબિનેટમાંથી દૂર કરવામાં આવશે. આ અંગે રાહુલ નાર્વેકરે કહ્યું, એવું કંઈ નથી. બધા નેતાઓ, પ્રધાનો, વિધાનસભ્યો સારું કામ કરી રહ્યા છે. ઘણા લોકો એવા છે જેમને કેટલીક નવી તકો મળશે. જો પાર્ટી તેમને તક આપવા માગે છે, તો તે પણ થઈ શકે છે. જો મારી વાત આવે તો હું પાર્ટી દ્વારા આપવામાં આવેલી જવાબદારી સ્વીકારીશ અને તે અન્ય લોકો માટે પણ એવું જ રહેશે.

# અનિલ પરબ અધૂરા વકીલ, યોગેશ કદમનું રાજીનામું લઈ બતાવે: ભૂતપૂર્વ પર્યાવરણ પ્રધાન રામદાસ કદમ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અનિલ પરબ અધુરા વકીલ છે, મેં ૩૨ વર્ષ વિધાનસભામાં કામ કર્યું છે. હું દરેક નિયમ જાણું છું. પ્રધાન પર આરોપ લગાવતી વખતે ૩૫ દિવસની નોટિસ આપવી પડે છે અને આરોપ લગાવવા માટે સ્પીકરની પરવાનગી લેવી પડે છે. તેની એક નકલ આગલા દિવસે સ્પીકરને આપવી પડે છે અને પછી સ્પીકરની પરવાનગીથી આરોપ લગાવવા પડે છે. જોકે, આ અધુરા વકીલોએ એવું ન કર્યું અને યોગેશ કદમ ગૃહમાં ન હોય ત્યારે ગુપ્ત રીતે આરોપો લગાવ્યા હતા. તેમણે યોગેશ કદમને તેમનું રાજીનામું લઈ બતાવવાનો પડકાર ભૂતપૂર્વ પર્યાવરણ પ્રધાન રામદાસ કદમે ફેંક્યો છે. તેઓ ખેડમાં એક પત્રકાર પરિષદમાં બોલી રહ્યા હતા.

તેમણે કહ્યું હતું કે, ડાન્સ બાર યોગેશ કદમની માતાનો હોવાનો આરોપ લાગી રહ્યો છે, પરંતુ તેમણે એમ પણ કહ્યું હતું કે તેઓ બે દિવસમાં અનિલ પરબ સામે વિશેષાધિકાર ભંગની ફરિયાદ કરશે. અનિલ પરબે ગુંડાગીરીની ભાષાનો ઉપયોગ ન કરવો જોઈએ, હું ડરતો નથી. જો તમારી પાસે હિંમત હોય તો રાજીનામું લઈને દેખાડો, એવા શબ્દોમાં શિવસેનાના નેતા રામદાસ કદમે અનિલ પરબને પડકાર ફેંક્યો હતો. કદમે એમ પણ કહ્યું હતું કે તેઓ યોગેશ કદમને કહીને રાજ્યના તમામ ડાન્સ બાર બંધ કરાવવાની ઝૂંબેશ હાથ ધરાવશે.

આ અધુરા વકીલોએ નિયમોનું પાલન ન કર્યું અને યોગેશ કદમ ગૃહમાં ન હોય ત્યારે ગુપ્ત રીતે આરોપો લગાવ્યા હતા. જ્યારે આવી રીતે નિયમોનો ભંગ કરીને આવા આરોપો લગાવવામાં આવે છે, ત્યારે સ્પીકરના નિયમો મુજબ આ મામલો ગૃહના ફ્લોર પર મૂકતા નથી, આ વિધાનસભાનો નિયમ છે. શું આ અધુરા વકીલને આટલી ખબર નથી? એવો સવાલ રામદાસ કદમે ઉઠાવ્યો છે. નિયમોની બહાર કામ કરીને આ આરોપો લગાવવામાં આવ્યા છે. રામદાસ કદમે પત્રકાર પરિષદમાં એવી પણ માહિતી આપી હતી કે અનિલ પરબ સામે વિશેષાધિકાર ભંગની કાર્યવાહી થઈ શકે છે.

તેમણે કહ્યું કે, અમે ક્યારેય ડાન્સ બારનો ધંધો ચલાવ્યો નથી. ડાન્સ બાર ચલાવીને સામાન્ય લોકોના જીવનને બરબાદ કરવાનું પાપ અમે ક્યારેય કર્યું નથી.

# નવી મુંબઈ એરપોર્ટ પર ૨૮૫ પોલીસ અધિકારીઓની ભરતીને મંજૂરી

નવી મુંબઈ: નવી મુંબઈના બહુચર્ચિત આંતરરાષ્ટ્રીય એરપોર્ટ માટે હવે ૨૮૫ પોલીસ પદ ભરવા માટે ગૃહ વિભાગે મંજૂરી આપી છે. આ પદ એરપોર્ટ પરના ચેકપોસ્ટ માટે હશે. આ માટે ૧૦,૧૦,૮૮,૦૦૦ રૂપિયાનો ખર્ચ થવાની શક્યતા છે.

સરકારે નવી મુંબઈમાં આંતરરાષ્ટ્રીય એરપોર્ટનો પ્રથમ તબક્કો સપ્ટેમ્બરથી શરૂ કરવાની યોજના બનાવી છે. નવી મુંબઈ એરપોર્ટ પનવેલ અને ઉલવે પોલીસ સ્ટેશનના અધિકારક્ષેત્ર હેઠળ આવે છે. આ એરપોર્ટ માટે સિડકો વહીવટીતંત્રે ઉલવે, ગણેશપુરી, તારઘર, કોમ્બડભુજે, વાઘીવલી ગામ, વાઘીવલી પાડા, કોપર, કોલ્હી, ચિંચપાડા ગામોમાંથી જમીન સંપાદિત કરી છે. આ એરપોર્ટ સંપૂર્ણ રીતે કાર્યરત થયા પછી દર વર્ષે નવ કરોડ મુસાફરો પ્રવાસ કરી શકે તેની યોજના છે. તેથી એરપોર્ટ પર સુરક્ષા મહત્વપૂર્ણ છે. ગૃહ વિભાગ એરપોર્ટ પર ઇમિગ્રેશન ચેક પોસ્ટ માટે ૨૮૫ નવી જગ્યાઓ ભરવાનું વિચારી રહ્યું હતું. આખરે આ દરખાસ્તને તાજેતરમાં રાજ્ય સરકારની મંજૂરી મળી ગઈ છે. તેથી હવે ૨૮૫ પદો માટેનો માર્ગ મોકળો થયો છે.

# ૧૭ પોલીસ કોલોનીનો પુનર્વિકાસ

મુંબઈ: મહારાષ્ટ્ર હાઉસિંગ એન્ડ એરિયા ડેવલપમેન્ટ ઓથોરિટી (મ્હાડા) ની જમીન પર મુંબઈમાં આવેલી ૨૭ પોલીસ કોલોનીમાંથી ૧૭નું રિડેવલપમેન્ટ કરવાનો પ્રસ્તાવ તૈયાર કરવામાં આવ્યો છે, તેનું સાત વસાહતોમાં રિડેવલપમેન્ટ કરવામાં આવશે. આ પ્રોજેક્ટ ઝડપથી પૂર્ણ કરવા માટે ત્રણ અલગ-અલગ ટેન્ડર બહાર પાડવામાં આવશે અને વિવિધ એજન્સીઓ દ્વારા રિડેવલપમેન્ટ હાથ ધરવામાં આવશે. ગૃહ વિભાગે આ પ્રસ્તાવને પ્રાથમિક મંજૂરી આપી દીધી છે અને ગૃહ વિભાગ તરફથી 'નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ' પણ મળી ગયું છે. આ સંદર્ભમાં મ્હાડા દ્વારા તૈયાર કરાયેલ પ્રસ્તાવ ટૂંક સમયમાં સરકાર સમક્ષ રજૂ કરવામાં આવશે. પહેલો પત્ર જાન્યુઆરી ૨૦૨૩માં મોકલવામાં આવ્યો હતો. મ્હાડા ૧૭ વસાહતોમાં ૪,૭૨૫ ફ્લેટનો પુનર્વિકાસ કરશે.

# હિન્દુ મરણ

**કોળી પટેલ**

અમલસાડ ગામ કોલવાના, ગં. સ્વ. કાંતાબહેન ગોવિંદભાઈ પટેલ (ઉં. વ. ૮૫) તા.૨૨-૭-૨૦૨૫ના રોજ દેવલોક પામેલ છે. તે સ્વ. ગોવિંદભાઈ મકનજી પટેલના પત્ની. તે હિતેશ (રાજુ), ગુણવંતના મમ્મી. તે રેખાબહેન, કલાબહેનના સાસુ. તે પાર્થ પ્રથિકના દાદી. તે અરવિંદભાઈ, લલીબહેન, સુરેશભાઈ, સુમનભાઈ, સ્વ. મધુબહેન, પંકજભાઈના બહેન. તેમનું બેસણું તા. ૨૮-૭-૨૦૨૫ના રોજ, સમય: ૧૦ થી ૫. અને તુલસીપૂજન તા. ૨-૮-૨૦૨૫ના સમય ૪-૦૦ વાગ્યે ગામ કોલવા, દાંડી ફળિયા અમલસાડ ખાતે રાખેલ છે.

**કચ્છી ભાટીયા**

જેકિશન (મધુભાઇ) તે વૃજકુંવર ગોકલદાસ ભાટીયાના પુત્ર (ઉં. વ. ૯૩) તે વીણા (મધુરી)ના પતિ. તે જયોતિ, કિરીટ અને વિરેનના પિતાશ્રી. તે ભરત મર્ચન્ટ, અમિતા કિરીટ અને વર્ષા વિરેનના સસરા. તે શ્યામ, પરષોત્તમ, ચંદ્રસેન, પ્રમિલા નયન અને વિનુના ભાઇ. તે સ્વ. રાધાબેન પરષોત્તમ ચોખાવાળાના જમાઇ. ગુરુવાર, તા. ૨૪-૭-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨૭-૭-૨૫ના રવિવારના સાંજે ૪થી ૬. ઠે. એસ. એન. ડી. ટી. મહિલા કોલેજ, રફી અહમદ કીડવાઇ રોડ, માટુંગા પૂર્વ, પ્રાર્થનાસભા પછી લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

સાવરકુંડલાવાળા સ્વ. વેણીલાલ વચ્છરાજભાઇ પારેખ સ્વ. મંછાબેન પારેખના પુત્ર ભરતભાઇ પારેખ (ઉં. વ. ૭૫) બુધવાર તા. ૨૩-૭-૨૫ના રોજ શ્રીજીચરણ પામેલ છે.તે મીના (મંજુબેન)ના પતિ. પ્રીતિ, પાયલ જેફ બગબીના પિતા. નવનીતરાય, સ્વ. હંસાબેન પ્રાણલાલ મહેતા, ગં. સ્વ. ભદ્રાબેન જયોતીન્દ્ર દોશી, ગં. સ્વ. કોકીલાબેન વીરેન્દ્રભાઇ શેઠના ભાઇ. વીણાબેનના દીયર. અમરેલીવાળા સ્વ. કરસનદાસ હીરજીભાઇ કાણકિયાના જમાઇ. પ્રાર્થનાસભા શનિવાર, તા. ૨૬-૭-૨૫ના કે. સી. કોલેજ હોલ, ૧૨૪ દિનશા વાચ્છા રોડ, ચર્ચગેટ, મુંબઇ-૪૦૦૦૨૦. સાંજે ૫થી ૭.

**દશા સોરઠિયા વણિક**

બાબરા નિવાસી સ્વ. સુશીલાબેન બચુભાઇ મલકાણના સુપુત્ર સુરેશભાઇ મલકાણ (ઉં. વ. ૭૩) તે હીરાબેન પ્રાણલાલ સાંગાણીના જમાઇ. સ્વ. મીનાબેન મલકાણના પતિ. ઇશિતા નયનેશ શેઠના પિતાશ્રી. તે મીતાબેન શરદભાઇ શેઠના વેવાઇ. તે સ્વ. કુસુમબેન નરેન્દ્રકુમાર ગાંધી, સ્વ. હર્ષાબેન સુધીરકુમાર માયાણી, દક્ષાબેન ધીરજકુમાર ધ્રુવ, આશાબેન ધર્મેશકુમાર વાશીના મોટાભાઇ. તા. ૨૨-૭-૨૫ના મંગળવારના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**હાલાઇ બ્રહ્મક્ષત્રીય**

સ્વ. હેમરાજ મૂળજી મામતોરાના સુપુત્ર હસમુખરાય મામતોરા (ઉં. વ. ૮૦) ગામ જામખંભાળિયા હાલ મુંબઇ તે ઊર્મિલાબેનના પતિ. ધર્મેશભાઇ તથા નરેશભાઇના પિતાશ્રી. નીતાબેનના સસરા. ભાવીન, હીનલના દાદા. જેઠાલાલ ગોકુલદાસ ગીરીના જમાઇ તા. ૨૪-૭-૨૫ના ગુરુવારના રામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૨૬-૭-૨૫ શનિવારના સાંજે ૪થી ૬. ઠે. ૧૭૦૬, અમનગૃહ, ૧૭મે માળે, સી. પી. ટેંક રોડ, રજી પાંજરાપોળની સામે, મુંબઇ-૪૦૦૦૦૪.

**સોરઠિયા બ્રહ્મક્ષત્રિય**

જેતપુર નિવાસી હાલ મલાડ સ્વ. પ્રભુદાસ વલ્લભદાસ ગરાચના ધર્મપત્ની ગં. સ્વ. પ્રભાબેન ગરાચ (ઉં. વ. ૯૮) તે સ્વ. હસમુખભાઇ, ભરતભાઇ, સ્વ. ગં. સ્વ. કંચનબેન પ્રવીણકુમાર છાટબાર, સ્વ. વનિતાબેન પરેશકુમાર છાટબાર, દીપ્તીબેન દીપકકુમાર દુબલ, ગં. સ્વ. હંસાબેન શૈલેષકુમાર જગડ, નીલાબેન દૌલતકુમાર બગરિયા, ગં. સ્વ. છાયાબેન શૈલેશકુમાર વીંછીના માતુશ્રી. ગં. સ્વ. ઇંદુબેન હસમુખભાઇ, ભાવનાબેન ભરતભાઇના સાસુ. ભાણજી રુગનાથ પડીયાના દીકરી તા. ૨૩-૭-૨૫ બુધવારના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨૭-૭-૨૫ રવિવારે ૪થી ૬. ઠે. લોહાણા મહાજન વાડી, એસ. વી. રોડ, કાંદિવલી (વેસ્ટ).

**બ્રહ્મક્ષત્રિય**

દાઠા નિવાસી હાલ બોરીવલી, સ્વ. શાંતાબેન તથા સ્વ. જગજીવનદાસ કાનજીભાઈ બગરીયાના પુત્ર સ્વ. જગદીશભાઈ બગરીયા (ઉં. વ. ૬૬) ૨૪/૭/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. મીનાબેનના પતિ. ચિંતન, ભૈરવીના પિતા. હિના તથા હિતેનના સસરા. કૌશલ્યા ચંદે, મહાલક્ષ્મી જગડ, ગં. સ્વ. સરસ્વતી નિર્મળ, દક્ષા જગડના ભાઈ. રતનબેન ખીમજીભાઈ નાગડાના જમાઈ. પ્રાર્થનાસભા ૨૬/૭/૨૫ના ૪ થી ૬. વર્ધમાન સ્થા જૈન સંઘ, મોટા ઉપાશ્રય, એસ વિ રોડ, પારેખગલ્લી કોર્નર, કાંદિવલી વેસ્ટ.

**દીવ મોઢ વણિક**

મૂળગામ દીવ હાલ કાંદિવલી, સ્વ. અરવિંદકુમાર તુલસીદાસ શાહના ધર્મપત્ની ગં. સ્વ. માલતીબેન શાહ (ઉં. વ. ૭૬) ૨૩/૭/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે સંજીવ-સંપૂર્ણા, રાજેશ-કાજલ તથા સોનલ હિતેશકુમાર કારિયાના માતુશ્રી. સ્વ. દિનેશચંદ્ર-સ્વ.કુમુદીબેન તથા સ્વ. પ્રવિણાબેન મુકુંદચંદ્ર શાહના ભાભી. જીગર, ધરા, દિશા ધૈર્ય શાહ, ધીર તથા યેશાના બા. પિયરપક્ષે સ્વ. રૂક્ષ્મણીબેન તથા સ્વ. શામળદાસ ગુલાબચંદ ઠાર પુનાવાળાના દીકરી. સર્વ પક્ષની પ્રાર્થનાસભા ૨૭/૭/૨૫ના રવિવાર ૫ થી ૭. શ્રી હાલાઇ લોહાણા બાળાશ્રમ બેન્કવેટ હોલ, મથુરાદાસ એક્ષટેનશન રોડ, અતુલટાવર પાસે, કાંદિવલી વેસ્ટ.

**ઔદિચ્ય સહસ્ત્ર ઝાલાવાડી બ્રાહ્મણ**

માતુશ્રી નલિનીદેવી નરેશકુમાર પાઠક (ઉં. વ. ૮૧) ગુરૂવાર તા. ૨૪/૭/૨૫ના કૈલાસવાસી થયા છે. વિપુલ, કેતન, સંગીતા, હીનાના માતુશ્રી. પાયલ, છાયા, જસ્મીનકુમાર, હિરેનકુમારના સાસુમા. સ્વ. ચંદ્રિકાબેન, મહેશભાઈ, સ્વ. ગીતાબેન, હર્ષાબેન, વિજયભાઈના બહેન. જીગર-નિરાલી, ધ્વની-વિરલ, આદિત્ય-ભાવિશા, નમ્રતા-કેવિન, પ્રિમ-રૂષભ, જશ, પાર્થ, આર્યાના દાદી/નાની. પ્રાર્થનાસભા શનિવાર તા. ૨૬ જુલાઈ, ૨૫ના ૫થી ૭. ઠે. સોની બેન્કવેટ હોલ, સોનીવાડી, શિમ્પોલી એક્સ લેન, એસ.વી.રોડ, બોરિવલી (પશ્ચિમ).

**પાવરાઈ ભાટિયા**

જયંત મીઠાવાલા (ઉં. વ. ૯૨) તે સ્વ. ગોરધનદાસ કાનજી મીઠાવાલાના પુત્ર. ગં. સ્વ. કુસુમબેનના પતિ. પુરસોત્તમ ખટાઉ ભાટિયાના જમાઈ. પ્રજ્ઞા હરેન્દ્ર કજારીયા, ગીતા યતીન વેદ અને સોનલ ધીરજ વેદના પિતાશ્રી. નિકિતા હેતલ, બંસી, હિતેશ, દીપના નાના ૧૯/૭/૨૦૨૫ના બેલગામ શ્રીજીચરણ પામેલ છે. દેહ દાન કરેલ છે.

**હાલાઇ લોહાણા..**

નેહુલ (ઉં. વ. ૪૩) તે રીટાબેન તથા સ્વ. કિશોરભાઈ કરસનદાસ ભીમજીયાણીના પુત્ર. નિકિતાના પતિ. દેવાંશના પિતા. ચેતનભાઈના ભાઈ. સ્વ. જયંતભાઈ (બટુકભાઈ), વિનોદભાઈ, સુરેશભાઈ, મધુબેન,ભાનુબેન, આરતીબેન, મીનાબેનના ભત્રીજા ૨૧/૭/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા ૨૬/૭/૨૫ના ૫ થી ૭. હાલાઇ લોહાણા મહાજનવાડી, બીજે માળે, એસ વિ રોડ, શંકર મંદિર પાસે કાંદિવલી વેસ્ટ.

**શ્રીમાળી સોની**

મોટા આંકડિયા નિવાસી હાલ કાંદિવલી, ગં. સ્વ. ગુણવંતીબેન ધોળકિયા (ઉં. વ. ૭૫) તા. ૨૪-૭-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. અનિરુદ્ધભાઈના ધર્મપત્ની. પંકજભાઈ તથા દીપકભાઈના માતુશ્રી. રશ્મિબેન, સોનલબેન, સ્મિતાબેનના સાસુ. દર્શ, યશ, નિકુંજના દાદી. કલ્પના, તૃપ્તિ, જાગૃતી, પ્રીતિ, નીલા રાજેશના કાકી. ભાઇલાલ કેશવલાલ ઝીઝુવાડિયાના દીકરી. પ્રાર્થનાસભા તા. ૨૬-૭-૨૫ના શનિવારે ૪.૩૦ થી ૬.૦૦. ચોથામાળે શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન હોલ, મોટો ઉપાશ્રય, અસે. વી રોડ, સેન્ટ્રલ બેન્કની બાજુમાં, કાંદિવલી વેસ્ટ.

**હાલાઇ લોહાણા**

કલકત્તા નિવાસી હાલ મુંબઈ, જગદીશભાઈ માનસાતા (ઉં. વ. ૮૨) સ્વ. શાંતિલાલ માનસાતા અને જયાબેનના સુપુત્ર. વાસંતીબેનના પતિ. સ્વ. જીતુભાઇ, હરેનભાઈ, ભરતભાઈ, સ્વ. પ્રવિણાબેન, ઉષાબેનના ભાઈ. હિતેનભાઈ અને દીપાબેનના પિતા. રિના હિતેનભાઈ ચેતનભાઈ ઠક્કરના સસરા. નીલ, હિના, રાજ, ભક્તિના દાદા-નાના. તા. ૨૩-૭-૨૫ ના શ્રીજી ચરણ પામેલ છે તેમની પ્રાર્થનાસભા તા. ૨૮-૭-૨૦૨૫ સોમવારના ૫ થી ૭. સફાયર હોલ, બેટર હોમ, સહાર રોડ, અંધેરી ઈસ્ટ, સ્ટેશનની સામે.

# પારસી મરણ

ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.

# જૈન મરણ

**ઘોઘારી દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

સોનગઢ નિવાસી હાલ ન્યુયોર્ક જગતકિશોર (ઉં. વ. ૮૨) તા. ૨૩-૭-૨૫ના રોજ અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. શાંતાબેન પ્રેમચંદ દામાણીના જયેષ્ઠ પુત્ર. સાગરના પિતાશ્રી. અ. સૌ. પૂનમના સસરા. ઍન્જલના દાદાજી. તે નટુભાઇ, સ્વ. ક્રીષ્ણાબેન કિરીટભાઇ મહેતા, કિરીટભાઇ, ભૂપેન્દ્રભાઇ, સ્વ. અરુણભાઇ, સ્વ. દિલીપભાઇનાં મોટાભાઇ. તે સ્વ. હંસાબેન રમણભાઇ તલાટીના જમાઇ. પ્રાર્થના અને લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કાંઠા સતાવીશ વિસા શ્રીમાળી જૈન**

આગલોડ નિવાસી હાલ મલાડ, કાંતિલાલ કોદરલાલ શાહ (ઉં. વ. ૯૨) તા. ૨૪-૦૭-૨૫ના અરિહંતશરણ પામેલ છે. જાસૂદબેનના પતિ. સ્વ. શકરીબેન કોદરલાલના સુપુત્ર. સ્વ. દલપતભાઈ કંકુચંદના જમાઈ, રસિકભાઈ, સ્વ. ઉપેન્દ્રભાઈ, રસીલા, સુમિત્રા, તરુણા, ધર્મિષ્ઠા, નિપુણાના મોટાભાઈ, અભય-દિવ્યા, હિતેશ-અમિતા, સંગીતા-નરેશ, શિલ્પા-રાજેશ, જયશ્રી-મનોજના પિતા, પ્રભવના દાદા. એ/૩૦૨, રત્નપુરી, ગૌશાળા લેન, દફતરી રોડ, મલાડ ઈ. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

રતાડીયા (ગણેશ વાલા) ના વંદના (અલ્પા) અતુલ ગાલા (ઉં. વ. ૫૨) તા. ૨૩-૭-૨૫ ના અવસાન પામેલ છે. જયવંતી માવજી ગાલાના પુત્રવધૂ. સ્વ.અતુલના ધર્મપત્ની. જૈનમના માતુશ્રી. અમૃતબેન પ્રેમજી કરમશી વીરાના સુપુત્રી. શૈલેષ, પરેશ, અશોકના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ.વંદના અતુલ ગાલા.બી-૧૦૮, સરયુ એપાર્ટમેન્ટ, સહકાર ગ્રામ, અશોક નગર, કાંદિવલી (ઇ).

મેરાઉના રતીલાલ જેઠાલાલ દેઢિયા (ઉં. વ. ૭૧) તા. ૨૩/૭/૨૫ના અવસાન પામેલ છે. મણીબેન જેઠાલાલના પુત્ર. મંજુલાના પતિ. ભાવના, ભાવેશના પિતા. લાયજાના નેણબાઇ (ભોઇમા) ગાંગજીના જમાઇ. કાંતીલાલ, લક્ષ્મીચંદ, હસમુખ, મનસુખ, બીદડાના લીલાવંતી જેન્તીલાલના ભાઇ. પ્રાર્થના : શ્રી ક.વી.ઓ. સ્થાનકવાસી જૈન મહાજનવાડી, વોલટાસની સામે, ચીંચપોકલી, ટાઇમ ૧ થી ૨.૩૦ નિ. રતીલાલ દેઢિયા, એ/૧૨ રાજ વીલા, દેવીદયાલ રોડ, મુલુંડ-વેસ્ટ.

બિદડા (ઓતરો ફરીયો)ના ભવાનજી હીરજી ફુરીયા (ઉં. વ. ૮૧) તા. ૨૪-૭-૨૫ના અરીહંત શરણ પામ્યા છે. માતુશ્રી પાનબાઈ/ગંગાબાઈ હીરજી કેશવજીના સુપુત્ર. પુષ્પાબેનના પતિ. વિશાલ, ડો. મિકિન, મિનલના પિતાશ્રી. બિદડાના નાનજી હીરજી, કોડાયના હેમલતા કાંતિલાલ વિસનજી, પત્રીના રમીલા પ્રવિણ વેલજીના ભાઈ. મોટી ખાખરના ખેતબાઈ નાગજી ભીમશી છાડવાના જમાઈ. પ્રા : શ્રી માટુંગા ક.શ્વે.મૂ.જૈન સંઘની નારાણજી શામજી વાડી (૧લે માળે), ટા. ૪ થી ૫.૩૦. નિ. ભવાનજી હીરજી ફુરિયા, ધ એડ્રેસ, બુલવર્ડ-૨, ફ્લેટ નં. ૮૦૧, એલ.બી.એસ. માર્ગ, ઘાટકોપર (વેસ્ટ).

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|




# શા માટે મુંબઈની ત્રીસી અને ચાલીસીની વ્યક્તિઓમાં વધુ હાર્ટ ઍટેક દેખાઈ રહ્યા છે?

ગયા મહિનાના અંતભાગે, એક આઘાતજનક સમાચાર સાથે મુંબઈની સવાર પડી; ટેલિવિઝન સેલિબ્રિટી શેફાલી જરીવાલા, ફક્ત ૪૧, કથિત રીતે એના ઘરમાં જ ફસકાઈ પડી અને કાર્ડિયેક એરેસ્ટથી મૃત ઘોષિત કરવામાં આવી. તપાસ જો કે હજુ ચાલુ છે, પણ આ કરૂણાંતિકાએ મોટી અસ્વસ્થ કરી મૂકે એવી ચર્ચા જગાવી છે-દીધી છે. શા માટે સ્વસ્થ જણાતી યુવાન વ્યક્તિઓ અચાનક હાર્ટ એટેકથી મૃત્યુ પામી રહી છે?

બિઝનેસ કેન્દ્રોથી માંડીને હાઈ-રાઈઝ જીમ્સમાં, મુંબઈમાં હાર્ટ એટેક સંબંધિત ઘણા મૃત્યુ દેખાઈ રહ્યાં છે. હાર્ટ એટેક વૃદ્ધો પૂરતાં જ મર્યાદિત નથી રહ્યાં-યુવાનોમાં ત્રીસી અને શરૂઆતની ચાલીસીની, સામાન્ય રીતે ફિટ દેખાતી વ્યક્તિઓમાં ઘણીવાર કોઈ ચેતવણીના ચિહ્નો વગર આ રોગનો હુમલો થઈ રહ્યો છે.

થોડાં વર્ષો પહેલાં, સિધ્ધાર્થ શુક્લા, ફક્ત ૪૦ની ઉંમરના અકાળ મૃત્યુએ દેશને સ્તબ્ધ કરી મૂક્યો. શુક્લા, ઘણાંઓ માટેનું પારિવારિક નામ અને ફિટનેસની પ્રેરણા, જીમ ખાતેના વર્કઆઉટ પછી કથિત રીતે ફસકાઈ પડ્યો, પાછળથી જેનું કારણ મૅસીવ હાર્ટ એટેક નક્કી થયું.

''એ અકલ્પનીય રીતે ફિટ દેખાતો હતો - પણ સાયલન્ટ રીતે બ્લોકેજીસ સામે ફિટનેસ હંમેશાં રક્ષણ નથી આપતી'', ડૉ. તનય પાડગાઁવકર, બ્રીચ કેન્ડી અને સૈફી હૉસ્પિટલના વરિષ્ઠ ઈન્ટરવેન્શનલ કાર્ડીયોલોજીસ્ટ જણાવે છે. ''આ બ્લોકેજીસ સમય જતાં ધીમે ધીમે વધે છે. વિશેષતઃ ઉચ્ચ તણાવભરી, હાઈ-કાર્બ જીવનશૈલીથી કોઈ ક્લાસિક લક્ષણો વગર હાર્ટ એટેકના કારણો બની શકે છે.''

### એક આખો સમુદાય જોખમમાં:


છેલ્લાં પાંચ વર્ષમાં, મુંબઈની ઘણી ખ્યાતનામ હૉસ્પિટલોએ ૩૦થી ૪૫ની ઉંમરની વ્યક્તિઓમાં કાર્ડિયેક કેસના ૨૦-૨૫%નો વધારો નોંધ્યો છે અને આમાંના મોટા ભાગના દર્દીઓ સમૃદ્ધ ધંધા-કેન્દ્રિત ગુજરાતી કુટુંબોના હતા- જ્યાં તણાવ, લાંબા કામના કલાકો, મોડું રાત્રિ ભોજન અને બેઠાડું જીવનશૈલી સામાન્ય છે.

ડૉ. પાડગાઁવકર જણાવે છે, ''મોટા ભાગનાં દર્દીઓ માનતા નથી કે એમને હાર્ટ એટેક આવી શકે. તેઓ એમ જ વિચારે છે કે 'આ અમને ન થઈ શકે' - અંતે તે થાય ત્યાં સુધી.''

### સાચો કિસ્સોઃ એક ૩૫ વર્ષના વિધૂર બચી જાય છે

આવો એક કિસ્સો ચર્નીરોડ ખાતેના ૩૫ વર્ષના હીરાના વ્યાપારીનો છે, જેઓ ખભાના






### હાર્ટ ઍટેકનાં ચેતવણીનાં ચિહ્નોઃ

- છાતીમાં ભારેપણું કે તણાવ
- ગરદનમાં, જડબામાં કે ડાબા ખભામાં દુઃખાવો
- શ્વાસની તકલીફ
- અચાનક થાક લાગવો
- ઉબકા કે ઠંડો પરસેવો
- અસ્વસ્થતાનો અનુભવ

દુઃખાવા અને અપચાની ફરિયાદ સાથે હૉસ્પિટલમાં આવે છે. ઈ.સી.જી. કર્યા પછી એમને તાત્કાલિક કેથ લેબ લઈ જવા પડ્યા.

''એમની મુખ્ય ધમનીમાં ૯૯% બ્લોકેજ હતો. જો તેઓ એક કલાક પણ વધુ મોડા આવ્યા હોત તો એ જીવલેણ નીવડ્યું હોત.'' ડૉ. પાડગાઁવકર કહે છે, જેમણે સ્ટેન્ટ સાથેની ઈમર્જન્સી ઍંજીયોપ્લાસ્ટી કરી.

દર્દીનો અગાઉનો કોઈ તબીબી ઈતિહાસ ન હતો, ન ધૂમ્રપાનની આદત, ન ડાયાબીટીસ-ફક્ત ઉચ્ચ તણાવ અને અયોગ્ય અહારશૈલી.

**''મુંબઈનો નવો હાર્ટનો દર્દી, ૬૦ વર્ષનો નથી, પણ ૩૫ વર્ષનો એક સફળ, ચિહ્નોને અવગણતી વ્યક્તિ છે.''**

### ડૉ. તનય પાડગાઁવકરઃ દક્ષિણ મુંબઈના કાર્ડિયેક ફ્રન્ટના મોખરે છો.

ડૉ. પાડગાઁવકરે, યુરોપ અને યુ.એસ. બંને જગ્યાએથી પ્રશિક્ષિત, મુંબઈની મોટા ભાગની પ્રખ્યાત હૉસ્પિટલમાં હજારો ઍંજીયોપ્લાસ્ટી અને હૃદય સંબંધી પ્રક્રિયાઓ કરી છે. ઊંચા જોખમવાળા, જટીલ કેસોની સંભાળવા માટે જાણીતા છે. તેઓ મીનીમલી ઈનવેઝીવ કાર્ડિયેક પ્રોસીજર્સ, જે ઝડપી સુધારા સાથે જિંદગીઓ બચાવે છે, તેના સ્પેશિયાલિસ્ટ છે. તેઓ બ્રીચ કેન્ડી હૉસ્પિટલ, સૈફી હૉસ્પિટલ અને ભાટીયા હૉસ્પિટલ સાથે સંકળાયેલા છે.

''આપણી પાસે હવે વિશ્વકક્ષાની સુવિધાઓ મુંબઈમાં છે. તમારે વિદેશ જવાની જરૂર નથી'' તેઓ ઉમેરે છે.

**આજની ૩૦-મિનિટની ટેસ્ટ તમને આવતી કાલના ૩-દિવસના ICUમાં રહેવામાંથી બચાવી શકે છે.**

### આ વધારાનાં કારણો ક્યાં?

**ડૉ. પાડગાઁવકર કહે છે એ વિવિધ પરિબળોના મિશ્રણને કારણે છેઃ**

- આનુવંશિકઃ ભારતીયોમાં સામાન્ય રીતે હાર્ટ-ડીસીઝની વધુ શક્યતા હોય છે.
- જીવનશૈલીઃ જંકફૂડ, મોડું રાત્રિ ભોજન, હાઈ-કાર્બ ડાયેટ.
- ડાયાબીટીસઃ મુખ્યત્વે ગુજરાતી સમુદાયમાં.
- તણાવઃ ધંધાનું દબાણ, ઘરનું દબાણ.
- ઓછી ઊંઘઃ મોડી રાત સુધીનું કામ, ટીવી અને મોબાઈલની આદત.
- ધૂમ્રપાન અને આલ્કોહોલ.
- કૉવિડ પછીની આડ અસરોઃ હળવા લક્ષણોવાળા કેસો પણ હૃદયના નુકસાન સુધી દોરી ગયા છે.

### હાર્ટ પ્રોબ્લેમ છે - ફક્ત ગૅસ નથી - એવી શંકા ક્યારે કરવી?

ગુજરાતી કુટુંબોમાં, છાતીના ભારેપણા કે અસ્વસ્થતાને સામાન્ય રીતે ''ખાવામાંથી થયેલો ગૅસ''માની ગણકારવામાં આવતાં નથી પણ આવી ધારણા જીવન-બચાવતી સંભાળને લંબાવી શકે છે.

**''જો ઠીક ન લાગતું હોય તો તપાસ કરાવો. સોડા અને એન્ટાસિડથી જાત સારવાર ન કરો.'' ડૉ. પાડગાઁવકર વિનંતી કરે છે.**

### સાચી કરૂણાંતિકાઃ શેફાલી જરીવાલાનું અચાનક મૃત્યુઃ

શેફાલી જરીવાલા જાણીતી ટીવી પર્સનાલિટી, ફક્ત ૪૧ વર્ષની જ હતી. માંદગીનો કોઈ જ જાણીતો ભૂતકાળ ન હતો અને સોશિયલ મીડિયા પર એના મૃત્યુના એક દિવસ પહેલાં સુધી સક્રિય હતી.

જોકે અંતિમ મેડિકલ રિપોર્ટની રાહ જોવાઈ રહી છે, સંભવિત કાર્ડિયેક એરેસ્ટને કારણે એના અચાનક મૃત્યુએ પુખ્ત યુવાનોમાં ડર ફેલાવી દીધો છે.

**''તે તંદુરસ્ત સક્રિય જણાતી હતી. પણ બહુ મોડું થઈ જાય ત્યાં સુધી હાર્ટ ડીસીઝ સાયલન્ટ હોઈ શકે છે.''**

ડૉ. પાડગાઁવકર કહે છે, ''આપણા સૌના માટે આ વેક-અપ કૉલ ગણવો જોઈએ.''

### આજથી શરૂ કરીને - તમે શું કરી શકો છોઃ

**ડૉ. પાડગાઁવકર ૩૦ વર્ષની ઉપરના દરેકને, ખાસ કરીને ઊંચા જોખમવાળા સમુદાયને, નિમ્નલિખિત ભલામણ કરે છેઃ**

- વાર્ષિક હાર્ટ ચેકઅપ- ECG, 2D Echo, TMT (સ્ટ્રેસ ટેસ્ટ)
- ડાયાબીટીસ, બી.પી. અને કોલેસ્ટ્રોલ પર નિયંત્રણ
- તૈલી ખોરાક અને મોડું રાત્રિભોજન ટાળવું
- ચાલવાની ૩૦ મિનિટની કસરત અને વજનની સંભાળ
- યોગ અને ધ્યાન દ્વારા તણાવની સંભાળ
- નાનાં-નાનાં ચિહ્નોને અવગણવા નહીં.

તેઓ પોસ્ટ-કૉવિડ હાર્ટ-સ્ક્રીનીંગ પર ભાર મૂકે છે, કારણ કે ઘણાં દર્દીઓમાં રીકવરી પછીનાં વર્ષોમાં હૃદયસંબંધી ફેરફારો જોવા મળ્યા છે.

**ગુજરાતી કુટુંબો ધંધાના જોખમો માટે આયોજન કરે છે - તો આરોગ્યનાં જોખમો માટે કેમ નહીં?**

### છેલ્લો સંદેશોઃ તમારું હૃદય રાહ નહીં જોઈ શકે

હાર્ટ એટેકથી યુવાનોના મૃત્યુ એ અસામાન્ય નથી રહ્યા. પણ તે ઘણીવાર અટકાવી શકાય છે. સાવધાની, સમસ્યાનું ટેસ્ટીંગ અને નિષ્ણાતની મધ્યસ્થી સાથે તમે નિષ્ક્રિયતાને ટાળી શકો છો.

### ડૉ. તનય પાડગાઁવકરનો સંદેશો સ્પષ્ટ છેઃ

''તમારું શરીર જે કહે છે તે સાંભળો. સમસ્યાને જેટલી વહેલી પકડીશું તેટલી સહેલાઈથી એને ઠીક કરી શકાશે. તમારી જિંદગી તમારી સૌથી મૂલ્યવાન સંપત્તિ છે.''

તો ફરી વખત ક્યારેય ''ફક્ત થોડો ગૅસ'' જેવું કે છાતીમાં અસામાન્ય તણાવ અનુભવાય ત્યારે કંઈ ધારી ન લો. ડૉક્ટર પાસે જાવ. ટેસ્ટ કરાવો. એથી તમારી જિંદગી માત્ર બચી જશે.

પ્રીવેન્ટિવ હાર્ટ ચેક-અપ, ઍંજિયોગ્રાફી કે કન્સલ્ટેશન માટે ડૉ. તનય પાડગાઁવકર બ્રીચ કેન્ડી હૉસ્પિટલ અને એમની ઓપેરાહાઉસ ખાતેની ક્લિનિકમાં ઉપલબ્ધ છે. ઈમર્જન્સી સેવાઓ ૨૪X૭ ઉપલબ્ધ છે.

**Know yr Dr.**

| | |
|---|---|
| નામઃ | ડૉ. તનય પાડગાઁવકર |
| માનદ્ પદવીઃ | ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજિસ્ટ M.D., D.M., FSCAI (USA), FESC (EUROPE) |
| એડ્રેસઃ | ૧૨૦૭/૧૨૦૭એ, પંચરત્ન, ઓપેરા હાઉસની સામે, ગિરગાંવ, મુંબઈ ૪૦૦ ૦૦૪. |
| કોન્ટેક્ટ નંબરઃ | 98208 22666 |
| વેબસાઈટઃ | www.drtanayp.com |



























## થાણેમાં ચોરીના અનેક ગુનામાં સંડોવાયેલા માતા-પુત્ર પકડાયાંઃ ૧૧ લાખની મતા જપ્ત

થાણેઃ થાણેમાં ચોરીના અનેક ગુનામાં સંડોવાયેલી મહિલા અને તેના ૨૦ વર્ષના પુત્રની પોલીસે ધરપકડ કરી હતી અને તેમની પાસેથી ૧૧ લાખ રૂપિયાની મતા જપ્ત કરાઇ હતી.

થાણેના નૌપાડા વિસ્તારમાં એક ઘરમાંથી ૭.૯૯ લાખ રૂપિયાના સોના-ચાંદીના દાગીના ચોરાયા હતા અને આ પ્રકરણે ૧૩ જુલાઇએ પોલીસમાં ફરિયાદ નોંધાવાઇ હતી, જેની તપાસમાં આરોપીઓ દ્વારા આચરાયેલા ગુના પ્રકાશમાં આવ્યા હતા.

તપાસ દરમિયાન પોલીસ ટીમે ઘટનાસ્થળ તથા આસપાસના વિસ્તારના સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસ્યા હતા, જેમાં મહિલા અને તેના બે સંતાન ઘરમાં આવતાં નજરે પડ્યાં હતાં. છોકરી તેની બેગમાંથી વિવિધ સાધનો કાઢતી જોવા મળી હતી.

નૌપાડા પોલીસ સ્ટેશનના સિનિયર ઇન્સ્પેક્ટર અભય મહાજને જણાવ્યું હતું કે પોલીસે બાદમાં શહેરના લગભગ ૧૦૦ સીસીટીવી કેમેરાના ફૂટેજ ચકાસ્યા હતા, જેના પરથી મહિલા તલાવપાડી, ચંદનવાડી અને થાણે રેલવે સ્ટેશન નજીક ફરતી જોવા મળી હતી.

પોલીસે ત્યાર બાદ સિદ્ધેશ્વર તળાવ, વાગલે એસ્ટેટ, વર્તકનગર, રાબોડી, કલવા, મુંબ્રા વિસ્તારમાં મહિલાની શોધ ચલાવી હતી અને આખરે પોલીસે દિવા ખાડી નજીકથી ગણેશ દિલીપ ગુપ્તા ઉર્ફે ગણેશ પ્રકાશ આવ્હાડ (૨૦)ને શોધી કાઢ્યો હતો. ગણેશની પૂછપરછમાં તેની માતા પૂજા દિલીપ ગુપ્તાની થાણેમાં ચોરીના અનેક ગુનામાં સંડોવણી હોવાનું જાણવા મળ્યું હતું.

આરોપીઓએ ચોરેલા દાગીના તથા અન્ય મતા મુંબઈ અને થાણેમાં વેચવાની યોજના બનાવી હતી. તેમની પાસેથી ૧૧ લાખની મતા જપ્ત કરાઇ હતી. (પીટીઆઇ)■

## અકોલામાં કિલ્લાનો જર્જરિત ભાગ તૂટી પડયો

મુંબઇ : ભારે વરસાદને કારણે મહારાષ્ટ્રના અકોલા જિલ્લામાં બાલાપુર નજીક એક પ્રાચીન કિલ્લાનો જર્જરિત ભાગ ગુરુવાર (૨૫ જુલાઈ) ના રોજ ધરાશાયી થઈ ગયો હતો. બાલાપુર વિસ્તારમાં સતત ભારે વરસાદને કારણે કિલ્લાની દીવાલ પડી ગઈ હતી. જોકે, આ અકસ્માતમાં કોઈ જાનહાનિના સમાચાર નથી. કિલ્લાની દીવાલ પડવાની ઘટના ત્યાં હાજર લોકોએ કેમેરામાં કેદ કરી લીધી હતી.ત્યાં હાજર લોકોએ કિલ્લાની દિવાલને હલતા જોઈ અને પછી દીવાલ પડવાનો વીડિયો બનાવ્યો. આ વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. શરૂઆતના અહેવાલો અનુસાર ભારે વરસાદ અને યોગ્ય જાળવણીના અભાવે કિલ્લાની પહેલાથી જ નાજુક દિવાલ વધુ નબળી પડી ગઈ હતી. એક સમયે પ્રાદેશિક ગૌરવનું પ્રતીક રહેલો આ કિલ્લો તાજેતરના મહિનાઓમાં ખતરનાક રીતે જર્જરિત થઇ ગયો હતો. સ્થાનિક ઇતિહાસકારો માને છે કે રાજા જયસિંહના શાસનકાળ વખતનો આ કિલ્લો, મહારાષ્ટ્રના સ્થાપત્ય અને સાંસ્કૃતિક વારસાનો એક મહત્વપૂર્ણ ભાગ છે. આ ઘટનાને કારણે આવા સ્મારકોને વધુ ક્ષતિથી બચાવવા માટે સંરક્ષણ પ્રયાસોની માંગણીઓ ઉભી થઈ છે. ■

## મહિલાઓને ફસાવી દેહવ્યાપારમાં ધકેલનારા ત્રણ પકડાયા

થાણેઃ મહિલાઓને ફસાવી તેમને દેહવ્યાપારમાં ધકેલનારા ત્રણ આરોપીને નવી મુંબઈ પોલીસે પશ્ચિમ બંગાળથી પકડી પાડ્યા હતા. નવી મુંબઈ પોલીસના એન્ટિ હ્યુમન ટ્રાફિકિંગ સેલે (એએચટીયુ) ૨૩ જુલાઇએ પશ્ચિમ બંગાળના માલદા ખાતેથી ત્રણેય ફરાર આરોપીને તાબામાં લીધા હતા. તુર્ભે પોલીસ સ્ટેશનમાં ૯ જુલાઇએ ભારતીય ન્યાય સંહિતા તેમ જ ઇમ્મોરલ ટ્રાફિક (પ્રિવેન્શન) એક્ટ, ૧૯૪૬ હેઠળ ગુનો દાખલ થયા બાદ ત્રણેય આરોપી ફરાર થઇ ગયા હતા, એમ સિનિયર ઇન્સ્પેક્ટર પૃથ્વીરાજ ઘોરપડેએ જણાવ્યું હતું. આરોપીઓની ઓળખ શંભુ મુનીલાલ ઉપાધ્યાય (૩૨), ધીરેન્દ્ર તિલકચંદ આર્ય (૨૬) અને મકબૂલ બિલાલ અન્સારી ઉર્ફે બોબી (૪૩) તરીકે થઇ હતી, જેઓ મહિલાઓને ફસાવતા હતા અને તેમને દેહવ્યાપારમાં ધકેલતા હતા. આરોપીઓના સાથીદારોની હવે શોધ ચલાવવામાં આવી રહી છે, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઇ)■

# ગેરકાનૂની બાંધકામ કરનારાને કોઈ રાહત નહીં: ગુજરાત હાઈ કોર્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત હાઈ કોર્ટે અણદાવાદના જમાલપુરમાં પુનર્વિકાસ પામેલા સના એપાર્ટમેન્ટના ૪૦થી વધુ રહેવાસીઓ દ્વારા દાખલ કરાયેલી અરજીઓને ફગાવી દીધી હતી. અરજદારોએ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ફ્લેટ ખાલી કરાવવા અને તોડી પાડવાની નોટિસથી રક્ષણ મેળવવાની માગ કરી હતી. આ રીતે હાઈ કોર્ટે અનધિકૃત બાંધકામ કરીને અને કાયદાના શાસનની અવગણના કરીને કાયદાનો ભંગ કરનારાઓને કડક સંદેશ આપ્યો હતો.

આ કેસમાં મહત્ત્વનો ચુકાદો આપતા જસ્ટિસ મૌના એમ. ભટ્ટે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે જે નાગરિકને કાયદા પ્રત્યે કોઈ માન નથી, તે કાયદા હેઠળ કોઈ રાહત મેળવવાનો હકદાર નથી, અને આ કિસ્સામાં, તે ખોટી સહાનુભૂતિ આપવા સમાન હશે. જો આ કેસોનાં તથ્યોની સરખામણી કરવામાં આવે તો, એ અવલોકન કરવું વાજબી રહેશે કે અરજદારોએ કાયદો હાથમાં લીધો છે. ૧૧/૦૯/૨૦૧૯ના રોજ બાંધકામ અટકાવવા માટે નોટિસ હેઠળ અગાઉ સૂચના આપવામાં આવી હોવા છતાં, તેઓએ દિશાનિર્દેશોનો ભંગ કરીને બાંધકામ ચાલુ રાખ્યું હતું.

ત્યારબાદ, અમ્યુકો દ્વારા લગાવવામાં આવેલ સીલ તોડી નાખવામાં આવ્યું હતું અને સીલિંગના આદેશને પડકાર્યા વિના, તેઓએ પ્રશ્નમાં રહેલી મિલકતનો ઉપયોગ કરવાનું શરૂ કર્યું હતું. તેના માટે બિલ્ડિંગ ઉપયોગની પરવાનગી લેવાઈ નહોતી.

હાઇ કોર્ટે વધુમાં ઉમેર્યું હતું કે, ''ફરી એક વાર તેઓએ દિશાનિર્દેશોનો ભંગ કર્યો. વધુમાં, ડેવલપરે પૂર્વ પરવાનગી વિના તેમના ફ્લેટનું બાંધકામ કર્યું હોવાનો આરોપ લગાવવા છતાં, આજ સુધી ડેવલપર સામે કોઈ કાર્યવાહી શરૂ કરવામાં આવી નથી. તેથી આ કોર્ટના મતે, જે નાગરિકને કાયદાનો કોઈ ખ્યાલ નથી, તે કાયદા હેઠળ કોઈ રાહત મેળવવા માટે હકદાર નથી, અને આ કિસ્સામાં, તે ખોટી સહાનુભૂતિ સમાન હશે.''

અમદાવાદ મનપા દ્વારા ગેરકાયદેસર રીતે બાંધવામાં આવેલા સના એપાર્ટમેન્ટને ચાર દિવસમાં ખાલી કરવા માટે નોટિસ આપ્યા પછી રહેવાસીઓએ કોર્ટમાં અરજી કરી હતી. અરજીમાં તેમની આર્થિક નબળાઈનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો અને ડેવલપર દ્વારા કરવામાં આવેલા ગેરકાયદે કૃત્યની અજ્ઞાનતાનો દાવો કરવામાં આવ્યો હતો.

હાઈ કોર્ટે ભારપૂર્વક જણાવ્યું હતું કે, આ ફ્લેટ સંરક્ષિત સ્મારકથી ૩૦૦ મીટરની અંદર આવેલા હતા, જેના કારણે તેમને રાજ્યના ૨૦૨૨ ના કાયદા હેઠળ નિયમિતકરણ માટે અયોગ્ય બનાવવામાં આવ્યા હતા. ગેરકાયદેસર બાંધકામ શરૂ થયાના છ વર્ષ પછી, ડેવલપરે માર્ચ ૨૦૨૫ માં જ રાષ્ટ્રીય સ્મારકો સત્તામંડળ પાસેથી પોસ્ટ-ફેક્ટો પરવાનગી માટે અરજી કરી હતી. ફ્લેટ ખાલી કરવા માટે ત્રણ મહિના લંબાવવાની અરજીને પણ નકારી કાઢવામાં આવી હતી. કોર્ટે છેતરપિંડીનો આરોપ લગાવવા છતાં ડેવલપર સામે કોઈપણ કાર્યવાહી શરૂ કરવામાં અરજદારોની નિષ્ફળતાની પણ નોંધ લીધી હતી. ■

# શ્રાવણના પ્રથમ દિવસે સોમનાથ મંદિરે શિવભક્તો ભક્તોની ભીડ ઊમટી, માહોલ ભક્તિમય બન્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: પવિત્ર શ્રાવણ મહિનાનો શુક્રવાર પચીસ જુલાઈથી શુભારંભ થયો હતો. શિવ ઉપાસના માટે ઉત્તમ ગણાતા આ માસમાં દેશના પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવ મંદિરે વહેલી સવારથી શિવભક્તોનો સાગર છલકાયો હતો. શ્રદ્ધાળુઓએ સોમનાથ મહાદેવની દિવ્ય પ્રાતઃ આરતીના દર્શન કરી અભિભૂત બન્યા હતા. અરબી સમુદ્ર તટે બિરાજમાન સોમનાથ મહાદેવ મંદિરે વહેલી સવારથી શ્રદ્ધાળુઓની ભારે ભીડ જોવા મળી હતી. સોમનાથમાં ભજન, ભોજન અને ભક્તિનો ૩૦ દિવસીય મહોત્સવ યોજાશે. મંદિર પરિસર ''હર હર ભોલે'' અને ''જય સોમનાથ''ના નાદથી ગુંજી ઉઠ્યું હતું. દેશ-વિદેશથી આવેલા શ્રદ્ધાળુઓ સોમનાથ મહાદેવના દર્શન કરી ભોળાનાથ શિવજીના જાપમાં લીન થયા હતા. સોમનાથ ટ્રસ્ટ દ્વારા યાત્રીઓની સુવિધા માટે બહુસ્તરીય આયોજન કરવામાં આવ્યું છે.

સોમનાથ ટ્રસ્ટના જનરલ મેનેજરે જણાવ્યું હતું કે ખાસ કરીને બિલ્વ પત્ર સુવિધા જે રૂ. પચીસમાં ટ્રસ્ટની વેબસાઇટ પર લોન્ચ કરવામાં આવી હતી. જે પૂજાનો લાભ શ્રાવણ માસમાં ૩ લાખથી વધુ લોકો ઘર બેઠા લેવાના છે. આ ઉપરાંત પ્રસાદ અને પૂજાવિધિના કાઉન્ટર પણ બમણા કરી દેવામાં આવ્યા છે. તે સિવાય બહોળી સંખ્યામાં સિનિયર સિટિઝન પણ સોમનાથ મહાદેવના દર્શને આવતા હોય તેમના માટે પણ ખાસ ગોલ્ફ કાર્ટ સુવિધા ઉપલબ્ધ છે ત્યારે આ વર્ષે અલગ રંગની ગોલ્ફ કાર્ટ સિનિયર સિટિઝન માટે રિઝર્વ રાખવામાં આવશે. ટ્રાફિક સમસ્યા ન સર્જાય તે માટે મંદિર આવવાના મુખ્ય માર્ગને પણ વન વે કરી દેવામાં આવ્યો છે.

દર્શનાર્થીઓ માટે મંદિરના દ્વારા દરરોજ સવારે ૫:૩૦ કલાકે ખોલવામાં આવશે. તે ઉપરાંત સોમવાર અને તહેવારના દિવસોમાં મંદિર વહેલી સવારે ૪ કલાકે દર્શનાર્થીઓ માટે ખુલ્લું મૂકવામાં આવશે અને રાત્રે ૧૦ વાગ્યા સુધી ખુલ્લું રહેશે. સંધ્યા આરતી સમયે પણ દરરોજ મહાદેવને વિશેષ શૃંગાર કરાશે. ■

# પાકિસ્તાનથી વિસ્થાપિત ૧૮૫ લોકોને રાજકોટમાં ભારતીય નાગરિકત્વ મળ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: મૂળ પાકિસ્તાનના ૧૮૫ નાગરિકોને રાજકોટમાં સિટીઝનશિપ એમેન્ડમેન્ટ એક્ટ-૨૦૧૯ (સીએએ-૨૦૧૯) હેઠળ ભારતીય નાગરિકતા પ્રદાન કરવામાં આવી હતી. પાકિસ્તાનથી વિસ્થાપિત થઈને કચ્છ, મોરબી તથા રાજકોટ જિલ્લામાં વસેલા ૧૮૫ લોકોને ગૃહ રાજ્ય પ્રધાન હર્ષ સંઘવીના હસ્તે ભારતીય નાગરિક અધિકાર પત્રો એનાયત કરવામાં આવ્યા હતા.

રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આત્મીય યુનિવર્સિટી ખાતે ભારતીય નાગરિકતા પ્રમાણપત્ર એનાયત કાર્યક્રમ બાદ હર્ષ સંઘવીએ પાકિસ્તાનથી ભારતમાં સ્થળાંતરિત થયેલા લોકો સાથે અંગત મુલાકાત યોજી હતી. પાકિસ્તાનમાંથી લોકોને કઈ પરિસ્થિતિમાં સ્થળાંરિત થવું પડ્યું તે અંગેના અનુભવો પણ જાણ્યા હતા. આ સાથે તમામને ભારતીય નાગરિકતા સરળતાથી મળ્યાની ખાતરી કરી હતી.

આ પ્રસંગે ગૃહ રાજ્યપ્રધાન હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, જેમને ભારતીય નાગરિકતા પ્રાપ્ત થઈ છે, તેવા પાકિસ્તાનથી વિસ્થાપિત લોકો માટે આજથી નવું જીવન શરૂ થયું છે. હર્ષ સંઘવીએ જાહેર મંચ પરથી જ્યારે કહ્યું હતું કે, ''હસતા રહો.. હવેથી તમે મહાન ભારત દેશના નાગરિક છો..'' ત્યારે ઉપસ્થિત લોકોએ ''ભારત માતા કી જય''ના નાદ સાથે તેમને વધાવી લીધા હતા.

લાભાર્થીઓને હૂંફ આપતા તેમણે કહ્યું હતું કે, તમારે પાકિસ્તાનમાં સ્વજનો કે સગા સંબંધીઓને છોડીને આવવું પડ્યું હશે પણ અમે બધા તમારી સાથે છીએ અમે બધા તમારો પરિવાર છીએ. તમારા બાળકોને ભવિષ્યમાં ભારતમાં આગળ વધવાની તમામ સમાન તકો પ્રાપ્ત થશે. ■

# મુખ્ય પ્રધાને ચાર આદિજાતિ જિલ્લાઓ માટે છ મોબાઈલ મેડિકલ વેનનું પ્રસ્થાન કરાવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં ૪ આદિજાતિ આંતરિયાળ વિસ્તારના જિલ્લાઓ માટે અમદાવાદના વાડજ વિસ્તારમાં આવેલી રેડક્રોસ ઓફિસથી ૬ મોબાઈલ મેડિકલ વાનનું પ્રસ્થાન કરાવ્યું હતું. આ મોબાઈલ મેડિકલ વાન ડાંગ, દાહોદ, સાબરકાંઠા તથા અરવલ્લીમાં ફરશે. જેમાં ડોક્ટર, નર્સ, ફાર્મસીસ્ટ તથા ડ્રાઇવર આમ એક સુસજ્જ તાલીમ પામેલ મેડિકલ ટીમ હશે. મોબાઈલ વાન આદિજાતિ જિલ્લાઓના ફળિયા અને મહોલ્લામાં ફરશે. બીમાર દર્દીઓનું મેડિકલ ચેકઅપ કરી વિનામૂલ્યે દવા અને સારવાર આપશે.

એક મોબાઇલ મેડિકલ વાન મારફત દરરોજના ૧૦૦ કરતાં વધારે દર્દીઓને તપાસવાનું આયોજન છે. જેના દ્વારા એક માસમાં ૧૦,૦૦૦થી વધારે જરૂરિયાતમંદ લોકોને આરોગ્ય સેવાઓના તેમના દ્વારા જ ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ પ્રસંગે ગુજરાત રેડક્રોસના ચેરમેન અજય પટેલ ઉપસ્થિત રહ્યા હતા. તેમ જ આ પ્રોજેક્ટમાં આરઈસી ફાઉન્ડેશન, દિલ્હીનો આર્થિક સહયોગ આપવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો. આ પ્રોજેક્ટમાં ૭ કરોડ રૂપિયાનો ખર્ચ થયો છે.

લોકસેવા માટે તૈયાર કરાયેલા મેડિકલ વાનમાં જીપીએસ સિસ્ટમ પણ લાગેલી છે. જેથી મેડિકલવાન ક્યાં છે, તે પણ ખબર પડશે. જરૂર પડે દર્દીઓને નજીકના મેડિકલ સેન્ટર પર લઈ જઈને તેમની સારવાર અંગે ઓનલાઇન માર્ગદર્શન પણ આપી શકાશે. આ ઉપરાંત ભવિષ્યમાં સર્વાઇકલ કેન્સર, બ્રેસ્ટ કેન્સર જેવી બીમારીઓ અટકાવવા અંગે પણ આયોજન કરવામાં આવી રહ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં જ આદિજાતિ વિસ્તારોમાં ગર્ભવતી મહિલાઓને પડેલી તકલીફોના અહેવાલો સમાચાર પત્રોમાં પ્રસારિત થયા હતા. ત્યારે આ મેડિકલ વાન તેમના માટે આશીર્વાદરૂપ સાબિત થશે. ■

# સાપુતારામાં ૨૩ દિવસના ભવ્ય મોન્સૂન ફેસ્ટિવલનો આજથી આરંભ થશે

## 'એક ભારત શ્રેષ્ઠ ભારત' થીમ, ૧૩ રાજ્યોના કલાકારો ભાગ લેશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્ય સરકારના પ્રવાસન વિભાગ દ્વારા દર વર્ષે આયોજિત થતા સાપુતારા મોન્સૂન ફેસ્ટિવલનો આ વર્ષે પણ ભવ્ય રીતે શુભારંભ થવાનો છે. દક્ષિણ ગુજરાતના એકમાત્ર હિલ સ્ટેશન સાપુતારામાં તા. ૨૬ જુલાઈ ૨૦૨૫થી ૧૭ ઑગસ્ટ ૨૦૨૫ સુધી ચાલનારા આ ૨૩ દિવસના ઉત્સવનો આરંભ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્રભાઈ પટેલ કરશે. કાર્યક્રમની ખાસ ઉપસ્થિતિમાં પ્રવાસન પ્રધાન મૂળુ બેરા તથા આદિજાતિ વિકાસ રાજ્ય પ્રધાન કુંવરજીભાઈ હળપતિ હાજર રહેશે.

'એક ભારત શ્રેષ્ઠ ભારત' થીમ હેઠળ ૧૩ રાજ્યોના ૩૫૪ કલાકારો દ્વારા લોકનૃત્યો અને પરંપરાગત પોષાકો સાથે 'ફોક કાર્નિવલ પરેડ' યોજાશે. મહારાષ્ટ્રથી લાવણી, પંજાબથી ભાંગડા, રાજસ્થાનથી કલબેલિયા, આસામથી બિહૂ, હિમાચલથી નાટી સહિતના લોકનૃત્યો તેમજ ગુજરાતના ડાંગી, ગર્ભા, રાઠવા, સિદી ધમાલ અને તલવાર રાસ સહિતના વાઇબ્રન્ટ અને રંગીન પ્રસ્તુતિઓ કાર્યક્રમને ઉત્સવમય બનાવશે. ઉદ્દઘાટન દિવસના મંચ પર ૮૭ કલાકારો દ્વારા ભારતના વિવિધ રાજ્યોના લોકનૃત્યો જેમ કે ભરતનાટ્યમ, કથક, મણિપુરી, ઘૂમ્મર, છાઉ અને યશગાના સહિતની નૃત્યશૈલીઓ રજૂ કરવામાં આવશે. આ ભવ્ય પ્રસ્તુતિઓ મહેમાનો તેમજ પ્રવાસીઓ માટે દૃશ્યરમ્ય અનુભવ બની રહેશે. ■

# વલસાડના મધુબન ડેમમાંથી ૫૦,૦૦૦ ક્યુસેક પાણી છોડાયું

## દમણગંગા નદીકાંઠાનાં ગામોને અલર્ટ કરાયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં આ વર્ષે ચોમાસામાં અત્યાર સુધીમાં સિઝનનો કુલ સરેરાશ ૫૫.૨૬ ટકા વરસાદ નોંધાયો છે. જેમાં કચ્છમાં સૌથી વધુ ૬૪ ટકા વરસાદ વરસ્યો છે.

આ સિવાય દક્ષિણ ગુજરાતમાં ૫૯.૧૧ ટકા નોંધાયો છે. સરદાર સરોવર સિવાયના રાજ્યના ૨૦૬ ડેમ પૈકી ૨૮ ડેમ સંપૂર્ણ ભરાયા છે. ત્યારે વલસાડના મધુબન ડેમમાં ઉપરવાસમાં વરસેલા વરસાદના કારણે ડેમમાં ૫૦ હજાર ક્યુસેક પાણી છોડવામાં આવ્યું હતું.

મળતી માહિતી મુજબ, મધુબન ડેમમાં હાલ ૭૯.૮૬ મીટર એફઆરએલ (ફુલ રિઝર્વેયર લેવલ) નોંધાયું છે. જેમાં ૭૧.૮૫ મીટર પાણીનું લેવલ નોંધાયું છે.

આ સિવાય પાણીનો કુલ જથ્થો ૨૨૩.૪૦ એમ.સી.એમ નોંધાયો હતો.

મળતી માહિતી મુજબ, દમણગંગા નદીમાં દર કલાકે ૫૦ હજાર ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. જેથી નદીના તટ વિસ્તારમાં આવેલા સંઘ પ્રદેશ દાદરા અને નગર હવેલી, દમણ અને વલસાડના કપરાડા, વાપી અને ઉમરગામ તાલુકાના ગામોને એલર્ટ કરવામાં આવ્યા છે.

આ વિશે વલસાડના કલેક્ટરે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર માહિતી આપી હતી. તેમણે લોકોને અપીલ કરી હતી કે, બપોરે ૧૨:૩૦ કલાકે ૫૦,૦૦૦ ક્યુસેક પાણી છોડવામાં આવવાનું હોવાથી વાપી, કપરાડા, ઉમરગામ તાલુકાના દમણગંગા નદીના વહેણવાળા વિસ્તારમાં કોઈ અવરજવર ન કરવા તેમજ તકેદારી રાખવી. ■

# ઈન્ડિગોની અબુધાબીથી બેંગ્લોર જતી ફ્લાઈટમાં મુસાફરને હાર્ટની તકલીફ થતા રાજકોટ એરપોર્ટ પર લેન્ડિંગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટ એરપોર્ટ પર પચીસ જુલાઈ શુક્રવારે ઇન્ટરનેશનલ ફ્લાઇટનું ઇમરજન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું હતું. ઈન્ડિગો એરલાઇન્સની અબુધાબીથી બેંગ્લોર જતી ફ્લાઈટમાં સવાર મુસાફરને હાર્ટની તકલીફ થતા ઉભી થયેલી મેડિકલ ઇમરજન્સીના કારણે ઇમરજન્સી લેન્ડિંગ કરાયું હતું. આ ઘટનાને પગલે રાજકોટ એરપોર્ટ પર હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું હતું અને તમામ જરૂરી તબીબી સુવિધાઓ સજ્જ કરવામાં આવી હતી.

ઈન્ડિગો એરલાઇન્સનાં સૂત્રોનાં જણાવ્યા અનુસાર, આજે ફ્લાઈટ નંબર ૬ઈ-૧૮૩૬ (અબુધાબી-બેંગ્લોર) તેના નિર્ધારિત રૂટ ઉપર હતી. ત્યારે એક ૫૫ વર્ષીય પુરુષ મુસાફરને છાતીમાં તીવ્ર દુખાવો ઉપડ્યો હતો. ફ્લાઈટમાં હાજર ક્રૂ મેમ્બર્સ દ્વારા પ્રાથમિક સારવાર આપવા પ્રયાસ કરવામાં આવ્યો હતો, પરંતુ આ મુસાફરની હાલત વધુ ગંભીર બનતી જતી હોવાથી, કેપ્ટને એર ટ્રાફિક કંટ્રોલ (એટીસી)નો સંપર્ક કરી રાજકોટમાં તાત્કાલિક લેન્ડિંગ માટે મંજૂરી માગી હતી. રાજકોટ એટીસી દ્વારા તુરંત મંજૂરી આપવામાં આવી હતી. અને એરપોર્ટ પર એમ્બ્યુલન્સ સહિતની મેડિકલ ટીમ તૈનાત કરવામાં આવી હતી.

ઇન્ડિગોની ફ્લાઈટ રાજકોટ એરપોર્ટ પર સુરક્ષિત રીતે લેન્ડ થઈ હતી. ફ્લાઈટના લેન્ડ થતાની સાથે જ મેડિકલ ટીમ તાત્કાલિક વિમાનમાં પ્રવેશી હતી. તેમજ મુસાફરને પ્રાથમિક સારવાર આપી હતી. ત્યારબાદ, મુસાફરને તુરંત જ એરપોર્ટ પર ઉપલબ્ધ એમ્બ્યુલન્સ દ્વારા શહેર નજીકની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં હાલ મુસાફરની તબિયત સ્થિર હોવાનું જાણવા મળ્યું હતું.

અબુધાબીથી બેંગ્લોર જતી ફ્લાઈટમાં અંદાજે ૫૫ વર્ષીય પુરુષ પોતાના પરિવારના અન્ય બે વ્યક્તિઓ સાથે હતા. ઈમરજન્સી લેન્ડિંગ બાદ સૌપ્રથમ તેમને એરપોર્ટ હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી અને ત્યારબાદ રાજકોટ શહેરની ખાનગી ગોકુલ હોસ્પિટલમાં દર્દીને ખસેડવામાં આવ્યા હતા. હાલ તેઓ ખાનગી હોસ્પિટલમાં દાખલ છે. આ ઉપરાંત વધુમાં મળતી વિગત મુજબ આ વૃદ્ધને અગાઉ કાર્ડીયાક સર્જરી થઈ હોવાનું જાણવા મળ્યું હતું. તે મલિયાલમ ભાષા બોલી રહ્યા હોવાથી કેરળના હોવાનુ સૂત્રોએ જણાવ્યું હતું. ■

# ભારતના 'માન્ચેસ્ટર' ગણાતા અમદાવાદની એકમાત્ર મિલ હવે 'ભૂતકાળ' બનશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: એક સમયે અમદાવાદની ઓળખ માન્ચેસ્ટર તરીકેની હતી, પરંતુ ધીમે ધીમે મિલો બંધ થવા લાગી. મિલો બંધ થતાં લોકો અન્ય ધંધા-રોજગાર તરફ વળ્યા હતા. હાલ અમદાવાદમાં માત્ર એક જ કાર્યરત મિલ છે. નેશનલ ટેક્સટાઈલ કોર્પોરેશન દ્વારા સંચાલિત છેલ્લી કાર્યરત મિલ બંધ થવા જઈ રહી છે. શહેરના અસારવા વિસ્તારમાં આવેલી રાજનગર મિલને બંધ કરવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. મિલ બંધ થતાં જ અમદાવાદમાં મિલો ભૂતકાળ બની જશે. આ અંગે કામદારોને જણાવવામાં કે આગામી ત્રણથી ચાર મહિનામાં મિલને ઔપચારિક રીતે બંધ કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે તેમ જણાવવામાં આવ્યું છે.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે રાજનગર મિલના કામદારોને આઠ મહિનાથી પગાર કે પગાર સ્લિપ મળી નથી. હતાશ થઈને તેમણે મિલમાં વિરોધ પ્રદર્શન કર્યું હતું અને તેમની ફરિયાદો સાથે મેનેજમેન્ટનો સંપર્ક કર્યો હતો. જ્યારે તેમણે પગારની માંગ કરી ત્યારે તેમને મિલના આસન્ન બંધ થવા વિશે જાણ થઈ હતી.

કામદારોએ જણાવ્યું હતું કે ગયા અઠવાડિયે અમે અસારવામાં મિલ પરિસરમાં વિરોધ પ્રદર્શન કર્યું હતું. અમે અમારા ઈએસઆઈ અને બાકી પગાર માગ્યો હતો. ઈએસઆઈ કવરેજ વિના, અમે બીમાર પડીએ ત્યારે હોસ્પિટલોમાં સારવાર મેળવી શકતા નથી. પગાર સ્લિપ વિના, અમને બીજે ક્યાંય નોકરી મળશે નહીં.

રાજનગર મિલ ૪૦૦થી વધુ કામદારો અને સ્ટાફને નોકરીઓ પૂરી પાડતી હતી. માર્ચ ૨૦૨૦માં કોવિડ લોકડાઉનને કારણે દેશભરમાં ૨૩ એનટીસી મિલો બંધ થઈ ગઈ હતી. ત્યારથી, કામદારોની ચૂકવણી અનિયમિત બની ગઈ છે. કામદારોના જણાવ્યા અનુસાર, છેલ્લા આઠ મહિનાથી તેમને અડધો પગાર પણ ચૂકવાયો નથી.

તાજેતરમાં કેન્દ્રીય કાપડ પ્રધાન ગિરિરાજ સિંહે લોકસભામાં સ્વીકાર્યું હતું કે નાણાકીય મુશ્કેલીઓને કારણે ભારતમાં ૨૩ એનટીસી ટેક્સટાઇલ મિલો બંધ થઈ ગઈ છે. આ બંધને કારણે રાજનગર મિલના ૪૪૨ સહિત દેશભરમાં ૭,૩૯૧ કામદાર પ્રભાવિત થયા છે. ગુજરાત સહિત દેશભરના કામદાર સંગઠનો પાસેથી ફરિયાદો મળ્યાની પુષ્ટિ કરી હતી. ■

# ગુજરાતની શિક્ષણ પ્રણાલીમાં ક્રાંતિકારી બદલાવ: હવે પરીક્ષાનું ભારણ ઘટશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતની શિક્ષણ પ્રણાલીમાં ૩૬૦ ડિગ્રી પરિવર્તન લાવવા માટે શિક્ષણ વિભાગ દ્વારા રચવામાં આવેલી ટાસ્ક ફોર્સે અનેક મહત્ત્વપૂર્ણ ભલામણો કરી હતી. આ ભલામણોમાં લેખિત પરીક્ષાઓને ઓછું મહત્ત્વ, બેગલેસ દિવસો, ૪૦ માર્કની લેખિત કસોટી અને શિક્ષકો માટે વહીવટી કાર્યભારમાં ઘટાડો જેવી બાબતોનો સમાવેશ થાય છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે, અનેક પરામર્શ અને બેઠકો પછી તૈયાર કરાયેલો આ વ્યાપક અહેવાલ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલને સુપરત કરવામાં આવ્યો હતો. આ અહેવાલ શાળાના મૂલ્યાંકન પદ્ધતિઓમાં મોટા ફેરફારોની રૂપરેખા આપી હતી, જેનો ઉદ્દેશ્ય તેને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ સાથે સુસંગત કરવાનો અને પ્રવૃત્તિ-આધારિત તેમજ તણાવમુક્ત મૂલ્યાંકન પદ્ધતિ રજૂ કરવાનો છે.

એક મુખ્ય ભલામણ વર્તમાન દ્વિ-વાર્ષિક સામૂહિક મૂલ્યાંકન મોડેલને નવી દ્વિ-તબક્કાની સંરચના સાથે બદલવાની છે. આ મુજબ, પ્રથમ સત્રમાં ફોર્મેટિવ એસેસમેન્ટ અને બીજા સત્રમાં સામૂહિક મૂલ્યાંકન કરવામાં આવશે. લેખિત પરીક્ષાઓ પરના વધુ પડતા ભારણને ઘટાડવા માટે ૧૦૦ ટકા લેખિત મૂલ્યાંકન પદ્ધતિમાંથી ૪૦ ટકા લેખિત અને ૬૦ ટકા પ્રવૃત્તિ આધારિત મૂલ્યાંકન મૉડેલ તરફ વળવાની ભલામણ કરે છે.

સહ-અભ્યાસક્રમની પ્રવૃત્તિઓ, રમતગમત, વ્યવસાયિક તાલીમ અને કલા જેવી પ્રવૃત્તિઓ હવે વિદ્યાર્થીની પ્રગતિનું મૂલ્યાંકન કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. ટાસ્ક ફોર્સે ત્રિમાસિક આધારિત ૪૦-માર્કની લેખિત કસોટી સૂચવી છે, તેની સાથે પ્રવૃત્તિ-આધારિત મૂલ્યાંકનો પણ કરવામાં આવશે.

ધોરણ ૫ માટે સત્રાંત પરીક્ષાનું ભારણ ૪૦ થી વધારીને ૬૦ માર્કસ કરવામાં આવશે, અને ધોરણ છથી ૮ માટે તે ૮૦ માર્કસ કરવામાં આવશે. વધુમાં ટાસ્ક ફોર્સે મલ્ટિ સોર્સ એસેસમેન્ટ પર ભાર મૂક્યો હતો. શિક્ષકો ઉપરાંત, વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન સહપાઠીઓ અને માતાપિતા દ્વારા પણ કરવામાં આવશે.

આ મોડેલ શૈક્ષણિક દબાણ ઘટાડવા અને ભાવનાત્મક, શારીરિક અને બૌદ્ધિક વિકાસને પ્રોત્સાહન આપવા માટે રચાયેલું છે. સૂત્રો મુજબ આ બોજ ઘટાડવાથી શિક્ષકોને શૈક્ષણિક કાર્ય અને વિદ્યાર્થી જોડાણ પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવામાં મદદ મળશે. ■

# મુખ્ય પ્રધાને અમદાવાદમાં કાંકરિયા બાલવાટિકાનું લોકાર્પણ કર્યું, ૨૦થી વધુ આકર્ષણો ઉમેરાયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા દક્ષિણ ઝોનમાં આવેલા કાંકરિયા લેક ફ્રન્ટ પરિસરમાં પબ્લિક પ્રાઇવેટ પાર્ટનરશિપ ધોરણે રિડેવલપ કરવામાં આવેલા બાલવાટિકાનું લોકાર્પણ કર્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ઝૂ ખાતા હસ્તક આવેલા બાલવાટિકાનું ઉદ્‌ઘાટન સને ૧૯૫૬માં કરવામાં આવ્યું હતું, બાલવાટિકામાં આવેલી એક્ટિવિટીઓ અત્યારના સમય અનુસાર બાળકોના બૌદ્ધિક અને શારીરિક વિકાસ થઈ શકે એ પ્રકારની બનાવવા બાલવાટિકાનું પીપીપીના ધોરણે રિડેવલોપમેન્ટ, મોર્ડનાઈઝેશન એન્ડ અપગ્રેડેશન કરવામાં આવ્યું હતું.

બાલવાટિકાનું રિ-ડેવલોપમેન્ટ, મોર્ડનાઈઝેશન એન્ડ અપગ્રેડેશન બાદ બાલવાટિકામાં આવનાર બાળકો અને વાલીઓને મનોરંજન માટે વિવિધ એક્ટિવિટીઓનો આનંદ મળશે. આ બાલવાટિકામાં એન્ટ્રી ટિકિટ સાથે કેટલીક એક્ટિવિટી નિઃશુલ્ક પણ રાખવામાં આવી છે, જેમાં કોઇન હાઉસ, કાચઘર (એ.સી.), શુ હાઉસ, લેન્ડ સ્કેપ ગાર્ડન અને સેલ્ફી ઝોનનો સમાવેશ થાય છે. ■

# ગાંધીનગર હિટ ઍન્ડ રન કેસમાં બે લોકોનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: પાટનગર ગાંધીનગરમાં હિટ ઍન્ડ રનની ઘટના બની હતી. રાંદેસણ પાસે સિટી પ્લસ સિનેમા સામે એક પૂરપાટ ઝડપે દોડતી કારે ચાર લોકોને અડફેટે લીધા હતા.

આ ગમખ્વાર અકસ્માતમાં એક મહિલા સહિત બે લોકોનાં કમકમાટીભર્યા મોત નીપજ્યાં હતાં. મૃતકની ઓળખ હંસાબેન રોહિતકુમાર વાઘેલા (ઉં.વ.૫૬) અને નીતિનભાઈ પ્રતાપભાઈ વસા (ઉં.વ.૬૩) તરીકે થઇ હતી. જ્યારે અન્ય ત્રણ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. ઇજાગ્રસ્ત કામિનીબેન વિપિનભાઈ ઓઝા (ઉં.વ.૬૫) સિવિલમાં સારવાર હેઠળ ખસેડવામાં આવ્યા હતા, જ્યારે વિપિનભાઈ ઓઝા (ઉં.વ.૭૫) અને મયૂરભાઈ જોષી (ઉં.વ.૩૪) સારવાર હેઠળ છે, જ્યાં તેમની હાલત નાજુક હોવાનું જણાવવામાં આવ્યું હતું.

ગૃહ રાજ્ય પ્રધાન હર્ષ સંઘવીએ કહ્યું, ગાંધીનગરમાં બેફામ કાર ચલાવનાર સામે કડક કાર્યવાહી થશે. તેમણે આ કેસમાં તપાસના આદેશ આપ્યા હતા. ઉપરાંત અકસ્માત અંગે તપાસ કમિટીની રચના થશે તેમ પણ જણાવ્યું હતું. ■

# સુરતમાં હીરા કામદારોને હની ટ્રેપમાં ફસાવતી મશરૂ ગેંગ સામે અઠવાડિયામાં ત્રણ ફરિયાદ નોંધાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ડાયમંડ નગરી સુરતમાં હીરા કામદારોને હની ટ્રેપમાં ફસાવી મસમોટી રકમ પડાવતી ૨૯ ગેંગ સક્રિય હોવાનો પોલીસની પ્રાથમિક તપાસમાં ઘટસ્ફોટ થયો હતો. ગેંગના સભ્યો સોશિયલ મીડિયા અને લિફ્ટ મેળવવાના બહાને હીરા કામદારોને ટાર્ગેટ કરતી હોવાનો ઘટસ્ફોટ થયો હતો. સુરતમાં રત્ન કલાકારોને જ હની ટ્રેપમાં ફસાવી મસમોટી રકમ પડાવતી મશરૂ ગેંગનો અઠવાડિયા પહેલાં પર્દાફાશ થયા બાદ અત્યાર સુધીમાં ત્રણ પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. જોકે આ ગેંગનો ભોગ બનેલા લોકોની સંખ્યા વધારે હોવાનું માનવામાં આવે છે, ઘણા લોકો સમાજમાં ઈજ્જત જવાના ડરે પણ સામે આવ્યા નથી. એક રત્ન કલાકારને હની ટ્રેપમાં ફસાવી ખંડણી વસૂલવા આવેલો ગેંગનો સાગરીત સીસીટીવીમાં કેદ થયો હતો. એમાં ફરિયાદી પૈસા લેવા માટે તેના મિત્રની ઓફિસ પર આવ્યો હતો. આ સમયે આરોપી પણ ફરિયાદીની સાથે રહે છે. ફરિયાદીએ તેના મિત્ર પાસેથી ૪૦ હજાર રૂપિયા ઉછીના લઈને આરોપીને આપ્યા હોવાનું સામે આવ્યું હતું. આ સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઈ હતી. જે આ કેસમાં મહત્ત્વનો પુરાવો સાબિત થઈ હતી.

આ સમગ્ર મામલે પોલીસે જણાવ્યું હતું કે સુરતમાં છેલ્લા કેટલાક દિવસની અંદર અમે મશરૂ ગેંગ સામે ત્રણ ફરિયાદ દાખલ કરી હતી. અમારી તપાસમાં જાણવા મળ્યું છે કે ૨૯ જેટલી હની ટ્રેપ ગેંગો સક્રિય છે. આ તમામ ગેંગના લોકો પણ અમારા રડારમાં છે અને તેમની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. તેમણે ઉમેર્યું કે સારી હીરાની કંપનીઓમાં રત્નકલાકાર તરીકે નોકરી કરનાર લોકોને આ ગેંગના લોકો સોશિયલ મીડિયાના માધ્યમથી મહિલાઓ થકી મિત્રતા કરાવતા હતા અથવા તો જ્યારે રત્નકલાકાર રસ્તા પરથી પસાર થાય છે ત્યારે આવી મહિલાઓને લિફ્ટ આપવાના બહાને ટ્રેપમાં ફસાવતી હતી. જ્યારે રત્નકલાકાર શારીરિક સંબંધ બાંધે અથવા તો પ્રયાસ કરે ત્યારે આ ટોળકી ત્યાં પહોંચી જતી અને ત્યાર બાદ વીડિયો બનાવીને બ્લેકમેલ કરતા હતા. મોટેભાગે આ લોકો પોતાની ઓળખ મીડિયાકર્મી અથવા પત્રકાર તરીકે આપતા હતા. કેટલાક કિસ્સાઓમાં પોલીસનાં ઓળખકાર્ડ અને હાથકડી પણ લઈને પહોંચી જતા હતા. જ્યારે મહિલા દ્વારા હની ટ્રેપ સફળતાપૂર્વક ગોઠવાઈ જતી, ત્યારે ગેંગના પુરુષ સભ્યો કોડવર્ડ ભાષામાં પેપર પહોંચી ગયું છે એવા સાંકેતિક શબ્દોનો ઉપયોગ કરતા હતા. ■

# મુંબઈમાં ધોધમાર વરસાદઃ જનજીવન ખોરવાયું

## અનેક વિસ્તારોમાં પાણી ભરાયાઃ બીએમસીના ૧૦,૦૦૦ વધુ કર્મચારી-અધિકારી રસ્તા પરઃ આજે પણ ઓરેન્જ અલર્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વરસાદે ફરી એક વખત મુંબઈને ધમરોળી નાંખ્યું હતું. શુક્રવારના વરસાદે મુંબઈગરાને ફરી એક વખત બાનમાં લીધા હતા. દક્ષિણ મુંબઈની સરખાણીમાં ઉપનગરમાં ધોધમાર પડેલા વરસાદને કારણે નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાઈ જવાની સાથે જ અનેક જગ્યાએ ઝાડ તૂટી પડવાના અને ઘરની દિવાલો તૂટી પડવાના બનાવ નોંધાયા હતા. લોકલ ટ્રેનોની સાથે જ ઠેર-ઠેર ટ્રાફિક જૅમની સમસ્યા નિર્માણ થઈ હતી. વહેલી સવારથી રહેલા ધોધમાર વરસાદને પગલે બીએમસીના ૧૦ હજારથી વધુ અધિકારી-કર્મચારીઓ રસ્તા પર ફરજ બજાવી રહ્યા હતા. ભારે વરસાદને પગલે મુંબઈ પોલીસે પણ નાગરિકોને કામ વગર ઘરની બહાર નહીં નીકળવાની અપીલ કરી હતી. હવામાન વિભાગે આજે પણ મુંબઈ સહિત થાણે માટે ઓરેન્જ અલર્ટ જાહેર કરી ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે.

મુંબઈમાં ગુરુવાર, ૨૪ જુલાઈ, ૨૦૨૫ બાદ શુક્રવાર, ૨૫ જુલાઈના પણ મુશળધાર વરસાદ પડયો હતો. શુક્રવારના મુંબઈમાં વહેલી સવારથી સતત પડી રહેલા વરસાદને કારણે ઉપનગરના અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. સવારના આઠ વાગ્યાથી ૧૧ વાગ્યા સુધીના ત્રણ કલાક દરમ્યાન દક્ષિણ મુંબઈમાં વરસાદનું જોર ઓછું રહ્યું પણ ઉપનગરમાં વરસાદનું જોર વધારે રહ્યું હતું. સાયન, કુર્લા, ઘાટકોપર, વિક્રોલી, સાંતાક્રુઝ, વિલેપાર્લે, બાન્દ્રા, અંધેરી, દહિંસર સહિતના અનેક નીચાણવાળા વિસ્તારોમાં સવારના સમયમાં કમરબંધ પાણી ભરાયા હતા. અંધેરીમાં ભારે વરસાદને પગલે અંધેરી સબ-વેમાં પાણી ભરાઈ જતા તેને વાહનવ્યવહાર માટે બંધ કરવામાં આવ્યો હતો.

ભારે વરસાદ અને પવન ફૂંકાવાને કારણે સવારના આઠ વાગ્યાથી સાંજના ૫.૩૦ વાગ્યા સુધીમાં શહેરમાં પાંચ, ઉપનગરમાં છ, પશ્ચિમ ઉપનગરમાં ચાર એમ કુલ ૧૫ ઠેકાણે ઝાડ તૂટી પડયા હતા. આ સમયગાળામાં શોર્ટ સર્કિટના કુલ સાત બનાવ બન્યા હતા. તો ઘરની દિવાલ તૂટી પડવાના ત્રણ બનાવ નોંધાયા હતા.

સવારના ત્રણ કલાક દરમ્યાન પડેલા ભારે વરસાદને પગલે નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાઈ જવાને પગલે પાલિકાના કર્મચારીઓ દ્વારા અનેક જગ્યાએ મૅનહોલના ઢાંકણા ખોલીને વરસાદી પાણીનો નિકાલ કરવામાં આવ્યો હતો. સવારના ત્રણ કલાકમાં જ જોગેશ્વરીમાં ૬૭.૩ મિ.મી., અંધેરી-મલપા ડોંગરી વિસ્તારમાં ૬૬.૬ મિ.મી., સાંતાક્રુઝ-નારિયલવાડી વિસ્તારમાં ૬૫.૪ મિ.મી., ઘાટકોપરમાં ૫૮.૮ મિ.મી., ભાંડુપ-ટેંભીપાડા વિસ્તારમાં ૫૭.૮ મિ.મી., ઘાટકોપર પૂર્વ રમાબાઈ વિસ્તારમાં ૫૩.૪ મિ.મી., વિક્રોલી પૂર્વમાં ૫૧.૮ મિ.મી., સાયન પ્રતીક્ષા નગર વિસ્તારમાં ૩૦.૨ મિ.મી., વરસાદ નોંધાયો હતો. ■

### ■ મુંબઈ સહિત રાજ્યમાં ચોમાસું ફરી સક્રિય

હવામાનના નિષ્ણાતના જણાવ્યા મુજબ હાલ ચોમાસું ફરી સક્રિય થયું છે. અત્યારે મોસમની સૌથી મજબૂત ચોમાસાની અસર હોઈ કોંકણ કિનારા પર ૪૦થી ૬૦ કિલોમીટર પ્રતિ કલાકે પવન ફૂંકાઈ રહ્યો છે અને તેને કારણે પુષ્કળ ભેજ આવી રહ્યો છે. એ સાથે જ પશ્ચિમ બંગાળ અને આસપાસના વિસ્તારોમાં ડિપ્રેશન તથા સક્રિય ઓફશોર ટ્રફ મુંબઈમાં ભારે વરસાદ માટે જવાબદાર છે. ડિપ્રેશનની અસર હેઠળ મુંબઈ ઉપનગર, નવી મુંબઈ અને થાણેમાં ભારે વરસાદ પડી રહ્યો છે.

### ■ મુંબઈ પોલીસની અપીલ

શુક્રવારે વહેલી સવારના ભારે વરસાદ પડી રહ્યો હોવાથી મુંબઈ પોલીસે એક પબ્લિક એડવાઈસરી બહાર પાડી હતી અને નાગરિકોને જરૂરી ન હોય તો ઘરમાં જ રહેવાની વિનંતી કરવામાં આવી હતી. પોલીસની એડવાઈસરીમાં અપીલ કરવામાં આવી હતી કે, 'મુંબઈ અને નજીકના જિલ્લાઓમાં ભારે વરસાદને કારણે નાગરિકોને સલાહ આપપવામાં આવે છે કે જયાં સુધી જરૂરી ન હોય ત્યાં સુધી ઘરમાં જ રહો. દરિયાકાંઠાના વિસ્તારોમાં જવાનું ટાળો અને સાવધાનીપૂર્વક વાહન ચલાવો, અમારા અધિકારીઓ અને સ્ટાફ સતર્ક છે અને મુંબઈવાસીઓની મદદ કરવા તૈયાર છે.'

### ■ ઉપનગરમાં વરસાદનું જોર વધુ

ફરી એક વખત દક્ષિણ મુંબઈની સરખામણીમાં ઉપનગરમાં સવારના વરસાદનું જોર વધુ રહ્યું હતું. સવારના ૮.૩૦ વાગ્યાથી સાંજના ૫.૩૦ વાગ્યા સુધીમાં કોલાબામાં ૧૧.૪ મિ.મી. અને સાંતાક્રુઝમાં ૭૪.૨ મિ.મી. વરસાદ નોંધાયો હતો. તો આ સમય દરમ્યાન જ દક્ષિણ મુંબઈમાં સરેરાશ ૧૭.૮૦ મિ.મી., પૂર્વ ઉપનગરમાં ૬૮.૪૨ મિ.મી. અને પશ્ચિમ ઉપનગરમાં ૬૭.૪૩ મિ.મી. વરસાદ નોંધાયો હતો.

### ■ સૌથી વધુ વરસાદ અંધેરીમાં

સવારના ૮ વાગ્યાથી સાંજના છ વાગ્યા સુધીમાં સૌથી વધુ વરસાદ અંધેરી પશ્ચિમમાં ૧૧૭ મિ.મી. એટલે કે સાડા ચાર ઈંચ વરસાદ નોંધાયો હતો. અંધેરી પૂર્વમાં સરેરાશ ૧૧૦ મિ.મી., ગોરેગામમાં આરે કોલોનીમાં ૧૦૫ મિ.મી., સાંતાક્રુઝમાં ૯૮ મિ.મી., મુલુંડમાં ૯૬ મિ.મી., પવઈ અને ઘાટકોપરમાં ૯૫ મિ.મી., વિક્રોલીમાં ૯૪ મિ.મી., સાયન-પ્રતીક્ષી નગર વિસ્તારમાં બાવન મિ.મી., ધારાવીમાં ૩૯ મિ.મી., રાવલી કેમ્પમાં ૩૯ મિ.મી., પરેલમાં ૩૫ મિ.મી., વડાલામાં ૩૨ મિ.મી. વરસાદ નોંધાયો હતો.

### ■ આજે પણ દરિયામાં મોટી ભરતી

મુંબઈ માટે શનિવારે પણ ઓરેન્જ અલર્ટની ચેતવણી આપી હોઈ ભારે વરસાદ પડવાની શક્યતા હવામાન ખાતાએ વ્યક્ત કરી છે. ગુરવારથી રવિવાર સુધી દરિયામાં મોટી ભરતી છે અને દરિયામાં મોજાં ૪.૬૦ મીટરથી ઊંચા ઉછળી રહ્યા છે. ગુરવાર બાદ શુક્રવારે પણ સવારના સમયમાં ભારે વરસાદ પડયો હતો અને એ સમયે જ દરિયામાં ભરતીની અસર હોવાને કારણે મુંબઈના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જવાની સમસ્યા નિર્માણ થઈ હોવાનું પાલિકાના ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું. શનિવાર ૨૬ જુલાઈના બપોરના ૧.૨૦ વાગે દરિયામાં સૌથી મોટી ભરતી છે. આ દરમ્યાન દરિયામાં મોજા ૪.૬૭ મીટર ઊંચા ઉછળશે. ■

## થાણેમાં આખો દિવસ મુશળધાર વરસાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણેઃ થાણે શહેર માટે શુક્રવારના ઓરેન્જ અલર્ટ આપ્યું હોઈ તે મુજબ જ વહેલી સવારથી મુશળધાર વરસાદ રહ્યો હતો. અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ જવાના તથા ઘરની દિવાલો તૂટી પડવા જેવા અનેક બનાવ નોંધાયા હતા. આજે પણ થાણે માટે ઓરેન્જ અલર્ટની ચેતવણી આપવામાં આવી હોઈ ભારે વરસાદની શક્યતા છે.

થાણે પાલિકાના જણાવ્યા મુજબ શુક્રવાર સવારના ૮.૩૦ વાગ્યાથી સાંજના ૭.૩૦ વાગ્યા સુધીના ૧૧ કલાકમાં સુધીમાં થાણેમાં ૬૨.૦૮ મિ.મી. (સવા બે ઈંચ) વરસાદ નોંધાયો હતો. તો સવારના ૮.૩૦ વાગ્યાથી બપોરના ૨.૩૦ વાગ્યા સુધીમાં ૪૬.૬૦ મિ.મી. વરસાદ નોંધાયો હતો. થાણેમાં અત્યાર સુધી મોસમનો કુલ ૧,૪૨૮.૨૧ મિ.મી. વરસાદ પડી ચૂક્યો છે. ગયા વર્ષે જોકે આ સમયે ૨,૧૧૦.૫૭ મિ.મી.વરસાદ પડયો હતો. શુક્રવારે સતત પડી રહેલા વરસાદને પગલે શહેરમાં અનેક રસ્તાઓ પર ખાડા પડી જવાની ફરિયાદો આવી હતી. સવારના થાણેના માજિવાડા, તીન હાથ નાકા, કોપરી પૂલ વિસ્તારમાં વરસાદને કારણે ભારે ટ્રાફિક રહ્યો હતો. ઘોડબંદર રોડ, ભિવંડી-નાશિક રોડ પર ભારે ટ્રાફિક રહ્યો હતો. થાણેથી નવી મુંબઈ, ભિવંડી અને નાશિક દિશામાં જતા વાહનોને વરસાદને કારણે ભારે હેરાનગતીનો સામનો કરવો પડયો હતો.

ગુરુવારે મોડી રાતે ભારે વરસાદને પગલે કલવામાં વિટાવા વિસ્તારમાં એક હાઉસિંગ સોસાયટીની ૧૫ ફૂટ લાંબી અને પાંચ ફૂટ ઊંચી સુરક્ષા દીવાલ તૂટી ગઈ હતી. ■

## રાયગડ જિલ્લામાં વરસાદનો કેર

### કર્જત, ખાલાપુર, માનગાંવ, પોલાદપુર તાલુકામાં ભારે નુકસાન

અલીબાગઃ રાયગડ જિલ્લામાં વરસાદે ભારે કહેર વર્તાવ્યો હતો. કર્જત, ખાલાપુર, માંડગાંવ અને પોલાદપુર તાલુકામાં ભારે વરસાદ પડ્યો છે, જેના કારણે સામાન્ય જનજીવન ખોરવાઈ ગયું છે. ખોપોલીના નીચાણવાળા વિસ્તારોમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે, જ્યારે ભીરા ડૅમમાંથી ૪૧.૬૦ ઘન મીટર પ્રતિ સેકન્ડના વેગથી પાણી છોડવાનું શરૂ કરવામાં આવ્યું છે. આથી કુંડલિકા નદીના કિનારે આવેલા ગામોને સતર્ક રહેવાની ચેતવણી આપવામાં આવી છે.

અલીબાગ - રાયગડ જિલ્લામાં વરસાદી ઝાપટાં પડ્યા છે. કર્જત, ખાલાપુર, માનગાંવ, પોલાદપુર તાલુકામાં ભારે વરસાદ પડ્યો હતો, જેના કારણે સામાન્ય જનજીવન ખોરવાઈ ગયું છે. ખોપોલીના નીચાણવાળા વિસ્તારોમાં પૂર જેવી પરિસ્થિતિ સર્જાઈ છે, જ્યારે ભીરા ડેમમાંથી પ્રતિ સેકન્ડ ૪૧.૬૦ ઘનમીટરની ઝડપે પાણી છોડવાનું શરૂ થયું છે. આ કારણે કુંડલિકા નદી કિનારે આવેલા ગામોને ચેતવણી આપવામાં આવી છે. સવારે ૮ વાગ્યે પૂરા થયેલા ૨૪ કલાકમાં, જિલ્લામાં છેલ્લા ચોવીસ કલાકમાં ૭૦.૭૨ મિલીમીટર વરસાદ નોંધાયો છે. માથેરાનમાં સૌથી વધુ ૧૪૪ મિલીમીટર વરસાદ નોંધાયો છે. પોલાદપુરમાં ૧૨૪ મીમી, કરજતમાં ૧૨૨ મીમી, માનગાંવમાં ૯૭ મીમી, પેણમાં ૯૪ મીમી, મહાડમાં ૮૩ મીમી, ખાલાપુરમાં ૭૫ મીમી, સુધાગઢમાં ૬૩ મીમી, અલીબાગમાં ૫૦ મીમી વરસાદ નોંધાયો હતો. હવામાન વિભાગે બે દિવસ માટે જિલ્લા માટે રેડ એલર્ટ જારી કર્યું હતું. ગુરુવારે સવાર અને બપોરના સત્રોમાં વધારે વરસાદ પડ્યો ન હતો. જોકે, સાંજ પછી જિલ્લામાં વરસાદની તીવ્રતા વધવા લાગી. આખી રાત ભારે વરસાદ પડી રહ્યો હતો અને શુક્રવારે સવારે પણ સતત વરસાદ ચાલુ રહ્યો. આના કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જવા, ઝાડ ઉખડી જવા અને વીજ પુરવઠો ખોરવાઈ જવા જેવી ઘટનાઓ વિવિધ સ્થળોએ બની હતી. ■

## પાલઘર જિલ્લામાં આજે રેડ અલર્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પાલઘર જિલ્લામાં શુક્રવારે આખો દિવસ મુશળધાર વરસાદ રહ્યો હતો. હવામાન વિભાગે શનિવારના પાલઘર માટે રેડ અલર્ટની ચેતવણી આપી હોઈ અતિવૃષ્ટિની શક્યતા છે. આ દરમ્યાન ભારે વરસાદને પગલે પાલઘર જિલ્લાના ત્રણેય બંધ છલકાઈ ગયા હતા.

શુક્રવારના આખો દિવસ ભારે વરસાદ પડવાને પગલે મુંબઈ-અમદાવાદ હાઈવે પર પાણી ભરાઈ જવાની સાથે જ અનેક જગ્યાએ ટ્રાફિક જૅમની સમસ્યા નિર્માણ થઈ હતી. શનિવાર માટે હવામાન વિભાગે રેડ અલર્ટની ચેતવણી આપી હોવાથી જિલ્લા અધિકારીએ જિલ્લાની તમામ આંગણવાડી, નગરપાલિકાની સ્કૂલ, તમામ આશ્રમશાળા, ખાનગી અને સરકારી સ્કૂલ અને કૉલેજ સહિત તમામ શૈક્ષણિક સંસ્થાને ૨૬ જુલાઈ માટે સત્તાવાર રજા જાહેર કરી છે. શુક્રવારે પણ આખો દિવસ પાલઘરમાં મુશળધાર વરસાદ પડયો હતો.■

### ડેમના દરવાજા ખોલવામાં આવ્યા

પાલઘર જિલ્લામાં સતત વરસાદ પડી રહ્યો હોવાથી તાનસા, મોડકસાગર અને મિડલ વૈતરણા બંધ તેની પૂર્ણ ક્ષમતાએ ભરાઈ ગયા હોવાથી તકેદારીના પગલારૂપે બંધમાંથી પાણી છોડવામાં આવ્યું હતું. સવારના ૧૧ વાગે તાનસા બંધના કુલ ૨૦ દરવાજા ખોલવામાં આવ્યા હતા અને ૧૧ વાગે ૨૨,૧૦૦ ક્યુસેક પાણી તથા બપોરના ત્રણ વાગે ૨૩,૨૧૦.૪૬ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું હતું. અહીં સવારના છ વાગ્યાથી બપોરના ત્રણ વાગ્યા સુધીમાં ૭૩.૦ મિ.મી. વરસાદ પડ્યો હતો. મોડકસાગર બંધમાંથી ૧૪,૧૭૮ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું હતું. આ સમય દરમ્યાન ૬૫ મિ.મી. વરસાદ નોંધાયો હતો. તો મિડલ વૈતરણા બંધમાંથી ૨૦૧૩ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યો છે. અહીં સવારના છથી બપોરના ત્રણ વાગ્યા સુધીમાં ૪૮.૦ મિ.મી. વરસાદ નોંધાયો હતો. ■

## દેશ - વિદેશ

## પેલેસ્ટાઈનને અલગ રાષ્ટ્ર તરીકે ફ્રાન્સે આપી માન્યતા

પેરીસઃ ઈઝરાયલ દ્વારા ગાઝામાં થઇ રહેલા પેલેસ્ટિનિયન નાગરિકોના નરસંહાર સામે દુનિયાભરમાં વિરોધ પ્રદર્શન થઈ રહ્યા છે. ભારત સહિત ઘણા દેશો હુમલા તાત્કાલિક રોકવા અને ગાઝામાં માનવતાવાદી સહાય પહોંચવા દેવા ઈઝરાયલને અપીલ કરી છે. એવામાં ફ્રાન્સે મહત્ત્વપૂર્ણ પગલું ભર્યું છે, ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઇમેન્યુઅલ મૅક્રોંએ જાહેરાત કરી કે ફ્રાન્સ પેલેસ્ટાઇનને એક અલગ દેશ તરીકે માન્યતા આપશે. ઘણા દેશોએ આ નિર્ણયનું સ્વગાત કર્યું છે, જ્યારે ઈઝરાયલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહુ એ રોષ વ્યક્ત કર્યો છે.

ગત સાંજે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર કરેલી એક પોસ્ટમાં ઇમેન્યુઅલ મૅક્રોંએ કહ્યું કે તેઓ સપ્ટેમ્બરમાં સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં પ્રસ્તાવ રજૂ કરશે. સાથે તેમણે યુદ્ધ તાત્કાલિક બંધ કરવા અને લોકોને બચાવવાની હાકલ કરી છે. જી-૭ સભ્યોમાં આવું કરનાર ફ્રાન્સ પહેલો દેશ છે.

મૅક્રોંએ લખ્યું છે કે , ''આપણે તાત્કાલિક યુદ્ધવિરામ કરાવવો પડશે, બધા બંધકોને મુક્ત કરવામાં આવે, ગાઝાના લોકોને મોટા પાયે માનવતાવાદી સહાયની જરૂર છે. આપણે ગાઝાને સુરક્ષિત બનાવવું પડશે અને તેનું પુનર્નિર્માણ કરવું જોઈએ અને પેલેસ્ટાઇનને રાજ્ય બનાવવું જોઈએ.''

મે મહિનાથી માંડીને અત્યાર સુધીમાં સહાયતા કેન્દ્રો પર ખોરાકની લેવા આવેલા એક હજારથી વધુ ગાઝાવાસીઓની ઈઝરાયેલે હત્યા કરી છે, અને હાલ લાખો લોકો ઈઝરાયલે ઉભા કરેલા ભૂખમરાને કારણે મોતના આરે છે. ઈઝરાયલ ભૂખમરાને એક હથિયારને જેમ ઉપયોગ કરી રહ્યું છે. હાડપિંજર જેવા થયેલા બાળકોના શશિરો અને ઈઝરાયલી આર્મીએ મારી નાખેલા બાળકોની દર્દનાક તસ્વીરો દરોરોજ જાહેર થઇ રહી છે.

ઈઝરાયલની નાકા બાંધીને કારણે ગાઝામાં ઉભી થયેલી માનવીય આપત્તિ જોતા એમેન્યુઅલ મેક્રોનને લાગી રહ્યું છે કે આ કાર્યવાહી કરવાનો સમય છે. યુરોપિયન યુનિયનના આયર્લેન્ડ, નોર્વે અને સ્પેન જેવા દેશો ઈઝરાયલની બર્બરતા વિરુદ્ધ અગાઉ અવાજ ઉઠાવી ચુક્યા છે. યુકે અને જર્મનીના નેતાઓ આજે શુક્રવારે ગાઝામાં માનવતાવાદી આપત્તિ અંગે પગલા લેવા અંગે મહત્વના નિવેદનો આપી શકે છે. ■



**ઢીંગલી માટે લાઈનઃ** જર્મનીના બર્લિનમાં લાબૂબૂ પ્લશ ડૉલ્સની પ્રથમ દુકાનના પ્રારંભ પહેલાં લાંબી કતાર લગાવીને ઊભા રહેલા લોકો. (એપી/પીટીઆઇ)

## બિહાર મુદ્દે સંસદના બંને ગૃહની બેઠક મોકૂફ

નવી દિલ્હીઃ સંસદમાં ચોમાસુ સત્રને શરૂ થયાને પાંચ દિવસ વિતી ગયા છે. આ પાંચ દિવસમાં એકપણ મુદ્દા અંગે સરખી રીતે ચર્ચા થઈ શકી નથી. વિપક્ષના હોબાળાને કારણે અવારનવાર લોકસભાના અધ્યક્ષ અને રાજ્યસભાના સભાપતિને ગૃહને સ્થગિત કરવાની ફરજ પડી છે. જેમાં ગઈકાલે બંને ગૃહોને સોમવાર સુધી સ્થગિત રાખવામાં આવ્યા હતા. ગઈકાલે વહેલી સવારથી જ વિપક્ષી નેતાઓએ બિહાર મુદ્દે વિરોધ શરૂ કરી દીધો હતો. સંસદના પરિસરમાં કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ વિરોધ નોંધાવ્યો હતો. સંસદના બંને ગૃહોમાં વિપક્ષે જોરશોરથી વિરોધ કરવામાં આવ્યો હતો. લોકસભા અને રાજ્યસભાની કાર્યવાહી શરૂઆતમાં થોડા બપોરે બે વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી હતી. પરંતુ વિપક્ષનો વિરોધ યથાવત્ રહેતા ૨૮ જુલાઈ સોમવારના સવારે ૧૧ વાગ્યા સુધી સ્થગિત કરી દેવામાં આવી છે. ■

## કાંદા અને બટાટાના ભાવમાં ૮૦ ટકાના વધારા માટે ગ્લૉબલ વૉર્મિંગ જવાબદાર

નવી દિલ્હીઃ અસાધારણ હિટવૅવને કારણે વર્ષ ૨૦૨૪માં ભારતમાં ખાદ્યસામગ્રીના ભાવમાં વધારો થયો હતો.

એક અહેવાલ મુજબ વર્ષ ૨૦૨૪ના બીજા ત્રિમાસિકમાં કાંદા અને બટાટાના ભાવમાં ૮૦ ટકાનો વધારો થયેલો જોવા મળ્યો હતો.

બાર્સેલૉના સુપરકમ્પ્યુટીંગ સેન્ટરના મૅક્ઝિમિલિયન કૉટ્સના વડપણ હેઠળ યુરોપિયન સેન્ટ્રલ બૅન્કના સંશોધકો, પૉટ્સડૅમ ઈન્સ્ટિટ્યૂટ ફૉર ક્લાઈમેટ ઈમ્પેક્ટ રિસર્ચ અને યુકે ફૂડ ફાઉન્ડેશને વર્ષ ૨૦૨૨થી વર્ષ ૨૦૨૪ દરમિયાન ગ્લૉબલ વૉર્મિંગથી પ્રભાવિત વિશ્વના ૧૮ દેશને આવરી લઈને તૈયાર કરેલા અહેવાલમાં ઉપરોક્ત જાણકારી આપવામાં આવી હતી.

મે મહિનામાં હિટવૅવ આવ્યા બાદ વર્ષ ૨૦૨૪ના બીજા ત્રિમાસિકમાં કાંદા અને બટાટાના ભાવમાં ૮૦ ટકાનો વધારો થયો હતો. વર્ષ ૨૦૨૪માં ગ્લૉબલ વૉર્મિંગને કારણે સરેરાશ તાપમાનમાં ૧.૫ ડિગ્રીનો વધારો થયો હતો.

વર્ષ ૨૦૨૪માં ભારતમાં હિટવૅવની પાકના ઉત્પાદન અને સપ્લાય ચેઈન પર ભારે અસર થઈ હતી જેને કારણે આવશ્યક વસ્તુઓનાં ભાવમાં અસાધારણ વધારો થયો હતો. (એજન્સી)■

## ૪૦૭૮ દિવસઃ વડાં પ્રધાનપદે રહેવાનો ઈંદિરાનો વિક્રમ તોડયો

### હવે જવાહરલાલ નહેરુ પછી બીજા ક્રમના સૌથી લાંબો કાર્યકાળ ધરાવનાર પીએમ બન્યા

નવી દિલ્હીઃ દેશના વડા પ્રધાન નરેન્દ્ર મોદી હાલ વિદેશ પ્રવાસે છે. આ દરમિયાન પચીસ જુલાઈના રોજ તેમણે નવો વિક્રમ બનાવ્યો છે. મોદી આજે દેશના સૌથી લાંબા સમય સુધી વડા પ્રધાન પર રહેનારા દેશના બીજા નેતા બન્યા છે. તેમણે સ્વ. વડા પ્રધાન ઈન્દિરા ગાંધીના રેકોર્ડને તોડયો છે. દેશમાં સૌથી વધુ સમય ૧૬ વર્ષ ૨૮૬ દિવસ વડા પ્રધાન રહેવાનો રેકોર્ડ જવાહરલાલ નહેરુના નામ પર છે. પીએમ મોદી સ્વતંત્રતા બાદ જન્મેલા અને બિન હિન્દી રાજ્યના સૌથી લાંબા સમય સુધી આ પદ પર રહેનારા નેતા છે.

મોદીએ ગઇકાલે પોતાના કાર્યકાળના ૪૦૭૮ દિવસ પૂર્ણ કર્યા હતા. ઇન્દિરા ગાંધીએ ૨૪ જાન્યુઆરી, ૧૯૬૬થી ૨૪ માર્ચ, ૧૯૭૭ સુધી સતત ૪૦૭૭ દિવસનો કાર્યકાળ પૂર્ણ કર્યો હતો. તેમજ જો આપણે કેન્દ્ર અને રાજ્ય સરકારના નેતૃત્વના રેકોર્ડની વાત કરીએ તો નરેન્દ્ર મોદીએ અનોખો રેકોર્ડ બનાવ્યો છે. તેમણે ગુજરાતના મુખ્ય મંત્રી અને વડા પ્રધાન તરીકે ૨૪ વર્ષ સુધી સરકારનું નેતૃત્વ કર્યું છે. ■

## ભારત સેટેલાઇટની સંખ્યા ટ્રિપલ કરશે, સ્પેસ સ્ટેશન બનાવશેઃ ઈસરો

હૈદરાબાદ : ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ઈસરો)ના અધ્યક્ષ વી. નારાયણને શુક્રવારે જણાવ્યું હતું કે ભારતને આગામી ત્રણ વર્ષમાં અવકાશમાં તેના ઉપગ્રહોની સંખ્યા ત્રણ ગણી કરવી પડશે. હાલમાં ભારત પાસે અવકાશમાં પંચાવન ઉપગ્રહો છે.

નારાયણને 'ભારતીય અવકાશ કાર્યક્રમ - સિદ્ધિઓ, પડકારો અને ભવિષ્યની યોજનાઓ' વિષય પરના જીપી બિરલા મેમોરિયલ લેક્ચરમાં જણાવ્યું હતું કે ૨૦૪૦ સુધીમાં ભારત અવકાશ ટેકનોલોજી, એપ્લિકેશન ક્ષેત્રો અને માળખાગત સુવિધાઓની દૃષ્ટિએ અન્ય કોઈપણ દેશની સમકક્ષ હશે. તેમણે એમ પણ જણાવ્યું હતું કે ઈસરોએ આ વર્ષે ૧૨ લોન્ચ વેહિકલ્સ મિશનની યોજના બનાવી છે. .

તેમણે કહ્યું હતું કે, ''હવે અમે આપણું પોતાનું સ્પેસ સ્ટેશન બનાવવા પર કામ કરી રહ્યા છીએ. અમે આપણું ચંદ્રયાન ઉતારવા જઈ રહ્યા છીએ. હાલમાં પંચાવન ઉપગ્રહો ભ્રમણકક્ષામાં છે અને દેશના સામાન્ય માણસની સેવા કરી રહ્યા છે. આગામી ત્રણ વર્ષમાં આ સંખ્યા લગભગ ત્રણ ગણી થઈ જશે. જરૂરિયાત ખૂબ મોટી છે. માંગ એટલી વધારે છે કે આપણે ઉપગ્રહો બનાવવા પડશે. અમે આ દિશામાં કામ કરી રહ્યા છીએ. ભારત ૨૦૩૫માં એક સ્પેસ સ્ટેશન બનાવશે અને ૨૦૨૮માં પ્રથમ મોડ્યુલ ભ્રમણકક્ષામાં મુકવામાં આવશે.'' ■

## ઉમા કાંજીલાલ બનશે ઈગ્નૂનાં પ્રથમ મહિલા વાઈસ ચાન્સેલર

નવી દિલ્હી : શિક્ષણ મંત્રાલયના અધિકારીઓના જણાવ્યા અનુસાર, ઇન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (ઈગ્નૂ)ની સ્થાપનાના ચાર દાયકા પછી, ઉમા કાંજીલાલને તેના પ્રથમ મહિલા વાઇસ ચાન્સેલર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

''ઓપન એન્ડ ડિસ્ટન્સ લર્નિંગ (ઓડીએલ) સિસ્ટમમાં ૩૬ વર્ષથી વધુની વિશિષ્ટ સેવા સાથે, ઉમા વિશ્વની સૌથી મોટી ઓપન યુનિવર્સિટીઓમાંની એકના સુકાનમાં શૈક્ષણિક નેતૃત્વ, ડિજિટલ નવીનતા અને સંસ્થાકીય જ્ઞાનનો ભંડાર લાવે છે,'' એમ એક અધિકારીએ જણાવ્યું હતું.

''તે હાલમાં યુનિવર્સિટીના સક્રિય વાઇસ ચાન્સેલર છે અને અગાઉ યુનિવર્સિટીના પ્રો વાઇસ ચાન્સેલર (માર્ચ ૨૦૨૧-જુલાઈ ૨૦૨૪) તરીકે સેવા આપી હતી,'' અધિકારીએ જણાવ્યું હતું. ■

## યુદ્ધ ઉગ્ર થયુંઃ કમ્બોડિયા સીમા પરના થાઈલૅન્ડના આઠ જિલ્લામાં માર્શલ લૉ

બૅંગકોકઃ ફાઇટર જેટ, લેન્ડમાઇન અને રાજદ્વારી હકાલપટ્ટીના કારણે થાઇલેન્ડ અને કમ્બોડિયાના સંબંધો એક દાયકા કરતાં વધુ સમયના સૌથી ખરાબ સ્થિતિમાં પહોંચી ગયા છે. બંને દેશોએ સરહદ પર સૈનિકો અને ભારે શસ્ત્રો તહેનાત કર્યા છે, જેના કારણે સામસામા ગોળીબારમાં ફસાયેલા નાગરિકોનાં મોત થયા છે.

થાઈલૅન્ડે શુક્રવારે કમ્બોડિયાની સરહદે આવેલા તેના આઠ જિલ્લાઓમાં માર્શલ લો અમલી બનાવ્યો હતો કારણ કે બંને દેશો વચ્ચે બીજા દિવસે પણ અથડામણ ચાલુ રહી હતી. ચંથાબુરી અને ટ્રાટ પ્રાંતોમાં સેનાના બોર્ડર ડિફેન્સ કમાન્ડના કમાન્ડર એપિચાર્ટ સૈપ્રાસર્ટે એક નિવેદનમાં જણાવ્યું હતું કે ચંથાબુરીના સાત અને ટ્રાટના એક જિલ્લામાં ''માર્શલ લો'' લાગુ કરવામાં આવ્યો છે. થાઈલૅન્ડની સેનાએ કંબોડિયાની સેના પર ભારે શસ્ત્રો, ફિલ્ડ આર્ટિલરી અને રોકેટ સિસ્ટમનો ઉપયોગ કરીને સતત બોમ્બમારો કરવાનો આરોપ મૂક્યો છે અને કહ્યું હતું કે તેણે યોગ્ય જવાબ આપ્યો છે અને નાગરિકોને સંઘર્ષના ક્ષેત્રોને ખાલી કરવાની સલાહ આપી છે. ■

## થાઈલૅન્ડના સાત પ્રાંતમાં પ્રવાસ ન કરવાની ભારતીયોને સલાહ

બેંગકોક : થાઈલેન્ડમાં ભારતીય દૂતાવાસે શુક્રવારે અહીં રહેતા ભારતીય નાગરિકો માટે એક ટ્રાવેલ એડવાઈઝરી જાહેર કરી હતી, જેમાં તેમને થાઈલેન્ડ-કમ્બોડિયા સરહદ પર ચાલી રહેલી હિંસા વચ્ચે સાત પ્રાંતોમાં મુસાફરી ન કરવાની સલાહ આપવામાં આવી હતી. વાસ્તવમાં થાઇલેન્ડ અને કમ્બોડિયા સરહદ પર ગુરુવારે શરૂ થયેલી અથડામણમાં ઓછામાં ઓછા ૧૧ લોકો માર્યા ગયા છે અને ઘણા લોકો ઘાયલ થયા છે. સરકારી 'થાઈ પબ્લિક બ્રોડકાસ્ટિંગ સર્વિસ' એ આ માહિતી આપી હતી.

ભારતીય દૂતાવાસે 'એક્સ' પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે થાઇલેન્ડ-કમ્બોડિયા સરહદ પર તણાવભરી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને થાઇલેન્ડ આવતા તમામ ભારતીય પ્રવાસીઓને 'ટીએટી ન્યૂઝરૂમ' સહિત થાઇલેન્ડના સત્તાવાર સ્ત્રોતો પાસેથી લેટેસ્ટ માહિતી મેળવવાની સલાહ આપવામાં આવે છે.

તેમાં થાઈલેન્ડના ટૂરિઝમ ઓથોરિટીની એક પોસ્ટને ટાંકીને કહેવામાં આવ્યું હતું કે જે સ્થળોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે ત્યાં મુસાફરી ન કરવાની સલાહ આપવામાં આવે છે. ટૂરિઝમ ઓથોરિટીએ કહ્યું હતું કે ઉબોન રત્ચથાની, સુરીન, સિસાકેટ, બુરીરામ, સા કાઓ, ચંથાબુરી અને ટ્રાટ પ્રાંતોમાં અનેક સ્થળોએ મુસાફરી ન કરવાની સલાહ આપવામાં આવે છે. ■

## ૪. ધાર્મીક સંબંધી

**અષ્ટવિનાયક - અષ્ટમંગલ**
શુભપ્રસંગ, સગાઈ, સંગીતસંધ્યા, લગ્નપ્રસંગ, વર્ષગાંઠ, પૂજા તથા પ્રાર્થનાસભામાં શ્રધ્ધાંજલી રૂપે ફ્રેમ ભેટ આપી પ્રસંગ યાદગાર બનાવો, પ્રતિ ફ્રેમ કિંમત રૂ. ૨૫, મીનીમમ ઓર્ડર ૧૦૦ નંગ 'નમસ્કાર સેવા' 9323496622/ 9820521926. (બી-૧૬૩૦૨)

■ ગણપતિ અને પર્યુષણ નિમિત્તે ઘર ડેકોરેશન માટે સંપર્ક કરોઃ પારૂલ શાહઃ ૮૦૯૭૦૪૩૬૯૯. (૧૪૦-એ)

**જૈન દેરાસર માટે**
કેસર ઘૂંટવા માટેનું સાત્વીક લાકડું 350/- રૂા. કીલો પ્રમાણે મળશેજી. 9820770223. (બી-૧૬૨૬૮)

## ૯. લગ્ન સંબંધી

**બ્રાહ્મણ સેવા સમાજ**
49મું વર્ષ 107મો પરિચય મેળો મલાડ ખાતે તા. 24/08/2025 પ્રવેશ ફી યુવક Rs. 500/-, યુવતી Rs. 300/-, સંપર્કઃ અલકેશભાઈ વ્યાસ- 8779177080, જય- 9870756615, દિપકભાઈ- 8828221010. (દહેજ નહીં.). (૧૫૯૫૪-એ)

**''કન્યા જોઈએ છે''**
**મહારાષ્ટ્રીયન ગાયકવાડ યુવક, ઉં. 30, હાઈટ 5.8", પ્યોર વેજિટેરિયન, વેલ સેટલ્ડ ક્વોલિફિકેશન LLM. રહેઠાણ થાણા માટે સુંદર ભણેલી કન્યા જોઈએ છે. ગુજરાતી કે મરાઠી બંને પ્રિફર. રસ ધરાવતા કુટુંબો ફોન 9323911315 પર સંપર્ક કરો. (દહેજ નહીં.). (૧૧૫-એ)**

**NRI યુવક**
**વેરી હેન્ડસમ, ફેર, 45/6'/BBA, ગુજરાતી સોની, દુબઈ સ્થિત પોતાનો બિઝનસ, લગ્નના ટૂંકા સમયમાં નિર્દોષ છૂટાછેડા થયેલ યુવક માટે એજ્યુકેટેડ, સોની જાતીની કન્યા આવકાર્ય.**
**Contact: 98194 68825**
(દહેજ નહીં) (બી-૧૬૨૧૨)

■ MBA, 1979, 5'1", એક્ટિવ જૈનને એજ્યુકેટેડ યુવક આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૧૪૬-ઈ)

■ BE COMPUTER, 1986, 5'1" એક્ટિવને ક્વોલિફાઈડ યુવક આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૧૪૬-ઈ)

■ CA, 1991, 5'4", સ્માર્ટ બ્રાહ્મણને ક્વોલિફાઈડ કન્યા આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૧૪૬-ઈ)

■ ચોપાટીમાં 1993 M.Sc, CFA બ્યૂટીફૂલ એક્ટિવને ક્વોલિફાઈડ યુવક આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૧૪૬-ઈ)

■ CA 1993 એક્ટિવ દેખાવડી વૈષ્ણવને ક્વોલિફાઈડ યુવક આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૧૪૬-ઈ)

■ વાલકેશ્વરમાં 1975 MBA ડાયવોર્સી હેન્ડસમ જૈન બિઝનેસમેનને યુવતી આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૧૪૬-ઈ)

■ ન્યૂટ્રેશન કન્સલ્ટીંગ 1996 5'1" પ્રોગ્રેસીવ દેખાવડીને ક્વોલિફાઈડ યુવક આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૧૪૬-ઈ)

■ CA 1992 5'-6" એક્ટિવ દેખાવડીને ક્વોલિફાઈડ યુવક આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૧૪૬-ઈ)

■ લંડનમાં 1983 ઓડિયોલોજિસ્ટ ડૉક્ટર સ્માર્ટને ક્વોલિફાઈડ કન્યા આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૧૪૬-ઈ)

■ એડિટર રાઈટર 1984 વેરી બ્યુટીફૂલ એક્ટિવને એજ્યુકેટેડ વેલસેટ યુવક આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૧૪૬-ઈ)

■ ખારાનાં શિક્ષિત વેલસેટ યુવક 1991 રાજેશ ઠક્કર રાજકોટ ૦૯૪૨૮૨૫૦૦૦૨. (દહેજ નહીં). (બી-૧૬૩૧૩)

■ વૈષ્ણવ કન્યા 1997 જૈન કન્યા 1989 MDS રાજેશ ૦૯૪૨૮૨૫૦૦૦૨. (દહેજ નહીં). (બી-૧૬૩૧૪)

■ DNB NEURO SURGEON યુવક - 1995 રાજેશ ઠક્કર રાજકોટ ૦૯૪૨૮૨૫૦૦૦૨. (દહેજ નહીં). (બી-૧૬૩૧૫)

**SAPTPADI**
**Highly Qualified Jain, Vaishnav Gujarati, Candidates. "Neela Sheth" - 9833676409 / 7045657510. (No Dowry) (144-A)**

**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com

## ૧૦. મહિલાઓ માટે

**કાન**
૪૦ વર્ષોના અનુભવી પાસે, દવાથી કાન સીવરાવવા, ઘાટકોપર- અંધેરી- સેન્ડહર્સ્ટ રોડ, વાલકેશ્વર- દાદર- ચૌપાટી ૯૮૬૯૪૧૬૪૮૧. (બી-૧૬૨૩૧)

**કાનનાં મોટા કાણાં**
દવાથી એક જ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલીઃ 9969388693 / 7506569229. (બી-૧૬૨૯૪)

**મહેમાનોનો ઉતારો**
બાપલી બંગલો રોજના ધોરણેથી બોરીવલી/ કાંદિવલીમાં, બર્થડે, સગાઈ, પાર્ટી, એક્ઝિબિશન માટે 9821112796. (૧૨૨-બી)

**ગાદીવાલા ચપ્પલ**
પગના દુખાવા માટે સોફ્ટ ચપ્પલ/સ્લીપર જેન્ટ્સ-લેડીઝ માટે બોરીવલી પશ્ચિમ. 9869669633. (એસડીબી-૨૭૭૩)

**શુદ્ધ ખાઓ**
લીલવા કચોરી/ગોળ/ખાખરા/ઘાણીતેલ, મસાલા - શાકભાજી - ફ્રૂટ્સ. રાજેશભાઈ - 9076133255. (જેપી/૪૫૦૮-એફ)

## ૧૨. યાત્રા સહેલગાહ

**તુષારભાઈ ટુરવાલે**
ગંગાસાગર જગન્નાથપુરી ચંપારેન, અયોધ્યા વારાણસી પ્રયાગરાજ, નેપાળ મુક્તિનાથ યુપી, દક્ષિણ ભારત. દેવીબેન પ્રવાસ ૯૮૩૩૭૩૦૬૩૯. (૧૩૨-સી)

**શ્રી ગણેશ યાત્રા**
**નેપાળ, પશુપતિનાથ, પોખરા, કાશી, પ્રયાગ, અયોધ્યા, 13-દિવસ, 8 સપ્ટેમ્બર, ડિલેક્સ હોટેલ પોતાનું રસોડું, ગ્રુપ બુકિંગ આવકાર્ય. ૯૮૨૦૧૬૪૦૦૭/ ૮૦૧૮૬૬૬૯૭૫/ ૯૮૯૨૨૬૮૬૬૭. (૧૪૨-એ)**

## ૧૪. નોકરી ખાલી છે

■ તમામ વરિષ્ઠ નાગરિકો/ નિવૃત્ત વ્યાવસાયિકો / ગૃહિણીઓ માટે આમંત્રણ છે જેઓ તેમની કારકિર્દીની બીજી ઈનિંગ શરૂ કરવા ઈચ્છે છે. કૃપા કરીને મારી સાથે 8452868527 પર કનેક્ટ થાઓ. (બી-૧૬૨૬૪)

**દક્ષિણ મુંબઈમાં**
**પ્રાચીન જૈન તીર્થમાં અનુભવી, મેનેજરની સારા પગાર સાથે જરૂર છે મોબાઈલ 9322234901. EmaiL : alloysteel3@gmai.com. (એસડીબી-૨૭૭૬)**

**સાઈટ સુપરવાઈઝર**
અંધેરી-ઘાટકોપરની બિલ્ડરની સાઈટ માટે અનુભવી સાઈટ સુપરવાઈઝર જોઈએ. નિમેષ- 8879585176. (૧૪૧-એ)

**ગૃહમાતા જોઈએ**
**બોરીવલીની ગર્લ્સ હોસ્ટેલ માટે**
- કન્યા છાત્રાઓને સંભાળી શકે, તથા કન્યાઓની પ્રગતિ માટે સતત કાર્યશીલ ગૃહમાતા (Hostel Warden) (૨૪ કલાક) જોઈએ છે . રહેવાની તથા જમવાની સગવડ અને આકર્ષક પગાર.
- અભ્યાસ : ગ્રેજ્યુએટ, કોમ્પ્યુટરનું જ્ઞાન જરૂરી, વય મર્યાદા ૬૦ વર્ષ (આજ ક્ષેત્રે અનુભવી માટે બંધનકર્તા નથી)

**સંપર્ક : 9820059217**
ઈમેલ office@bhatiaboardingmumbai.org
(બી-૧૬૩૧૦)

**REQUIRED**
**Experienced Insurance Manager. Start Entrepreneur Program with Fixed Payout. Call: 9821288255. (124-D)**

RESTART CAREER - BANkers. Retired, Pensioners, Housewives. Good Packages + Incentives: 9820216560. (B-16291)

## ૧૫. નોકરી જોઈએ છે

**એકાઉન્ટસ**
બિઝનેસ અને પર્સનલ એકાઉન્ટસનું કામ પ્લસ ઈન્કમટેક્સ, TDS તથા GSTનું ફાઈલીંગ, આપની અનુકુળતાના મુજબ. વિકલી-મંથલી સેવા. સંપર્ક TAXXING E-SOLUTIONS 9820568777 પ્રફુલભાઈ. (૧૧૦-એ)

## ૧૭. જગ્યા આપવી છે

**વિલેપાર્લે (ઈસ્ટ)**
વેચાણથી આઝાદ રોડ, ફાયર બ્રિગેડ નજીક નવા બિલ્ડિંગમાં 3-બેડરૂમ-1025'-7મો માળો - 3.50 Cr. (All Incl.) For Videos ''નવકાર એસ્ટેટ'' 96196 74640. (જેપી/૪૫૦૮-એ)

**વિલેપાર્લે (વેસ્ટ)**
બાપુભાઈ વશી રોડ, સ્પેશિયસ 3 બેડરૂમ તેમજ 4 બેડરૂમ એમીનીટીઝવાળા ટાવરમાં રેડી પઝેશન OC સાથે. રીઝનેબલ ભાવમાં - 8356990950. (જેપી/૪૫૦૮-બી)

**અંધેરી (વેસ્ટ)**
2 BHK ''અરૂણોદય'' (4.00 કરોડ), 2 BHK ''ગ્રીનકોર્ટ'' (2.50 કરોડ), 3 BHK (4.25 કરોડ), પાર્લા (વેસ્ટ) 3 BHK (6.90 કરોડ) તથા પંચવટી, લલ્લુભાઈ પાર્ક, એસ.વી. રોડ, પાર્લા (વેસ્ટ), જુહુ-જુહુ સ્કીમ લીવલાયસન્સથી ''ગૌતમ જોષી'' 9322236433 / 9821069632. (૧૧૮-એ)

## ૧૭. જગ્યા આપવી છે

**ઘાટકોપર (ઈસ્ટ)**
ભાડેથી. તિલક રોડ, 2 બેડરૂમ, હોલ, કિચન- 740', કારપેટ. 9821069113, 9870769113. (૧૨૬-એ)

**વિલેપાર્લે (ઈસ્ટ)**
ઈર્લા- KLS હોસ્પિટલ પાસે નવા ટાવરમાં 3 બેડરૂમ 890' તેમજ જોડી ફ્લેટ હાયરફ્લોર બુકિંગમાં, પઝેશન 1 વર્ષ-9819117722. (જેપી/૪૫૦૮-સી)

**મુલુંડ વેસ્ટ**
**3 BHK મહાવીર ગેલેક્સીમાં, અપના બજારની પાછળ, જે. એન. રોડ, કાર્પેટ એરિયા 920 સ્કે. ફૂટ, 2 પાર્કિંગ, હાયર ફ્લોર, તૈયાર બિલ્ડીંગ, તૈયાર કબજો, OC પ્રાપ્ત, 2.80 કરોડ, વેચાણથી. સંપર્ક : જયસિંહ ઠક્કર : 9869473708. (૧૧૧-એ)**

**કાંદિવલી (વેસ્ટ)**
**માતૃ આશિષ**
બાલભારતી સ્કુલની બાજુમાં, એસ.વી. રોડ
* ૨૨ માળના નવા ટાવરમાં
૨ બેડરૂમ એરીયા ૫૦૯' કારપેટ ૧.૪૫ કરોડ
૨ બેડરૂમ એરીયા ૬૫૩' કારપેટ ૧.૮૩ કરોડ
૩ બેડરૂમ એરીયા ૯૫૬' કારપેટ, ૨.૬૮ કરોડ
* ૨૦ + એમીનીટીઝ, પોડીયમ, Rooftop Garden
MARKETED BY : M.G. REALTORS - 9820964062 RADHA ESTATE AGENCY-9821034272
(બી-૧૬૩૦૯)

**''ગોવાલિયા ટેન્ક''**
**૩ બેડરૂમ ૧૧૦૦ કારપેટ ૧ પાર્કિંગ વેચાણથી આપવાનો છે. (લેવા- વેચાણ- ભાડે) દેવેન- 9930670272, 9820335272. (૧૨૮-એ)**

**''સિક્કા નગર''**
**૧ બેડરૂમ ૪૭૫ કારપેટ ૧ પાર્કિંગ વેચાણથી આપવાનો છે. (લેવા- વેચાણ- ભાડે) દેવેન- 9930670272, 9820335272. (૧૨૮-બી)**

**''ગ્રાન્ટ રોડ (ઇસ્ટ)''**
**૨ બેડરૂમ ૫૮૦ કારપેટ ૧ પાર્કિંગ વેચાણથી આપવાનો છે. (લેવા- વેચાણ- ભાડે) દેવેન- 9930670272, 9820335272. (૧૨૮-સી)**

**અંધેરી ઈસ્ટ**
**સ્ટેશન / નાગરદાસ રોડ દેરાસર નજીક સ્પેશિયસ 3 બેડરૂમ / ૪ બેડરૂમ ૧૫૬૭' ફૂટ કાર્પેટના ફ્લેટો, રેડી પઝેશનમાં ૩૨,૫૦૦/- થી (બોક્સ પ્રાઈઝ). ભરત પારેખ 9920675286. (એસડીબી-૨૭૬૭)**

**વિલેપાર્લે (વેસ્ટ)**
બજાજ રોડ, ભાડેથી. ૨ બેડરૂમ, ૭૫૦, બીજા માળે, ફુલ્લી ફર્નીશ્ડ, પાર્કીંગ સાથે ગુજરાતી પરિવાર આવકાર્ય. ડાયરેક્ટ સંપર્કઃ ૯૯૨૦૦૭૨૭૫૦. (૧૨૦-એ)

**કાંદિવલી (વેસ્ટ)**
પટેલ નગર, 2 બેડરૂમનો અનટચ ફ્લેટ વેચવાનો છે, રેડી પઝેશન, ઓસી સાથે, વાસ્તુ મુજબ, 630 કાર્પેટ, હાયર ફ્લોર, પાર્કિંગ, 2 કરોડ, સંપર્કઃ જિતેન્દ્ર શાહ- 9320299899. (૧૧૭-સી)

**સાંતાક્રુઝ (ઈસ્ટ)**
સ્ટેશન નજીક, 3 BHK, 1050 કાર્પેટ. Per Floor 1 Flat, 1 કવર્ડ પાર્કિંગ, લિફ્ટ, 3.75 Cr. Pankaj Parmar: 9821026788. (બી-૧૬૨૫૮)

**વાના પ્રોપર્ટી**
૨ બેડરૂમ - ગામદેવી, તાડદેવ, વ્યાજબી ભાવે, રેડી પઝેશન, લેવા/વેચવા/લીઝ, 'મુકુન્દ ત્રિવેદી' 9821036556. (બી-૧૬૨૪૨)

**વાના પ્રોપર્ટી**
૩ બેડરૂમ - ગોવાલીયા ટેન્ક, નવા બિલ્ડિંગમાં, વ્યાજબી ભાવે, રેડી પઝેશન, લેવા/વેચવા/ લીઝ, 'મુકુન્દ ત્રિવેદી' 9821036556. (બી-૧૬૨૪૪)

**વાના પ્રોપર્ટી**
૨/૩/૪ બેડરૂમના ફ્લેટો, વાલ્કેશ્વર, રીજ, નેપિયન્સી, પેડર, વોર્ડન રોડ, કેમ્પસ-કોર્નર, ગોવાલીયા ટેન્ક, ગામદેવી, વ્યાજબી ભાવે લેવા/વેચવા/લીઝ, 'મુકુન્દ ત્રિવેદી' ૯૮૨૧૦૩૬૫૫૬. (બી-૧૬૨૪૩)

**કાંદીવલી (વેસ્ટ)**
એમ.જી. રોડ, સ્માર્ટ 1 બેડ માસ્ટર બેડ સાથે @90L, 2 બેડ @ 1.19 Cr. પઝેશન ટૂંક સમયમાં, ઈન્ડોર ગેમ ઝોન, રુફટોપ એમેનીટીઝ, મેટ્રો, દેરાસર, સ્કૂલ, હોસ્પિટલ, સ્ટેશન નજીક. (P51800056407). 8104282352/ 8108439084. (જેપી/૪૫૦૬-બી)

**શાંતાક્રુઝ (વેસ્ટ)**
**ટાગોર રોડ-૪ બેડરૂમનો ફ્લેટ, નવું બિલ્ડીંગ, ઓ.સી. સાથે, ૪ પાર્કિંગ, ૬,૭૫,૦૦૦,૦૦/- નેગોશીયેબલ - અન્ય ઘણા ફ્લેટો. લેવા/ વેચવા/ ભાડેથી સંપર્કઃ ''ચેતન નાગર'' ૯૮૨૦૧૪૧૫૪૪/ ૯૯૨૦૧૪૧૫૪૪. (બી-૧૬૨૨૬)**

**ડુપ્લેક્સ/પેન્ટહાઉસ/ટેરેસ ફ્લેટો**
**૧૫ કરોડથી ૭૫ કરોડ સુધી સાઉથ મુંબઈમાં લક્ઝુરીયસ ફ્લેટો 3/4/5 બેડરૂમનાં સારી સોસાયટીમાં લેવા/ વેચવા. નેપીયન્સી/વાલકેશ્વર/મલબાર હિલ/ બ્રિચ કેન્ડી/અલ્ટામાઉન્ટ રોડમાં, વેચવા/લેવા/લિઝ માટે સંપર્ક કરો. 'મનન સોની' 8108333388 - 'અનિલ સોની' 9821097391. (૮૩-એ)**

**મલાડ (વેસ્ટ)**
**માર્વે રોડ, આદર્શ દુગ્ધાલયમાં ૧-૨-૩-૪ બેડરૂમનાં ફ્લેટો વેચાણથી - ભાડેથી લેવા.- ભરત પટેલ - 9820054730. નિષીત - 9920041841. (એસડીબી-૨૭૨૩)**

**કીંગસર્કલ**
૩ બેડરૂમ - 900', Parking, higher, Westernly, 3.7 Cr. જૂનામાં ૧ બેડરૂમ 370', 1.25 Cr., Lift, Maintained society. Only whatsapp. 9820037940. (૭૫-એ)

**ચેમ્બુર**
ફ્લેટ, ઓફિસ, દુકાન ભાડેથી - વેચાણથી લેવા - આપવા વર્ધમાન પ્રોપર્ટીઝ - ૯૮૯૨૮ ૩૩૯૩૯. (બી-૧૬૧૩૨)

**સુરતમાં ઈન્વેસ્ટ કરો,**
**પ્રોફિટ કમાવો, ફ્લેટ્સ, રો હાઉસ, બંગલો, પ્લોટ, ફાર્મ, 15 લાખ - 75 લાખ, સંપર્ક મુંબઈ : 84337 12963. (૧૨૭-એ)**

**JUHU - 4 BED**
1750' હાયરફ્લોર 3 પાર્કિંગ નવા બિલ્ડિંગમાં જીમ - સ્વિમિંગ પૂલ સાથે. બીજા 2000' થી 2500'ના 15 ફ્લેટ વેચાણથી. અનિલભાઈ - 9004900290. (૧૩૨-ઈ)

**JUHU - 5 BED**
2550' હાયરફ્લોર, 4 પાર્કિંગ નવા બિલ્ડિંગમાં એમેનીટીઝ સાથે વેચાણથી. અનિલભાઈ - 9004900290. (૧૩૨-એફ)

**ઘાટકોપર**
ફ્લેટ, ઓફિસ, દુકાન ભાડે/ વેચાણથી લેવા/ વેચવા રમેશ નિમાવત 9320571016- 9082933313. (૧૫૯૬૦-એ)

**પાર્લા (ઈસ્ટ)**
**૩ બેડરૂમ હોલ કિચન ૨ પાર્કિંગ દેરાસરની સામે ૪ બાલકની ૩.૭૫ નેગોશીયેબલ જીતુભાઈ 9619018233. (૨૮૪)**

**તારદેવ**
**''ડન એપાર્ટમેન્ટ''**
**ભાડેથી**
- **2.5 BHK - 1000'**
- ફુલ્લી ફર્નિશડ
- હાયર ફ્લોર, ૧ પાર્કિંગ
- ફક્ત શાકાહારી માટે

દીપક મહેશ્વરી (એજન્ટ)
**9820038812 /8369248319**
(૧૪૭-બી)

**આપણું ઘર**
માત્ર 18.5 લાખ. ડાઉન પેમેંટ 21 હજાર. સંપર્કઃ 8369756947. (૧૩૩-સી)

**JUHU - RENTAL - 4 BED**
ફુલ ફર્નિશ્ડ, નવા બિલ્ડિંગમાં 2 પાર્કિંગ સાથે ભાડેથી, સ્વિમિંગ પૂલ - જીમ @ 3.10 અનિલભાઈ - 9004900290. (૧૩૭-એ)

**પ્રિન્સેસ સ્ટ્રીટ**
1 બેડરૂમ 483 રેરા કાર્પેટ/ 2 બેડરૂમ 666/ 696/ 745 રેરા કારપેટ, બંધાતામાં ટૂંક સમયમાં કબજો. સંપર્કઃ 9821030822. (૧૩૨-જી)

**કાંદીવલી (વેસ્ટ)**
મહાવીર નગર લીંક રોડ, 3 બેડરૂમ, 1100', (2.70 CR નેગોશીએબલ). 9324854365. (૧૩૫-ડી)

**રાજસ્થાન એસ્ટેટ**
વાલ્કેશ્વર મરીનડ્રાઈવ નેપ્યન્સી બ્રિજકેન્ડી અલ્ટમાઉન્ટ કફ પરેડ ચર્ચગેટ પેડર તારદેવ ગોવાલ્યા ટેન્ક વેચાણ અને ખરીદી કોમર્સીયલ સાથે લીવ એન્ડ લાયસંસથી. Contact ગોપાલભાઈ જયપુરવાલા 9322898994, મુકેશભાઈ મહેતા 9967502537. (૨૯૧)

***લોનાવલા***
**દહેરાસરની સામે 3BHK બંગલો વેચાણમાં 9869151200. (બી-૧૬૩૦૭)**

**લોનાવાલા - ખંડાલા**
ફ્લેટો - રોહાઉસ - બંગલાઓ - નાના - મોટા - પ્લોટ લેવા - વેચવા. શ્રીજી - ૯૫૪૫૭૪૧૭૫૫. (બી-૧૬૩૦૬)

**ચોપાટી પાસે બાબુલનાથ નજીક**
જૂના ભાડે (૩૫૦ કાર્પેટ) એક રૂમ અને કિચન (૨૪ કલાક પાણી) (પાર્કિંગ) (રિડેવલપમેન્ટ થશે) વેચાણથી ૧૩૦ લાખ (નેગોશીએબલ) 7045336155. (એસડીબી-૨૭૭૭)

**વાલકેશ્વર**
પેડર, નેપીયંસી, બ્રીચ કેન્ડી, અલ્ટામાઉન્ટ, તારદેવ, ગોવાલિયા ટેંક, મરીન ડ્રાઈવ, ચર્ચગેટ, કફ પરેડ, આકર્ષક ફ્લેટો / કોમર્શિયલ લેવા / વેચવા અને લીવલાઈસન્સથી હાર્દિક એસ્ટેટ - ૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી-૨૭૭૮)

**પેડર રોડ**
ત્રણ બેડરૂમ (૧૭૦૦ કાર્પેટ) (ગેરેજ અને પાર્કીંગ) ૯ કરોડ (નેગોશીએબલ) હાર્દિક એસ્ટેટ - ૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી-૨૭૭૯)

**ગામદેવી**
ત્રણ બેડરૂમ (૧૧૦૦ કાર્પેટ) (પાર્કીંગ) ૭૨૫ લાખ (નેગોશીએબલ) હાર્દિક એસ્ટેટ - ૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી-૨૭૮૦)

**અંધેરી ઈસ્ટ**
સ્ટેશન અને મેટ્રો નજીક નવા બંધાતા 18 માળના ટાવરમાં 1 અને 2 BHK અને જોડી ફ્લેટ, 14 Slab Completed, દેરાસર ઉપાશ્રય કોમ્પલેક્ષમાં, મોર્ડન એમેનીટીઝ સાથે, સંપર્ક - દિનેશ - 9757252097. (૧૪૧-બી)

**વિલેપાર્લે ઈસ્ટ**
પ્રાઈમ લોકેશન ઉપર વેચવાના છે. ૧ બેડરૂમના ૩૦ ફ્લેટ્સ, ૨ બેડરૂમના ૫૦ ફ્લેટ્સ, ૩ બેડરૂમના ૪૦ ફ્લેટ્સ, (અલગ લોકેશન). 0% બ્રોકરેજ. નામદેવ 9322671121. (એસડીબી-૨૭૭૫)

**ડિસ્ટ્રેસ પ્રોપર્ટી સેલ**
**ઘાટકોપર ઈસ્ટ માં**
**માર્કેટ રેટ રુ. 40,000**
**ડિસ્ટ્રેસ ભાવ રુ. 30,000**
(બે હજાર ફુટ) રસિડેન્શિયલ જગ્યા, સ્વિમિંગ પૂલ, નવુ બિલ્ડીંગ, 1 વર્ષમાં 20% વળતર,
યુઝર / ઈન્વેસ્ટર્સ સુવર્ણ તક (બ્રોકર માફ)
**9821008455 / 9820856671**
KParth
(૧૩૯-ડી)

**ઘાટકોપર ઈસ્ટ,**
**તિલક રોડ, 3 બેડરૂમ હોલ કિચન, 1080 કારપેટ, 1 પાર્કિંગ, ભાડેથી, રાજેશ શાહ, Growmore, 9867065522. (૧૩૯-સી)**

**ઘાટકોપર ઈસ્ટ,**
**નીલકંઠ વેલી, 5 બેડરૂમ હોલ કિચન + પુજા રૂમ 2530 કારપેટ, 3 પાર્કિંગ, વેચાણથી, રાજેશ શાહ, Growmore, 9867065522. (૧૩૯-એ)**

**ઘાટકોપર ઈસ્ટ,**
**વલ્લભબાગ લેન, 3 બેડરૂમ હોલ કિચન, 1100 કારપેટ ફુલ્લી ફર્નિષડ, 2 પાર્કિંગ, જૈન દેરાસર પાસે, ભાડેથી, રાજેશ શાહ, Growmore, 9867065522. (૧૩૯-બી)**

**તારદેવ**
2 બેડરૂમ - 725' - લીવ લાયસન્સથી ભાડુ - 75,000/= નેગોશીએબલ શાહ - 9820068382. (૧૫૩૭૪-એ)

**હાજીઅલી**
1 બેડરૂમ - 375' - લીવ લાયસન્સથી ભાડુ - 50,000/= શાહ - 9820068382. (૧૫૩૭૪-એ)

**નેપેન્સી**
4 બેડરૂમ - 2000' કાર્પેટ - ગેરેજ - પાર્કિંગ 15,50,0000/= નેગોશીએબલ - શાહ - 9820068382. (૧૫૩૭૪-એ)

**નાનાચોક**
$2^1/_2$ બેડરૂમ - 850' - પાર્કિંગ - ફરનીસ્ટ 6,50,00000/= શાહ - 9820068382. (૧૫૩૭૪-બી)

**તારદેવ**
2 બેડરૂમ - 752' - કાર્પેટ - પાર્કિંગ - ફરનીસ્ટ - 3,75,00000/= શાહ - 9820068382. (૧૫૩૭૪-બી)

**કેમ્સકોર્નર**
4 બેડરૂમ - 2400' - કાર્પેટ - પાર્કિંગ - સી.વ્યુ. - 15,50,00000/= નેગોશીએબલ 9820068382. (૧૫૩૭૪-બી)

**કેમ્સકોર્નર**
2 બેડરૂમ - 1050' - કાર્પેટ - ગેરેજ - પાર્કિંગ 6,0000000/= નેગોશીએબલ શાહ - 9820068382. (૧૫૩૭૪-સી)

**તારદેવ**
2 બેડરૂમ - 800' - કાર્પેટ - પાર્કિંગ 3,50,00000/= નેગોશીએબલ શાહ - 9820068382. (૧૫૩૭૪-સી)

**વાલકેશ્વર**
2 બેડરૂમ - 920' - પાર્કિંગ - સી.વ્યુ. 6,0000000/= નેગોશીએબલ શાહ - 9820068382. (૧૫૩૭૪-સી)

**વાલકેશ્વર**
1 બેડરૂમ - 520' - કાર્પેટ 3,25,00000/= શાહ - 9820068382. (૧૫૩૭૪-ડી)

**ગ્રાન્ટરોડ**
1 બેડરૂમ - 600' - કાર્પેટ 3,25,00000/= નેગોશીએબલ શાહ - 9820068382. (૧૫૩૭૪-ડી)

**ગામદેવી**
2 બેડરૂમ - 660' - કાર્પેટ - ફરનીસ્ટ - 3,0000000/= નેગોશીએબલ શાહ - 9820068382. (૧૫૩૭૪-ડી)

**તારદેવ (નવજીવન)**
**એક બેડરૂમ, ફુલ્લી ફર્નિશ્ડ, વેજીટેરીયન બિલ્ડિંગ, દેરાસર પાસે, પાર્કિંગ, રેડી પઝેશન. બે કરોડ. ભરતભાઈ - ૯૩૨૨૨૪૬૯૫૦. (બી-૧૬૩૧૬)**

**મલાડ (ઈસ્ટ)**
**સ્ટેશનથી 5 મિનિટે. બિલ્ડિંગમાં દેરાસર. 350' કાર્પેટ (Convertable) 85,00,000/ = 9819924798. (ઓનર). (૧૪૫-ઈ)**

**કાંદિવલી (વેસ્ટ)**
દહાણુકર વાડી મેટ્રો સ્ટેશન પાસે, 1 બેડરૂમ, ફર્નિશ્ડ ભાડેથી તેમજ 1 બેડરૂમ સેમી ફર્નિશ્ડ ફ્લેટ વેચાણથી આપવાનો. 7977618078. (૧૪૫-ડી)

**અંધેરી ઈસ્ટ**
સ્ટેશન નજીક નવા બિલ્ડિંગમાં આઉટરાઈટથી ૧ બેડરૂમ 474 કાર્પેટ હાયરફ્લોર, વિશાલ હોલ નજીક 2 BHK 725 કાર્પેટ. ''રીમા એસ્ટેટ'' 9820000627 / 7045660627. (એસડીબી-૨૭૮૧)

**કાંદિવલી (ઈસ્ટ)**
**ઠાકુર કોમ્પ્લેક્ષમાં 1 બેડરૂમ, હોલ કિચનનો ફ્લેટ વેચવાનો. સ્કૂલ, કોલેજ, હાઈવે નજીક. ''ભાવસાર'' - નાનું છતાં વિશ્વાસુ નામ. 9820124753. (૧૪૫-સી)**

**અંધેરી**
હાઈવે-નજીક, ચાલીમાં, ઓનરશીપ સેલ્ફ કન્ટેન્ડ 220' રૂમ વેચવાની. 9323188796. ૧૪૫-એ)

**માટુંગા સેન્ટ્રલ**
ફાઈવ ગાર્ડન અને મહેશ્વરી ઉદ્યાન નજીક - 3 BHK 1500' સેલ OC સાથે નવા બિલ્ડિંગમાં, 1 પાર્કિંગ. મહેશ 9819101457/ 9136799699. (૧૪૭-એ)

**ઘાટકોપર (ઈસ્ટ)**
ભાડેથી. પ્રાઈમ લોકેશન, 3 બેડરૂમ, હોલ, કિચન, 1030', સેમીફર્નીશ્ડ, લીફ્ટ, પાર્કિંગ, રેડી. લલિત મહેતા - 9323191622, 98190 98468. (૧૪૯-એ)

**ઘાટકોપર (ઈસ્ટ)**
**2 બેડરૂમ, હોલ, કિચન - 750' યુઝેબલ - 2.45 Cr, 3 બેડરૂમ, હોલ, કિચન - 1010' કારપેટ, 2.11 CR, 3 બેડરૂમ, હોલ, કિચન - 1050' યુઝેબલ - 3.15 Cr. સોલ એજન્ટ - HOME ALONE PROPERTY - જુગ્નું શાહ - 9833352224. (૧૪૯-બી)**

**ઘાટકોપર (ઈસ્ટ)**
**વિક્રાંત સર્કલ પાસે, 3 બેડરૂમ, હોલ, કિચન - 1050' યુઝેબલ કારપેટ, ફુલ્લી ફર્નિશ્ડ, ૨ કાર પાર્કિંગ, 3.15 Cr. સોલ એજન્ટઃ "HOME ALONE PROPERTY" જુગ્નું શાહ - 9833352224. (૧૫૦-એ)**

**ઘાટકોપર (ઈસ્ટ)**
**વલ્લભબાગ એક્ષટેનશન 2 બેડરૂમ, 765', 3 બેડરૂમ - 987', 2300' પીશફુલ પોલ્યુશન ફ્રી લોકેશન. "S. J. REAL ESTATE" 90222 79684. (૧૫૦-સી)**

**''લોઅર પરેલ''**
વર્લ્ડ ટાવર 4 બેડરૂમ 2700' સીલિંક વ્યુ 3 પાર્કિંગ 16,00,00,000/- નિતીનઃ 98672 22020. (૧૫૧-એ)

**કાંદિવલી (વેસ્ટ)**
એક્સક્લુઝિવલી ફુલ્લી ફર્નીશ્ડ 2 બેડરૂમનો ફ્લેટ, એમ.જી. રોડ, ભાડેથી મળશે. મહેન્દ્રભાઈ ગાલાઃ 7021916959. (૧૫૩૭૫/એ)

**અંધેરી ઈસ્ટ નવામાં**
વન બેડ (1.35) ટુ બેડ (1.55 થી 2.25) થ્રી બેડ (2.50 થી 3.25) ફર્નિશ્ડ/અનફર્નિશડ સ્ટેશનને ગંગર 8080524858. (બી-૧૬૩૧૨)

**સાઉથ મુંબઈ**
**બે/ત્રણ/ચાર બેડરૂમ-દેરાશર પાસે, વેચાણ/ભાડેથી, ફર્નિશ્ડ, સ્પેશિયસ, સારી સોસાયટીમાં-નેપિયન્સી/ વાલ્કેશ્વર/બ્રિચકેન્ડી/અલ્ટામાઉન્ટમાં લેવા/વેચવા/લીઝ માટે સંપર્ક- ભરતભાઈ - ૯૩૨૨૨૪૬૯૫૦. (બી-૧૬૩૧૭)**

**CHEMBUR**
Two Adjoining Flats available for Sell at Tilak Nagar Colony. Building will go in Redevelopment on or before March 2026. Call 9833986526. (SDB-2769)

IMMEDIATE POSSESSION. Rental / Sale Bungalows / Flats at Borivali, Kandivali, Juhu, Chembur, Deonar, Navi Mumbai. 7738964338, 7977677002, 7892258704. (B-16298)

**VILEPARLE (WEST)**
Luxurious 4 Bedroom, 2300', Near Station, Mandir, Peaceful Location, Ready Sale. Vinodbhai 8097960449, Bhavesh 9324001110. (15368/D)

**MARINE DRIVE**
3 Bed 1750' Carpet + Close Garage. Lower Floor, Panoramic Excellent Sea View. Ready to Move. Ashok Shah 9821036552 (SFRC). (122-E)

**MAHALAXMI READY OC FLATS**
**Resale and Investors Deals 2, 3 Bed 4.50 Cr., 7.35 Cr. 7 Star Amenities Rooftop Amenities also Byculla 2, 3 Bed with Jain Mandir and 7 Star Amenities Large Layout 3.35 Cr., 4.50 Cr. - 98192 27923. (B-16266)**

MahaRERA Registration No. P51800047071 available on https://maharera.mahaonline.gov.in
**GHATKOPAR EAST**
**NEELSIDHI BRINDAVAN**
ON VALLABH BAUG LANE
**3 BHK** LUXURY FLATS
**₹ 3.51 CR*.** ONWARDS
*T & C Apply
**READY POSSESSION**
**OC RECEIVED**
98334 69305
(B-16253)

GAMDEVI LABURNAM ROAD 1 BHK 580 Carpet on L/L or Outright Sale Rent 70,000 Sale Price 2:70 Cr. 9867010111 Buying Selling Leasing. (293)

DHAWALGIRI GAMDEVI 3 BHK 1200 Carpet Higher Floor Gamdevi 1200 Carpet with 2 Car Parking. 9867010111 Buying Selling Leasing. Price 7:5 Cr. (294)

2/3/4/5 BHK BUYING SElling Leasing in South Mumbai Premium Flats. Please Contact 9867010111 Peddar Road Breach Candy Malbarhill Chowpatty Marine Drive Nepeansea Road. A. Grade Flats in Premium Building. (295)

**MARINEDRIVE**
3 Bed 1750' Carpet + Close Garage. Lower Floor, Panoramic Excellent Sea View. Ready to Move. Contact Ashok Shah 9821036552 (SFRC) (152-A)

**MATUNGA - KING'S CIRCLE**
2 BHK for Sale, New Building with OC, Nr Indian Gymkhana, 12th Floor, 770 sqft. Parking. Rs. 3.40 Cr. Call: 9374543885. (148-A)

A Landmark address in GHATKOPAR East
**THE MANSION by DNK**
- G+3 PODIUMS + 10 RESIDENTIAL FLOORS
- 3 & 4 BHK PREMIUM APARTMENTS
- 10'10" (3.30 m) FLOOR TO FLOOR HEIGHT
- DECKS IN ALL LIVING ROOMS
- 2 WAY VEHICULAR RAMPS
- ALL SURFACE CAR PARKING
- DOUBLE HEIGHT ENTRANCE LOBBY
- LANDSCAPED AMENITY PODIUM

Unit sizes available:
: 3 BHK : 939 sq.ft. / 1011 sq.ft. 1141 sq.ft. / 1244 sq.ft.
: 4 BHK : 1343 sq.ft. / 1428 sq.ft. 2399 sq.ft. / 2583 sq.ft.



DNK Developers
Site Address: Plot No. 15, Khokhani Lane, Off 60 Feet Road, Ghatkopar East, Mumbai 400 077
Call for Site Visit: 9819848956
MahaRERA Registration No.: P51800080426 | Website: https://maharera.maharashtra.gov.in/
(KP-2530-B)

## ૧૮. જગ્યા જોઈએ છે

**રિડેવલપમેન્ટમાં ગયેલા**
બિલ્ડિંગોમાં ફ્લેટ / શોપ - અમારા ઈન્વેસ્ટર્સ માટે જોઈએ છે. (પેમેન્ટ રેડી છે.) 76666 44727. (૧૨૪-એ)

**વિલેપાર્લા/જુહુ**
અંધેરીમાં 1, 2, 3 બેડરૂમના ફ્લેટો/ઓફિસ આઉટરાઈટથી/લીવલાઈસન્સથી ''ધર્મેશ પારેખ'' 9892701450. (બી-૧૬૨૭૭)

**1 બેડ 40,000/-**
જોઈએ 3 વર્ષ માટે જૈન ફેમિલી માટે, ભાયખલા / મઝગાવ / લાલબાગ, પરેલ, દાદર, પ્રભાદેવી, તારદેવ, ગ્રાન્ટરોડ - 9819569698. (૧૨૨-ડી)

**જોઈએ છે**
૧ થી ૪ બેડરૂમના ફ્લેટો વેચાણથી/ લીવલાયસંસથી- ખાર/ બાંદ્રા/ શાંતાક્રુઝ/ જુહુ/ પાર્લા/ જુહુ સ્કીમ. સંપર્કઃ ''ચેતન નાગર'' 9820141544/ 9920141544. (બી-૧૬૨૨૫)

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**શિવડી/લોઅર પરેલ**
**ઔદ્યોગિક ગાળા ભાડાથી/ વેચાણથી ૨૫૦, ૫૬૫, ૧૫૦૦ ફુટ, બીજા અનેક પ્રપોઝલ વોટ્સઅપ કોલ ૯૮૬૭૪૪૭૩૯૧. (૮૫-એ)**

**વસઈ**
**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા- ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

**વસઈ - કામણ**
**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

**NAIGAON EAST**
**For Sale / Rent at, Village Bafane NH touch Vasai Heavy Industrial Zone individual G+3 Building height 16 ft. (5m), goods lift provided with terrace opening, ready to use with Occupation Certificate Received. Contact:- 9422092975 / 9881498187 / 9892028657. (SDB-2743)**

(જુઓ પાનું ૧૪) ▶▶

# બૅક એન્ડ

સ્પોર્ટ્સમૅન
અજય મોતીવાલા
feedback@bombaysamachar.com

## કુંબલે ને પંત જેવા કમબૅક કોઈના નહીં

### સ્પિન લેજન્ડ અનિલે જડબું તૂટી ગયા પછી પણ ફરી રમીને લારાની વિકેટ લીધેલી... રિષભે પગ તૂટવા છતાં બૅટિંગ કરીને લડાયક શક્તિ દેખાડી

રિષભ પંતની ખંતને સલામ. ઉત્તરાખંડના હરિદ્વારમાં જન્મેલા ભારતના આ ફાઇટરને ઈજા સાથે જાણે બહુ લેણું છે. જોકે દરેક ઘા થયા બાદ ઘાયલ શેરની જેમ લડવાની આ વિકેટકીપર-બૅટ્સમૅનની વૃત્તિ ખાસ કરીને છેલ્લા બે દિવસથી યુવા વર્ગના કરોડો લોકો માટે પ્રેરક બની રહી છે. ફુલ્લી ફિટ હોય ત્યારે સમરસૉલ્ટની સ્ટાઇલમાં સેલિબ્રેશન કરવું કે પછી ગંભીર ઈજાને અવગણીને મેદાન પર આવીને ટીમ માટે લડવું એ પંત માટે હવે સાવ સામાન્ય વાત છે.

ઘાયલ થયા પછી પણ દિલનો અવાજ સાંભળીને અને મન મક્કમ કરીને ફરી રમવું એવું પંતે પહેલી વાર નથી કર્યું. ૨૦૨૦-'૨૧માં સિડનીમાં પંતને કોણીમાં બૉલ વાગ્યો હતો અને તે હાથ મૂવ પણ નહોતો કરી શક્તો એમ છતાં પેઇનકિલર લઈને પહેલાં તો તે નેટમાં પ્રૅક્ટિસ કરવા ગયો હતો અને પછી મૅચમાં પોતાના નિર્ધારિત સ્થાન કરતાં ઉપરના ક્રમે બૅટિંગ કરવા આવ્યો હતો અને એક સત્રમાં ૯૭ રન કરીને ટેસ્ટને ડ્રૉ કરાવી હતી. મૅન્ચેસ્ટરમાં ચાલી રહેલી સિરીઝની ચોથી ટેસ્ટમાં પંતને સર્જરીવાળા જમણા પગમાં બૉલ વાગતાં ફ્રૅક્ચર થયું હતું અને તેણે વધુ રમીને પગને વધુ મુશ્કેલીમાં મૂકવાનું જોખમ વહોરીને છેક ૧૧મા નંબરે નહીં, પણ ટીમને જરૂર હતી એ સમયે બૅટિંગ કરી હતી. મૅચને ડ્રૉમાં લઈ જવાની હોય કે ટીમને જિતાડવાની હોય એવી સ્થિતિ પણ નહોતી. ભારતનો સ્કોર છ વિકેટે ૩૧૪ રન હતો અને બોલર્સને બોલિંગમાં બહુ સારી મૂવમેન્ટ પણ મળતી હતી. એ સંજોગોમાં પંત મૅન્ચેસ્ટરમાં હજારો પ્રેક્ષકોના સ્ટૅન્ડિંગ ઑવેશન વચ્ચે મેદાન પર આગમન કર્યું અને ૧૪૮ વર્ષની ટેસ્ટ ક્રિકેટના લડાકુ ખેલાડીઓમાં પોતાનું નામ લખાવી દીધું હતું.


અનિલ કુંબલ


રિષભ પંત

બુધવારે પંતને ક્રિસ વૉક્સના યૉર્કરમાં રિવર્સ સ્વીપ મારવા જતાં પગમાં બૉલ વાગ્યો ત્યાર પછી પળવારમાં પગનો નીચેનો ભાગ સુજી ગયો હતો. તે ચાલી નહોતો જ શક્તો, જમીન પર પગ પણ નહોતો મૂકી શક્તો એટલી તેની ઈજા ગંભીર હતી. તેને જોઈને જ બધાને ખાતરી થઈ ગઈ હશે કે તેને પગમાં ફ્રૅક્ચર થયું છે. ગુરુવારે સવારે સાથી ખેલાડીઓ પ્રૅક્ટિસ માટે મૅન્ચેસ્ટરના સ્ટેડિયમ તરફ આવવા રવાના થયા હતા ત્યારે પંતને વધુ સારવાર અને સ્કૅન માટે હૉસ્પિટલમાં જઈ જવામાં આવ્યો હતો. ડૉક્ટર તો તેને પાંચથી છ અઠવાડિયા પૂરો આરામ કરવાની સલાહ આપી હતી, પરંતુ પંતે તેમને જરૂર કહી દીધું હશે કે મારે ગમે એમ કરીને ફરી બૅટિંગ કરવી છે એટલે કંઈક એવું કરો કે હું મેદાન પર ઊતરીને પિચ સુધી પહોંચી શકું અને ક્યારેક રન દોડી શકું.

પંત મૂન બૂટમાં ફરી રમવા આવ્યો અને હાફ સેન્ચુરી પૂરી કર્યા બાદ ૫૪ રનના સ્કોર પર આઉટ થઈને પાછો આવ્યો ત્યારે પણ તેને પ્રેક્ષકોએ ઊભા થઈને તેની લડાયક શક્તિને બિરદાવી હતી.

પંતને ડિસેમ્બર, ૨૦૨૨માં ગંભીર કાર અકસ્માત નડ્યો હતો અને શરીરના અનેક ભાગોમાં તેને ઈજા થઈ હતી. જમણા પગમાં તેણે ત્રણ જગ્યાએ સર્જરી કરાવી હતી અને 'વિલ પ્લે અગેઇન'ના દૃઢ નિર્ધાર બાદ (ઘણા દિવસો સુધી કાખઘોડીની મદદથી ચાલ્યા બાદ) કુલ ૬૩૫ દિવસે મેદાન પર તેણે કમબૅક કર્યું હતું.

રિષભ પંતના ફાઇટિંગ સ્પિરિટે ૨૦૦૨માં અનિલ કુંબલની લડાયક ઇનિંગ્સની યાદ અપાવી છે. ૨૩ વર્ષ પહેલાં ઍન્ટિગામાં વેસ્ટ ઇન્ડિઝ સામેની ટેસ્ટ દરમ્યાન બૅટિંગ દરમ્યાન જડબું તૂટી ગયા પછી કુંબલેને ડૉક્ટરે સર્જરી કરાવવાની સલાહ આપી હતી. કુંબલેએ ઑપરેશન માટે બેંગલૂરુ પાછા આવવાની યોજના ઘડ્યા પછી એને બાજુ પર રાખીને અને પેઇનકિલર લઈને તે પ્રેક્ષકોના સ્ટૅન્ડિંગ ઑવેશન વચ્ચે મેદાન પર ઊતર્યો હતો અને બ્રાયન લારાની વિકેટ લઈને ઇતિહાસમાં પોતાનું નામ લખાવી દીધું હતું. જો કુંબલેએ ત્યારે એ લડત ન બતાવી હોત તો એ ટેસ્ટ ડ્રૉમાં ન ગઈ હોત અને ભારતે પરાજય જોવો પડ્યો હોત. ■

### પટૌડીએ એક આંખ ગુમાવ્યા પછી શાનદાર કેરીઅર માણી



(૧) ભારતના ભૂતપૂર્વ સુકાની મન્સૂર અલી ખાન પટૌડી ૧૯૬૧માં ૨૦ વર્ષના હતા ત્યારે તેમને ગંભીર કાર અકસ્માત નડ્યો હતો. વિન્ડસ્ક્રીનનો કોચ તેમની જમણી આંખમાં જતાં તેમણે કાયમ માટે એ આંખની દૃષ્ટિ ગુમાવી હતી. જોકે તેમણે ક્રિકેટમાં કરીઅર બનાવવાનો દૃઢ સંકલ્પ રાખ્યો અને આજે તેમનું નામ ભારતના ટોચના બૅટ્સમેનોમાં તેમ જ શ્રેષ્ઠ કૅપ્ટનોમાં લેવામાં આવે છે.

(૨) એપ્રિલ, ૧૯૮૩માં બાર્બેડોઝમાં મોહિન્દર અમરનાથને બૅટિંગ દરમ્યાન ખતરનાક ફાસ્ટ બોલર માલ્કમ માર્શલના બાઉન્સરમાં બૉલ મોં પર વાગ્યો હતો એમ છતાં મોહિન્દરે બે કલાક સુધી બૅટિંગ કરી હતી અને ૮૦ રન કર્યા હતા. કૅરિબિયનોને કદાચ ત્યારે જ ભારતીયોની લડાયક તાકાતનો અણસાર મળી ગયો હશે. જૂન, ૧૯૮૩માં ભારતે વેસ્ટ ઇન્ડિઝને ફાઇનલમાં હરાવીને વર્લ્ડ કપ જીતીને નવો ઇતિહાસ રચ્યો હતો.

(૩) ૨૦૧૦માં મોહાલીમાં ઑસ્ટ્રેલિયા સામેની ટેસ્ટમાં વીવીએસ લક્ષ્મણને પીઠમાં અસહ્ય દુખાવો શરૂ થયો હતો. પહેલા દાવમાં તેણે ૧૦મા નંબરે બૅટિંગ કરી હતી અને ફક્ત બે રન કર્યા હતા. બીજા દાવમાં ભારતે જીતવા ૨૧૬ રન કરવાના હતા. લક્ષ્મણ સાતમા નંબરે બૅટિંગ કરવા આવ્યો હતો. ત્યારે ભારતે ૭૬ રનમાં પાંચ વિકેટ ગુમાવી દીધી હતી. ૧૨૪મા રને ભારતે આઠમી વિકેટ પણ ગુમાવી દીધી હતી અને લક્ષ્મણ દોડી પણ નહોતો શક્તો કે પગ આસાનીથી મૂવ પણ નહોતો કરી શક્તો એ હાલતમાં તેણે મિચલ જૉન્સન, શેન વૉટસન, બેન હિલ્ફેનહૉસ, ડગ બૉલિન્જર અને નૅથન હૉરિટ્ઝ જેવા જાણીતા બોલરનો સામનો કરીને ૧૮૨ મિનિટ સુધી ક્રીઝ પર ટકી રહીને ૭૯ બૉલમાં અણનમ ૭૩ રન કર્યા હતા અને ભારતને એક વિકેટના માર્જિનથી રોમાંચક અને યાદગાર વિજય અપાવ્યો હતો.

(૪) ૨૦૨૧માં સિડનીમાં નવા વર્ષની ટેસ્ટમાં ઑસ્ટ્રેલિયા સામેની ટેસ્ટના બીજા દાવમાં ભારતે ૪૦૭ રન કરવાના હતા. ભારતે ૨૭૭ રનમાં પાંચ વિકેટ ગુમાવી દીધી હતી. રવિચન્દ્રન અશ્વિન પીઠના અસહ્ય દુખાવા છતાં બૅટિંગમાં આવ્યો હતો અને પિચ પર હનુમા વિહારી સાથે જોડાયો હતો. હનુમા વિહારીને ત્યારે પગના સ્નાયુઓ ખેંચાઈ જવાની ગ્રેડ-ટૂ પ્રકારની તકલીફ થઈ હતી. એ ઈજા એવી હતી જેમાં ખેલાડીએ તાબડતોબ રમવાનું છોડીને થોડા અઠવાડિયા આરામ કરવો પડે, પરંતુ હનુમા અઢી કલાક રમ્યો હતો અને ૨૩૭ મિનિટની ઇનિંગ્સમાં તેણે ૧૬૧ બૉલમાં અણનમ ૨૩ રન કર્યા હતા. તેની સાથે અશ્વિન ૧૯૦ મિનિટ સુધી ક્રીઝમાં રહીને ૧૨૮ બૉલમાં ૩૯ રન પર અણનમ રહ્યો હતો અને તેમણે બન્નેએ મૅચ ડ્રૉ કરાવી હતી.

અરાઉન્ડ ધ વર્લ્ડ
પ્રતીક્ષા થાનકી
pratiksha.thanki@bombaysamachar.com

## કાવાગુચિકોના રસ્તે માઉન્ટ ફુજીનું ટ્રેનમાંથી જ ફોટોશૂટ...



અલગ અલગ સીઝનમાં બે-ત્રણ વાર જાપાન આવી ચૂકેલાં લોકોને કોઈ ને કોઈ કારણસર માઉન્ટ ફુજી જોવાનું રહી જાય છે એવું સાંભળવામાં આવેલું. એવામાં અમે ટ્રિપ પ્લાન જ એ રીતે કરી હતી કે જો વેધર સાથ આપે તો અમે ફુજી-સાનને જોયા વિના પાછાં નહીં જ જઈએ. હાકોનેની પહેલી ટ્રિપ દરમ્યાન તો માત્ર બસ પાર્કિંગ લોટમાં ઝલક બતાવીને ફુજીએ અમને વાદળો પાછળ છુપાઈને હાથતાળી આપી દીધી હતી. આવું બનવાની પૂરતી તૈયારી સાથે અમે ટોક્યોમાં પૂરતા બફર સાથે કામ પ્લાન બનાવેલો. અને એ બફરનો ઉપયોગ કરવા માટે અમે એક સવારે આખો દિવસ વરસાદ નહીં જ પડે તેની ખાતરી સાથે કાવાગુચિકો જોવા નીકળી પડ્યાં હતાં. હજી સુધી અમને ટોક્યો અને આસપાસની ડે ટ્રિપમાં હાકોનેના બે કલાક બાદ કરતાં ક્યાંય સરખો તડકો ચાખવા મળ્યો ન હતો. હવે જે દિવસે કાવાગુચિકોનો પ્લાન બન્યો હતો તે દિવસે તો બેગમાં સાવ સંતાડી દીધેલું સનસ્ક્રીન બહાર કાઢવાનો સમય આવી ગયો હતો.

કાવાગુચિકો કઈ રીતે જઈશું તેનું ટેમ્પલેટ તો હાકોને જેવું જ હતું. સવારમાં ફરી પાછું શિન્જૂકુ સ્ટેશન પહોંચો અને ટૂરિસ્ટની ભીડ વચ્ચે એ દિશાની સૌથી સુટેબલ ટિકિટ ખરીદો. અગાઉથી ટિકિટ બુક કરી રાખવામાં ઘણો ફાયદો થઈ શકે, પણ તેમાં તમને પ્લાન બદલવાની ફ્લેક્સિબિલિટી ન મળે. અમે કાવાગુચિકો તડકો જોઈને નીકળવાનાં હતાં. અમને પૂરતી આશા હતી કે ટોક્યોના એ અઠવાડિયામાં ક્યાંક તો એવો દિવસ મળી જ જશે જ્યાં કોઈ પણ જાતની શંકા વિના અને વિન્ડશિટર વિના બહાર જઈ શકાશે. હજી અમને બુલેટ ટ્રેન લેવાનો પણ મોકો મળ્યો ન હતો. જાપાનની બીજી રિજનલ ટ્રેનો પણ એટલી જ એફિશિયન્ટ અને ક્લીન હોય છે. ટોક્યોથી કાવાગુચિકો પહોંચવાનો સૌથી સરળ રસ્તો તો બસ લઈને જવાનો હતો. શિન્જૂકુમાં પાંચ માળનું બસ સ્ટોપ અનુભવવાનો પણ તે દિવસે મોકો મળી ગયો. જોકે વેધરની ખબર પહેલેથી જ એવી ફેલાઈ ગઈ હતી કે અમને બસની તો ટિકિટ જ ન મળી.

હવે જરા મોંઘી રિજનલ ટ્રેન લેવાનો એક માત્ર ઉપાય હતો. ટૂરિસ્ટ ઇન્ફોર્મેશન પર અમને પૂરા સપોર્ટ સાથે કાવાગુચિકો જવાની ટ્રેન અને પાછાં આવવાની બસ, બંનેની ટિકિટ મળી ગઈ. આમ તો ત્યાં રહી જવાનું પણ યોગ્ય રહ્યું હોત. ખાસ તો એટલા માટે કે ફુજી સાથે સનસેટના ફોટા અને ત્યાં આસપાસ હાઇક કરવાની અલગ મજા લઈ શકાય. અમને તે ચળકતા દિવસે હાઇક કરવાનો અને ફુજીનાં અલગ અલગ દિશા તરફથી ફોટા પાડવાનું તો મળવાનું જ હતું. સાથે જાપાનીઝ ગ્રામ્ય જીવન કઈ રીતે ઊભરાઈ રહેલા ટૂરિઝમ વચ્ચે પણ પોતાની ઓળખ જાળવીને બેઠું છે અને ત્યાંનું ઇન્ફ્રાસ્ટ્રક્ચર કઈ રીતે દરેક પ્રકારનો ઓવરલોડ ચલાવીને પણ સજ્જડ છે તે જાણવાની અને અનુભવવાની સૌથી મજા આવી હતી.


શિન્જૂકુથી ફુજીક્યુ લાઈન પર જેઆર રેલની ટ્રેનમાં અમારે ઓત્સુકીમાં સ્ટોપ કરી, ટ્રેન બદલીને કાવાગુચિકો તરફની ટ્રેન લેવાની હતી. અમને પહેલેથી જ કહી દેવાયેલું કે ઓત્સુકીથી કાવાગુચિકોનો રૂટ ઓવરબુક્ડ છે. બે કલાકની તે જર્નીમાં ઓત્સુકી દોઢ કલાક પછી આવતું હતું. ટ્રેન બદલ્યા પછી માંડ અડધો કલાકની ટ્રેનમાં તો ઊભા રહીને જતાં રહીશું. જોકે તે ટ્રેનમાં તો ઊભા રહેવાની જગ્યા પણ માંડ માંડ મળી. ત્યાં પહેલેથી જ ઊભાં રહેનારાં પેસેન્જર્સ પણ હતાં જ. શિન્જૂકુથી ઓત્સુકીતો લક્ઝરી સીટ્સમાં જલસાથી ગયેલાં. અને સ્ટેશનથી થોડુંક બહાર નીકળતાં જ છેક ટોક્યોથી જ ફુજી-સાન દેખાવા લાગે છે.

મારી અને કુમારની સીટ બાજુબાજુમાં ન હતી. બંનેને અલગ અલગ આઇલ સીટ મળેલી. મારી બાજુમાં કોઈ જાપાનીઝ કોર્પોરેટ યુવાન હતો. તે ક્રિસ્પી વ્હાઇટ શર્ટ અને ગ્રે સુટમાં પોતાના લેપટોપ પર કામ કરતો હતો. ટ્રેન પર આવાં ઘણાં રૂટિન કોમ્યુટર્સ પણ હતાં. તેણે જેવો ફુજી દેખાવાનો ચાલુ થયો કે મારું ધ્યાન એ તરફ દોર્યું. મેં તેને કહ્યું, તમારો દેશ ખૂબ સુંદર છે. એણે અહોભાવથી આભાર માન્યો અને મને કહે તમે ભારતનાં છો, મને ત્યાંનાં લોકો ખૂબ ગમે છે. હું પણ ક્યારેક ત્યાં જઈશ. માંડ પચીસ-ત્રીસ વર્ષનો આ યુવાન હજી દુનિયાભરનાં ટૂરિસ્ટથી કંટાળ્યો ન હતો. બાકી આજકાલ જાપાનમાં ઓવર-ટૂરિઝમ વિષે લોકલ્સની ઘણી ટિપ્પણીઓ જોવા મળી જતી હોય છે.

ઓત્સુકી પછી તો ફુજી-સાન એટલો નજીક આવી ગયેલો કે જમણી તરફની દરેક બારીમાંથી દેખાતો હતો. અમે ઊભાં ઊભાં પણ બારીની બહારના ફોટા પાડી શક્યાં હતાં. અહીં રસ્તામાં જે ઘરો દેખાતાં તેમની માવજત, ગાર્ડન્સ, કાર, લોકોની બારી, એપાર્ટમેન્ટસ, બધું સાધારણ હોવાં છતાં અસાધારણ અને જાપાનીઝ લાગતું હતું. આમ તો જાપાનમાં લોકો જરૂર ન હોય અને પોસાય તેવું ન હોય તો ઘર ખરીદવાનું અને વારસામાં લેવાનું પણ ટાળે છે. ત્યાં જમીન અને ઘર મેન્ટેન કરવાની અલગ જ માથાકૂટ હોય છે. અહીં મોટાભાગે તો લોકો શક્ય એટલાં નાનાં ઘરમાં રહેવાનું પસંદ કરતાં હોય છે.

ફુજી-સાનના પડછાયામાં ઘણાં નાનાં-મોટાં ગામ નજરે પડતાં હતાં. એમ લાગ્યું કે હવે તેમાંથી ઘણાં ગામનાં ઘરો તો એર-બી-એન્ડ-બી માટે ભાડે જ આપવામાં આવતાં હોય તો પણ નવાઈ નહીં. ફુજીની તળેટીમાં જ એક ગામમાં તો એક એડવેન્ચર અમ્યુઝમેન્ટ પાર્ક પણ હતો. ત્યાં ચકડોળમાં ઊપરથી ફુજી જોવાની પણ જરા અલગ મજા આવી શકે તે ચર્ચામાં અમને છેલ્લાં બે સ્ટોપ પહેલાં સાથે બેસવાની બારી પાસે જગ્યા મળી ગઈ. હવે તો ફોટા પાડવાની ઓર મજા આવી ગઈ. આત્સુનીથી કાવાગુચિકો વચ્ચેની ટ્રેન લોકલ જેવી હતી, દરેક ગામમાં ઊભી રહેતી, અને દરેક ગામમાં પ્રવાસીઓ સામાન સાથે નીચે ઊતરતાં હતાં. અમે તો એ દરમ્યાન ટ્રેનમાંથી જ ફુજીસાનના અલગ અલગ સ્ટાઇલમાં ફોટા પાડીને આખું ફોટો શૂટ કરી નાખ્યું. હજી ફુજી દર્શન માટે પહાડ ચઢવાનો તો બાકી હતો. ■







ક્લોઝ અપ
ભરત ઘેલાણી
feedback@bombaysamachar.com

# 'મૂનલાઈટિંગ'નાં કેવાં છે વાદ-વિવાદના આ અંધારા?



ફરી એક વાર એકથી વધુ જગ્યાએ જોબ કરીને વધારાની આવક રળતી વ્યક્તિ સામે વિરોધની આંગળી ચીંધાઈ છે. વાર-તહેવારે આ મૂનલાઈટિંગ'ના ભૂત-પલિત કેમ ધૂણે છે અને કોર્પોરેટરની દુનિયાને કેમ ધ્રુજાવે છે?


સોહમ પારેખ



ભાષા કોઈ પણ દેશ-વિદેશ કે પ્રાંતની હોય, એ દરેકમાં એક અજાયબી એકસરખી હોય છે. આપણી બોલવાની-લખવાની ભાષામાં અવારનવાર કેટલાક અજાણ્યા શબ્દો ટપકી પડે એમાંથી અમુક લાંબો સમય સુધી ટકી જાય તો કેટલાક જેટલી ઝડપે આવ્યા હોય એથી બમણી ગતિએ અલોપ થઈ જાય-વિસરાઈ પણ જાય.

ત્રણેક વર્ષ પહેલાં બે ઈંગ્લિશ શબ્દોએ બધાનું વિશેષ ધ્યાન ખેંચ્યું હતું. એ શબ્દ હતાઃ 'ગેસલાઈટિંગ' અને 'મૂનલાઈટિંગ'. એ વખતે 'મૂનલાઈટિંગ' શબ્દની સરખામણીએ 'ગેસલાઈટિંગ' શબ્દનો વપરાશ વધુ હતો.

પાછળથી એ બન્ને ક્રમશઃ ગુમ થઈ ગયા અને હવે એમાંથી એક શબ્દ 'મૂનલાઈટિંગ' ફરી અચાનક ચલણમાં પ્રગટ્યો છે અને એની સાથે વિવાદ પણ લાવ્યો છે.

આમ તો આપણે આજે અહીં 'મૂનલાઈટિંગ'ની વધુ વાત કરવી છે. આમ છતાંય બન્ને શબ્દને સમજી લઈએ...

'ગેસલાઈટિંગ' એટલે એક એવા પ્રકારની ભ્રામક સ્થિતિનું સર્જન છે, જે હકીકતમાં ન હોય તો પણ મનોમન સાચી લાગવા માંડે અને જયારે મન-મગજની આ રમતમાં કોઈને ઈરાદાપૂર્વક આડે રસ્તે ચઢાવવાનું ષડ્યંત્ર રચે ત્યારે એ 'ગેસલાઈટિંગ' તરીકે ઓળખાય છે, જેને મનોવિજ્ઞાનીઓ 'ઈમોશનલ એબ્યૂઝ' તરીકે ઓળખાવે છે. આવા 'અત્યાચાર'વાળા કથાનક પરથી થોડાં વર્ષ પહેલાં હોલિવૂડમાં 'ગેસલાઈટિંગ'ના જ ટાઈટલ સાથે બનેલી એક ફિલ્મ 'ઑસ્કર' વિજેતા ઠરી હતી.

બીજી તરફ, 'ગેસલાઈટિંગ'ની જેમ અગાઉ ચલણમાં આવીને અલોપની ખીણમાં ધકેલાઈ ગયેલો શબ્દ 'મૂનલાઈટિંગ' શબ્દ હમણાં કબ્રસ્તાનમાંથી સફાળા જાગેલા ભૂતની જેમ ધૂણવા લાગ્યો છે...

આનું તાજું કારણ બન્યો છે મૂળ આમચી મુંબઈનો ,પણ હાલમાં અમેરિકામાં સ્થાઈ થયેલો સોફટવેર ઈજનેર સોહમ પારેખ.. આજે અમેરિકામાં લોકો જોબ ગુમાવી રહ્યા છે ત્યારે આ ૨૭ વર્ષીય સોહમ પોતાના મૂળ જોબની સાથે ખાનગીમાં અમેરિકાની ૪-૫ સ્ટાર્ટઅપ કંપનીમાં 'મૂનલાઈટિંગ' કરીને અચ્છી કમાણી કરી રહ્યો છે ને સાથે વિવાદ પણ સરજી રહ્યો છે.

સોહમ પારેખનો 'મૂનલાઈટિંગ'નો કિસ્સો હમણાં ગાજી રહ્યો છે ત્યારે આ અગાઉ પણ આવા જ 'બ્રેકિંગ ન્યૂઝ' આપ્યા હતા આપણી વિખ્યાત આઈ.ટી કંપની 'વિપ્રો'એ જાણીતા ઉદ્યોગ સાહસિક દાનવીર એવા અઝિમ પ્રેમજીની 'ઈન્ફોર્મેશન ટેકનોલોજી' (IT) ફિલ્ડમાં વ્યાપક વ્યવસાય ધરાવતી આ કંપનીએ પોતાના ૩૦૦ સ્ટાફરને એકસામટા જોબ પરથી તગેડી મૂક્યા હતા! આવડી મોટી સંખ્યામાં કર્મચારીઓને સાગમટે કાઢી મૂકવાનું કારણ હતુંઃ 'મૂનલાઈટિંગ'..!

આમ તો આ 'મૂનલાઈટિંગ' શબ્દ સાંભળો-વાંચો ત્યારે આપણને શીતળ 'ચન્દ્રપ્રકાશ'ની અનુભૂતિ થાય એ સહેજે છે, પણ એ શબ્દ ઠંડક પ્રસારવાને બદલે કેવો દાહક છે એ તો એણે સર્જેલા ભૂતકાળના અને તાજેતરના વાદ-વિવાદ અને વિખવાદથી જ સમજાય...

આ શબ્દ ઈન્ફોર્મેશન ટેકનોલોજીમાં ('આઈટી' ફિલ્ડ) આજે સ્ફોટક કેમ બન્યો એ જાણતાં પહેલાં 'મૂનલાઈટિંગ' વિશે થોડું સમજી લેવા જેવું છે.

ધારી લો કે તમે કોઈ ચોક્કસ કંપનીમાં સવારથી સાંજ જોબ કરતા હો એ નિયત સમય પતાવીને તમે બીજી જગ્યાએ પણ અમુક કલાક વધારાનું કામ કરો પછી તમે ત્યાંથી પણ મહેનતાણું મેળવો એને આપણે 'પાર્ટટાઈમ' જોબની કમાણી કહીએ છીએ. આમ તો મોટાભાગના માલિકોને એના સ્ટાફરના આવા વધારાના કામ અને આવકથી વાંધો પણ નથી હોતો. હવે 'મૂનલાઈટિંગ' એટલે મૂળ જોબ ઉપરાંત વધારાનું એવું કામ, જેના વિશે ફૂલટાઈમ જોબ કરતા હો એ કંપનીને એની જાણ ન હોય. મૂળ માલિકથી તમે છૂપાવીને જે વધારાનું કામ કરીને આવક રળો છે એ બની શકે કે તમારા મૂળ કંપનીનાં કામ કે હિતને નુકસાનકારક પણ હોય શકે...

બીજા શબ્દોમાં કહીએ તો તમારા મૂળ બોસની પીઠ પાછળ રાતના અંધારામાં થતી વધારાની આવકવાળા કામ માટે 'મૂનલાઈટિંગ' શબ્દપ્રયોગ થાય છે. આવાં કામ ઉપરાંત પતિ-પત્ની કે પ્રેમીયુગલના એક કરતાં વધારાનાં લફરાં માટે પણ 'મૂનલાઈટિંગ' શબ્દ જાણીતો છે.!

આ શબ્દપ્રયોગ કોરોનાના બે-અઢી વર્ષ પછી વધુ 'પ્રકાશ'માં આવ્યો છે, કારણ કે આ પ્રકારનાં કાર્ય કોરોના લૉકડાઉન દરમિયાન અને એ પછી પણ વધુ પ્રમાણમાં થયાં. કોરોનાને લીધે સર્વવ્યાપી ઘરબંધી વખતે શરૂઆતમાં તો ઘણાને 'વર્ક ફ્રોમ હોમ' (WFH)ની વ્યવસ્થા ફાવી ગઈ,પણ કપાતા પગારે ફૂલટાઈમ જોબની આર્થિક સંકડામણ ઘણાને પજવવા માંડી પછી અમુક ભેજાંબાજોને એનો ઉપાય ઘરબંધીમાં જ મળી ગયો...

એ સમયે આપણે ત્યાં અનેક પગારદાર લોકો ઘરે બેસીને પોતાની ઑફિસનાં 'વર્ક ફ્રોમ હોમ'ની સાથે બીજાંનાં કામનું પણ 'મૂનલાઈટિંગ' કરતાં હતાં. અમેરિકામાં તો આ 'મૂનલાઈટિંગ'નું જબરું ચક્કર ચાલે છે. સોહમ પારેખ જેવા અમુક વીરલાઓ મૂળ નોકરીની સમાંતરે બીજી ચાર-પાંચ કંપનીના જોબ બિન્દાસ કરતા હોય છે...!

થોડા સમય પહેલાં ત્યાંના એક સ્ટાફરે પોતાના સોશ્યલ મીડિયા પર પોરસાઈને એવી પોસ્ટ મૂકી હતી કે કોરાનાકાળમાં એક સાથે પાંચ સ્થળે 'મૂનલાઈટિંગ' કરીને હું ૭ લાખ ડૉલર એટલે કે આજના ભાવે આશરે ૬ કરોડ ૭૫ હજાર રૂપિયા કમાયો હતો...!

આવા જ વધારાનાં કામ ને વધારાની આવકનો માહોલ આપણે ત્યાં પણ બહુ ઝડપથી ખાનગીમાં જામી રહ્યો હતો ત્યાં અઝિમ પ્રેમજીની 'વિપ્રો'એ અચાનક ધડાકો કરીને પોતાને ત્યાં આવું 'મૂનલાઈટિંગ' કરતાં ૩૦૦ સ્ટાફરોને એકસાથે બરતરફ કરીને 'આઈટી' સેક્ટરમાં સોપો પાડી દીધો.. 'વિપ્રો'નું કહેવું છે કે જેમને અમારે ત્યાંથી તગેડી મૂકવામાં આવ્યા છે એમાંના ઘણા તો અમારી હરીફ એવી અનેક કંપની માટે 'મૂનલાઈટિંગ' કરતા હતા...! મૂળ કંપની સાથે આ રીતે દગો-ફટકો કરવો એ નૈતિક ગુનો ગણાય... આવી 'મૂનલાઈટિંગ'ની પ્રવૃત્તિ પર અંકુશ મૂકવાનો હવે કંપનીઓ પાસે એક જ ઉપાય છે કે આવા દૂષિતોને જોબ પરથી તગેડી મૂકવા અને બીજા સ્ટાફર્સ પાસે ઘેરબેઠા કામ કરાવાને બદલે એમના કાન પકડીને તાત્કાલિક ઑફિસ ભેગા કરવા...!

હવે ફરી તાજેતરના સોહમ પારેખની તાજા વિવાદ પર પરત આવીએ તો સોશ્યલ નેટવર્કિંગ મીડિયામાં ફરતી કેટલી પોસ્ટ અનુસાર સોહમ પારેખ એના આઈટી વ્યવસાયમાં કાબેલ છે. એની AIને લગતી ટેકનિકલ સ્કીલ-નોલેજ ભલભલાને પ્રભાવિત કરે એવું છે તો અમુકની ફરિયાદ પણ છે કે એક વાર 'મૂનલાઈટિંગ' જોબ મળી ગયા પછી કામ પર ખાસ ધ્યાન આપતો નથી...

જોકે એક સાથે ૪-૫ કંપનીમાં જોબ કરવાની પોતાની 'મૂનલાઈટિંગ' પ્રવૃત્તિનો બચાવ કરતાં સોહમ ખુદ બચાવ કરતા કહે છે કે આજની મોંઘવારીમાં એક જોબના પગારથી ઘર ચાલતું નથી એટલે મૂળ કંપનીનાં કામ પૂરી નિષ્ઠા સાથે કર્યા પછી સાઈડમાં અઠવાડિયાના ૧૪૦ કલાક એક કરતાં વધુ 'મૂનલાઈટિંગ' જોબ કરું તો ખોટું શું છે?

મૂળ કંપનીના જોબમાં આવી 'બેવફાઈ' કરવા માટે ઘણાએ સોશ્યલ મીડિયા પર સોહમને વખોડ્યો છે તો બીજી તરફ, અનેકે આવી આવી 'થોડી સી બેવફાઈ' કરતાં સોહમને એની 'મલ્ટિટાસ્કિંગ સ્કીલ' માટે વધાવ્યો પણ છે!

આમ સૈદ્ધાંતિક રીતે 'મૂનલાઈટિંગ' ભલે ઝડપથી વ્યાપી રહેલી એક બદી ગણાય, પણ સામે છેડે એક વર્ગ એવો પણ છે, જે 'મૂનલાઈટિંગ'ને માન્યતા આપવાની હિમાયત પણ કરે છે...!


જાણીતી આઈ.ટી કંપની 'ટેક મહિન્દ્રા'ના સંચાલકો પણ કહે છે કે મૂળ કંપનીની કામગીરી બરાબર બજાવતા સ્ટાફર વધારાની આવક રળવા માટે જો કોઈ પણ પ્રકારના ફ્રોડ-છેતરપિંડી ન કરતા હોય તો એમને એ 'વધારા'નું કામ કરવા દેવું જોઈએ..! ઓછા મહેનતાણાથી અસંતુષ્ઠ રહેતો કર્મચારી પોતાના કામમાં લોચા મારે-મન મૂકીને ન કરે એનાં કરતાં તો બહારથી વધારાની આવક રળીને કંપનીનું કામ પણ બહેતર રીતે કરે એમાં કશું ખોટું નથી...!

ખુદ કેન્દ્ર સરકારના કૌશલ વિકાસ ખાતાના પૂર્વ રાજ્યકક્ષાના મંત્રી રાજીવ ચન્દ્રશેખરે તો શબ્દ ચોર્યા વગર સ્પષ્ટ કહ્યું હતું કે જો કંપની સાથે થયેલા કરારના મૂળ નીતિ-નિયમોનો ભંગ ન થતો હોય તો સ્ટાફર લેટેસ્ટ ટેકનોલોજી શીખી - વધારાનું જ્ઞાન મેળવીને બહારનું કામ કરે અને ભલેને અંગત આવક વધારે એ બધાને સરવાળે આખરે તો એની મૂળ કંપનીને પણ ફાયદો થાય માટે સ્ટાફરની 'મૂનલાઈટિંગ' વૃત્તિ-પ્રવૃત્તિને સરકાર સહિત બધાએ પ્રોત્સાહન આપવું જોઈએ..! ■

ફોકસ
વિણા ગૌતમ
feedback@bombaysamachar.com

# વરસાદનું પિયર એટલે મૉસિનરામ ગામ...









કોઈ શહેર નાનું કે મોટું હોય તે જગ્યાની પોતાની એક ઓળખ અને વિશેષતા હોય છે જે બીજી જગ્યાઓથી અલગ હોય છે. ભારતની લોકપ્રિય જગ્યાઓને શોધીને તમારા સુધી પહોંચાડીયે છીએ. ચાલો આજે જાણીયે વાદળો અને વરસાદનું પિયર એટલે કે મૉસિનરામ ગામ.

દોઢ દાયકા પહેલાના લોકોના જનરલ નોલેજના હિસાબે ચેરાપૂંજી એ એવી જગ્યા છે જ્યાં સૌથી વધારે વરસાદ પડતો હતો. જો આજે પણ તેઓને પૂછવામાં આવે કે સૌથી વધારે વરસાદ ક્યાં પડે છે તો તેઓ એક પણ ક્ષણ વિચાર્યા વગર ચેરાપૂંજીનું જ નામ આપશે, પરંતુ જે લોકોએ છેલ્લા એક દાયકામાં પોતાનું જનરલ નોલેજ અપડેટ કર્યું છે તેઓ ચેરાપૂંજીની બદલે મૉસિનરામ ગામનું નામ લેશે. આમ જોઈએ તો બન્ને ગામની વચ્ચે અંતર ખૂબ જ ઓછુ છે. આ બન્ને જગ્યાઓ મેઘાલયમાં આવેલી છે, પરંતુ મૉસિનરામ ગામ એ સૌથી વધુ વરસાદવાળી જગ્યાઓનો બાદશાહ બની ગયો છે.

ગિનીઝ બુક ઓફ વર્લ્ડરેકોર્ડમાં મૉસિનરામ ગામનું નામ સૌથી વધુ વરસાદવાળી જગ્યામાં નોંધવામાં આવ્યું છે. અહીં આખા વર્ષમાં લગભગ ૬ થી ૮ મહિના સુધી લગભગ રોજ વરસાદ પડે છે અને દેશના બાકીના ભાગ કરતા લગભગ ૧૦ ગણો વધારે વરસાદ થાય છે. એક વર્ષમાં લગભગ ૧૧,૮૭૧ મિલીમિટર.

દુનિયામાં આટલો વધારે વરસાદ માત્ર આ જગ્યાએ જ પડે છે. મૉસિનરામ આ દાવાને ચુનોતી આપવા થોડા વર્ષો પહેલા કંબોડિયાના એક શહેર યૂરોને એવો દાવો કર્યો હતો કે, તેમને ત્યાં વર્ષમાં ૧૨,૭૧૭ મિલીમિટર વરસાદ પડે છે. આ બાબતે જ્યારે ગિનીઝ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડે સંશોધનો કર્યા ત્યારે આ બાબતને નકારવામાં આવી હતી. એમ કહી શકાય કે, મૉસિનરામ ગામ દુનિયામાં સૌથી ભીની જગ્યા છે. અહીં 'વેટેસ્ટ પ્લેસ ઓફ અર્થ 'નું સાઈન બોર્ડ પણ છે.

સાલ ૧૯૭૩ થી ૨૦૧૯ની વચ્ચે મોસમ વિજ્ઞાનના ડેટા અનુસાર ચેરાપૂંજીમાં મૉસિનરામ કરતા ૦.૪૨ મિલીમિટર વરસાદ ઓછો થયો હતો. આ કારણે જ સૌથી વધારે વરસાદ પડવાનો તાજ જે ચેરાપૂંજીના માથે હતો તે હવે મૉસિનરામ નામક ગામને માથે સજે છે. આના હિસાબે દેશ વિદેશના અનેક પર્યટકો અહીં ફરવા આવે છે જેથી તેઓની આવક વધી છે. પહાડો પર હોવા છતાં સૌથી વધારે વરસાદ પડવાના કારણે મૉસિનરાવ ગામની એક પણ દુકાન ખુલ્લામાં હોતી નથી.

મૉસિનરાવમાં થતો પુષ્કળ વરસાદ પર્યટકો માટે એક રોમાંચક અનુભવ પરંતુ ત્યાંના રહેવાસીઓ માટે એક બહુ મોટી સમસ્યા છે. લગભગ ૬ થી ૮ મહિના વરસાદ પડવાને કારણે અહીં કોઈપણ જાતની ખેતી થઈ નથી શકતી. જ્યારે વરસાદ ન પડે ત્યારે જે ખેતી કરવામાં આવે તે જ આખું વર્ષ ચલાવવી પડે છે. અહીં મોટાભાગની ખાવા પીવાની વસ્તુઓનો ખૂબ જ અભાવ હોવાથી શિલાંગથી આવે છે. મૉસિનરામમાં નાની વસ્તુઓ જેમ કે, નમકીન અને બિસ્કિટ ખૂબ જ મોટી વસ્તુ છે કારણકે આવી વસ્તુઓ પણ અહીં ખૂબ જ મુશ્કેલીથી મળે છે. મૉસિનરામમાં લોકોને સુતરાવ કપડા પહેરવાના ફાયદા ખબર હોવા છતાં તેઓ પહેરી નથી શકતા કારણકે, સુતરાવ કપડાં મહિનાઓ સુધી સુકાતા નથી.

અહીં લોકો ખાસ કરીને સિંથેટીક કપડાં પહેરે છે અને કપડાં સુકવવા માટે ડ્રાયરનો ઉપયોગ કરે છે. આ સાથે આ ગામની થોડી વિશેષતા પણ છે જેમકે, અહીં પાણીમાં ઊગવાવાળા પાંદડાવાળા શાકભાજી ખૂબ મળે છે.

પાણી ભરપૂર હોવાને કારણે અહીં માછલીઓનું પ્રમાણ વધુ છે. અહીંના લોકો મોટેભાગે સાંજે લાલ ચા અને એક ખાસ પ્રકારનો પુલાવ ખાય છે જેને શોહરા પુલાવ કહેવામાં આવે છે. સવાલ એ છે કે, મોસિનરામમાં દુનિયાનો સૌથી વધારે વરસાદ કઈ રીતે પડે છે?

ગામની ભૌગોલિક સ્થિતિને કારણે અહીં મે થી સપ્ટેંબરમાં વરસાદ પડે છે. શિલોંગથી લગભગ ૬૦ થી ૬૫ કિલોમીટર દૂર ઉત્તર પૂર્વ દિશામાં પહાડોની વચ્ચે વસેલું આ ગામ પોતાની વિશેષ સ્થિતિને કારણે દક્ષિણ, પશ્ચિમ વરસાદના હિસાબે વરસાદનું પિયર બની જાય છે. ૧૪૯૧ મીટર ઊંચા પહાડોને કારણે ભેજવાળા વાદળો વરસાદમાં રૂપાંતર થઈ જાય છે. દેશના બીજા વિસ્તારોમાં જ્યારે વરસાદ પડે છે ત્યારે જનજીવન ખોરવાઈ જાય છે. મૉસિનરામમાં આ સંભવ જ નથી જયાં વર્ષના ૬ થી ૮ મહિના વરસાદ પડતો હોય ત્યાં જનજીવન કઈ રીતે અને કેટલું ખોરવાય?

કોઈ પણ રીતે અહીંના લોકોનું જીવન વરસાદને કારણે ખોરવાતું નથી. અહીંના લોકો વરસાદથી બચવા માટે ખાસ કરીને વાંસથી બનેલી છત્રીનો ઉપયોગ કરે છે જેને કનૂપ કહેવાય. કનૂપ માત્ર અહીંની જ નહીં પરંતુ ચેરાપૂંજીની પણ ઓળખ છે. આમાં તેઓનું શરીર કમર સુધી ઢંકાયેલું રહે છે અને તેઓ પોતાના રોજિંદા કામ કરતા રહે છે. આ ગામનું જે નામ છે 'મૉસિનરામ ' એનો પણ એક અર્થ થાય છે. મૉસિનરામમાં` એટલે પત્થર અને સિનરામ ધારનું પ્રતીક છે. આ બન્ને શબ્દોનો અર્થ થાય પત્થરોની ધાર. વાસ્તવમાં અહીંના લોકોનું જીવન પત્થરોની ધાર જેવું છે. મૉસિનરામનો મોસમ આખું વર્ષ ઠંડું અને ભેજવાળું હોય છે. તે છતાં આ જગ્યા પોતાની પ્રાકૃતિક સુંદરતા માટે પર્યટકોને આકર્ષિત કરે છે. આ જ કારણોસર શિલોંગ કે ચેરાપૂંજી ફરવા જતા પર્યટકો મૉસિનરામને પણ પોતાના પ્રવાસ આયોજનમાં શામિલ કરે છે કારણકે, આ ભારતના નકશામાં એક વિશેષ જગ્યા ધરાવે છે. ■

ભાત ભાત કે લોગ

જ્વલંત નાયક
feedback@bombaysamachar.com

# મરતો પુરુષ અંતિમ પત્રમાં લખે છેઃ 'રિમેમ્બર મી એઝ લોન્ગ એઝ યુ લીવ'

## ખાણિયાઓએ મરતાં પહેલાં લખેલા સીધાસાદા પત્રો રડાવી નાખે એવા છે!

તમે સવારે નોકરીએ પહોંચો ત્યારે સાજાસમા હોવ, પણ અચાનક કોઈક એવી પરિસ્થિતિમાં ફસાઈ જાવ કે મૃત્યુ નિશ્ચિત હોય તો શું કરો? જો મરતા પહેલા અંતિમ પત્ર લખવાનો વિકલ્પ મળે તો કોને પત્ર લખો...ને એ પત્રમાં શું લખો?

૨૦મી સદીની શરૂઆતમાં કોલસા ખાણમાં કામ કરવું અતિ જોખમી હતું. ૧૯ મે, ૧૯૦૨ના રોજ ટેનેસી સ્ટેટના ફ્રેટરવિલે નજીક કોલસાની ખાણમાં વિસ્ફોટ થયો. પરિણામે અમેરિકન ઇતિહાસની સૌથી ભીષણ કોલમાઈન દુર્ઘટના સર્જાઈ. વિસ્ફોટમાં સેંકડો ખાણિયા માર્યા ગયાં. મોટાભાગનાં તાત્કાલિક મૃત્યુ પામ્યાં, જે બચી ગયા એ પણ વિસ્ફોટને કારણે દીવાલો ધસી પડતા ભૂગર્ભમાં બૂરી રીતે ફસાયા. ઓક્સિજનના અભાવે કે ખાણ ધસી પડવાથી આ લોકોનુંય મૃત્યુ નિશ્ચિત જ હતું. મોત આવે ત્યાં સુધી આ કમનસીબ ખાણિયાઓએ મોતની રાહ જોતા સમય પસાર કરવાનો હતો.


કેવો હશે એ સમય? એ દરેકને પોતાના પરિવારને યાદ કરીને દુઃખી હતો. બધાને કશુંક કહેવું હતું... માતા-પિતા, ભાઈ-બહેન કે પત્ની-બાળકો સાથે સંવેદનાઓની છેલ્લી આપ-લે કરવી હતી... પણ એમાનું કશું શક્ય નહોતું. કોઈકને સૂઝયું કે આપણે મરતા પહેલા પરિવારને પત્ર લખવા જોઈએ.

વિચાર સારો હતો, પણ પત્ર લખવા માટે કાગળ ને પેન લાવવા ક્યાંથી? જેની પાસે ચબરખી જેવા ટુકડા અને

પેન-પેન્સિલ હતા એમણે એનો ઉપયોગ કર્યો. બાકીના ખાણિયાઓએ કોલસાના ટુકડાથી ખાણની દીવાલો પર પરિવારને-પ્રિયજનોને ઉદ્દેશીને અંતિમ સંદેશાઓ લખ્યા! આ સંદેશા પરિવાર સુધી પહોંચશે કે કેમ એય શંકા હતી. આમ છતાં મોત નજીક હોય ત્યારે લાંબુ વિચારવાનો અર્થ નહોતો. ઓછું ભણેલા આ ખાણિયાઓએ અંતિમ પત્રમાં શું લખ્યું હશે? કાગળ પર કે દીવાલો પર સીધી સાદી ભાષામાં લખાયેલા આ પત્રો એ હદે રડાવે છે કે વાચકનું હૃદય નિચોવાઈ જાય. તમે જેમ જેમ વાંચતા જાવ, એમ શબ્દે-શબ્દે સંવેદના પ્રકટે. પરિસ્થિતિને જેમ જેમ સમજતા જાવ તેમ તેમ કરુણતા ઘૂંટાતી જાય.

એક ઉદાહરણ જુઓ....

એક પુરુષ પોતાની પત્નીને અલવિદા કહેવા પત્ર લખે છે. અક્ષરો ગરબડિયા છે, પણ લાગણીઓ દરેક શબ્દે તરવરતી રહે છે. પહેલું વાક્ય છેઃ


Ellen, darling goodbye for us both. Elbert said the Lord has saved him. We are all praying for air to support us but it is getting so bad without any air. Ellen I want you to live right and come to heaven. Raise the children the best you can. Oh how I wish to be with you goodbye. Bury me and Elbert in the same grave by little Eddy. Goodbye Ellen, goodbye Lily, goodbye Jemmie, goodbye Horace. We are together. Is 25 minutes after two. There is a few of us alive yet. Jake and Elbert. Oh God for one more breath. Ellen remember me as long as you live. Goodbye darling

'એલન, ડાર્લિંગ ગુડ બાય ફોર અસ બોથ'

રોજ ધંધા-રોજગાર પર જવા નીકળતો પુરુષ રૂટીન પ્રોટોકોલ તરીકે આવું કંઈક બોલતો હશે, પણ આજે આ વાક્ય અંતિમવારનું છે માટે વાચકની આંખોમાં ભીનાશ તરવરી ઉઠે છે. પત્નીને કદાચ સેંકડો-હજારો વખત 'ડાર્લિંગ' સંબોધન કર્યું હશે, પણ આ 'ડાર્લિંગ વહાલી' છેલ્લી વારનું છે. હવે ક્યારેય મોં-મેળ નથી થવાનો, કદાચ દફન કરવા માટેનું શરીર પણ પત્ની સુધી નહિ પહોંચે. અરે, કાગળની આ ચબરખીય પહોંચશે કે કેમ એ શંકા છે. આમ છતાં પુરુષ મરતાં પહેલાં ઠલવાઈ જવા માગે છે. પુરુષ પત્રમાં આગળ લખે છે કે 'ટનલમાં અમે બધા પ્રાર્થના કરી રહ્યા છીએ, પણ અમને ખબર છે કે મૃત્યુ નિશ્ચિત છે...

એલન, હું ઈચ્છું છું કે તું સાચી-સારી રીતે જીવે અને મૃત્યુ પછી સ્વર્ગ પામે. આપણા બાળકોને તું બને એટલી સારી રીતે ઉછેરજે. ઓહ... (મારું મૃત્યુ નજીક છે ત્યારે) હવે હું તારી સાથે રહેવાની ઈચ્છા તો કઈ રીતે રાખી શકું! મને અને મારા મિત્ર આલ્બર્ટને બાજુબાજુમાં જ દફનાવજો.'

આ પત્ર વાંચતા ખબર પડે છે કે આ માણસ-ખાણિયાને એલન નામની પત્ની છે. મૃત્યુ તરફ ધકેલાઈ રહેલા એ પુરુષ-એ પતિના હૃદયમાં કેવી કેવી ઈચ્છાઓ જાગી હશે? પત્નીને આલિંગન આપવું હશે... એક લાસ્ટ કિસ, અને ફાઈનલ ગુડ બાય કહેવું હશે...

મોકળા મને પત્નીના ખભે માથું મૂકીને રડી લેવું હશે? પણ એ બધું હવે ક્યાં શક્ય છે? બસ, આ છેલ્લા શબ્દો કાગળ પર લખીને ગુજરી જવાનું છે. ...અને એ પત્રલેખક પિતા બાળકોને ખાસ યાદ કરે છે આ દંપતીને એડી- લીલી- જેમી તથા હોરેસ નામના ચાર સંતાન છે.

આ પુરુષ-આ પિતા દરેક બાળકના નામ સાથે અલગ-અલગ 'ગુડ બાય' લખે છે. એક્કેય બાળક આખરી વહાલથી વંચિત ના રહી જાય એની કાળજી બાપે રાખી છે. દરેક બચ્ચાને બાથમાં ભરીને જિંદગી આખીનું વ્હાલ વરસાવી દેવાની ઈચ્છા એક બાપને નહિ થઇ હોય? બાળકોને માથે છેલ્લી વાર હાથ ફેરવી લેવો છે, પણ હવે દૂરથી જ માત્ર 'ગુડ બાય' લખીને સંતોષ માની લેવો પડે છે.

બાળકોને ઉદ્દેશીને એ લખે છે, '(ચિંતા નહિ કરતા) આપણે બધા સાથે જ છીએ!'

એક ખાણીયા મજૂરે લખેલો આ પત્ર છે. એ વ્યવસ્થિત ફકરાઓ પાડીને લખાયો હોય એવી આશા રખાય જ નહિ તેમ છતાં પોતાની લાગણીઓ ઠાલવી દીધા બાદ પુરુષ છેલ્લો ફકરો અલગથી લખે છેઃ

'બે વાગીને પચ્ચીસ મિનિટ થઇ છે... અમારામાંના થોડાક જણ હજી જીવે છે. ...ઓહ ગોડ, વન મોર બ્રેથ.'

પત્રલેખક ખાણમાં દટાઈ મૂએલા બીજા લોકોની સાપેક્ષે પોતે વધુ શ્વાસ ભરી શક્યો એ બદલ આભાર માને છે? કે પછી ઈશ્વર પાસે થોડા વધુ શ્વાસની માગણી કરી રહ્યો છે? કશું સ્પષ્ટ થતું નથી. બસ, મોત તરફ ધકેલાઈ રહેલો પુરુષ હૃદયનું સઘળું જોર કામે લગાડીને છેલ્લું વાક્ય લખી નાખે છેઃ

'એલન, રિમેમ્બર મી એઝ લોન્ગ એઝ યુ લીવ!' મરતો પુરુષ પત્નીને કહે છે કે તું જીવે ત્યાં સુધી મને યાદ રાખજે...

માત્ર આઠ શબ્દો છે આ વાક્યમાં અને જેની સાથે જીવનના આઠમા દાયકા સુધી જીવવું હતું એવી પત્ની પ્રત્યેની તમામ લાગણી આ આઠ શબ્દો વચ્ચે ઠાંસી ઠાંસીને ભરી છે.

જાણે એ કહે છેઃ હું લાચાર છું, નથી જ જવું છતાં કસમયે તમને બધાને છોડીને જવું પડે છે! પણ ડાર્લિંગ, તું મને ભૂલી નહિ જાય ને? મૃત્યુ પછી પણ સ્મૃતિઓમાં ટકી રહેવાની કેવી મથામણ! લાચારીની કેવી ચરમસીમા! લગભગ બધાએ બહુ સાદા શબ્દોમાં આખરી સંદેશ લખ્યો છે. પણ આ શબ્દો જ તમને હૃદયમાં ઊંડે સુધી ભોંકાય છે. અન્ય એક ખાણિયાએ પોતાના દીકરાઓને ઉદ્દેશીને બહુ ટૂંકો પત્ર લખે છેઃ 'હેનરી અને કોન્ડી, તમારી મા સાથે રહેજો અને ઈશ્વરને ઓળખીને જીવજો. અને મારા દીકરાઓ, ક્યારેય કોલસાની ખાણમાં નોકરી ન કરતા!'

ઇતિહાસ કહે છે કે ફ્રેટરવિલે ટાઉન ખાતે રહેલા લોકો પર ખાણમાં થયેલા આ અકસ્માતને કારણે આભ તૂટી પડ્યું હતું. અકસ્માત બાદ નાનકડા ટાઉનમાં પુખ્ત વયના ત્રણ જ પુરુષો જીવતા બચેલા! સેંકડો સ્ત્રીઓ વિધવા થઇ અને હજારો બાળકો અનાથ થઇ ગયા ....પણ લગભગ સવા સદી વીતી ગયા પછી પણ ખાણની દીવાલો-કાગળની ચબરખીઓ પર ગરબડિયા અક્ષરોમાં કોતરાયેલી લાગણીઓ સૂકાવાનું નામ નથી લેતી. ■

મસ્તરામની મસ્તી

મિલન ત્રિવેદી
feedback@bombaysamachar.com

# ઘરવાળી ઈચ્છે તો ઉપવાસ કરાય...



કપાળે ભસ્મ કે ચંદનનું ત્રિપુંડ, ઉગુ ઉગુ થતી કાબરચીતરી દાઢી, માટે મોટેથી 'મહાદેવ હર...'ના અવાજ આ બધી નિશાની દેખાય એટલે શ્રાવણ મહિનો શરૂ થઇ ગયો છે એમ સમજવું. જોકે, ઉપવાસની વાત આવે ત્યાં મારા તો ટાંટિયા ઢીલા થવા લાગે. આમ તો ડાયેટિંગનો મોટો ભાઈ એટલે ઉપવાસ, પણ ડાયેટિંગ કરતાં સારો. આમ પણ નાનો ભાઈ કોઈ પણ સ્ટોરીમાં કાં તો સાવ બગડેલો હોય અને કાં તો ખૂબ જ સારો હોય. જોકે મને ડાયેટિંગ કરતા ઉપવાસ ગમે કેમ કે જાતજાતના ફળ- ફરાળ તો મળે.

આ વાંચીને હરખાઇ જવાની જરૂર નથી કેમ કે તમારા ઘેર કદાચ સારા સારા ફરાળ બનાવવામાં આવતા હશે, મારા ઘેર તો 'શરીર જોયું? આમાં ફરાળ ન હોય સીધો અને કોરેકોરો ઉપવાસ જ તમારે કરવાનો છે' એવો ફરજિયાત ઓર્ડર આવી જાય છે. આ નહીં પણ ઉપરથી પાછું પીવાનું પણ બંધ કરવાનું! ખરેખર અમારા ગુજરાતીઓને 'હું શ્રાવણમાં નથી લેતો' બોલતા જોવા એ એક લહાવો છે. આટલું દુઃખ ભરેલું મોઢું તો કોઈક ગુજરી ગયું હોય અને એના ઉઠમણામાં ગયો હોય ત્યારે પણ કોઈ માણસનું આટલું દુઃખી મોઢું જોવા નથી મળતું! સામાન્ય રીતે પત્નીના સાદે જાગતો હું રસોડાની કુકરની સીટી પર જાગ્યો. મોઢું ઉટકીને રસોડામાં ડોકિયુ કર્યું. પત્નીએ મને જોયો પણ ખરો પણ રોજની જેમ જ મને ઇગ્નોર કર્યો! મેં કોગળા કરવામાં એટલો અવાજ કર્યો કે તેનું ધ્યાન મારા તરફ આકર્ષિત થાય. એમ છતાં કોઈ જવાબ ન આવ્યો એટલે મેં કાયમ બોલાતો શબ્દ 'સાંભળ્યું' નો પ્રયોગ કર્યો. મને ખબર હતી જ કે તાડુકશે અને એ મુજબ જ જેમ રોજ એ જગાડે પછી જ હું જાગતો હોઉં ત્યારે આજે એના કામમાં વગર જગાડ્યે ડિસ્ટર્બન્સ ઊભું કરતો હોઉં જે એના નિયમ વિરુદ્ધ હોય તો પછી ગમે ક્યાંથી? મને ચા પીવડાવવાની હતી એ તેમને ખબર જ હતી, પણ 'હવે કુકર ઉપર ચડી જાઉં તો થાય' જેવા શબ્દોએ મને શાંત પાડી દીધો.

સાચું કહું તો મને કુકર ઉપર દયા આવી કે જો આ મહાકાયા સાચે કુકર પર ચડી જાય તો બચારા કુકરની થાળી બનતા વાર નહીં લાગે! રાહ જોયા પછી ચા તો મળી પણ મારો મૂળ હેતુ તેમને એ જણાવવાનો હતો કે શ્રાવણ મહિનો શરૂ થયો છે તો હું ઉપવાસ કરું. એ જણાવ્યાનો મને આનંદ હતો પણ જે અટ્ટહાસ્ય મેં સાંભળ્યું કે જાણે મેં કોઈ મોટો ગુનો આચરી લીધો હોય. મારા પત્નીની એ ખૂબી છે કે એ ઇચ્છતી હોય છતાં આ રીતે મારા ઝમીરને હલાવે અને એ ઉપરાંત એ ઇચ્છતી હોય અને તમે કહો એ પણ એનાથી સહન ન થાય! જો એ ઇચ્છે અને એના મુખે સૂચનો આપે અને જો તમે સ્વીકારો તો રાજાપાઠમાં આવી જાય. મારો ઇરાદો મજબૂત હતો એટલે હાસ્ય ગળી જઈને તેમને મારી અડગ ઇચ્છાઓની વાત કરી. આમ તો તેના ચહેરા પર મને નાસ્તો કરતો જોઈને એ ભાવ તો હતાં જ કે જે માણસ નાસ્તો જમવા જેટલો કરી જાય છે ઉપવાસ શું કરશે? તેમ છતાં એણે હામી ભરી અને એક લીસ્ટ તૈયાર કરવા માટે મારા હાથમાં કાગળ પેન પકડાવ્યા. મનનો રાજીપો એટલો હતો કે મારું કેટલું ધ્યાન રાખે છે કે હમણા ફરાળી વાનગીઓ માટે જોઈતી સાધન સામગ્રી લખાવશે પણ મને લખાવવાનું શરૂ કર્યું ત્યારે મુખડું બાંધ્યું કે 'ઉપવાસ માટેના નિયમો' આ ટાઈટલ વાંચીને જ લેખની અંદર શું સામગ્રી હશે એ તમને ખબર પડી જાય એમ જ મને પણ ભયંકરતાનું ભાન તો થઈ જ ગયું હતું પણ એ કળી ન જાય એ માટે હસતા મુખે આગળ ચાલવા દીધું.

નિયમ ૧-શ્રાવણ મહિનાના ઉપવાસ ૪ દિવસ ચાલ્યા ગયા છે એટલે શ્રાવણ પતી ગયા પછી પણ એક અઠવાડિયું ચાલુ રહેશે.

નિયમ ૨- ઉપવાસ દરમિયાન રસોડાંથી ૧૦ ફૂટનું અંતર જાળવી રાખવું એટલે એ લોકો જે વાનગીઓ બનાવીને ખાતા હોય તેના પર નજર ન પડે અને સંયમ જળવાઈ રહે. બિનઉપવાસી લોકોને ખાધાં પછી લૂઝ મોશન ન થાય!

નિયમ ૩- ઉપવાસ દરમિયાન બને તો મૌન જ રાખવું જેથી કરીને કોઈ ફરાળી વાનગીનું નામ ભૂલેચૂકે પણ ન બોલાઇ જાય. ટૂંકમાં ઉપવાસ ફરાળ વગરના રખાવવા ઇચ્છતા હતાં!

નિયમ ૪- બહાર એકલા ફરવા જવાની મનાઇ છે. હું (એટલે કે એ) ઇચ્છું એ મેમ્બરને સાથે લઈને જ નિકળવાનું જેથી ખબર ન પડે એ રીતે હું કંઈ ખાઇ ન લઉં.

આમ તો ફરાળના આકાશી સપનાઓ કડડડભૂસ થઈ ગયા હતાં, ગાત્રો શિથિલ થવા લાગ્યા હતાં. લો બીપી તો આ નિયમો સાંભળતા જ થઈ ગયેલું તો પણ મેં પ્રશ્ન કર્યોઃ

'જો તબિયત બગડી જશે તો શું કરવાનું?'

એના જવાબમાં નવો નિયમ આપ્યો

નિયમ ૫- ઉપવાસીની તબિયત મને લથડતી જણાય તો લીંબુ સરબત અને એ પણ યોગ્ય માત્રામાં આપવામાં આવશે.

નિયમ ૬- શંકર ભગવાનના નામે દારૂને સોમરસમાં ખપાવી સેવન કરવાની છૂટ નથી...

મારા પર શું વિતતી હતી એ હું જ જાણતો હતો. યુદ્ધમાં પણ નિયમો હોય કે જો કોઈ હથિયાર છોડી દે તો ઉદાર દિલે તેને માફ કરી દેવામાં આવતો, પણ મારી સામેનો યોદ્ધા તો હું ઘા પર ઘા કરીને મને પતાવવાની જ તૈયારીમાં હતી!

નિયમ ૭- શ્રાવણ માસ દરમિયાન ફ્રીજ અને રસોડું બંને લોક રહેશે જેની ચાવી માત્ર અને માત્ર મારી પાસે રહેશે, કારણ કે દરેક વખતે પ્રોગ્રામ પૂરો થયા પછી આયોજકો જમાડતા નથી અને તેમણે ડબ્બા ફંફોસવાનો અવાજ અને ફ્રીજ ચેક કરતો મને જોયો છે.

નિયમ ૮ બોલાતાં જ મેં વિરોધ કરવાને બદલે ટેબલ પર ઊંઘી જવાની એકટિંગ કરી મને હચમચાવીને જગાડ્યો એટલે તરત જ મેં કહ્યું કે 'અહિયા હું કેમ ઊંઘી ગયો છું? અને આ કાગળ પેન કેમ મારી પાસે પડ્યા છે? મને લાગે છે રાત્રે લેખ લખવા માટે લીધાં હશે અને અહિયા જ ઊંઘી ગયો હોઇશ. ચાલ ચા બનાવ'.

મારી દરેક એક્ટિંગ ને ઓળખી જતી હોય એટલે હું કહું એ પહેલા જ બોલી ગઈ કે 'ટૂંકમાં ઉપવાસનો પ્રોગ્રામ કેન્સલ ને?

મારા મૌનમાં મારી હા છુપાયેલી હતી. ■

**વિચારવાયુઃ**

***આપણે ઉપવાસ ન કરી શકીએ પરંતુ ઉપવાસી ના ઘરે ફરાળના સમયે જઈ તો શકીએ જ... બોલાવજો હોં.!***

સ્થાપત્યનું વાઈ-ફાઈ

હેમંત વાળા
feedback@bombaysamachar.com

# સ્લો આર્કિટેક્ચર - સ્થાપત્યનું એક નવું ગતકડું...

**સ્થાપત્યનું** આ એક નવું તૂત છે. અહીં વાસ્તવમાં શું થાય છે કે શું થવું જોઈએ, જે થાય છે તે થવું જોઈએ કે નહીં, ખરેખર સ્થાપત્યના કે સમાજના પ્રશ્નો ઉકેલવાનો આ યોગ્ય ઉકેલ છે કે નહીં - આ બધા પ્રશ્નો કોઈ પૂછતા હશે કે નહીં તે પણ એક પ્રશ્ન છે.

કહેવાય છે ૧૯૮૦ના દાયકામાં ધીમો ખોરાક, ધીમી ડિઝાઇન, ધીમી ફોટોગ્રાફી, ધીમી ગતિ, ધીમી વિચારશીલતા, ધીમાં શહેરો જેવી ધીમી વ્યવસ્થા કોઈકના મનમાં ઉદભવી, અને એક ટોળું તેનાં સમર્થનમાં ઊતરી આવ્યું. ભારત આમાં બાકાત ન હોઈ શકે. આમ પણ પશ્ચિમમાં જે થતું હોય છે તે સ્વીકારતા ભારત જેવા દેશને તો વાર નથી જ લાગતી. આ પ્રકારની આ સ્વીકૃતિમાં નથી હોતી કોઈ બુદ્ધિની જરૂર કે નથી હોતી કોઈ તર્કસંગત વિચારશૈલી. બસ ત્યાં થયું છે એટલે બરાબર હશે ને આપણે ત્યાં પણ તે થવું જ જોઈએ, આપણે ત્યાં તો એ વધારે યોગ્ય હશે - એ પ્રકારની માનસિકતા સાથે આ પ્રકારના વિચાર સાથે કેટલાક બુદ્ધિજીવીઓ જોડાઈ જાય છે. આવી એક આર્કિટેક્ચરની વિચારધારાને જ્યારે સ્લો આર્કિટેક્ચર અથવા ધીમા સ્થાપત્ય જેવું નામ આપવામાં આવ્યું ત્યારે પીડા થાય.

અમુક મિત્રોને ધીમી જિંદગી - ધીમો વ્યવહાર ગમતો હશે, પરંતુ સત્ય છે કે આ ઝડપનો જમાનો છે. અહીં તો આજે આંબા ઉગાડીને કાલે ફળ ખાવાની ઈચ્છા રખાય છે. અહીં તો કોલેજમાંથી પાસ થઈને બીજે દિવસે અઢળક કમાણી કરી ત્રીજે દિવસે કાર લાવવાની ઈચ્છા રખાય છે અને ચોથે દિવસે પરદેશના પ્રવાસ માટે જવાનું આયોજન થાય છે. અહીં ધીમાનું ક્યાં સ્થાન છે. રોગનું નિદાન ધીમે થાય તેવી ઈચ્છા કોઈ ન રાખે. કોઈ જગ્યાએ પહોંચતા ત્રણ ગણો સમય લાગે તે કોઈને માન્ય ન હોય. હવે તો બાળકના ઉછેરમાં પણ વિજ્ઞાન ત્વરિતતા લાવવાનો પ્રયત્ન કરે છે.

જે તે વ્યક્તિ-સમૂહ દ્વારા સ્લો આર્કિટેક્ચરની વાત કરવામાં આવે છે તેમની દ્રષ્ટિએ જેને બનાવવામાં લાંબો સમય લાગે તે સ્લો આર્કિટેક્ચર. આ વાત જ કંઈક વિચિત્ર જણાય છે. સન ૨૦૧૧માં અપાયેલ પ્રિત્ઝકર પ્રાઈઝની જુરી દ્વારા આ શબ્દ વહેતો મુકાયો હતો એમ એક માન્યતા છે. પછી તો જે તે સ્થપતિ આ પ્રકારના આર્કિટેક્ચર માટેના નિષ્ણાત તરીકે સ્થાપિત કરાતા ગયા. પ્રશ્ન એ છે કે મકાનનું બાંધકામ ઝડપથી થાય તો વાંધો શું છે.

શું મકાનનું બાંધકામ ધીમું થાય તો તેના સ્થાપત્યની શૈલી સુધરી જવાની છે? એક જ ડિઝાઇનનું મકાનને બની શકે કે એક સંજોગોમાં બનાવતાં છ મહિના થાય અને બીજા સંજોગોમાં તે જ પ્રમાણેનું તેવું જ મકાન બનાવતાં છ વર્ષ થાય, તો શું આનાથી બીજા પ્રકારના સંજોગોવાળું મકાન સ્લો આર્કિટેક્ચરનું ઉદાહરણ બની જાય? ધીમી ઝડપથી કિંમતમાં વધારો નહીં થાય, લોકોને અગવડતાનો સામનો નહીં કરવો પડે, તેનાથી બાંધકામમાં વપરાતી ઊર્જામાં બચત થશે, આ વિચારધારા હેઠળ બનાવાતું મકાન કાર્યક્ષમતા, મજબૂતી અને દેખાવમાં વધુ સારું હશે - શું આ પ્રકારની ખાતરી કોઈ આપી શકે? મજાની વાત એ છે કે આ







પ્રકારના વાદ માટેની દલીલ સ્વીકૃત બને તે માટે તેની સાથે પર્યાવરણ, માનવીય સંવેદના, કુદરતી સામગ્રી, કુદરતી જીવન, માનસિક શાંતિ, કારીગરીમાં નિપુણતા, જેવી વાતો જોડી દેવામાં આવે છે. એમ પણ સ્થાપિત કરવાનો પ્રયત્ન થાય કે ધીમે ધીમે મકાન બનાવવામાં આવે તો મકાનની રચનામાં થોડીક પરિપક્વતા આવી શકે, જે કંઈ ભૂલ દેખાતી હોય તે સુધારવાની તક મળે, ગ્રાહકની માનસિક તથા સામાજિક જરૂરિયાત સંતોષાવાની શક્યતા વધી જાય. પણ વાસ્તવિકતા ખરેખર તપાસવાની જરૂર છે.

સ્લો આર્કિટેક્ચર માટે જે દલીલ કરવામાં આવે છે તેમાં એક દલીલ એ છે કે 'ભવિષ્ય અજાણ છે' અને તેથી બાંધકામ ધીમું થાય તે જરૂરી છે. મકાનની રચના વર્તમાન માટે કરવામાં આવે છે. જો ભવિષ્યમાં નાટકીય બદલાવ આવે તો તે પ્રમાણે મકાનમાં બદલાવ કરી શકાય છે. તેની માટે મકાનના બાંધકામની પ્રક્રિયા ધીમી કરવાની કોઈ જરૂર નથી હોતી. વળી સ્લો આર્કિટેક્ચરની શ્રેણીમાં ન આવે તેવા મકાનો પણ મજબૂત બની શકે. આવાં મકાનોમાં સ્થાનની પ્રવાહિતતા અને સ્પષ્ટતા પણ હોઈ શકે, પર્યાવરણ સાથે પણ તાલમેલ સાધી શકાય, આબોહવાના વિપરીત પરિબળો સામે પણ રક્ષણ મળી શકે, અહીં માનવી કેન્દ્રમાં પણ રહી શકે, બાંધકામની તકનીકમાં કારીગરી અને તેની અધિકૃતતાનું મૂલ્ય પણ જળવાઈ શકે - તો પછી નિયમિત ઝડપે બંધાતા સ્થાપત્ય સાથે વાંધો શો છે.

આ જમાનો વાદનો છે. કશું પણ સ્વીકૃત બનાવવા માટે એક નવો વાદ ઊભો કરવામાં આવે છે. પછી તે નામથી તેની ઘણી ચર્ચા થાય છે. તે નામ સ્થાપિત કરવાના વ્યવસ્થિત પ્રયત્ન થાય છે. કેટલાક બુદ્ધિજીવીઓને આ આખી પ્રક્રિયામાં રસ પડે છે અને તેમાં સંમિલિત થાય. તેમના દ્વારા નિર્ધારિત કરાયેલ વ્યાખ્યા સર્વ સ્વીકૃત બને તેવા પ્રયત્ન થાય છે. આગળ જતાં એકબીજાના સંદર્ભ ટાંકીને ચોક્કસ બાબત સ્થાપિત કરવાનો પ્રયત્ન થાય. આ માત્ર સ્થાપત્યમાં નહીં પણ સમાજના દરેક ક્ષેત્રમાં થતું હોય તેમ જણાય છે. સ્થાપત્યનું ક્ષેત્ર વધુ ગંભીર હોવાથી, માનવીની જીવન-ગુણવત્તાને વધુ પ્રભાવિત કરી શકે તેવું હોવાથી, તેનું અસ્તિત્વ પ્રમાણમાં ઘણા લાંબા સમય સુધી ટકી શકે તે પ્રમાણેનું હોવાથી, સ્થાપત્યમાં અમુક પ્રકારની ગંભીરતા તો હોવી જ જોઈએ.

મકાનની ગુણવત્તા તે કેટલું ધીમું બને છે તેના પર આધાર નથી રાખતી. તે સ્થપતિની ક્ષમતા, સંવેદનશીલતા તથા સર્જનાત્મકતા પર આધાર રાખે છે. ઇતિહાસ સાક્ષી છે કે બહુ ઓછા સમયમાં બનાવાયેલ કેટલાંક મકાન થકી સ્થાપત્યની ક્ષિતિજો વિસ્તૃત થઈ છે. સ્થાપત્યમાં હકારાત્મક ફાળા માટે મકાનનું ધીમું બાંધકામ જરૂરી નથી જ.

શું ઝડપી મકાન બનાવવાથી સંસ્કૃતિ અને ઇતિહાસને ધ્યાનમાં ન રાખી શકાય, શું ઝડપી બનાવેલ મકાન ઓછું આકર્ષિત હોય, શું આ પ્રકારના મકાનની ઉપયોગીતા સાથે પણ બાંધછોડ કરાયેલી જ હોય, શું અત્યાર સુધી નિષ્ણાતો દ્વારા જે જે મકાનોને ચિન્હિત કરી તેને ઉલ્લેખનીય દર્શાવાયા તે બધા ખોટા? સ્લો આર્કિટેક્ચરની બધી ધારણાઓને માન્ય રાખીએ તો તો ઇતિહાસનું કદાચ એક પણ મકાન સ્વીકૃત ન બની શકે. ઇતિહાસનાં પાનાં પર જે જે મકાનને સ્થાન મળ્યું છે તેમાંના કોઈ પણ મકાનને અહીં સ્થાન જ ન મળે. ■

# જસ્ટિસ વર્માની ઈમ્પિચમેન્ટ પ્રક્રિયા લોકસભામાં શરૂ થશે

## રાજ્યસભામાં આના માટેની નૉટિસને દાખલ નથી કરાઈ

નવી દિલ્હીઃ ભ્રષ્ટાચાર સંબંધિત કેસમાં સંડોવાયેલા જસ્ટિસ યશવંત વર્મા વિરુદ્ધ મહાભિયોગની કાર્યવાહી લોકસભામાં શરૂ થશે એવી જાહેરાત લોકસભામાં સંસદીય બાબતોના પ્રધાન કિરણ રિજિજુએ શુક્રવારે કરી હતી.

ન્યાયતંત્રમાં ભ્રષ્ટાચાર વિરુદ્ધ કાર્યવાહી કરવાને મામલે તમામ પક્ષ એકજૂટ થયા છે અને તેમની વચ્ચે સહમતી સધાઈ છે, એમ રિજિજુએ કહ્યું હતું.

સત્તાવાર સૂત્રોના જણાવ્યાનુસાર જસ્ટિસ વર્માના મહાભિયોગની વિપક્ષે રાજ્યસભામાં આપેલી નૉટિસને ઉપલા ગૃહમાં દાખલ કરવામાં ન આવી હોવાને કારણે નીચલા ગૃહમાં આ કાર્યવાહી હાથ ધરવાનો માર્ગ મોકળો થયો હતો.

અલાહાબાદ હાઈ કોર્ટના ન્યાયાધીશ જસ્ટિસ વર્મા વિરુદ્ધ કરવામાં આવેલા ભ્રષ્ટાચારના આક્ષેપોની તપાસ કરવા ત્રણ સભ્યની સમિતીની સ્પીકર ઓમ બિરલા જાહેરાત કરે તેવી શક્યતા છે.

આપણે શંકા ન કરવી જોઈએ એમ જણાવતાં રિજિજુએ કહ્યું હતું કે જસ્ટિસ વર્મા વિરુદ્ધ મહાભિયોગની કાર્યવાહી લોકસભામાં શરૂ થશે.

જજિસ (ઈન્ક્વાયરી) ઍક્ટ મુજબ લોકસભામાં કાર્યવાહી પૂરી થયા બાદ આ મામલો રાજ્યસભામાં જશે.

લોકસભામાં આપવામાં આવેલી નૉટિસ પર શાસક એનડીએ અને વિપક્ષના ૧૫૦ કરતા પણ વધુ સાંસદે સહી કરી હતી. (એજન્સી)■

# કાશ્મીર સુરંગ ધડાકામાં એક જવાન શહીદ થયો

## ટીઆરએફે જવાબદારી સ્વીકારી

જમ્મુઃ જમ્મુ-કાશ્મીરના પૂંછમાં નિયંત્રણ રેખા(એલઓસી) નજીક શુક્રવારે એક સુરંગ વિસ્ફોટ થયો હતો. જેમાં એક સેનાનો જવાન શહીદ થયો હતો. જ્યારે બે ઘાયલ થયા હતા. આ ધડાકાની જવાબદારી તાજેતરમાં પ્રતિબંધ મુકાયેલા પાકિસ્તાની આતંકવાદી સંગઠન ટીઆરએફે સ્વીકારી હતી.

ભારતીય સેનાના વાઇટ નાઇટ કોર્પ્સે સૈનિકના શહીદ થવા પર શોક વ્યક્ત કર્યો હતો. તેમજ જણાવ્યું કે જીઓસી વાઇટ નાઇટ કોર્પ્સ અને તમામ રેન્ક ૭ જાટ રેજિમેન્ટના અગ્નિવીર લલિત કુમારને શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે, જવાને પચીસ જુલાઈ ૨૦૨૫ના રોજ કૃષ્ણાઘાટી બ્રિગેડના જનરલ એરિયામાં એક માઇન વિસ્ફોટ બાદ એરિયા ડોમિનેશન પેટ્રોલિંગ દરમિયાન સર્વોચ્ચ બલિદાન આપ્યું હતું. આ દુઃખની ઘડીમાં અમે શોકગ્રસ્ત પરિવાર સાથે છીએ.

નોંધનીય છે કે ઓપરેશન સિંદૂર દરમિયાન પાકિસ્તાન દ્વારા ભારત સામે જવાબી લશ્કરી કાર્યવાહી શરૂ કરવાનો પ્રયાસ થતાં અંકુશ રેખા પર સરહદ પારથી ભારે ગોળીબાર થયો હતો. ગયા મહિને રાજૌરી જિલ્લામાં નિયંત્રણ રેખા નજીક આગળના વિસ્તારમાં શંકાસ્પદ હિલચાલ જોયા બાદ સેનાએ ગોળીબાર કર્યો હતો. સુરક્ષા દળોએ પૂંછ, સાંબા અને કઠુઆ જિલ્લાઓ સહિત એક ડઝનથી વધુ સ્થળોએ શોધખોળ પણ હાથ ધરી હતી. ■



**પૂરઃ** ઉત્તર ચીનના હેબેઇ પ્રાંતમાં બાઓડિંગ શહેર ખાતે ૨૪ કલાક દરમિયાન પડેલા ભારે વરસાદથી પૂર આવ્યું હતું અને તેમાં રસ્તા તેમ જ ઈમારતોને ભારે નુકસાન થયું હતું. અંદાજે ૧૯,૦૦૦ લોકોને તાત્કાલિક સલામત સ્થળે ખસેડવા પડ્યા હતા. (એપી/પીટીઆઇ)

# ચીનના એક શહેરમાં આખા વર્ષનો વરસાદ એક જ દિવસમાં પડ્યો

બીજિંગઃ ઉત્તર ચીનમાં પડેલા અવિરત ધોધમાર વરસાદને કારણે મહાપૂરની પરિસ્થિતિ નિર્માણ પામી હોવા વચ્ચે બૉડિંગ શહેર અને હૅબૅઈ પ્રાન્તમાં માત્ર ૨૪ કલાકમાં જ આખા વર્ષનો વરસાદ પડી ગયો હતો જેને કારણે વ્યાપક પૂરની પરિસ્થિતિ નિર્માણ પામી હતી.

ભારે વરસાદને કારણે માળખાકીય સુવિધાઓને ભારે નુકસાન પહોંચ્યું હતું અને જળસ્તર ઝડપથી વધતાં ૬,૧૭૧ ઘરના ૧૯,૪૫૧ જેટલા રહેવાસીઓને સુરક્ષિત સ્થળે ખસેડવાની ફરજ પડી હતી.

ઘૂંટણભેર પાણીમાંથી પસાર થઈને પોલીસ અધિકારીઓ સામાન્ય લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવાની કાર્યવાહી કરી રહ્યા હતા.

બીજિંગને અડીને જ આવેલા બૉડિંગ શહેરમાં ગુરુવારથી શુક્રવારની સવાર સુધીમાં ૪૪૭.૪ મિ.મી. (૧૭.૬ ઈંચ) વરસાદ થયો હતો જે આ શહેરની વરસાદની વાર્ષિક સરેરાશ (૫૦૦ મિ.મી)ની ખૂબ નજીક હતો.

વરસાદે સ્થાનિક તમામ રેકોર્ડ તોડી નાખ્યા હતા. ઠેર ઠેર ગલીઓમાં પાણી ભરાઈ ગયાં હતાં તેમ જ રસ્તાઓ અને બ્રિજ પાણીની અંદર ગરક થઈ ગયા હતા.

અગાઉ વર્ષ ૨૦૨૩માં વાવાઝોડાંને કારણે આ જ વિસ્તારમાં પૂરની પરિસ્થિતિ નિર્માણ પામી હતી.

ચીનમાં ભારે વરસાદની પરિસ્થિતિ ગ્લૉબલ વૉર્મિંગનું પરિણામ હોવાનું અનેક વૈજ્ઞાનિકોનું માનવું છે. (એજન્સી)■

# માતા-પિતાની સંભાળ માટે સરકારી કર્મચારીઓને એક મહિનો ખાસ રજા

નવી દિલ્હીઃ કેન્દ્ર સરકારમાં કાર્યરત કર્મચારીની સૌથી મોટી મૂંઝવણ પરિવાર અને કામના સમયને લઈ થતી ક્યારેક સમસ્યા ઊભી થતી હોય છે. ઘણી વખત સરકારી કર્મચારીઓ પોતાના વૃદ્ધ માતાપિતાની સેવા માટે પણ કામને કારણે સંભાળ રાખી શકતા નથી. આ મુદ્દે આજે રાજ્યસભામાં પણ ચર્ચા થઈ હતી. કેન્દ્રીય પર્સોનેલ રાજ્ય મંત્રી જિતેન્દ્ર સિંહે કહ્યું કે કેન્દ્ર સરકારના કર્મચારીઓ ઘરડા માતા-પિતાની દેખરેખ સહિત વ્યક્તિગત કારણોસર ૩૦ દિવસ સુધીની રજા લઇ શકે છે. આ નિર્ણયથી સરકારી કર્મચારીઓને કામ અને પરિવાર વચ્ચે સંતુલન જાળવવામાં મદદ મળશે.

મંત્રી ડો. જિતેન્દ્ર સિંહને રાજ્યસભામાં પૂછવામાં આવ્યું કે શું એવી કોઈ જોગવાઈ છે કે જેના હેઠળ માતા-પિતાની સંભાળ રાખવા માટે રજા લઈ શકાય. જેના જવાબમાં તેમણે કહ્યું સેન્ટ્રલ સિવિલ સર્વિસીઝ (લીવ) રૂલ્સ, ૧૯૭૨નો ઉલ્લેખ કરતા જણાવ્યું કે કર્મચારીઓને માતા-પિતાની સંભાળ કે અંગત કારણોસર ૩૦ દિવસની રજા મળી શકે છે. આ ઉપરાંત, ૨૦ દિવસની અડધા પગારવાળી રજા, આઠ દિવસની કેઝ્યુઅલ રજા અને વર્ષમાં બે દિવસની રજા પણ લઈ શકાય છે. આ તમામ રજાઓનો ઉપયોગ અંગત કારણો, ખાસ કરીને વૃદ્ધ માતા-પિતાની સંભાળ માટે થઈ શકે છે. ■

# ઓપરેશન સિંદૂર પર ૩૨ કલાક મેરથન ચર્ચા કરાશે સંસદમાં

નવી દિલ્હીઃ કેન્દ્રીય સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ શુક્રવારે જણાવ્યું હતું કે લોકસભામાં સોમવારે ઓપરેશન સિંદૂર પર વિશેષ ચર્ચા થશે, ત્યારબાદ મંગળવારે રાજ્યસભામાં પણ તેના પર ચર્ચા થશે. તેમણે કહ્યું હતું કે ચર્ચા માટે કુલ ૩૨ કલાક, એટલે કે દરેક ગૃહમાં ૧૬-૧૬ કલાક ફાળવવામાં આવ્યા છે. રિજિજુએ જણાવ્યું હતું કે બિઝનેસ એડવાઇઝરી કમિટીએ નિર્ણય લીધો છે કે સોમવારે લોકસભામાં પહલગામ આતંકવાદી હુમલા અને ઓપરેશન સિંદૂર પર ખાસ ચર્ચા કરવામાં આવશે. તેમણે કહ્યું હતું કે વિપક્ષ ઘણા મુદ્દાઓ ઉઠાવવા માંગે છે, પરંતુ અમે સહમત થયા છીએ કે પહેલા ઓપરેશન સિંદૂર પર ચર્ચા કરવામાં આવશે. રિજિજુએ એમ પણ કહ્યું હતું કે સત્ર શરૂ થાય તે પહેલાં કોંગ્રેસ સહિત વિપક્ષી પક્ષોએ સરકારને પત્ર લખીને પહલગામ આતંકવાદી હુમલા અને ઓપરેશન સિંદૂર પર ચર્ચાની માગ કરી હતી. તેમણે કહ્યું હતું કે, ''અમે તેમને કહ્યું છે કે અમે ચર્ચા માટે તૈયાર છીએ.'' જોકે, તેમણે ઉમેર્યું હતું કે, ''વિપક્ષે પહેલા દિવસથી જ કાર્યવાહીમાં અડચણ ઉભો કરી રહ્યો છે અને ગૃહની અંદર અને બહાર બંને જગ્યાએ વિરોધ નોંધાવી રહ્યો છે.'' ■

# એર ઈન્ડિયાના વધુ એક વિમાનમાં ખામીઃ જયપુરમાં ઈમર્જન્સી લેન્ડિંગ કરાયું

જયપુરઃ અમદાવાદ વિમાન દુર્ઘટના બાદ એર ઈન્ડિયા, ઈન્ડિગો સહિત અન્ય ફ્લાઈટના ટેક્નિકલ ખામીને કારણે ઇમરજન્સી લેન્ડિંગ કરાવવામાં આવ્યું છે.

ઇમર્જન્સી લેન્ડિંગના ઘટનાક્રમમાં વધુ એક ઘટનાનો ઉમેરો થયો છે. આજે જયપુર ખાતે એર ઈન્ડિયાની એક ફ્લાઈટનું ઇમર્જન્સી લેન્ડિંગ કરાવવામાં આવ્યું હતું, પરિણામે હોનારત ટળી હતી.

દિલ્હી એરપોર્ટ ખાતેથી એર ઈન્ડિયાનું એઆઈ-૬૧૨ નામનું વિમાન મુંબઈ જવા માટે રવાના થયું હતું. આ વિમાને જયપુર એરપોર્ટ ખાતે રોકાયું હતું.

જયપુર એરપોર્ટ પરથી આ વિમાને બપોરના ૧.૫૮ વાગ્યે મુંબઈ જવા માટે ટેક-ઓફ્ફ કર્યું હતું. જોકે તેના ટેક-ઓફ્ફનો સમય ૧.૩૫ વાગ્યાનો હતો. ટેક-ઓફ કર્યાના થોડા સમય બાદ વિમાનમાં ટેક્નિકલ ખામી સર્જાઈ હતી. પાઈલટને આ અંગે જાણ થતા તેણે તરત જ વિમાનને પાછું એરપોર્ટ પર લઈ જવાનો નિર્ણય કર્યો હતો. ■

# બીજી ઑગસ્ટ, ૨૦૨૭માં છતે દિવસે ૬ મિનિટ ૨૩ સૅકન્ડ અંધારું છવાશે

## જોકે આવું સૂર્યગ્રહણ અમુક દેશોમાં જ થશે જેમાં ભારતનો સમાવેશ નથી

નવી દિલ્હીઃ ૨૧મી સદીના સૌથી લાંબા સૂર્યગ્રહણમાંનું એક ખગ્રાસ સૂર્યગ્રહણ ૨૦૨૭ની બીજી ઑગસ્ટે થશે અને તે વખતે યુરોપ, ઉત્તર આફ્રિકા અને મધ્ય પૂર્વના કેટલાક વિસ્તારમાં અંદાજે છ મિનિટ અને ૨૩ સેકંડ સુધી અંધારું છવાઇ જશે તેમ જ તે વખતે સૂર્યની તેજોવલયનું દુર્લભ દૃશ્ય જોઇ શકાશે. આમ છતાં, ભારતના ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન, ગોવામાં આ ગ્રહણ ખંડગ્રાસ રહેશે. ભારતમાં, ખાસ કરીને પશ્ચિમ ભારતમાં આ સૂર્યગ્રહણ ભારતીય સમય મુજબ બપોરે ચારથી છ વાગ્યાની વચ્ચે દેખાશે. તેનો સમય વિવિધ શહેરોમાં અલગ-અલગ હશે. મુંબઈ કે ગોવા જેવા પશ્ચિમ ભારતના કાંઠાના સ્થળે સૂર્યાસ્ત પર ખંડગ્રાસ સૂર્યગ્રહણની અસર થઇ શકે છે. દક્ષિણ સ્પેન, ઉત્તર આફ્રિકા (ખાસ કરીને ટ્યૂનિશિયા, અલ્જેરિયા, લિબિયા અને ઇજિપ્ત), સઉદી અરેબિયા, યમન, ઓમાન અને દક્ષિણ યુએઇ ખાતેથી ૨૦૨૭નું આ સૂર્યગ્રહણ સરખું દેખાશે. તેમાં પણ ઇજિપ્તના શહેર લક્ઝર ખાતેથી ખગ્રાસ સૂર્યગ્રહણ છ મિનિટ અને ૨૩ સેકંડ સૌથી વધુ સારી રીતે જોઇ શકાશે. ૨૦૨૭નું આ સૂર્યગ્રહણ ૧૯૯૧ અને ૨૧૧૪ની વચ્ચેના સમયગાળામાં ધરતી પરથી દેખાનારું સૌથી લાંબું સૂર્યગ્રહણ હશે.

આ સૂર્યગ્રહણ ખગોળશાસ્ત્રીઓને 'મેગ્નેટિક ફિલ્ડ ડાઇનામિક્સ' અને (ગ્રહણ વખતના) તાપમાનમાંના ફેરફારના અભ્યાસની સારી તક પૂરી પાડશે. ફોટોગ્રાફર્સ સૂર્યની તેજોવલયના હાઇ-રિઝોલ્યુશનવાળા ફોટા પાડવા અત્યારથી જ તૈયારી કરી રહ્યા છે. મોટા ભાગના એશિયા અને અમેરિકામાં આ ખગ્રાસ સૂર્યગ્રહણ નથી દેખાવાનું, પણ પશ્ચિમ ભારતમાં તે ખંડગ્રાસ દેખાશે. ■

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી સોમવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

ગુજરાતી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| પ્રતિકાર | ગોઠવણ |
| પ્રખર | શક્તિશાળી |
| પ્રતાપી | હેતુ |
| પ્રબંધ | સામનો |
| પ્રયોજન | ઉગ્ર |

### ઓળખાણ પડી?

વિષારી તત્ત્વ ધરાવતા યુકેલિપ્ટસ વૃક્ષના પાન ખોરાક તરીકે વાપરનારા મુખ્યત્વે ઓસ્ટ્રેલિયામાં જોવા મળતા પ્રાણીની ઓળખાણ પડી?



અ) Frigate બ) Emu ક) Koala ડ) Bison

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ નિ | ૨ રા | ૩ ગ | ૪ સ | | ૫ પં | ચા | ૬ ય | ૭ ત | ૮ ન |
| ૯ જા | મ | ફ | ળ | | ચા | | ૧૦ સ | વા | ર |
| નં | | લ | | ૧૧ સ | ત | ૧૨ હી | | | મ |
| ૧૩ દ | ૧૪ વા | ત | | ર | | ૧૫ મ | ૧૬ હા | યા | ગ |
| | ડી | | ૧૭ હ | વા | લો | | ર | | ર |
| ૧૮ અ | વ | ળ | વા | ણી | | ૧૯ દ | મા | ૨૦ દ | મ |
| ૨૧ સ | જી | | ડા | | ૨૨ પ | | ૨૩ લા | ડ | |
| ૨૪ લા | ફા | | | ૨૫ વા | ર | તા | | ૨૬ મ | ૨૭ ત |
| મ | | ૨૮ સ | ૨૯ રા | હ | ના | | ૩૦ હા | જ | ર |
| ૩૧ તી | રં | દા | જી | | ૩૨ ત | મે | | ૩૩ લ | ત |

### શબ્દલાલિત્ય — સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | ૨ | | ૩ | | ૪ | ૫ | ૬ |
| | | | ૭ | | | | ૮ | | |
| ૯ | | ૧૦ | | | ૧૧ | | | | |
| | | ૧૨ | | | | | | ૧૩ | |
| ૧૪ | ૧૫ | | | ૧૬ | | ૧૭ | ૧૭-અ | | |
| | | | ૧૮ | | | ૧૯ | | | |
| ૨૦ | | | | | ૨૧ | | | | ૨૨ |
| ૨૩ | | | ૨૪ | ૨૫ | | | ૨૬ | ૨૭ | |
| | | ૨૮ | | | | | ૨૯ | | |
| ૩૦ | | | | ૩૧ | | | | | |

**આડી ચાવી**

૧. ખુશી, આનંદ (૪)
૩. ગુરુપૂર્ણિમાએ---થાય (૫)
૭. સુંદરી, સૌંદર્યવતી (૩)
૮. પરાકાષ્ઠા, અંતિમ, છેવટનું (૩)
૯. કોઇપણ કામની --- કરવી પડે (૪)
૧૧. --- શાળા એટલે ઓઝલવાળી સ્ત્રીઓની શાળા (૩)
૧૨. સરખાપણું (૨)
૧૩. ઠામ, ઠેકાણું, ઝાકળ (૨)
૧૪. આંખો, ચક્ષુ (૩)
૧૭. કોઇના --- કોઇ જીવીના શકે (૨)
૧૮. --- ચકાની બાળવાર્તા બધાને ખબર હોય (૨)
૧૯. સહેલાઇથી મળે એવું (૩)
૨૦. નિયત સમયે આવતું પત્ર (૪)
૨૧. વર્ષ, બાર મહિના (૨)
૨૩. બુદ્ધિ (૨)
૨૪. માલિશ (૩)
૨૬. ન કહ્યું હોય એવું (૩)
૨૮. નોકર (૩)
૨૯. --- ફૂલ પર મંડરાય (૩)
૩૦. પાપ કરીને---માં જાવ (૩)
૩૧. ચારેબાજુથી વસ્તુને જોવી તે (૪)

**ઊભી ચાવી**

૧. પ્રકાશતું (૫)
૨. ભાવાર્થ, સારાંશ, ફેર (૪)
૩. ગુણની કદર કરનાર (૪)
૪. છલના, છેતરપિંડી, ભ્રમ (૩)
૫. ભાવ, ઉંદરનું ઘર (૨)
૬. નામનો જપ કરવો તે (૫)
૧૦. સહેલું, સરળ (૩)
૧૫. બુદ્ધિ પ્રમાણે (૪)
૧૬. હવે શું રહી ગયું --- કહો મંજૂર છે (૨)
૧૭. ચૂકતે થયેલી રકમ (૩) (જો.છૂ.)
૧૭-અ. તલ (૨)
૧૮. બે પથ્થર ટકરાય તો --- ઝરે (૪)
૨૦. સામવેદના મંત્રોનું ગાન (૪)
૨૧. સંગીતનું સાધન (૨)
૨૨. કૂંડું --- ને હસે (૪)
૨૫. ભલાઇ (૩)
૨૬. ન ખવાય એવું (૩)
૨૭. ઓછું (૨)
૨૮. કુંભારનો ચાકડો (૨)

### ગુજરાત મોરી મોરી રે

'બાણશૈયા', 'કોઈ ભીંતેથી આયના ઉતારો' અને 'મહામાનવ' જેવા અનોખા નાટક આપનારા નાટ્યલેખકનું નામ શું છે?

અ) પ્રવીણ સોલંકી બ) ચંદ્રવદન ભટ્ટ
ક) હરિન મહેતા ડ) શૈલેષ દવે

### જાણવા જેવું

અગાઉના વખતમાં મોર પક્ષી હિંદ સિવાય દુનિયાના કોઈ પણ ભાગમાં ન હતું. અલેકઝાંડર અને તેના સૈનિકો હિંદમાં આ પક્ષી જોઈ આશ્ચર્યચકિત થઈ ગયા હતા. અલેકઝાંડરના સમય પછી હિન્દુસ્તાનમાંથી ઈરાન માર્ગે મોરની નિકાસ થવા લાગી હતી.

### સુડોકુ-૯૦૫૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | | | | | | | | |
| ૭ | ૨ | | ૩ | | ૮ | ૧ | | |
| ૬ | ૫ | ૧ | ૪ | | | | | |
| ૪ | | | ૯ | | ૭ | | ૫ | |
| | | | | ૧ | | | | |
| | ૭ | | ૫ | | ૨ | | | ૯ |
| | | | | | ૪ | ૨ | ૮ | ૧ |
| | | ૮ | ૬ | | ૩ | | ૯ | ૭ |
| | | | | | | | | ૬ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૯૦૪૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૬ | ૩ | ૨ | ૭ | ૫ | ૯ | ૮ | ૧ |
| ૫ | ૧ | ૨ | ૮ | ૯ | ૩ | ૪ | ૬ | ૭ |
| ૭ | ૮ | ૯ | ૬ | ૪ | ૧ | ૩ | ૫ | ૨ |
| ૧ | ૪ | ૮ | ૯ | ૩ | ૨ | ૫ | ૭ | ૬ |
| ૩ | ૫ | ૭ | ૪ | ૬ | ૮ | ૧ | ૨ | ૯ |
| ૯ | ૨ | ૬ | ૧ | ૫ | ૭ | ૮ | ૩ | ૪ |
| ૮ | ૩ | ૧ | ૭ | ૨ | ૪ | ૬ | ૯ | ૫ |
| ૨ | ૯ | ૫ | ૩ | ૧ | ૬ | ૭ | ૪ | ૮ |
| ૬ | ૭ | ૪ | ૫ | ૮ | ૯ | ૨ | ૧ | ૩ |

### ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

સમય દર્શાવતી અને વખત દેખાડતી ઘડિયાળના ઉત્પાદન માટે વિશ્વનું કયું શહેર પ્રખ્યાત છે એ ખબર છે?

અ) બ્રસેલ્સ બ) જીનીવા
ક) મ્યુનિક ડ) કોપનહેગન

### નોંધી રાખો

જીવનમાં ક્યારેય બીજા પાસેથી કોઈપણ પ્રકારની અપેક્ષા નહીં રાખતા લોકો વિશ્વના સૌથી સુખી લોકો હોય છે.

### માઈન્ડ ગેમ

આપેલી સંખ્યાઓ ધ્યાનથી જુઓઃ ૭, ૨૧, ૪૫, ૭૯, ૧૨૩ .... તેમની વચ્ચે રહેલો સંબંધ ઓળખો અને ગણતરી કરીને કહો કે ૧૨૩ પછી કઈ સંખ્યા આવે?

અ) ૧૬૫ બ) ૧૭૭
ક) ૧૮૮ ડ) ૧૯૧

### ગયા શનિવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| હાક | બૂમ |
| હાટ | દુકાન |
| હાનિ | નુકસાન |
| હામ | હિંમત |
| હાંસી | મશ્કરી |

ગુજરાત મોરી મોરી રે: મધુ રાય

ઓળખાણ પડી: Black Marlin

માઈન્ડ ગેમ: ૬૩

ચતુર આપો જવાબ માથું ખંજવાળો: બેંગ્લોર

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨)ભારતી બુચ (૩) ભારતી પ્રકાશ કટકિયા (૪) કિશોરકુમાર જીવણદાસ વેદ (૫) સુભાષ મોમાયા (૬) નીતા દેસાઈ (૭) ખુશરૂ કાપડિયા (૮) શ્રદ્ધા આશર (૯) લજિતા ખોના (૧૦) પુષ્પા પટેલ (૧૧) નુતન વિપીન શાહ (૧૨) મીનળ કાપડિયા (૧૩) નિખિલ બંગાળી (૧૪) અમીશી બંગાળી (૧૫) હર્ષા મહેતા (૧૬) જ્યોતિ ખાંડવાલા (૧૭) મહેશ દોશી (૧૮) વર્ષા સૂર્યરાંક શ્રોફ (૧૯) અંબરીશ ઓઝા (૨૦) કિશોર સંઘરાજકા (૨૧) તાહેર ઔરંગાબાદવાલા (૨૨) શીરીન ઔરંગાબાદવાલા (૨૩) અબ્દુલ્લા એફ મુનીમ (૨૪) મનીષા શેઠ (૨૫) ફાલ્ગુની શેઠ (૨૬) અંજુ ટોલિયા (૨૭) અરવિંદ કામદાર (૨૮) અલકા વાણી (૨૯) જયવંત પદમશી ચિખલ (૩૦) દેવેન્દ્ર સંપટ (૩૧) ભાવના કર્વે (૩૨) વિણા સંપટ (૩૩) પુષ્પા ખોના (૩૪) જ્યોત્સના ગાંધી (૩૫) રમેશ દલાલ (૩૬) હિના દલાલ (૩૭) ઈનાક્ષી દલાલ (૩૮) ડાયના સંતોકે (૩૯) પ્રવીણ વોરા (૪૦) શિલ્પા શ્રોફ (૪૧) નિતિન જયંતિલાલ બજરિયા (૪૨) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૩) નયના ગિરીશ મિસ્ત્રી (૪૪) ધીરેન્દ્ર મુલરાજ (૪૫) ગીતા ધીરેન્દ્ર (૪૬) પ્રતિમા પમાણી (૪૭) ડો. પ્રકાશ કટકિયા (૪૮) રસીક જુથાણી (૪૯) હરીહર ભટ્ટ (૫૦) કમલ માતલિયા (૫૧) વિજય આશર (૫૨) હિમાની શાહ

# આનંદો! આજે પહેલી વાર મહિલા ચેસ જગતને મળશે ભારતીય વર્લ્ડ ચૅમ્પિયન

## ૩૮ વર્ષની કૉનેરુ હમ્પી અને તેનાથી અડધી ઉંમરની દિવ્યા દેશમુખ વચ્ચે ફાઇનલ, ઇનામમાં મળશે લાખો રૂપિયા

બાટુમી (જ્યોર્જિયા): મહિલા ચેસ જગતમાં ભારતીય મહિલા ચેસ માટે આજનો દિવસ ઐતિહાસિક બનશે, કારણકે વિમેન્સ ચેસમાં પહેલી વાર ભારતની ખેલાડી વર્લ્ડ ચૅમ્પિયન બનશે. વિશ્વનાથન આનંદના રૂપમાં ભારતને ચેસમાં સૌપ્રથમ વર્લ્ડ ચૅમ્પિયન મળ્યો હતો અને હવે મહિલાઓમાં દેશને પહેલી વિશ્વ વિજેતા મળશે એ નક્કી છે, કારણકે શનિવાર, ૨૬મી જુલાઈએ ફિડે વિમેન્સ વર્લ્ડ કપની ફાઇનલમાં ભારતની જ બે ખેલાડીઓ કૉનેરુ હમ્પી અને દિવ્યા દેશમુખ વચ્ચે રસાકસી થશે અને જે જીતશે એ મહિલા ચેસની સૌપ્રથમ ભારતીય વિશ્વવિજેતા કહેવાશે.





હમ્પી કરતાં દિવ્યા અડધી ઉંમરની છે. હમ્પી આંધ્ર પ્રદેશની છે, જ્યારે દિવ્યા નાગપુરની છે. આ મહિલા વર્લ્ડ કપની ફાઇનલમાં બન્ને ભારતીય પ્લેયર હોય એવું પહેલી જ વખત બન્યું છે. અહીં ફાઇનલમાં પહોંચીને તેઓ આવતા વર્ષની પ્રતિષ્ઠિત કૅન્ડિડેટ્સ ટૂર્નામેન્ટ માટે ક્વૉલિફાય પણ થઈ છે.

ઉલ્લેખનીય છે કે પુરુષોની ચેસમાં ડિસેમ્બર, ૨૦૨૪માં ૧૯ વર્ષનો ડી. ગુકેશ વર્લ્ડ ચૅમ્પિયન બન્યો હતો. તેણે ફાઇનલમાં ચીનના ડિન્ગ લિરેનને પરાજિત કરી દીધો હતો.

### બન્ને ભારતીયનો ચીની હરીફ સામે વિજય

શનિવારની ફાઇનલની હરીફોમાંથી કૉનેરુ હમ્પી ૩૮ વર્ષની છે અને પીઢ ચેસ ખેલાડી છે. તેણે ગુરુવારે સેમિ ફાઇનલમાં ચીનની ટિન્ગજી લીને હરાવી દીધી હતી. દિવ્યા દેશમુખ ૧૯ વર્ષની છે. તેણે સેમિ ફાઇનલમાં ચીનની જ ભૂતપૂર્વ વિશ્વ વિજેતા ઝોન્ગ્યી ટૅન સામે વિજય મેળવીને ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. બન્ને ચીની ખેલાડીએ ભારતીય હરીફોને હરાવીને ફાઇનલને ઑલ-ચાઇના ફાઇનલ બનાવવાનો મનસૂબો ઘડ્યો હતો, પરંતુ તેઓ એમાં સફળ નહોતી થઈ. ઊલટાનું, આ ફાઇનલ ઑલ-ઇન્ડિયા થઈ ગઈ અને એ સાથે ભારતની મહિલા ચેસમાં નવો ઇતિહાસ સર્જાયો. આ ફાઇનલ જીતનારને ૪૨ લાખ રૂપિયા અને રનર-અપને ૨૯ લાખ રૂપિયાનું ઇનામ મળશે.

### દિવ્યાના પર્ફોર્મન્સથી હમ્પી પ્રભાવિત

ગ્રૅન્ડમાસ્ટર (જીએમ) કૉનેરુ હમ્પી વર્લ્ડ વિમેન રૅપિડ ચેસ ટૂર્નામેન્ટની વિજેતા છે. ૨૦૧૯માં પણ તે વર્લ્ડ રૅપિડ ચેસ ટૂર્નામેન્ટ જીતી હતી. તાજેતરમાં જ તેણે વિમેન્સ ગ્રાં પ્રિમાં સંયુક્ત વિજેતાપદ પણ હાંસલ કર્યું હતું. વિશ્વનાથન આનંદે ૨૦૦૦ની સાલમાં ૩૧ વર્ષની ઉંમરે પહેલી વાર વિશ્વવિજેતાપદ મેળવ્યું હતું, જ્યારે મહિલા ચેસની વાત કરીએ તો કૉનેરુ હમ્પી ૩૮ વર્ષની છે અને છેલ્લા થોડા વર્ષોમાં તેણે તનતોડ મહેનતથી તેમ જ સંકલ્પશક્તિથી બુદ્ધિચાતુર્યની આ રમતમાં આગવું સ્થાન જમાવ્યું અને હવે પહેલી વાર વિશ્વવિજેતા બનવાની તૈયારી કરી રહી છે. ૨૦૨૦માં તે ફિડે ઑનલાઇન ચેસ ઑલિમ્પિયાડ જીતી હતી. ખુદ હમ્પીએ ફિડેની વેબસાઇટને મુલાકાતમાં કહ્યું છે કે ‘ દિવ્યા બહુ સારા ફૉર્મમાં છે. તે આ વર્લ્ડ કપમાં ઘણું સારું રમી છે.’ કૉનેરુ હમ્પીએ ૨૦૧૬માં એક જાણીતી કંપનીના પ્રૉજેક્ટ મૅનેજર દેસારી અનવેશ સાથે લગ્ન કર્યાં હતાં. તેમને એક દીકરી છે.

### થોડી ઊંઘ અને થોડું ભોજન

ઇન્ટરનૅશનલ માસ્ટર (આઇએમ) દિવ્યા આ વર્લ્ડ કપમાં ટૉપ-ટેનમાં સામેલ ત્રણ ખેલાડીને હરાવી ચૂકી છે અને હવે તે ભારતની જ કૉનેરુ હમ્પીને પડકારશે. મરાઠી પરિવારની દિવ્યા ગ્રૅન્ડમાસ્ટરનું ટાઇટલ પણ ધરાવે છે. તે ત્રણ વખત ચેસ ઑલિમ્પિયાડનું ટાઇટલ જીતી ચૂકી છે. એશિયન ચૅમ્પિયનશિપ અને વર્લ્ડ જુનિયર ચૅમ્પિયનશિપના ટાઇટલ પણ તેની પાસે છે. તેણે ગુરુવારે ફાઇનલમાં પહોંચ્યા પછી ફિડ વેબસાઇટ પર કહ્યું, ‘ હું હવે થોડી ઊંઘ કરીશ. ફાઇનલ પહેલાં એ બહુ જરૂરી છે. થોડું ખાઈ પણ લઈશ કે જેથી સારી ઊંઘ કરી શકું. છેલ્લા થોડા દિવસો ખૂબ સંઘર્ષપૂર્ણ રહ્યા.’

### ફાઈનલનું ફૉર્મેટ શું છે?

(૧) બન્ને ફાઇનલિસ્ટને પહેલી ૪૦ ચાલ માટે ૯૦ મિનિટનો સમય મળશે. તેમને બાકી રહેલી ગેમ માટે ૩૦ મિનિટ મળશે.

(૨) પ્રથમ ચાલથી જ ચાલ-દીઠ ૩૦ સેકન્ડનો સમય વધારાશે.

(૩) બે ક્લાસિકલ ગેમ બાદ જો મૅચ ટાઇ થશે તો આ મુજબ ટાઇબ્રેક યોજાશે: (અ) ૧૦ મિનિટ + ૧૦ સેકન્ડના વધારાના સમયવાળી બે રૅપિડ ગેમ રમાશે. (બ) એમ છતાં જો મૅચ ટાઇ રહેશે તો પાંચ મિનિટ + ૩ સેકન્ડના વધારાના સમયવાળી બે ગેમ રમાશે. (ક) જરૂર પડશે તો ત્રણ મિનિટ + બે સેકન્ડના વધારાના સમયવાળી બે બ્લિટ્ઝ ગેમ રમાશે. (ડ) હજી પણ જરૂર જણાશે તો વિજેતા નક્કી થશે ત્યાં સુધી ૩ + ૨ બ્લિટ્ઝ ગેમ રમાશે. ■

# બોલર્સ ન ફાવ્યા, હવે બૅટ્સમેનોએ ભારતને બચાવવાનું છે

## ભારતના ૩૫૮ રન સામે ઇંગ્લૅન્ડના ૭/૫૪૪: બ્રિટિશરોની ૧૮૬ રનની સરસાઈ

મૅન્ચેસ્ટર: ઇંગ્લૅન્ડ સામેની ઍન્ડરસન-તેન્ડુલકર ટ્રોફી માટેની પાંચ મૅચની ટેસ્ટ સિરીઝમાં ચોથી ટેસ્ટ (બપોરે ૩.૩૦ વાગ્યાથી)માં શનિવારે ચોથો દિવસ છે જે આખી સિરીઝ માટે નિર્ણાયક સાબિત થઈ શકે, કારણકે પહેલા દાવમાં ભારતના ૩૫૮ રનના જવાબમાં ઇંગ્લૅન્ડે શુક્રવારની ત્રીજા દિવસની રમતના અંત સુધીમાં એક સેન્ચુરી અને ચાર હાફ સેન્ચુરીની મદદથી સાત વિકેટે ૫૪૪ રન કર્યા હતા અને તેઓ ભારતથી ૧૮૬ રન આગળ હતા. હવે શનિવારે બ્રિટિશરોની કુલ સરસાઈ કેટલી રહેશે અને પછી ભારતની બીજા દાવની બૅટિંગ કેવી રહેશે એ જોવું રહ્યું. શુક્રવારની ત્રીજા દિવસે બ્રિટિશ ટીમે પાંચ વિકેટના ભોગે ૩૧૯ રન કર્યા હતા જે જોતાં પિચ બૅટિંગ માટે ઘણી સારી છે.જો બ્રિટિશ ટીમ ૨૦૦થી ૨૫૦ રનની લીડ લેશે તો ટીમ ઇન્ડિયાએ પણ રનનો ઢગલો કરવો પડશે અને કુલ ૫૦૦-પ્લસ રન કરીને યજમાનોને જીતવા માટે પડકાર ફેંકવો પડશે. બીજા દાવમાં ભારતીયો સસ્તામાં આઉટ થઈ જશે તો ઇંગ્લૅન્ડ ૩-૧થી સિરીઝની ટ્રોફી પર કબજો કરી જ લેશે.

જો રૂટ (૧૫૦ રન, ૨૪૮ બૉલ, ૧૪ ફોર) શુક્રવારનો હીરો હતો. તેની આ ૩૮મી સદી હતી. તેની વિકેટ જાડેજાએ લીધી હતી. તેને વિકેટકીપર ધ્રુવ જુરેલના હાથમાં કૅચઆઉટ કરાવ્યો હતો. ઇંગ્લૅન્ડના ટોટલમાં ઝૅક ક્રૉવ્લીનું ૮૪ રનનું, બેન ડકેટનું ૯૪ રનનું, ઑલી પૉપનું ૭૧ રનનું અને બેન સ્ટૉક્સનું નૉટઆઉટ ૭૭ રનનું યોગદાન છે. વૉશિંગ્ટન સુંદરે (ઉપરાઉપરી બે આંચકા સાથે ) બે વિકેટ, જાડેજાએ પણ બે વિકેટ તેમ જ બુમરાહ, કંબોજ, સિરાજે એક-એક વિકેટ લીધી છે. ■

# બેન સ્ટૉક્સ નવી રેકૉર્ડ-બુકમાં: સોબર્સ, બૉથમ, કૅલિસની હરોળમાં

મૅન્ચેસ્ટર: ટેસ્ટ ક્રિકેટના ૧૪૮ વર્ષ જૂના ઇતિહાસમાં સૌથી વધુ (૧૩૩) સિક્સર ફટકારવાનો વિશ્વવિક્રમ ઇંગ્લૅન્ડના પેસ બોલિંગ ઑલરાઉન્ડર અને કૅપ્ટન બેન સ્ટૉક્સના નામે છે એ કેટલાકને ખબર નહીં હોય, પણ હવે સ્ટૉક્સે વધુ એક મોટી ઉપલબ્ધિ મેળવી છે. તેણે વધુ એક અનોખા રેકૉર્ડમાં પણ પોતાનું નામ લખાવી દીધું છે. ટેસ્ટ કરીઅરમાં ૧૦ કે ૧૦થી વધુ સેન્ચુરી ફટકારવા ઉપરાંત પાંચ કે વધુ વખત દાવમાં પાંચ કે વધુ વિકેટ લેવાની સિદ્ધિ મેળવનારા સર ગૅરી સોબર્સ, ઇયાન બૉથમ અને જૅક કૅલિસ સાથે સ્ટૉક્સે પોતાનું નામ પણ જોડી દીધું છે.



બેન સ્ટૉક્સે ટેસ્ટ ક્રિકેટમાં ૧૩ સદી ફટકારી છે અને ગુરુવારે તેણે પાંચમી વખત દાવમાં પાંચ વિકેટની સિદ્ધિ હાંસલ કરી હતી. તેણે ૭૨ રનમાં પાંચ વિકેટ લીધી હતી. તેણે સાઇ સુદર્શન (૬૧ રન), શુભમન ગિલ (૧૨ રન), શાર્દુલ ઠાકુર (૪૧ રન), વૉશિંગ્ટન સુંદર (૨૭ રન) અને અંશુલ કંબોજ (૦)ની વિકેટ લીધી હતી.

અહીં આપણે જે લિસ્ટની વાત કરી રહ્યા છીએ એમાં વેસ્ટ ઇન્ડિઝના મહાન ઑલરાઉન્ડર સર ગારફીલ્ડ સોબર્સનું નામ મોખરે છે. તેમણે ૨૬ ટેસ્ટ સદી ફટકારી હતી અને છ વખત દાવમાં પાંચ કે વધુ વિકેટ લીધી હતી. આ યાદીમાં ઇંગ્લૅન્ડના ઇયાન બૉથમ છે, જ્યારે ત્રીજા સ્થાને સાઉથ આફ્રિકાના ભૂતપૂર્વ ઑલરાઉન્ડર જૅક કૅલિસનું નામ છે. હવે આ અસાધારણ યાદીમાં બેન સ્ટૉક્સનું નામ ચોથા પ્લેયર તરીકે જોડાયું છે.

### ટેસ્ટમાં ૧૦થી વધુ સેન્ચુરી અને પાંચ વખત દાવમાં પાંચ વિકેટ

(૧) સર ગૅરી સોબર્સ: ૨૬ સેન્ચુરી અને છ વખત દાવમાં પાંચ કે વધુ વિકેટ

(૨) ઇયાન બૉથમ: ૧૪ સેન્ચુરી અને ૨૭ વખત દાવમાં પાંચ કે વધુ વિકેટ

(૩) જૅક કૅલિસ: ૪૫ સેન્ચુરી અને પાંચ વખત દાવમાં પાંચ કે વધુ વિકેટ

(૪) બેન સ્ટૉક્સ: ૧૩ સેન્ચુરી અને પાંચ વખત દાવમાં પાંચ કે વધુ વિકેટ ■

# આઠમા નંબર સુધીની બૅટિંગ લાઇન-અપનો મોહ ટીમને ડૂબાડશે?

## અશ્વિને કહ્યું, ‘કુલદીપને શું કામ નથી રમાડતા?’

મૅન્ચેસ્ટર: રિસ્ટ સ્પિનર અને ચાઇનામૅન તરીકે જાણીતા લેફ્ટ-આર્મ સ્પિનર કુલદીપ યાદવને ઇંગ્લૅન્ડ સામેની ચોથી ટેસ્ટમાંથી પણ બહાર રાખવામાં આવ્યો અને હાલમાં બોલિંગની બાબતમાં ભારતીય ટીમની હાલત સારી નથી એ જોતાં ભૂતપૂર્વ ઑફ સ્પિનર રવિચન્દ્રન અશ્વિને ટીમ-સિલેક્શન વિશે સવાલ કર્યા છે. તેણે કહ્યું છે કે બૅટિંગ લાઇન-અપને પ્રાથમિકતા આપવાના (લાઇન-અપ લાંબી કરવાના) ચક્કરમાં ટીમ ઇન્ડિયા પોતાની બોલિંગની બેન્ચ સ્ટ્રેન્થને અવગણી રહી છે.





બૅટિંગ લાઇન-અપ વધારતા જવાના મોહમાં ભારતીય ટીમ મૅનેજમેન્ટે જે રણનીતિ અપનાવી છે એ આ સિરીઝમાં ઊલટી પડી રહી હોવાનું અશ્વિનનું કહેવું છે. બીજી રીતે કહીએ તો કુલદીપને આ શ્રેણીમાં ફરી એકવાર અવગણીને શાર્દુલ ઠાકુરને સિલેક્ટ કરવા સામે અશ્વિને સવાલ ઉઠાવ્યો છે.

ભારતે પ્રથમ દાવમાં ૩૫૮ રન કર્યા હતા અને શુક્રવારે બેન સ્ટૉક્સની ટીમે ટી-ટાઇમ પહેલાં ચાર વિકેટના ભોગે ૪૦૦ રનનો આંકડો વટાવી લીધો હતો. ઓપનર ઝૅક ક્રૉવ્લી (૮૪ રન) અને બેન ડકેટ (૯૪ રન) સદી ફટકારવામાં નિષ્ફળ ગયા હતા અને ઑલી પૉપ (૭૧ રન) સદીની નજીક પણ નહોતો જઈ શક્યો, પરંતુ જૉ રૂટે ૧૭૮ બૉલમાં ૧૦૦ રન પૂરા કરીને ભારતીય બોલર્સને સિરીઝમાં ફરી એકવાર વળતો જવાબ આપ્યો છે.

ઈજાગ્રસ્ત પેસ બોલિંગ-ઑલરાઉન્ડર નીતીશ કુમાર રેડ્ડીની જગ્યાએ પ્લેઇંગ-ઇલેવનમાં સમાવવામાં આવેલા શાર્દુલ ઠાકુરને પ્રથમ દાવમાં સાતમા નંબર પર બૅટિંગ કરવા મોકલવામાં આવ્યો હતો. તેણે કપરી પરિસ્થિતિમાં ૧૨૪ મિનિટ સુધી ક્રીઝમાં ટકી રહીને ૮૮ બૉલમાં ૪૧ રન કર્યા હતા. જોકે મુંબઈના આ પેસ બોલિંગ ઑલરાઉન્ડર શાર્દુલને ૯૭ ઓવરમાં ફક્ત છ ઓવર બોલિંગ આપી હતી અને છેક ૯૮મી ઓવરમાં તેને ફરી મોરચા પર મૂક્યો હતો.

અશ્વિને પોતાની યુટ્યૂબ ચૅનલ પર બહુ સારો મુદ્દો રજૂ કરતા કહ્યું છે કે ‘જુઓ, આઠમા નંબરનો બૅટ્સમૅન ટીમને ૨૦-૩૦ રન આપી શકે, પરંતુ આઠમા નંબરનો જ ખેલાડી બેથી ત્રણ વિકેટ લઈ શકે એવો હોય તો ટીમને ઘણો ફાયદો થાય, તે ટેસ્ટ મૅચમાં બાજી જ ફેરવી શકે. નીતીશ રેડ્ડીને એજબૅસ્ટન અને લૉર્ડ્સની ટેસ્ટમાં રમાડ્યો એ યોગ્ય નિર્ણય હતો. તેને છઠ્ઠા નંબરે બૅટિંગમાં મોકલવામાં આવ્યો હતો અને તેનામાં બોલર તરીકે પણ સારું કૌશલ્ય છે. જોકે મને એ નથી સમજાતું કે મુખ્ય સ્પિનર કુલદીપ યાદવને કેમ હજી સુધી આખી ટૂરમાં બેસાડી રાખવામાં આવ્યો છે?’

અશ્વિને એવું પણ કહ્યું હતું કે ‘ભારતના બોલર્સ આમ પણ થાકી ગયા છે. સિરાજ થાકેલો લાગે છે અને બુમરાહ વર્કલૉડ મૅનેજમેન્ટ હેઠળ છે. બુમરાહને છથી સાત ઓવરનો સ્પેલ નથી આપી શકાતો અને તેને મેદાન પર બહુ દોડાવી પણ નથી શકાતો. મને લાગે છે કે સ્પિનર્સને વધુ સારી રીતે રૉટેટ કરી શકાય. પહેલી ચાર ટેસ્ટમાં કુલદીપનો નંબર નહીં લાગે, એવું જો સિરીઝની શરૂઆતમાં કોઈએ મને કહ્યું હોત તો હું માન્યું જ ન હોત. તમે જો શાર્દુલ પાસે આંગળીને વેઢ ગણાય એટલી જ ઓવર બોલિંગ કરાવો અને તેની પાસે ૨૦-૩૦ રનની અપેક્ષા રાખો તો પછી કુલદીપને જ કેમ નથી અજમાવતા? મારા તો જાણે હોશકોશ જ ઉડી ગયા છે.’

અશ્વિને વધુ એક મહત્ત્વની વાત કરતા જણાવ્યું કે ‘ટીમમાં ત્રણ-ત્રણ સ્પિનર ન રાખવા એવું વિચારીને જ કુલદીપને બહાર રાખવામાં આવ્યો હશે. જોકે જાડેજા હવે ટીમનો સ્પેશિયાલિસ્ટ બૅટ્સમૅન છે. વૉશિંગ્ટન સુંદર પણ સારી બૅટિંગ કરી જાણે છે. તમારા બોલર્સ જ જો સારી બૅટિંગ કરી શકે છે તો પછી કોઈ ટીમમાં આક્રમક બોલરને કેમ નથી સમાવતા? હું એમ નથી કહેતો કે કુલદીપ દાવમાં પાંચ વિકેટ લઈ શકે એવો છે. તેની ખાસિયત એ છે કે તે હરીફ ટીમના બૅટ્સમૅનના મનને પારખીને બોલિંગ કરનારો સ્પિનર છે. તેનો સામનો કરવામાં ઇંગ્લૅન્ડના ઘણા બૅટ્સમેનોએ મુશ્કેલી અનુભવી હોત. તેમને મુસીબતમાં મૂકવાનો બહુ સારો મોકો ટીમ ઇન્ડિયાને મળ્યો હતો. તેણે બ્રિટિશરોના પ્રથમ દાવની શરૂઆતમાં એક વિકેટ તો લીધી જ હોત.’ ■

# રિષભ પંતે રવિ શાસ્ત્રીને કહ્યું, ‘તૂટા ભી હોતા તો ભી મૈં ખેલતા...’

મૅન્ચેસ્ટર: વાઇસ કેપ્ટન રિષભ પંત ઇંગ્લૅન્ડ સામેની ચોથી ટેસ્ટમાં જમણા પગનો અંગૂઠો તૂટી જવા છતાં લડાયક મિજાજ અને દ્રઢતા સાથે પાછો બૅટિંગમાં આવ્યો અને યાદગાર હાફ સેન્ચુરી ફટકારી એ ક્ષણોને ક્રિકેટ પ્રેમીઓ ક્યારેય નહીં ભૂલે, પણ એ પહેલાં તેણે લોર્ડ્સની ત્રીજી ટેસ્ટમાં ડાબા હાથની પહેલી આંગળીમાં થયેલી ગંભીર ઈજા વિશે થોડી વાતચીતમાં ભૂતપૂર્વ હેડ-કોચ રવિ શાસ્ત્રીને કહ્યું હતું કે ‘તૂટા ભી હોતા તો ભી ખેલતા.’

રિષભ પંતને લોર્ડ્સની ત્રીજી ટેસ્ટમાં આંગળીમાં ઈજા થઈ હોવા છતાં તેણે ઘણા સમય સુધી બૅટિંગ કરી હતી.

ભૂતપૂર્વ કેપ્ટન રવિ શાસ્ત્રીએ એક વીડિયોમાં કહ્યું છે કે મૅન્ચેસ્ટરની ચોથી ટેસ્ટ પહેલાં મેં પંતને પૂછ્યું કે હવે તને આંગળીમાં કેમ છે? સારું છે? તૂટી તો નથી ગઈ ને?’

પંતે ત્યારે શાસ્ત્રીને જવાબમાં કહ્યું હતું કે ‘હું આ મૅચ (લોર્ડ્સ)માં બૅટિંગ કરીશ જ. તૂટા ભી હોતા તો ભી ખેલતા.’

ગુરુવારે ચોથી ટેસ્ટમાં ભારતને બૅટિંગમાં ખાસ જરૂર હતી ત્યારે પંત પગમાં ફ્રેક્ચર હોવા છતાં અને ડોક્ટરે તેને છ અઠવાડિયાનો આરામ કરવાની સલાહ આપી હોવા છતાં ડ્રેસિંગ રૂમમાંથી બહાર આવીને ધીમે-ધીમે નીચે ઉતરીને મેદાન પર આવ્યો હતો અને ધરતીને વંદન કર્યા બાદ ધીમે-ધીમે પિચ સુધી પહોંચ્યો હતો. એ દરમ્યાન હજારો પ્રેક્ષકોએ તેમ જ ખેલાડીઓ અને સ્ટેડિયમમાં ઉપસ્થિત મહાનુભાવોએ ઊભા થઈને પંતનું સ્વાગત કર્યું હતું. પંત ફાઈટિંગ સ્પિરીટ સાથે રમ્યો હતો અને હાફ સેન્ચુરી ફટકારી હતી. તેણે પગમાં ગંભીર ઇજા હોવા છતાં ચોક્કા-છગ્ગા ફટકાર્યા હતા.

રવિ શાસ્ત્રીએ વીડિયોમાં આ ઘટના વિશે કહ્યું છે કે ‘પંત પગમાં ફ્રેક્ચર હોવા છતાં પાછો રમવા આવ્યો એનાથી ટીમનો નૈતિક જુસ્સો ખૂબ વધી ગયો હશે. પ્રેક્ષકોનું સ્ટેન્ડિંગ ઑવેશન મળે અને હરીફ ખેલાડીઓ પણ તાળી પાડીને ફાઈટિંગ સ્પિરીટનું સન્માન કરે એ ખેલાડીની કારકિર્દીની અસાધારણ પળો કહેવાય. આવી અપ્રતિમ ઘટનાઓથી જ ખેલાડી તેના ચાહકોમાં હીરો બની જતો હોય છે.’ ■

# બોલર યશ દયાલની મુશ્કેલી વધી; ક્રિકેટર બનાવવાનું કહીને સગીરા પર બળાત્કાર ગુજાર્યો હોવાનો આરોપ

જયપુર: ઇન્ડિયન પ્રીમિયર લીગ(આઇપીએલ)માં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ(આરસીબી) ટીમ તરફથી રમતા ભારતીય ક્રિકેટર યશ દયાલની મુશ્કેલીઓ વધી રહી છે. ઉત્તરપ્રદેશના ગાઝિયાબાદની મહિલાની સતામણી બદલ તાજેતરમાં યશ દયાલ વિરુદ્ધ એફઆઇઆર નોંધવામાં આવી હતી, હવે તેની વિરુદ્ધ વધુ એક ગંભીર આરોપ લગાવવામાં આવ્યો છે. એક અહેવાલ મુજબ યશ દયાલ પર રાજસ્થાનની એક સગીરા પર બળાત્કાર ગુજારવાનો ગંભીર આરોપ લાગવવામાં આવ્યો છે.

### ઉત્તર પ્રદેશમાં પણ કેસ નોંધાયો

નોંધનીય છે કે આ મહિનાની શરૂઆતમાં ઉત્તર પ્રદેશ પોલીસે પણ યશ દલાલ વિરુદ્ધ કેસ નોંધ્યો હતો. યશ દયાલ પર ગાઝિયાબાદની એક મહિલા સાથે છેતરપિંડી કરવાનો, તેનું જાતીય શોષણ કરવાનો અને માનસિક ત્રાસ આપવાનાં આરોપ લગાવવામાં આવ્યા છે. જોકે અલાહાબાદ હાઈકોર્ટે યશ દયાલને રાહત આપી હતી, હાઈકોર્ટે તેની ધરપકડ પર રોક લગાવી છે. ૨૭ વર્ષીય યશ દયાલ લેફ્ટ આર્મ ફાસ્ટ-મીડિયમ પેસ બોલર છે. તે અગાઉ ગુજરાત ટાઇટન્સ માટે રમી ચૂક્યો છે અને હાલમાં તે રોયલ ચેલેન્જર્સ બેંગ્લૂરુનો હિસ્સો છે. યશ અત્યાર સુધી ૪૩ આઇપીએલ મેચ રમી ચુક્યો છે, જેમાં તેણે ૪૧ વિકેટ લીધી છે.

એક પ્રાઇવેટ મીડિયાએ આપેલા અહેવાલ મુજબ રાજસ્થાનની એક મહિલા પર બળાત્કાર ગુજારવા, તેની માનસિક સતામણી કરવા અને બ્લેકમેલ કરવાના આરોપસર યશ દયાલ વિરુદ્ધ જયપુરના સાંગાનેર પોલીસ સ્ટેશનમાં એફઆઇઆર નોંધવામાં આવી છે જેમાં બતાવાયેલી માહિતી મુજબ યશ દયાલે સગીરાને ક્રિકેટમાં કરીઅર બનાવવાની મદદ કરવાનું વચન આપ્યું હતું અને તેને સીતાપુરાની એક હોટલમાં ખાનગી રીતે મળવા બોલાવી હતી, જ્યાં તેના પર પહેલી વાર બળાત્કાર ગુજારવામાં આવ્યો, એ સમયે છોકરીની ઉંમર માત્ર ૧૭ વર્ષની હતી. યશ દયાલ વિરુદ્ધ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સીસ એક્ટ હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. ■

# રૂટ થયો પૉન્ટિંગથી આગળ, હવે માત્ર સચિનથી જ પાછળ

## ભારત સામેના રેકૉર્ડમાં સ્ટીવ સ્મિથને ઓળંગી લીધો

મૅન્ચેસ્ટર: ઇંગ્લૅન્ડના બૅટ્સમૅન જૉ રૂટે (૧૫૦ રન, ૨૪૮ બૉલ, ૧૪ ફોર) શુક્રવારે ટેસ્ટમાં સૌથી વધુ રન કરનાર બૅટ્સમેનોમાં ઑસ્ટ્રેલિયાના રિકી પૉન્ટિંગને પાર કરી લીધો હતો અને હવે રૂટથી એકમાત્ર સચિન તેન્ડુલકર આગળ છે. રૂટ અહીં ભારત સામેની ચોથી ટેસ્ટમાં ત્રીજા દિવસે ૧૩,૩૭૯ રનના આંકડા પર પહોંચ્યો ત્યારે તેણે પૉન્ટિંગના ૧૩,૩૭૮ રનના આંકડાને પાછળ રાખી દીધો હતો અને બીજા ક્રમે ઠરીઠામ થયો હતો. સચિનના ૧૫,૯૨૧ રન ૧૪૮ વર્ષની ટેસ્ટ ક્રિકેટમાં રમી ચૂકેલા તમામ બૅટ્સમેનોમાં સૌથી વધુ છે અને રૂટ તેનાથી માત્ર ૨,૫૦૦ જેટલા રન પાછળ છે. હાલમાં રૂટના નામે ૧૩,૪૦૯ રન છે.





સેન્ચુરિયન જૉ રૂટ (ડાબે) અને એક બૉલમાં ઈજા પામતાં બેસી પડેલો બેન સ્ટૉક્સ. (એપી/પીટીઆઇ)

નવાઈની વાત એ છે કે રૂટે સૌથી વધુ રનકર્તાઓની યાદીમાં સૌથી પહેલાં તો રાહુલ દ્રવિડ (૧૩,૨૮૮)ને ઓળંગ્યો હતો અને પછી તેણે સાઉથ આફ્રિકાના જૅક કૅલિસ (૧૩,૨૮૯)ને પણ પાર કરી લીધો હતો. ત્યાર બાદ તેણે પૉન્ટિંગની સિદ્ધિને ઓળંગીને બીજું સ્થાન હાંસલ કર્યું હતું.

જૉ રૂટે ૨૦૧૨માં નાગપુરમાં ટેસ્ટ કરીઅર શરૂ કરી હતી. ત્યારે તેણે ૭૩ રનના સ્કોર સાથે કારકિર્દીને જોરદાર શરૂઆત અપાવી હતી.

એ પહેલાં, જૉ રૂટે એશિયાના જાયન્ટ ક્રિકેટ-રાષ્ટ્ર ભારત સામે સૌથી વધુ ટેસ્ટ સદી ફટકારનારાઓમાં ઑસ્ટ્રેલિયાના સ્ટીવ સ્મિથને પાછળ રાખી દીધો હતો. સ્મિથે ભારત વિરુદ્ધ ૧૧ ટેસ્ટ સદી ફટકારી છે, જ્યારે રૂટે શુક્રવારે ભારત સામે ૧૨મી સદી નોંધાવી હતી.

કુલ ટેસ્ટ સદી ફટકારનારાઓમાં જૉ રૂટ શુક્રવારે ૩૮મી સદી સાથે શ્રીલંકાના કુમાર સંગકારાની બરાબરીમાં આવી ગયો હતો. હવે ત્રણ જ બૅટ્સમેન રૂટથી આગળ છે: સચિન (૫૧), કૅલિસ (૪૫) અને પૉન્ટિંગ (૪૧). ■

# બેંગલૂરુનું સ્ટેડિયમ અનફિટ અને અસલામત: પંચનો ચુકાદો

બેંગલૂરુ: ચોથી જૂને રૉયલ ચૅલેન્જર્સ બેંગલૂરુ (આરસીબી)ના સૌપ્રથમ ચૅમ્પિયનપદની ઉજવણી વખતે થયેલી જીવલેણ ધક્કામુક્કીની દુર્ઘટના બાદ હવે બીસીસીઆઇ તેમ જ ખુદ આરસીબી વધુ એક ચિંતામાં મુકાઈ છે. જસ્ટિસ જૉન માઇકલ કુન્હા પંચે તપાસ સંબંધમાં આપેલા અહેવાલમાં બેંગલૂરુના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમને મોટી ઇવેન્ટ રાખવા માટે અસલામત અને અનફિટ જાહેર કર્યું છે.

આ સ્ટેડિયમની નજીક ચોથી જૂને થયેલી નાસભાગમાં ૧૧ જણના જીવ ગયા હતા અને ૫૦થી વધુ લોકો ઘાયલ થયા હતા. એ દુર્ઘટના સંબંધમાં કર્ણાટક પોલીસ, સ્ટેટ ક્રિકેટ ઍસોસિયેશન અને રાજ્ય સરકાર એકમેક સામે આંગળી ચીંધે છે. આરસીબીના ફ્રેન્ચાઇઝીને મુખ્યત્વે જવાબદાર ગણાવવામાં આવી રહ્યું છે, કારણકે આ ફ્રેન્ચાઇઝીએ પોલીસની અગાઉથી પરવાનગી લીધા વગર અસંખ્ય લોકોને આકર્ષતી જાહેરાત સોશિયલ મીડિયામાં કરી હતી. જોકે સ્ટેડિયમ ખાતેની ચોથી જૂનની ઇવેન્ટ વિશે બીસીસીઆઇનો કોઈ જ સંબંધ નહોતો.

પંચનો ફેંસલો બીસીસીઆઇ માટે માથાનો દુખાવો બની શકે, કારણકે આ સ્ટેડિયમના ડિઝાઇન અને સ્ટ્રક્ચર મોટી સંખ્યામાં લોકોની હાજરી માટે પંચ દ્વારા અયોગ્ય અને અસલામત ગણાવવામાં આવ્યા છે.

આગામી સપ્ટેમ્બરમાં મહિલાઓનો વન-ડે વર્લ્ડ કપ ભારતમાં રમાવાનો છે. એ સ્પર્ધાની પ્રારંભિક મૅચ તેમ જ એક સેમિ ફાઇનલ બેંગલૂરુના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં રાખવાની બીસીસીઆઇની યોજના હતી, પણ હવે શેડ્યૂલમાં મોટો ફેરફાર કરવો પડશે. કર્ણાટકમાં બેંગલૂરુને બાદ કરતા બીજું કોઈ મોટું ઇન્ટરનૅશનલ સ્ટેડિયમ નથી. ૨૦૨૬માં આરસીબીની આઇપીએલની મૅચો આ સ્ટેડિયમમાં રાખવી કે નહીં એ મુદ્દો પણ ચર્ચાસ્પદ થશે. ■

## ૨૦. ધંધાદારી જગ્યા

**ફોર્ટ - કાલાઘોડા**
જુના ભાડાની ઓફિસ 450' એટેચ્ડ વોશરૂમ આઉટરાઈટ વેચાણથી. ઓનર 9821231563 સુમનભાઈ. (૧૩૨-એ)

**ખાર (પશ્ચિમ)**
**એક્સકલુઝિવ ઓફિસ સ્પેસ 430' થી 650'+ RERA કાર્પેટ, આઉટરાઈટ સેલ, O.C સાથે, પ્રાઈમ એસ. વી. રોડ લોકેશન, સ્ટેશનથી વોકેબલ, વિગત માટે સંપર્ક 9987464111 / 8898901997. (૧૩૪-એ)**

**લોઅરપરેલ પ્રભાદેવી**
500' / 1000' જગ્યા જોઈએ છે ક્લાઉડ કિચન માટે (ઇન્ડક્શન) બજેટ 200/- 9819569698. (૧૩૭-ઈ)

**દુકાન વેચાણથી**
કાંદિવલી (વેસ્ટ) દહાણુકરવાડી, Metro સ્ટેશન પાસે, ઓફ લિંક રોડ, 394' કારપેટ, 14' હાઈટ મોકાની દુકાન વેચાણથી ધર્મેન્દ્ર સંઘવી - 9321459014. (જેપી/૪૫૦૮-ડી)

**કોમર્શિયલ ભાડેથી**
**ઘાટકોપર વેસ્ટ કામાલેન 800 કાર્પેટ પહેલા માળે (1 પાર્કિંગ) 9820215542, 9820848482. (જેપી/૪૫૦૬-ડી)**

**ચર્નીરોડ**
સ્ટેશન પાસે ધંધાદારી જગ્યા ભાડેથી ૬૦૦ કાર્પેટ, માલકીન - ૯૬૧૯૨૩૫૭૫૬ / ૮૩૬૯૫૫૬૦૨૧. (બી-૧૬૨૬૫)

**ઘાટકોપર (ઈસ્ટ) રોડ ટચ વેચાણથી**
**ઉપલબ્ધ. પ્રાઈમ લોકેશન 90' રોડ ગણેશ મંદિરની સામે/ અપકમિંગ મેટ્રો સ્ટેશન, ગ્રાઉન્ડ + પહેલો માળ, કાર્પેટ એરિયા 250' + 250', સ્વતંત્ર એન્ટ્રી, પાણીનું કનેકશન અને વોશરૂમ સાથે. માલિક દિલીપભાઈ 9821130698 (દલાલ માફ). (૧૩૮-એ)**

**અંધેરી (વેસ્ટ)**
**સ્ટેશનની સામે, 460 ફૂટની કમર્શિયલ ઓફિસ વેચવાની. (WITH PARKING) 2.10 કરોડ. (ઓનર)- 8169044581. (૧૪૫-બી)**

**''ચર્નીરોડ''**
સ્ટેશન પાસે, બેઝમેન્ટ, ઓફિસ 312' ગોડાઉન-લેબ-કલાસીસ-સ્ટુડિયો, લીઝ- 35,000/-: 9867222020. (૧૫૧-બી)

**કાંદિવલી (વેસ્ટ)**
એસવી રોડ ટચ 3000' જગ્યા-બ્રાન્ડ શોરૂમ, બેન્ક, ડાયગ્નોસ્ટીક સેન્ટર, ડૉક્ટર, હોટલ માટે ઉત્તમ, ભાડેથી મળશે. મહેન્દ્રભાઈ ગાલા: 7021916959. (૧૫૩૭૫/બી)

**ANDHERI [WEST] 3400' CARPET**
**S. V. Road Touch, 55 FT Frontage Full Visibility. Useful For Showroom, Bank On Lease. 8879181869. (124-H)**

## ૩૧. નાણાંકીય

**LOAN**
Against Residential or Commercial Property / Unsecured Business Loan, Based on Banking or GST Turnover, Facilities Either Term Loan or OD, Compare Loan Eligibility, ROI and Tenure Across 19+ Banks, with 28+ years of Experience, Partnered with Corporate DSA having PAN India, Services in Mumbai and Pune. (T & C) Contact on: 9226511191. (117-G)

**PRIVATE FINANCE @ 18% on Property with OC. Shivam: 9820079788. (15373-A)**

**FUNDING**
For NPA, OTS, Real Est. Proj. Difficult Cases, Unsecured, Structured, Order, Import Finance. 25 yrs exp. financenetwork.in / 9819878744. (135-A)

## ૩૨. જમીન-મિલકત

FURNISHED 1 BHK FLAT 600 carpet for sale at Pedder Road. Genuine buyers only to contact. 9892966423. (B-16300)

## ૩૩. ધંધાદારી

**દુનિયાભરમાં પાર્સલ**
નાસ્તો, મસાલા, કપડાં, બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર. - 9769691025 / 26822572. (બી-૧૬૧૩૮)



(બી-૧૬૨૪૭)

**દુનિયાભરમાં પાર્સલ**
નાસ્તો, મસાલા, કપડાં, બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર. - 9769691025 / 26822572. (બી-૧૬૩૦૧)



(B-16308)

**VIKHROLI (WEST)**
Prime Office Space for Sale at Indraprastha, LBS Marg, 1175 sqft (Carpet), 2nd Floor, 12 ft height Next to Big IT Park & Metro, 7 min walk from Railway Station Rs. 3.5 Cr. (negotiable) Cont: Vijay 9892045478 (Broker Welcome) (B-16275)

## ૨૩. મનોરંજન

**''પ્રાર્થના- 6500/-''**
''દાંડિયા'', ''સંગીતસંધ્યા'', ''લગ્નગીત'', ''બર્થડે'', ''એનિવર્સરી'', ''ડીજે'' :- 9820889938. (૧૩૫-એફ)

**''વિનોદ શાહ''**
પ્રોજેક્ટર સ્ક્રીન સાથેઃ માતૃપિતૃ વંદના, દરેક ભાવયાત્રા, પહેડી, સાંજી, પ્રાર્થનાસભા- 9821540500. (બી-૧૬૩૧૮)

## ૨૫. શૈક્ષણીક

**SAVE YEAR**
Fail any Standard Pass Privately, Graduation, MBA. Call: 9619333119. (133-A)

## ૨૭. ઔષધ ઉપચાર

**દુખાવો**
ઘુંટણ, કમર, હાથપગ, ગર્દન, ખભો ઘરેબેઠાં દવા વગર મટાડો. 9867226594. (૧૧૨-ઈ)

**''પાણીની ટાંકીઓ''**
''મશીનથી કુવા - સોસાયટીની - ઘરની ટાંકીઓની સફાઈ'' ''યોગી એન્ટરપ્રાઈઝ'' 9820776583/ 9892298963. (૧૧૭-ઈ)

**પરદેશમાં પાર્સલ**
અમેરિકા / લંડન / ઓસ્ટ્રેલીયા / કેનેડા વગેરે દેશોમાં પાર્સલ મોકલવા. 9323766047 / 8451015519. (૧૨૨-એ)

**કોમ્પ્યુટર - ફ્રેન્ચાઈઝ - મલાડ પૂર્વ**
૩ વર્ષનું ભાડુ ૬ લાખ, ૨ લાખ ડિપોઝીટ અને ૨ લાખ રૂપિયા કોમ્પ્યુટર અને ફર્નિચર, રસ ધરાવતાં સંપર્કઃ કુણાલ મહેતા - ૭૫૦૬૭૭૬૩૯૮ / ૮૩૫૬૮૫૭૯૯૫. (એસડીબીજી-૨૭૭૪)

■ લક્ઝુરીયસ જીવન જીવો, સર્વોત્તમ સેક્ટર, હેલ્થ, એજ્યુકેશન, હોસ્પિટાલિટી, મંદી વિના, સલામત આવક 9377992110, 9867510027. (બી-૧૬૩૦૫)

**HEALTH INSURANCE**
**TATA - કંપનીની નવી પ્રોડક્ટ. ઉંમર 0 થી 100 વર્ષ સુધી. 500% સુપર બોનસ. વગર કોઈ રોકટોક, CUSTOMIZE PLAN. (CLAIM SETTLEMENT 97.36%) ARTH: 9769989977. (૧૪૬-એ)**

## ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ) 9773226675, 9326448699 (કાંદિવલી). (૮૪-એ)

## ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**
યુરોપ, અમેરિકા, ન્યુઝીલેંડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. ૯૮૨૦૧૯૪૭૧૯, ૭૨૦૮૦૧૯૫૧૫. (૧૫૯૭૫-એ)


૫૧૨ કરોડનું બૅંક છેતરપિંડી કૌભાંડ

# કોર્ટે સ્પોર્ટ્સ એકેડેમી અને ભૂતપૂર્વ વિધાનસભ્યની જમીનની હરાજીનો આપ્યો આદેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્રના રાયગડ જિલ્લાના પનવેલ સ્થિત એક સહકારી બેંકના લેણદારોને ચુકવણીની સુવિધા આપવા માટે એક ખાસ મની લોન્ડરિંગ વિરોધી અદાલતે ભૂતપૂર્વ વિધાનસભ્ય વિવેકાનંદ શંકર પાટિલની મિલકતોની હરાજીનો આદેશ આપ્યો છે.

કર્નાળા નાગરી સહકારી (કો-ઓપરેટિવ) બેંકમાં ૫૧૨ કરોડ રૂપિયાથી વધુના કથિત છેતરપિંડી કૌભાંડમાં તપાસ એજન્સીઓ દ્વારા બહુ-એકરમાં ફેલાયેલી સ્પોર્ટ્સ એકેડેમી અને પનવેલમાં એક જમીનનો સમાવેશ કરતી મિલકતો જપ્ત કરવામાં આવી છે. આ કેસના મુખ્ય આરોપી પાટીલે ત્રણ ટર્મ માટે શેકાપના વિધાનસભ્ય તરીકે પનવેલનું પ્રતિનિધિત્વ કર્યું હતું અને એક વખત ઉરણથી વિધાનસભ્ય રહી ચૂક્યા હતા.

નવી મુંબઈ પોલીસની આર્થિક ગુના શાખા દ્વારા પાટિલની કેટલીક પૂર્વજોની સંપત્તિ સહિત કુલ ૮૭ મિલકતો એમપીઆઈડી એક્ટ અથવા મહારાષ્ટ્ર ડિપોઝિટર્સના હિત સંરક્ષણ (નાણાકીય સ્થાપનામાં) અધિનિયમ હેઠળ જપ્ત કરવામાં આવી હતી.

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) છેતરપિંડી સાથે સંકળાયેલા મની લોન્ડરિંગ કેસની પણ તપાસ કરી રહ્યું છે, તેમાંની કેટલીક મિલકતો પર બેવડી જપ્તી છે.

ખાસ પીએમએલએ ન્યાયાધીશ સત્યનારાયણ નાવંદરે મંગળવારે બેંકના લિક્વિડેટરની અરજીને મંજૂરી આપતા આ જપ્ત કરેલી મિલકતો મુક્ત કરવાનો આદેશ આપ્યો હતો.

લિક્વિડેટરે કર્નાળા સ્પોર્ટ્સ એકેડેમી અને પનવેલ તાલુકામાં સ્થિત જમીનના પ્લોટને મુક્ત કરવાની માગણી કરી હતી, જેથી બેંકના લેણદારો, જેમાં થાપણદારોનો પણ સમાવેશ થાય છે, પ્રત્યેની જવાબદારીઓ ચૂકવી શકાય.

આરોપી સહિત તમામ પક્ષોએ આ મિલકતોની હરાજી આગળ વધારવા માટે પોતાનો કોઈ વાંધો ઉઠાવ્યો ન હતો.

બધા પક્ષો વચ્ચે સર્વસંમતિને જોતાં, કોર્ટે આ બંને મિલકતોની જપ્તીને સંપૂર્ણ બનાવવાનું યોગ્ય માન્યું. ત્યારબાદ તેણે બેંકના થાપણદારોના હિતમાં હરાજી પ્રક્રિયા તાત્કાલિક શરૂ કરવાનો નિર્દેશ આપ્યો. ઈડીનો કેસ ફેબ્રુઆરી ૨૦૨૦માં આર્થિક ગુના શાખા દ્વારા પાટીલ અને અન્ય ૭૫ લોકો સામે નોંધાયેલી એફઆઈઆર પર આધારિત છે, જેમાં પનવેલ-મુખ્ય મથકવાળી કર્નાળા સહકારી બેંકમાં રૂ. ૫૧૨.૫૪ કરોડની ગેરરીતિઓનો આરોપ મૂકવામાં આવ્યો હતો. ■

# સિનિયર સિટિઝનોને વાતોમાં ભોળવી દાગીના પડાવનારો નાશિકમાં પકડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સિનિયર સિટીઝનોને વાતોમાં ભોળવી દાગીના પડાવનારો બોલબચ્ચન ગૅન્ગના સભ્યને અંધેરી પોલીસે નાશિકના ઈગતપુરીથી પકડી પાડ્યો હતો. ૪૦થી વધુ ગુનામાં સંડોવાયેલો આરોપી સાત મહિના અગાઉ જ જેલમાંથી છૂટ્યો હતો.

ધરપકડ કરાયેલા આરોપીની ઓળખ મુનાવર ઉર્ફે અન્વર અબ્દુલ હમીદ શેખ (૫૦) તરીકે થઈ હતી. કુર્લા પૂર્વના કુરેશી નગરમાં રહેતા શેખ વિરુદ્ધ અનેક કોર્ટે વૉરન્ટ અને બિનજામીનપાત્ર વૉરન્ટ જારી કર્યા હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

પોલીસના જણાવ્યા મુજબ ૧૫ જુલાઈની સવારે અંધેરી પૂર્વમાં તેલી ગલી ક્રોસ રોડ પરથી વૃદ્ધા ચાલતી પસાર થઈ રહી હતી ત્યારે આરોપી તેની નજીક આવ્યો હતો. વૃદ્ધાને વાતોમાં પરોવી રાખી આરોપીએ તેની સોનાની ચેન જોવા લીધી હતી. બાદમાં આરોપી ચેન સાથે રફુચક્કર થઈ ગયો હતો. આ પ્રકરણે વૃદ્ધાએ પોલીસમાં ફરિયાદ નોંધાવતાં તપાસ હાથ ધરવામાં આવી હતી.

આરોપીએ સીસીટીવી કૅમેરાથી બચવા માટે જાણીજોઈને છત્રી ખુલ્લી રાખી હતી. છત્રીને કારણે તેનો ચહેરો ફૂટેજમાં સ્પષ્ટ દેખાતો નહોતો. પોલીસે પાંચ દિવસ સુધી આરોપીના જવાના માર્ગ પરના કૅમેરાનાં ફૂટેજ તપાસ્યાં હતાં. આખરે ઓળખ થતાં તે રેકોર્ડ પરનો આરોપી હોવાનું તપાસમાં જણાયું હતું. શેખ ટ્રેનથી પશ્ચિમ બંગાળ જઈ રહ્યો હોવાની માહિતી પોલીસને મળી હતી. માહિતીને આધારે નાશિક રેલવે પોલીસને જાણ કરાઈ હતી. ઈગતપુરી સ્ટેશને પોલીસે તેને તાબામાં લીધો હતો. ૪૦થી વધુ ગુનામાં સંડોવાયેલો શેખ ડિસેમ્બર, ૨૦૨૪માં જ જામીન પર જેલમાંથી બહાર આવ્યો હતો. તેની પૂછપરછમાં છ ગુના ઉકેલાયા હોવાનો દાવો પોલીસે કર્યો હતો. ■

પર્યાવરણપૂરક ગણેશોત્સવ

# મૂર્તિકારોને ૯૧૦ ટન મફત શાડુ માટીનું વિતરણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈમાં વધુને વધુ પર્યાવરણપૂરક મૂર્તિની સ્થાપના થાય તે માટે મુંબઈ મહાનગરપાલિકા દ્વારા મૂર્તિકારોને પ્રોત્સાહન આપવા માટે પાલિકા દ્વારા અત્યાર સુધી મૂર્તિકારોને ૯૧૦ ટન મફત શાડુ માટી મફતમાં આપવામાં આવી છે. તો પર્યાવરણપૂરક મૂર્તિ બનાવનારા ૯૯૩ મૂર્તિકારોને તાત્પૂરતા મંડપ ઊભા કરવા માટે પાલિકાએ વિનામૂલ્ય જગ્યા પર ઉપલબ્ધ કરી આપી છે. મુંબઈ હાઈ કોર્ટે આગામી વર્ષ સુધી માટે પ્લાસ્ટર ઓફ પેરિસની છ ફૂટથી ઊંચી મૂર્તિઓના વિસર્જન નૈસર્ગિક સ્રોત એટલે કે દરિયામાં કરવા માટે મંજૂરી આપી દીધી છે, છતાં મુંબઈ મહાનગરપાલિકા દ્વારા મુંબઈમાં પર્યાવરણપૂરક ગણેશોત્સવની ઊજવણી પર ભાર આપવામાં આવી રહ્યો છે, તે માટે પ્લાસ્ટર ઓફ પેરિસને બદલે શાડુ માટીની મૂર્તિની સ્થાપના પર ભાર આપવામાં આવ્યો છે. મૂર્તિકારોને પ્રોત્સાહન આપવા માટે મફત માટીની સાથે મંડપ પણ મફતમાં આપવામાં આવ્યા હતા. વર્ષ ૨૦૨૪માં ૨૦૨૦ કરતા વધુ મૂર્તિકારોને ૫૦૦ ટન જેટલી માટી મફત આપવામાં આવી હતી. તેની સરખામણીમાં આ વર્ષે એપ્રિલ ૨૦૨૫માંથી પર્યાવરણપૂરક મૂર્તિઓ ઘડવા માટે મૂર્તિકારોએ મોટા પ્રમાણમાં શાડુ માટીની માગણી કરી હતી. ૨૫ જુલાઈ, ૨૦૨૫ સુધીમાં ૯૧૦ ટન ૨૩૫ કિલો જેટલી મફત માટી આપવામાં આવી છે. સૌથી વધુ શાડુ માટી કે-પૂર્વ (અંધેરી પૂર્વ)માં ૯૬ ટન ૬૧૫ કિલો આપવામાં આવી હતી. ■

# યેઉરના જંગલમાં મંજૂરી વગર બાંધકામ: મટિરિયલ સહિત ગાડીઓ લઈ જવા પર પ્રતિબંધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણે: થાણે જિલ્લામાં આવેલા અને પર્યાવરણની દૃષ્ટિએ સંવેદનશીલ વિસ્તાર ગણાતા યેઉરના જંગલમાં થાણે મહાનગરપાલિકાના સિટી ડેવલપમેન્ટ ડિપાર્ટમેન્ટની મંજૂરી વગર બાંધકામને લગતું મટિરિયલ સહિત કોઈ પણ પ્રકારના વાહનો લઈ જવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

થાણે પાલિકાના જણાવ્યા મુજબ જે લોકોને બાંધકામની મંજૂરી મળી હોય તેમને પણ વન વિભાગના પ્રવેશદ્વાર પર રહેલા ચોકી પર રીતસરની નોંધ કરવી પડશે. તેમ જ બાંધકામના મટિરિયલ કયા પ્રકારનું છે તેમને ગાડીની વિગતવાર માહિતી આપવી પડશે.

યેઉરમાં ગેરકાયદે ટર્ફ પર હાઈ કોર્ટના આદેશ મુજબ કાર્યવાહી કરવામાં આવી રહી છે, જેમાં ટર્ફના ૧૦ બાંધકામ માટે આઠ બાંધકામ અગાઉ જ તોડી પાડવામાં આવ્યા હતા. એક ટર્ફ કાયદેસરનું છે. તો બાકીના એક ટર્ફને આપેલી મુદત પૂરી થયા બાદ તેને તોડી પાડવામાં આવશે એવું થાણે પાલિકાના અધિકારીએ જણાવ્યું હતું.

યેઉરમાં આવેલા ગેરકાયદે કમર્શિયલ બાંધકામનો પ્રત્યક્ષ જગ્યા પર જઈને સિટી ડેવલપમેન્ટ ડિપાર્ટમેન્ટ, પ્રોપર્ટી ટેક્સ ડિપાર્ટમેન્ટની મદદથી અતિક્રમણ વિભાગને સર્વેક્ષણ કરતાનો નિર્દેશ પણ આપવામાં આવ્યો છે.

તમામ ગેરકાયદે કમર્શિયલ બાંધકામનો શ્રેણી મુજબ વર્ગીકરણ કરવાનો અને તેમને કયા પ્રકારની મંજૂરી આપવામાં આવી છે અને તે જગ્યાનો શેની માટે ઉપયોગ કરવામાં આવી રહ્યો છે તે તપાસવામાં આવી રહ્યું છે. આ લોકો પાસે પર્યાવરણની દૃષ્ટિએ સંવેદનશીલ ક્ષેત્રની મંજૂરી,પાલિકાના બાંધકામ વિભાગની મંજૂરી, ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગના લાઈસન્સ છે કે તે પણ તપાસવામાં આવવાના છે. જો ગેરકાયદે બાંધકામ જણાય તો તાત્કાલિક ગુનો નોંધવાનો આદેશ પણ પાલિકા કમિશનરે આપ્યો છે.

યેઉર અત્યંત સંવેદનશીલ વિસ્તાર છે. ઍરફોર્સ દ્વારા અહીંના બાંધકામ, લાઈટિંગ બાબતે ફરિયાદ આવી હતી. તેના પર તાત્કાલિક પગલા લેવાનો નિર્દેશ પણ આપવામાં આવ્યો છે. આ વિસ્તારમાં હાઈ વોલ્ટેજની લાઈટ વાપરવા પર પ્રતિબંધ છે. તેથી હાઈ વોલ્ટેજ ક્ષમતાનો વીજ પુરવઠો આપતા સમયે ધ્યાન રાખવાનો નિર્દેશ મહાવિતરણ કંપનીને આપવામાં આવ્યો છે.

યેઉરના જંગલમાં આવેલા ખાનગી બંગલાના માલિકોને તેમની જગ્યામાં કારણવગર લાઈટિંગ કરવી નહીં અને લાઉડસ્પીકરનો ઉપયોગ કરવો નહીં તેમ જ ફટાકડા પણ ફોડવા નહીં એવી ચેતવણી પાલિકા દ્વારા આપવામાં આવી છે. આ સંદર્ભમાં છેલ્લા થોડા મહિનામાં ૧૮૮ લોકોને નોટિસ પણ ફટકારવામાંઆવી છે. તો ફટાકડા ફોડવા, લાઉડસ્પીકર વાપરવા જેવા ૧૮ ગુના પણ નોંધવામાં આવ્યા છે. ■

# ૧૦ વર્ષમાં લોકલ અકસ્માતોમાં ૨૬,૦૦૦ પ્રવાસીનાં મોત, ૧૦૩ કરોડ રૂપિયાનું વળતર

મુંબઈ: મુંબઈગરાના જીવનમાં લોકલ ટ્રેનો ફક્ત પરિવહનનું સાધન નથી, તે શહેરની લાઈફલાઈન પણ છે. મુંબઈની લોકલ ટ્રેનોમાં દરરોજ ૭૦ લાખથી વધુ મુસાફરો મુસાફરી કરે છે.

મુંબઈમાં ત્રણેય રેલ્વે લાઇન પર અકસ્માતોમાં દરરોજ સરેરાશ ૮ લોકો મૃત્યુ પામે છે. એક ટ્રેનના ડબ્બામાં ૧,૮૦૦ મુસાફરો હોય છે જે તેની ક્ષમતા કરતા ૨-૩ ગણા વધારે હોય છે. આના કારણે ચઢતી કે ઉતરતી વખતે ધક્કામુક્કી થાય છે. જેને કારણે અકસ્માતો થાય છે અને દિવસે ને દિવસે તેની સંખ્યા વધી રહી છે. રેલવે દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર જાન્યુઆરી ૨૦૧૫ થી મે ૨૦૨૫ સુધીના ૧૦ વર્ષના સમયગાળામાં વિવિધ અકસ્માતો અને ઘટનાઓમાં કુલ ૨૬,૫૪૭ મુસાફરોના મૃત્યુ થયાં હતા. આમાંથી સૌથી વધુ ૧૪,૧૭૫ મૃત્યુ રેલવે ટ્રેક ઓળંગતી વખતે થયા હતા.

રેલવે અકસ્માતોમાં મૃત્યુ પામેલા મુસાફરોના વારસદારોને રેલવે નાણાકીય સહાય પૂરી પાડે છે. રેલવેએ ૧ જાન્યુઆરી, ૨૦૧૫ થી ૩૧ મે, ૨૦૨૫ સુધીના ૧૦ વર્ષના સમયગાળા દરમિયાન થયેલા કુલ ૨૬,૫૪૭ મૃત્યુ માંથી ફક્ત ૧,૪૦૮ મુસાફરોના વારસદારોને ૧૦૩ કરોડ ૭૧ લાખ ૭૫ હજાર રૂપિયાની નાણાકીય સહાય પૂરી પાડી છે. જ્યારે ૪૯૪ ઘાયલોને ૧૪ કરોડ ૨૪ લાખ રૂપિયાની આર્થિક સહાય આપવામાં આવી છે. પિમેન્ટાએ આરોપ લગાવ્યો છે કે રેલવે વળતર ચૂકવતી વખતે કડક માપદંડો લાદે છે, જેના કારણે પીડિતોના પરિવારોને મદદ મળતી નથી. રેલવે અધિકારીઓએ જવાબ આપતા જણાવ્યું હતું કે મૃતકો અથવા ઘાયલ મુસાફરોના પરિવારો મદદ માટે યોગ્ય પુરાવા આપતા નથી. ■

# 'નાણાં બમણાં' કરવાની વિધિ વખતે વકીલના ૨૦ લાખ રૂપિયા ચોરનારા બે જણની ધરપકડ

થાણે: 'નાણાં બમણાં' કરવાની વિધિને નામે વકીલને રૂમમાં બંધ કરીને તેના ૨૦ લાખ રૂપિયા લઇ ફરાર થયેલા બે જણને પોલીસે પકડી પાડી લોકઅપભેગા કરી દીધા હતા.

આરોપીઓની ઓળખ સચિન ભરત શર્મા ઉર્ફે પ્રેમસિંહ સાધુ મહારાજ (૩૫) અને જયદીપ દિનેશ પામેચા (૨૫) તરીકે થઇ હતી. ઉત્તર પ્રદેશનો રહેવાસી સચિન શર્મા લેબર કોન્ટ્રેક્ટર છે, જ્યારે જયદીપ પામેચા રાજસ્થાનનો રહેવાસી છે અને સેલ્સમેન તરીકે કામ કરે છે. બંને જણ છ મહિનાથી પનવેલ વિસ્તારમાં રહેતા હતા. આરોપીઓ એક મિત્ર મારફત મીરા રોડમાં રહેતા વકીલના સંપર્કમાં આવ્યા હતા. આરોપી સચિન શર્માએ વકીલને ખાતરી આપી હતી કે ધાર્મિક વિધિથી પૈસા બમણા કરી શકે છે. આરોપીઓએ ૨૨ જુલાઇએ વકીલને ૨૦ લાખ રૂપિયા લઇને નવી મુંબઈના સીબીડી બેલાપુર વિસ્તારમાં ભાડાના ફ્લેટમાં બોલાવ્યો હતો, જ્યાં ધાર્મિક વિધિના ભાગરૂપે વકીલ પાસે પ્રાર્થના કરાવી હતી. તેમણે વકીલને રૂમમાં મંત્રનો જાપ કરવાનું કહ્યું હતું. વકીલ મંત્રનો જાપ કરી રહ્યો હતો ત્યારે આરોપીઓ બહારથી તાળું મારીને ૨૦ લાખ સાથે ફરાર થઇ ગયા હતા. ■

# કાંદિવલીની કૉલેજ બહાર વિદ્યાર્થિનીનું મૃત્યુ

મુંબઈ: કાંદિવલી પૂર્વમાં આવેલી નિર્મલા કૉલેજના ગેટ પાસે જ બેભાન થઈ જમીન પર ફસડાઈ પડેલી વિદ્યાર્થિનીનું મૃત્યુ થયું હતું. લૉ બ્લડપ્રેશરને કારણે વિદ્યાર્થિનીએ જીવ ગુમાવ્યો હોવાનું પ્રથમદર્શી જણાઈ રહ્યું છે. પોલીસના જણાવ્યા મુજબ કાંદિવલીના હનુમાન નગર વિસ્તારમાં રહેતી હર્ષિતા પાલ (૨૦) બીએસસી-આઈટીના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતી હતી. ગુરુવારની સવારે નવ વાગ્યાની આસપાસ તે રોજ મુજબ કૉલેજ આવી હતી. જોકે ગેટ પાસે પહોંચતાં જ તમ્મર આવતાં તે બેભાન થઈ જમીન પર ફસડાઈ પડી હતી. બેભાન હર્ષિતાને તાત્કાલિક નજીકની હૉસ્પિટલમાં લઈ જવાઈ હતી, જ્યાં તબીબે તેને મૃત જાહેર કરી હતી. ■

# વિદેશમાં નોકરીને નામે ગુજરાત, અન્ય રાજયના લોકો પાસેથી લાખો રૂપિયા પડાવનારો પકડાયો

મુંબઈ: વિદેશમાં નોકરી અપાવવાને બહાને ગુજરાત સહિત અન્ય રાજ્યના લોકો પાસેથી લાખો રૂપિયા પડાવીને તેમને બોગસ વિઝા, એરટિકિટ તથા નોકરીનો ઓફર લેટર પધરાવી છેતરપિંડી આચરનારા આરોપીને મુંબઈ ક્રાઇમ બ્રાન્ચે પકડી પાડ્યો હતો. આરોપીની ઓળખ મોહંમદ શરીફ ખાન (૪૨) તરીકે થઇ હોઇ તે મીરા રોડનો રહેવાસી છે અને તેની વિરુદ્ધ થાણે તથા હરિયાણામાં ગુના દાખલ હોવાનું તપાસમાં જણાયું હતું.

આરોપીએ એસ. કે. એન્ટરપ્રાઇઝીસ મેનપાવર જોબ કન્સલન્ટન્સી નામે કંપની શરૂ કરી હતી અને ભાડેથી ઓફિસ ખોલી હતી. તેણે ગુજરાતના સાત જણને મુંબઈ બોલાવ્યા હતા અને આગ્રીપાડા વિસ્તારમાં તેમની પાસેથી ૩૬ લાખ રૂપિયા લઇને તેમને ન્યૂ ઝીલેન્ડ અને અઝરબૈજાનના બોગસ વિઝા, એરટિકિટ અને કંપનીના ઓફર લેટર પધરાવ્યા હતા.

છેતરપિંડી પ્રકાશમાં આવ્યા બાદ આરોપી વિરુદ્ધ આગ્રીપાડા પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરાયો હતો અને કેસની તપાસ કરી રહેલી ક્રાઇમ બ્રાન્ચે આરોપીની ધરપકડ કરી હતી. તપાસ દરમિયાન પોલીસને જાણવા મળ્યું હતું કે આરોપીએ ગુજરાત સહિત પંજાબ, હરિયાણા અને પશ્ચિમ બંગાળના ૧૭ લોકો સાથે ૬૭ લાખ રૂપિયાની છેતરપિંડી કરી હતી. પોલીસ હવે આરોપીની મહિલા સાથીની શોધ ચલાવી રહી છે, એમ સૂત્રોએ જણાવ્યું હતું. ■

# મોહન ભાગવતનો વિરોધ કરવા માટે નિતેશ રાણેએ રાજીનામું આપવું જોઈએ: સંજય રાઉત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના વડા મોહન ભાગવતે દિલ્હીની એક મસ્જિદની મુલાકાત લીધી હતી અને સ્થાનિક મુસ્લિમ નેતાઓ સાથે ચર્ચા કરી હતી. મોહન ભાગવત અખિલ ભારતીય ઇમામ સંગઠનના ઉમર અહમદ ઇલ્યાસીને મળ્યા હતા. તેમની સાથેની બેઠકમાં અન્ય મુસ્લિમ નેતાઓ પણ હાજર હતા. બંધ દરવાજા પાછળ યોજાયેલી આ બેઠક લગભગ એક કલાક ચાલી હતી. આ બેઠક પછી દેશભરમાં વિવિધ ચર્ચાઓ શરૂ થઈ છે. આ બાબતને મુદ્દો બનાવીને શિવસેના યુબીટીના સાંસદ સંજય રાઉતે જણાવ્યું હતું કે, જો આરએસએસના સરસંઘચાલક મોહન ભાગવત મુસ્લિમ ધાર્મિક નેતાઓ સાથે મુલાકાત અને ચર્ચા કરી રહ્યા છે, તો નિતેશ રાણેએ તાત્કાલિક તેમના પ્રધાનપદેથી રાજીનામું આપી દેવું જોઈએ.

સંજય રાઉતે એવો કટાક્ષ કર્યો હતો કે મોહન ભાગવતની મસ્જિદની મુલાકાત નિતેશ રાણેના વિચારોની વિરુદ્ધ છે.

સંજય રાઉતે કહ્યું, જો મોહન ભાગવત મુસ્લિમ સમુદાયના અગ્રણી ધર્મગુરુઓ સાથે વાત કરી રહ્યા છે, તેમના વિચારો સમજી રહ્યા છે, તેમના પ્રત્યે સહાનુભૂતિ દર્શાવી રહ્યા છે, તો ટીકા લગાવનારા નેતાઓ પરેશાન થયા હશે. તે નિતેશ રાણે જ હશે. તેમણે તાત્કાલિક રાજીનામું આપવું જોઈએ. તેમણે મંત્રાલયમાં રહેવું જોઈએ નહીં. રાણેએ પ્રધાનમંડળમાંથી રાજીનામું આપવું જોઈએ અને મોહન ભાગવતની મસ્જિદની મુલાકાત સામે પોતાનો વિરોધ નોંધાવવો જોઈએ.

શિવસેના (યુબીટી)ના સાંસદે કહ્યું હતું કે, જો દેવેન્દ્ર ફડણવીસના પ્રધાનમંડળ અને ઉત્તર પ્રદેશમાં યોગી આદિત્યનાથના પ્રધાનમંડળમાં બેઠેલા લોકો મોહન ભાગવતની મુસ્લિમ ધર્મગુરુઓ સાથેની વાતચીત સાથે સહમત નથી, તો તેમણે તાત્કાલિક રાજીનામું આપવું જોઈએ. જો નિતેશ રાણે સરસંઘચાલકની ભૂમિકા અને તેમના વિચારો સાથે સહમત નથી, તો તેમણે પ્રધાનમંડળ છોડી દેવું જોઈએ. ■

# બજાજ ફાઈનાન્સની પછડાટ સાથે સેન્ટિમેન્ટ ખરડાતાં સેન્સેક્સ ૭૨૧ પોઈન્ટ ગબડ્યો, નિફ્ટી ફરી ૨૫,૦૦૦ની નીચે સરક્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વિદેશી સંસ્થાકીય રોકાણકારોની એકધારી વેચવાલી સાથે બજાજ ફાઇનાન્સ અને બજાજ ફિનસર્વ સહિતના અન્ય હેવીવેઇટ શેરોમાં જોરદાર વેચવાલી અને પીછેહઠને કારણે શુક્રવારે સેન્સેક્સ અને નિફ્ટી નોંધપાત્ર રીતે નીચા સ્તરે બંધ થયા હતા. એનાલિસ્ટ અનુસાર એશિયા અને યુરોપના સેરબજારના નબળા સંકેત પણ બજારને ઘટાડનાર પરિબળોમાં સામેલ હતા. સેન્સેક્સ ૭૨૧.૦૮ પોઈન્ટ અથવા ૦.૮૮ ટકા ઘટીને ૮૧,૪૬૩.૦૯ પોઇન્ટ પર સ્થિર થયો હતો અને એનએસઇનો નિફ્ટી ૨૨૫ પોઈન્ટ અથવા ૦.૯ ટકા ઘટીને ૨૪,૮૩૭ પોઇન્ટ પર સ્થિર થયો હતો.

બીએસઇ પર, બજાજ ફાઇનાન્સ પરિણામની જાહેરાત બાદ સત્ર દરમિયાન છ ટકા તૂટ્યા બાદ અંતે ૪.૭૩ ટકાના ઘટાડા સાથે સ્થિર થયો હતો. બજાજ ટ્વીન્સ, પાવર ગ્રીડ, ટેક મહિન્દ્રા, ઇન્ફોસિસ, ટાટા મોટર્સ, એનટીપીસી, અદાણી પોર્ટસ અને ટ્રેન્ટ ટોચના ઘટનારા શેરોમાં હતા. તેનાથી વિપરીત ભારતી એરટેલ અને સન ફાર્મા સેન્સેક્સમાં માત્ર બે જ વધનાર શેર હતો. વ્યાપક બજારોમાં, નિફ્ટી મિડકેપ ઇન્ડેક્સ ૧.૬૧ ટકા ઘટ્યો હતો અને નિફ્ટી સ્મોલકેપ ઇન્ડેક્સ ૨.૧ ટકા ઘટ્યો હતો.

સેકટરલ ધોરણે નિફ્ટી ફાર્મા (૦.૫૪ ટકા ઉપર) સિવાય તમામ કાઉન્ટરો પર વેચવાલી જોવા મળી હતી. બીજી બાજુ, અન્ય શેરોમાં, નિફ્ટી ઓટો ૧.૨૭ ટકા, નિફ્ટી આઈટી ૧.૪૨ ટકા, નિફ્ટી મેટલ ૧.૬૪ ટકા, નિફ્ટી રિયલ્ટી ૦.૯૯ ટકા, નિફ્ટી ફાઇનાન્શિયલ સર્વિસીસ ૦.૯૧ ટકા અને નિફ્ટી એફએમસીજી ૦.૯ ટકા ઘટીને બંધ થયા. સ્થાનિક બજારમાં બજારની અસ્થિરતાનું માપદંડ, ઇન્ડિયા વીઆઈએક્સ, ૫.૧૫ ટકા વધીને ૧૧.૨૮ પર બંધ થયો.

ટેક્નિકલ એનાલિસ્ટ અનુસાર નિફ્ટી માટે હવે તાત્કાલિક સપોર્ટ લેવાલ ૨૪,૭૦૦ અને ત્યારબાદ મજબૂત ટેકાની સપાટીએ ૨૪,૫૦૦ની આસપાસ છે. વિદેશી સંસ્થાકીય રોકાણકારો સતત વેચવાલી રહ્યા છે પાછલા સત્રમાં એફઆઇઆઇએ ભારતીય બજારમાં રૂ. ૨૧૩૩.૬૯ કરોડની ચોખ્ખી વેચવાલી નોંધાવી છે. પાછલા ત્રણેક સત્રમાં જ આ વર્ગે અંદાજે રૂ. ૧૧,૦૦૦ કરોડની વેચવાલી કરી છે. સ્થાનિક સંસ્થિાકીય રોકાણકારોએ ગુરુવારે રૂ. ૨૬૧૭.૧૪ કરોડના શેર ખરીદ્યા હતા.

સતત વિદેશી વેચાણથી પ્રવાહીતા ઓછી થાય છે અને ઘણીવાર શેરના ભાવ પર દબાણ વધે છે, ખાસ કરીને લાર્જ-કેપ સેગમેન્ટમાં આ વધુ જોવા મળ્યું છે. ક્રૂડ ઓઇલના ભાવમાં વધારો પણ માહોલ બગાડે છે. બ્રેન્ટ ક્રૂડ ઓઇલ ફ્યુચર્સ ૦.૩૨ ટકા વધીને ૬૯.૪૦ ડોલર પ્રતિ બેરલ બોલાયું હતું. ક્રૂડ ઓઇલના ઊંચા ભાવ કંપનીઓ માટે ઇનપુટ ખર્ચમાં વધારો કરે છે, ચાલુ ખાતાની ખાધમાં વધારો કરે છે અને ફુગાવાના દબાણ તરફ દોરી શકે છે, જેનાથી રોકાણકારોના માનસ પર નકારાત્મક અસર પડે છે.

પ્રાઇમરી બજારમાં બહુપ્રતિક્ષિત એનએસડીએલનો રૂ. ૪૦૧૧ કરોડનો જાયન્ટ આઇપીઓ ૩૦મી જુલાઇએ ખૂલશે. આ શેર માટે પ્રાઇસબેન્ડ રૂ. ૭૬૦થી રૂ. ૮૦૦ પ્રતિ શેર નક્કી થઇ છે. ભરણું પહેલી ઓગસ્ટે બંધ થશે. એન્કર ઇન્વેસ્ટર માટે ભરણું ૨૯ જુલાઇએ ખૂલશે. સંપુર્ણ ભરણુ ૫.૦૧ કરોડ ઇક્વિટી શેરની ઓફર ફોર સેલ છે, જેમાં એનએસઇ, એસબીઆઇ, એચડીએફસી બેન્ક, આઇડીબીઆઇ બેન્ક સહિતના સ્ટેક હોલ્ડર્સ શેર વેચશે. મિનિમમ લોટ ૧૮ શેરનો છે અને રિટેલ ઇન્વેસ્ટર્સ પોર્શન ૩૫ ટકા અનામત છે.

એમએન્ડબી એન્જિનિયરિંગ લિમિટેડ ૩૦મી જુલાઇએ રૂ. ૬૫૦ કરોડના આઇપીઓ સાથે મૂડીબજારમાં પ્રવેશ કરશે. પ્રાઇસ બેન્ડ રૂ. ૩૬૬થી રૂ. ૩૮૫ નક્કી થઇ છે. ઓએફએસ અને ફ્રેશ ઇક્વિટીનું મિશ્રણ એવુ આ ભરણું પહેલી ઓગસ્ટે બંધ થશે. અપરબેન્ડને આધારે કંપનીનું માર્કેટ કેપિટલ રૂ. ૨૨૦૦ કરોડ સુધી પહોંચે છે. રિટેલ ઇન્વેસ્ટર્સ માટે ૧૦ ટકા હિસ્સો અનામત છે અને લિસ્ટિંગ છઠ્ઠી ઓગસ્ટે થશે.

નબળા કોર્પોરેટ પરિણામો અને નબળા વૈશ્વિક સંકેતોને કારણે સ્થાનિક ઇક્વિટીમાં વ્યાપક વેચવાલી જોવા મળી છે. લાર્જ-કેપ શેરોમાં ઊંચા મૂલ્યાંકન, વિદેશી ફંડો દ્વારા જળવાયેલી નોંધપાત્ર નેટ શોર્ટ પોઝિશન્સ નીચે તરફના દબાણમાં વધારો કરે છે. યુએસ-ભારત ટેરિફ વાટાઘાટો અને ઇસીબી દ્વારા યથાવત સ્થિતિ જાળવી રાખવા અંગે ચાલી રહેલી અનિશ્ચિતતા વચ્ચે રોકાણકારોનું સેન્ટિમેન્ટ નાજુક રહ્યું છે. કોર્પોરેટ સેકટરના નબળા પરિણામ અને એફઆઇઆઇના સતત વેચાણને કારણે પાછલા ત્રણેક મહિનાની મજબૂત ખરીદી પછી એફઆઇઆઇ રોકાણ પ્રવાહમાં ઘટાડો વર્તમાન બજારને અસર કરી રહ્યો છે.

જાપાન સાથે અમેરિકાનો ૧૫ ટકા ટેરિફ ધરાવતો સોદા બાદ રોકાણકારોએ રાહતની લાગણી અનુભવી છે ત્યારે ભારતના યુકે સાથેના ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટને પણ અંતિમ સ્વરૂપ આપી દેવાયું છે અને આ કરારથી ભારતની નિકાસ વધવાની આશા છે, પરંતુ પહેલી ઓગસ્ટે તોળાઇ રહેલી અમેરિકન ટેરિફ કેવી હશે એની આશંકા સેન્ટિમેન્ટ ડહોળી રહી છે. આ તરફ યુરોપિયન યુનિયને અમેરિકા પર વળતા હુમલાની તૈયારીરૂપે તેના પર ૩૦ ટકા સુધીની ટેરિફ લાદવાની ચીમકી આપી છે.

આમ જીઓપોલિટિકલ ટેન્શન સહેજ હળવું થયું છે ત્યાં ટેરિફ વોર ફરી વકરવાની ભીતિ સર્જાઇ હોવાથી બજારને કળ વળતી નથી. પહેલી ઓગસ્ટ અગાઉ અમેરિકા અને ભારત વચ્ચેના વ્યાપાર સોદા અંગેની વિગતો સંદર્ભની અનિશ્ચિતતાને કારણે સેન્ટિમેન્ટમાં સાવચેતીનું માનસ રહેવાની સંભાવના છે.

કોર્પોરેટ હલચલમાં આદિત્ય બિરલા રિઅલ એસ્ટેટે જૂન ક્વાર્ટરમાં રૂ. ૨૭.૦૮ કરોડની ખોટ નોંધાવી છે. કુલ આવક પણ પાછલા વર્ષના રૂ. ૩૬૫.૨૪ કરોડ સામે ઘટીને રૂ. ૧૫૭.૪૧ કરોડ રહી છે. મારુતિ સુઝુકીએ ઓટોમોબાઇલ ઇન્ડસ્ટ્રીઝમાં ટેકનોલોજી આધારિત સોલ્યુશન્સ વિકસાવવા માટે ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ એન્ડ ઇન્ટરનલ ટ્રેડ સાથે કરાર કર્યા છે. વેસ્ટલાઇફ ફુડવર્લ્ડે પ્રથમ ક્વાર્ટરમાં ૬૩ ટકાનો ઘટાડો નોંધાવ્યો છે.

કોલગેટ પામોલીવ ઇન્ડિયાએ પ્રથમ ક્વાર્ટરમાં ૧૨ ટકાના ઘટાડા સાથે રૂ. ૩૨૧ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. જીઓબ્લેક રોકે મેઇડન આઇપીઓ દ્વારા રૂ. ૧૭,૮૦૦ કરોડ એકત્ર કર્યા છે. આઇસીઆઇસીઆઇ બેન્કે પ્રથમ ક્વાર્ટરના પરિણામમાં ૧૫.૯ ટકાના વધારા સાથે રૂ. ૧૩,૫૫૮ કરોડનો કોન્સોલિડેટેડ ચોખ્ખો નફો નોંધાવ્યો હતો. એચડીએફસી બેન્કે પ્રથમ ક્વાર્ટરના પરિણામમાં ૧.૩૧ ટકાના ઘટાડા સાથે રૂ. ૧૬,૨૫૮ કરોડનો કોન્સોલિડેટેડ ચોખ્ખો નફો નોંધાવ્યો હતો. બેન્કે ૧:૧ના રેશિયોમાં બોનસ શેર અને શેરદીઠ પાંચ રૂપિયાના સ્પેશિયલ ડિવિડંડની જાહેરાત કરી છે. પેટીએમ બ્રાન્ડની માલિક, વન૯૭ કમ્યુનિકેશને પ્રથમ ક્વાર્ટરમાં રૂ. ૧૨૨.૫૦ કરોડનો નફો નોંધાવ્યો છે. કંપનીએ પહેલી જ વાર નફો નોંધાવ્યો છે.

## સ્મોલ ગ્રેડની ખાંડમાં સાધારણ ગુણવત્તાલક્ષી નરમાઈ

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગ ખપપૂરતી રહેતાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. પાંચથી ૧૫ના ઘટાડા સાથે રૂ. ૩૭૭૫થી ૩૮૧૫માં થયાના અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્ટોકિસ્ટોની તેમ જ રિટેલ સ્તરની માગ જળવાઈ રહેતાં માત્ર સ્મોલ ગ્રેડની ખાંડમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચારનો સાધારણ ગુણવત્તાલક્ષી ઘટાડો આવ્યો હતો અને મિડિયમ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું.

PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પશ્ચિમ રેલવે રતલામ ડિવિઝન**

**સુધારો**

ટેન્ડર નં. RTM-૨૦૨૫-૨૬-૬૮ (ઓપન ટેન્ડર) બંધ થવાની તારીખ/સમય ૨૯/૦૭/૨૦૨૫, ૧૫.૦૦ ક. કામનું નામઃ રતલામ ડિવિઝનઃ- ફ્લેશ બટ વેલ્ડસનું ફેઝ્ડ એરે USFD ટેસ્ટિંગ (PAUT). આ ટેન્ડર રદ કરવામાં આવ્યું છે.

Apex/5/1/156

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે**

**બદલી અને અન્ય છૂટક કામ**

વરિષ્ઠ વિભાગીય ઈલેક્ટ્રિકલ એન્જિનિયર (Sub) પશ્ચિમ રેલવે, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ-૪૦૦૦૦૮. ઈ-ટેન્ડર નોટિસ નં. WR-MMCTOESUB (ESOT)/ ૧૫/૨૦૨૫. કામનું નામઃ મુંબઈ સબર્બન સેકશનના ટાવર વેગનના માસ્ટર કન્ટ્રોલરની બદલી અને છૂટક કામ. કામનો અંદાજિત ખર્ચઃ રૂ. ૪૯,૯૫,૬૯૨/- બિડ સિક્યોરિટીઃ રૂ. ૯૯,૯૦૦/- ટેન્ડર ભરવાની તારીખ અને સમયઃ જણાવેલી પ્રક્રિયા મુજબ ૧૮/૦૮/૨૦૨૫ બપોરે ૩:૦૦ વાગ્યા સુધી. ટેન્ડર ખોલવાની તારીખ અને સમયઃ ૧૮/૦૮/૨૦૨૫ બપોરે ૩:૩૦ વાગે. વેબસાઈટની વિગતઃ વેબસાઈટ www.ireps.gov.in પર ટેન્ડર જોઈ શકાશે અને ભરી શકાશે. 0433

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે**

**વાર્ષિક જાળવણી કોન્ટ્રાક્ટ**

સિનિયર ડિવિઝનલ સિગ્નલ & ટેલિકોમ એન્જિનિયર (CO), ૨જો માળ, ડિવિઝનલ રેલવે મેનેજરની ઓફિસ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ-૮, ઈ-ટેન્ડર નં.: SG ૬૨૩/૧૭૮૩/WA તા. ૨૨/૦૭/૨૦૨૫ મંગાવે છે. કામનું નામઃ ૦૪ વર્ષ માટે મુંબઈ ડિવિઝનના ચર્ચગેટ-વિરાર સેક્શનના વિવિધ સ્ટેશનો ખાતે સ્થાપિત ટેલિટેકના ઉપનગરીય ટ્રેન ઈન્ડીકેટર્સના વ્યાપક વાર્ષિક જાળવણી કોન્ટ્રાક્ટ (CAMC). કામની કિંમતઃ રૂ. ૪૦,૦૮,૯૪૨.૪૧. બીડ સુરક્ષાઃ રૂ. ૮૦,૨૦૦/- ઈ-ટેન્ડર દસ્તાવેજોની સુપ્રતિ માટે બંધ થવાની તારીખ & સમયઃ ૧૪.૦૮.૨૦૨૫, ૧૫.૦૦ ક. સુધી. ઈ-ટેન્ડર ખોલવાની તારીખ & સમયઃ ૧૪.૦૮.૨૦૨૫ના ૧૫.૩૦ ક. ટેન્ડર વેબસાઈટ www.ireps.gov.in પર જોઈ શકાય છે. 0422

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે રતલામ ડિવિઝન**

**ઈ-ટેન્ડર નોટીસ**

ટેન્ડર નોટીસ નં. M247GLRSERCF252614 તારીખઃ ૨૧.૦૭.૨૦૨૫. કામનું નામઃ એન્જિન રૂમોની રિબિલ્ડિંગ અને ઈલેક્ટ્રિક લોકોમોટીવ્સની કેબમાં ક્રૂ ફ્રેન્ડલી ફિચર્સની જોગવાઈ. સ્થળઃ CWM/ દાહોદ ૫. રેલવેની ઓફિસ. કામની અંદાજિત કિંમતઃ રૂ. ૧,૪૬,૨૩,૨૯૦/- બીડ સુરક્ષાઃ રૂ. ૨,૨૩,૨૦૦/- ઈ-ટેન્ડરની સુપ્રતિની અને ખોલવાની તારીખ & સમયઃ ઈ-ટેન્ડરની સુપ્રતિ ૧૩.૦૮.૨૦૨૫ના ૧૪.૩૦ ક. સુધી અને તેજ દિવસે ૧૫.૦૦ ક. ઈ-ટેન્ડર ખૂલશે. ટેન્ડર નોટીસ અને દસ્તાવેજો www.ireps.gov.in/ E-Tenders/Works/IR Electrical પર ઉપલબ્ધ છે.

ચીફ વર્કશોપ મેનેજર, દાહોદ

Apex/17/1/152

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે રતલામ ડિવિઝન**

**ઈ-ટેન્ડર નોટિસ**

સિનિયર ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર, ટ્રેક્શન ડિસ્ટ્રબ્યુશન, પશ્ચિમ રેલવે, રતલામ ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી નીચેના કામ માટે ઈ-ટેન્ડરો મંગાવે છે. ટેન્ડર નં. EL/TRD/૫૮/૨x૨૫/EPC-PSI/૦૧. કામનું નામઃ પશ્ચિમ રેલવેના રતલામ ડિવિઝનના ગોધરા-રતલામ સેક્શન વચ્ચે ૨x૨૫KV ફીડિંગ સિસ્ટમ માટે સ્વિચિંગ પોસ્ટ અને ટ્રેકશન સબસ્ટેશનના સંબંધમાં ૧૩૨/૫૫KV સ્કોટ્ટની ડિઝાઈન, સપ્લાય, ઈરેક્શન, ટેસ્ટિંગ અને કમિશનિંગ. કામની અંદા. કિંમતઃ રૂ. ૧,૪૬,૦૬,૦૦,૦૦૦/- બાના રકમ ડિપોઝિટ / બિડ સુરક્ષાઃ રૂ. ૭૪,૫૩,૦૦૦/- પૂર્ણતાનો સમયગાળોઃ ૨૪ મહિના. ટેન્ડર દસ્તાવેજની કિંમતઃ Nil પહેલો પ્રી-બીડ કોન્ફરન્સઃ સિનિયર ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર, ટ્રેક્શન ડિસ્ટ્રબ્યુશન, DRM ઓફિસ, દો બત્તી, રતલામ, (M.P.)-૪૫૭૦૦૧ ખાતે ૧૪.૦૮.૨૦૨૫ના ૧૧.૦૦ ક. બીજો પ્રી-બીડ કોન્ફરન્સઃ સિનિયર ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર, ટ્રેક્શન ડિસ્ટ્રબ્યુશન, DRM ઓફિસ, દો બત્તી, રતલામ, (M.P.)-૪૫૭૦૦૧ ખાતે ૧૯.૦૯.૨૦૨૫ના ૧૧.૦૦ ક. બંધ થવાની તારીખ અને સમયઃ ૦૯.૧૨.૨૦૨૫ ૧૫.૦૦ ક. ઓફરની માન્યતાઃ ખોલવાના તારીખથી ૧૮૦ દિવસ વેબસાઈટ વિગતોઃ www.ireps.gov.in નોટિસ બોર્ડ સ્થળઃ Sr. ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર (ટ્રેકશન ડિસ્ટ્રબ્યુશન), પશ્ચિમ રેલવે, રતલામ-૪૫૭૦૦૧ની ઓફિસમાં.

Apex/13/1/149 Sr.DEE/TRD/RTM

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

# અમેરિકાની ટ્રેડ ડીલના આશાવાદમાં વિશ્વ બજાર પાછળ સોનામાં ₹ ૪૯૨ની અને ચાંદીમાં ₹ ૭૫૦ની પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકાના વેપારી ભાગીદાર દેશો સાથે થઈ રહેલી ટ્રેડ ડીલ અંગેની વાટાઘાટોની પ્રગતિને ધ્યાનમાં લેતા ડીલ થઈ જવાના આશાવાદ વચ્ચે આજે લંડન ખાતે સત્રના આરંભે સોના અને ચાંદીમાં સલામતી માટેની માગ ઓસરતા ભાવમાં ધીમો ઘટાડો આવ્યો હોવના અહેવાલ હતા. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ બન્ને કિંમતી ધાતુઓના ભાવમાં પીછેહઠ જોવા મળી હતી. જોકે, આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૧૬ પૈસા ઘટીને બંધ રહ્યો હોવાથી સોનાની આયાત પડતરો વધી આવતાં વિશ્વ બજારની સરખામણીમાં ભાવઘટાડો મર્યાદિત રહેતાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૯૦થી ૪૯૨ ઘટી આવ્યા હતા. તેમ જ ચાંદીના ભાવમાં પણ કિલોદીઠ રૂ. ૭૫૦નો ઘટાડો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની ઊંચા મથાળેથી નફારૂપી વેચવાલીનું દબાણ તેમ જ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે નવી લેવાલીનો અભાવ રહ્યો હતો, જ્યારે ઔદ્યોગિક વપરાશકારોની ખપપૂરતી માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૭૫૦ના ઘટાડા સાથે રૂ. ૧,૧૪,૩૪૨ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે સોનામાં પણ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્ટોકિસ્ટો અને રોકાણકારોની નવી લેવાલીનો અભાવ તેમ જ જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ નિરસ રહેતાં ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૯૦ ઘટીને રૂ. ૯૭,૯૯૪ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૪૯૨ ઘટીને રૂ. ૯૮,૩૮૮ના મથાળે રહ્યા હતા.

આજે લંડન ખાતે સત્રના આરંભે ખાસ કરીને અમેરિકાની ટ્રેડ ડીલની વાટાઘાટોની પ્રગતિને ધ્યાનમાં લેતા રોકાણકારોની સલામતી માટેની માગ ઓસરતા હાજરમાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૬ ટકા ઘટીને ઔંસદીઠ ૩૩૪૭.૨૮ ડૉલર અને વાયદામાં ભાવ ૦.૭ ટકા ઘટીને ૩૩૪૯.૮૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ૦.૬ ટકા ઘટીને ઔંસદીઠ ૩૮.૮૫ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

એકંદરે આજે ટૂંકા સમયગાળાના તેજીના ખેલાડીઓની સોનામાં નફારૂપી વેચવાલીનું દબાણ અને સલામતી માટેની માગ મંદ પડી હતી. જોકે, ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહ્યું હોવાથી તેમ જ ફેડરલ રિઝર્વ દ્વારા રેટ કટના આશાવાદને ધ્યાનમાં લેતા ભાવમાં ઘટાડો મર્યાદિત રહ્યો હોવાનું ઓએએનડીએનાં વિશ્લેષક કેલ્વિન વૉન્ગે જણાવતા ઉમેર્યું હતું કે આગામી ટૂંકા સમયગાળા માટે વૈશ્વિક સોનામાં ઔંસદીઠ ૩૩૬૦ ડૉલરની સપાટી મહત્ત્વની ટેકાની સપાટી પુરવાર થાય તેવી શક્યતા નકારી ન શકાય.

દરમિયાન યુરોપિયન યુનિયનના ડિપ્લોમેટ્સના જણાવ્યાનુસાર અમેરિકા અને યુરોપિયન યુનિયન વચ્ચે ટૂંક સમયમાં ટ્રેડ ડીલ થઈ જવાની શક્યતા છે. આ ટ્રેડ ડીલ અંતર્ગત જાપાનની ટ્રેડ ડીલની જેમ અમેરિકામાં આયાત થતાં યુરોપિયન યુનિયનના માલ પર ૧૫ ટકા ટૅરિફ નિર્ધારિત થાય તેવી શક્યતા છે.

વધુમાં ગત સપ્તાહે અમેરિકાના બેરોજગારી ભથ્થુ મેળવવા માટેનાં અરજદારોની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થયો હોવાથી રોજગાર ક્ષેત્રે સ્થિરતાના અણસાર મળ્યા હતા. જોકે, આગામી સપ્તાહની નીતિવિષયક બેઠકમાં ફેડરલ રિઝર્વ વ્યાજદર યથાવત્ રાખે અને સપ્ટેમ્બર મહિનામાં વ્યાજદરમાં કપાત જોવા મળે તેવો આશાવાદ બજાર વર્તુળો મૂકી રહ્યા છે.

# ફાર્મા સિવાયના તમામ ક્ષેત્રોમાં ધોવાણ, એમકેપમાં ₹ ૬.૪૩ લાખ કરોડનું ગાબડું

મુંબઇઃ શેરબજારમાં એકંદર ઘટાડાના માહોલમાં ફાર્મા સિવાયના તમામ ક્ષેત્રોમાં ધોવાણ જોવા મળ્યું હતું. બીએસઇના ઇન્ડેક્સમાં માત્ર હેલ્થકેર ઈન્ડેક્સ વધ્યો હતો, જ્યારે યુટિલિટીઝ, પાવર અને ઓઈલ-ગેસ શેરો સર્વાધિક ઘટ્યા હતા. માર્કેટ કેપમાં રૂ.૬.૪૩ લાખ કરોડનો ઘટાડો નોંધાયો હતો. શુક્રવારે બીએસઈ સેન્સેક્સ ગત ગુરુવારના ૮૨,૧૮૪.૧૭ના બંધથી ૭૨૧.૦૮ પોઈન્ટ્સ ઘટ્યો હતો. સેન્સેક્સની બે સ્ક્રિપ્સ વધી હતી, જ્યારે ૨૮ સ્ક્રિપ્સ ઘટી હતી. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૧.૪૬ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૧.૮૮ ટકા ઘટ્યા હતા. સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૧.૪૭ ટકા અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૦.૬૦ ટકા ઘટ્યો હતો. સેન્સેક્સ ૮૨,૦૬૫.૭૬ ખૂલીને ઊંચામાં ૮૨,૦૬૯.૫૧ સુધી અને નીચામાં ૮૧,૩૯૭.૬૯ સુધી જઈને અંતે ૮૧,૪૬૩.૦૯ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો. માર્કેટ કેપિટલાઈઝેશન રૂ.૪૫૮.૧૦ લાખ કરોડથી રૂ.૬.૪૩ લાખ કરોડ ઘટીને રૂ.૪૫૧.૬૭ લાખ કરોડ રહ્યું હતું.

સેકટરલ ઈન્ડાયસીસમાં એકમાત્ર બીએસઈ હેલ્થકેર ૦.૨ ટકા વધ્યો હતો, જ્યારે અન્ય બધા ઈન્ડેક્સ ઘટ્યા હતા. યુટિલિટીઝ ૨.૩૭ ટકા, પાવર ૨.૩૬ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૨.૧૧ ટકા, ઈન્ડસ્ટ્રિયલ્સ ૧.૮૮ ટકા, કેપિટલ ગુડ્સ ૧.૮૩ ટકા, એનર્જી ૧.૮૧ ટકા, આઈટી ૧.૬૫ ટકા, મેટલ ૧.૬૪ ટકા, ફોકસ્ડ આઈટી ૧.૪૯ ટકા, સર્વિસીસ ૧.૪૭ ટકા, કોમોડિટીઝ ૧.૩૬ ટકા અને કંઝ્યુમર ડિસ્કેશનરી ૧.૩ ટકા, ઘટ્યા હતા.એક્સચેન્જમાં ૪,૧૫૪ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૧,૧૪૦ સ્ટોક્સ વધ્યા હતા, ૨,૮૮૦ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૧૪૧ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૧૧૧ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૬૮ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. ૨૦૮ સ્ટોક્સને ઉપલી જ્યારે ૨૪૨ સ્ટોકને નીચલી સર્કીટ લાગી હતી.

સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં માત્ર સન ફાર્મા ૦.૫૨ ટકા અને ભારતી એરટેલ ૦.૦૫ ટકા વધ્યા હતા.

# ડૉલર સામે રૂપિયો ૧૨ પૈસા ગબડ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈ, ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૨૧૩૩.૬૯ કરોડની ચોખ્ખી વેચવાલી, વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં સુધારાતરફી વલણ રહ્યું હોવાના નિર્દેશો સાથે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયો સત્ર દરમિયાન ૨૩ પૈસા ગબડ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૧૨ પૈસાના ઘટાડા સાથે ૮૬.૫૨ની સપાટીએ બંધ રહ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૬.૪૦ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૮૬.૫૯ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૬.૬૩ અને ઉપરમાં ૮૬.૪૭ની રેન્જમાં રહ્યા બાદ અંતે ૧૨ પૈસા ગબડીને ૮૬.૫૨ના મથાળે રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયામાં આરંભિક તબક્કે સુધારાતરફી વલણ રહ્યા બાદ અંતે સાધારણ એક પૈસાના સુધારા સાથે બંધ રહ્યો હતો. એકંદરે આજે ઈક્વિટી માર્કેટમાં ધોવાણ અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં વેચવાલી ઉપરાંત વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ વધી આવ્યા હોવાથી રૂપિયો દબાણ હેઠળ રહ્યો હોવાનું મિરે એસેટ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે ભારતની અમેરિકા સાથેની ટ્રેડ ડીલની અનિશ્ચિતતા વચ્ચે આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયામાં નરમાઈનું વલણ જળવાઈ રહેતાં ૮૬.૩૦થી ૮૬.૯૦ની રેન્જમાં રહે તેવી શક્યતા છે.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૩૩ ટકા વધીને ૯૭.૪૪ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ૦.૪૨ ટકા વધીને બૅરલદીઠ ૬૯.૪૭ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવાથી તેમ જ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૭૨૧.૦૮ પૉઈન્ટનો અને ૨૨૫.૧૦ પૉઈન્ટનો ઘટાડો આવ્યો હોવાથી રૂપિયામાં ધોવાણ જોવા મળ્યું હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું.

# નિફ્ટીમાં પચીસ વર્ષમાં ૧૧૭૮૯ ટકા, સેન્સેક્સમાં ૧૬૫૯ ટકા અને ઇએલએસએસમાં ૭૭૨૬ ટકાની વૃદ્ધિ

મુંબઈ. શેરબજાર ફરી અનિશ્ચિતતા અને અફડતફડીના તબક્કામાં પ્રવેશ્યું છે ત્યારે રોકાણકારો ફરી શેરબજારમાં રોકાણ વિશ્લેષણ તરફ નજર માંડી રહ્યા છે. એકંદરે એવુ જાણવા મળે છે કે લાંબાગાળાનું રોકાણ અંતે લાભપ્રદ નિવડે છે. પાછલા પચીસ વર્ષના આંકડા જોઇએ તો ટકાવારીની દ્રષ્ટિએ ૧૯૯૯થી ૨૦૨૫ વચ્ચેના સમયગાળામાં, નિફ્ટી ૧૩૨૬.૧૫ સ્તરથી ૧૭૮૯.૮૪ ટકા વધીને ૨૫૦૬૨.૧ સ્તર પર પહોંચ્યો છે. બીજી તરફ, સેન્સેક્સ પણ ૪,૬૭૨.૧૨થી ૧૬૫૯.૦૩ ટકા વધીને ૮૨૧૮૪.૧૭ સ્તર પર પહોંચ્યો છે. જ્યારે ઇક્વિટી લિન્કડ સેવિંગ સ્કીમ્સમાં વળતર અનેકગણું વધ્યું છે.

સામાન્ય રીતે બજારનો સમય નક્કી કરવાની પ્રથામાં સિક્યોરિટીના ભાવમાં સંભવિત વધારો કે ઘટાડાની આગાહી કરવી અને તે મુજબ સિક્યોરિટી ખરીદવી કે વેચવી શામેલ છે. જોકે, તાજેતરમાં ઇન્વેસ્ટમેન્ટ ફિલ્ડના એક અગ્રણીએ પોતાની લિંક્ડઇન પોસ્ટ જણાવ્યું કે ક્યારેક બજારમાં વધુ સમય રોકાણ કરવું એ બજારને સમય આપવાનો પ્રયાસ કરવા કરતાં વધુ સારો અભિગમ હોઈ શકે છે. લગભગ ૨૫ વર્ષ દરમિયાન તેમનું રૂ. ૧૦,૧૦૦નું રોકાણ રૂ. ૭.૯ લાખમાં પરિવર્તિત થયું છે.

વર્ષ ૧૯૯૯માં તેમણે રૂ. ૧૦,૧૦૦ રૂપિયામાં ઇક્વિટી લિંક્ડ સેવિંગ્સ સ્કીમ (ઇએલએસએસ) યુનિટ્સ ખરીદ્યા હતા અને પાછલા ૨૫ વર્ષમાં તેમના રોકાણનું મૂલ્ય વધીને ૭,૯૦,૪૫૭.૮ રૂપિયા થયું છે, તેમણે પ્રુડેન્શિયલ ઇએલએસએસ ટેક્સ સેવર ગ્રોથ સ્કીમના યુનિટ્સ ખરીદ્યા હતા. આ રોકાણ ૧૯.૦૫ ટકાના ચક્રવૃદ્ધિ દરે વધ્યું છે. તે જ સમયગાળામાં સેન્સેક્સનો સીએજીઆર ૧૨.૧૫ ટકા છે, અને નિફ્ટીનો સીએજીઆર ૧૨.૪૮ ટકા છે. ઉભરતા બજારોમાં સામાન્ય રીતે ઝડપી વૃદ્ધિ જોવા મળે છે. પાછલા પચીસ વર્ષમાં મુખ્ય શેરઆંકોમાં પણ નોંધપાત્ર વધારો થયો છે. જોકે, આ વૃદ્ધિનો મહત્તમ લાભ લેવા માટે, બજારમાં રોકાણ જાળવી રાખવું મહત્વપૂર્ણ છે. પાછલા ૨૫ વર્ષોમાં, બજારમાં ઘણા આંચકા જોવા મળ્યા છે, જેમાં ૨૦૦૦માં ડોટકોમ બબલ બર્સ્ટ, ૨૦૦૧માં કેતન પારેખ સ્ટોક કૌભાંડ, ૨૦૦૫માં વિશ્વ બજારમાં મંદી, ૨૦૦૮માં યુએસ માર્કેટ કટોકટી અથવા કોવિડ-૧૯ રોગચાળો અથવા ભારત-પાકિસ્તાન સંઘર્ષ જેવી તાજેતરની ઘટનાઓનો સમાવેશ છે. સામાન્ય રીતે, જ્યારે બજારમાં ઘટાડો થાય છે, ત્યારે રોકાણકારો ગભરાઈ જાય છે અને તેમના રોકાણને પુનઃપ્રાપ્ત કરવા અથવા તેમના નુકસાનને ઘટાડવા માટે તેમની સિક્યોરિટીઝ વેચી દે છે. જોકે, રોકાણને જાળવી રાખવાથી લાભ મળે છે. લાંબા ગાળાના રોકાણના ઘણા ફાયદા છે, જેમ કે વળતરનું ચક્રવૃદ્ધિ, જેમાં તમારા વળતરનું ફરીથી રોકાણ કરવામાં આવે છે અને તમે તમારા પ્રારંભિક રોકાણ અને સંચિત કમાણી બંને પર વ્યાજ મેળવો છો. વધુમાં, લાંબા ગાળાના રોકાણથી રોકાણકારોને બજારમાં અચાનક આવતા ઘટાડાને સરળ બનાવવામાં પણ મદદ મળે છે કારણ કે તે નકારાત્મક સમાચારનું કારણ બને છે.

# મલયેશિયાની ભારત ખાતેની પામતેલની નિકાસમાં બાઉન્સબૅક, બજાર હિસ્સો વધીને ૩૫ ટકા

નવી દિલ્હીઃ મલયેશિયાની ભારત ખાતેની ક્રૂડ પામતેલની નિકાસમાં ઘટાડો થયા બાદ ગત મે અને જૂન મહિનામાં નિકાસમાં બાઉન્સબૅક થતાં ૨.૫ લાખ ટનની થઈ છે. તેમ જ વર્ષ ૨૦૨૫નાં પહેલા છ મહિનામાં મલયેશિયાની કુલ નિકાસમાં ભારતનો બજાર હિસ્સો જે વર્ષ ૨૦૨૩માં ૩૦ ટકાનો હતો તે વધીને ૩૫ ટકાના સ્તરે રહ્યો હોવાનું મલયેશિયન પામ ઑઈલ કાઉન્સિલ (એમપીઓસી)ના ચીફ એક્ઝિક્યુટીવ ઑફિસર બેલવિન્દર સ્રોને જણાવ્યું હતું. આઈવીપીએ ગ્લોબલ રાઉન્ડ ટેબલની ચોથી આવૃત્તિને સંબોધતાં તેમણે જણાવ્યું હતું કે ઑક્ટોબર, ૨૦૨૪માં માગ ટોચ પર રહ્યા બાદ નિકાસમાં સુધારાતરફી વલણ જળવાઈ રહ્યું છે. તેમ જ ભાવમાં સ્પર્ધાત્મકતા અને દિવાળીના તહેવારો પૂર્વે સ્ટોક થવાની શક્યતાને ધ્યાનમાં લેતાં ત્રીજા ત્રિમાસિકગાળામાં પણ માગમાં સકારાત્મક વલણ જળઈ રહેવાની શક્યતા તેમણે વ્યક્ત કરી હતી. છેલ્લાં પાંચ વર્ષથી મલયેશિયાની ભારત ખાતેની ક્રૂડ પામતેલની નિકાસ વર્ષે ૨૫ લાખ ટનની સપાટીએ સ્થિર રહી હોવાનું જણાવતાં તેમણે આ વર્ષના અંત સુધીમાં માગમાં સુધારો જળવાઈ રહેવાનો આશાવાદ વ્યક્ત કર્યો હતો. આ પરિસંવાદ દરમિયાન એમપીઓસીએ ઈન્ડિયન વેજીટેબલ ઑઈલ પ્રોડ્યુસર્સ એસોસિયેશન સાથે મલયેશિયન પામતેલના પોષકત્વ અને ટકાઉપણાને પ્રોત્સાહન આપવા માટે સહયોગ કર્યો હોવાનું એક યાદીમાં જણાવાયું છે. આઈવીપીએનાં આ સહયોગમાં નભારત કા સ્વાદ પામ ઑઈલ કે સાથથ જેવા સ્લોગન સાથે ઝુંબેશ હાથ ધરીને ગ્રાહકોમાં મલયેશિયન પામતેલ પ્રત્યેની જાગરૂકતા વધારવામાં આવશે.

# ટીનમાં સ્ટોકિસ્ટોની લેવાલીએ ₹ ૨૧નો ઉછાળો, અન્યમાં મિશ્ર વલણ

મુંબઈઃ વૈશ્વિક સ્તરે અમેરિકી ટૅરિફની અનિશ્ચિતતા વચ્ચે કોપરમાં નરમાઈનુ વલણ રહ્યું હોવાના નિર્દેશો સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ કોપરની ચોક્કસ વેરાઈટીઓમાં તથા બ્રાસ શીટ કટિંગ્સમાં કિલોદીઠ રૂ. બેથી સાતનો ઘટાડો આવ્યો હતો. આજે મુખ્યત્વે ટીનમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. ૨૧નો ઉછાળો આવ્યો હતો. આ સિવાય વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે એલ્યુમિનિયમમાં કિલોદીઠ રૂ. એકનો સુધારો આવ્યો હતો. આજે સ્થાનિકમાં મુખ્યત્વે ટીનમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી જળવાઈ રહેવા ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૨૧ના ઉછાળા સાથે રૂ. ૩૦૫૧ના મથાળે રહ્યા હતા.

**મુંબઈ પોર્ટ ઓથોરિટી**

**ટેન્ડર મંગાવતી નોટિસ**

મુંબઈ પોર્ટ ઓથોરિટી MBPA રસ્તાઓના ઉપયોગ માટે ચાર્જ વસૂલવા માટે લાયસન્સ માટે ઓનલાઈન ટેન્ડર નં. E.૨૪/૨૦૨૫-ઈ-ટેન્ડર-કમ-ઈ-ઓક્શન મંગાવે છે. ટેન્ડરની વિગતો MbPAની વેબસાઈટ http://www.mumbaiport.gov.in અને http://www.eprocure.gov.in/eprocure/app પર ઉપલબ્ધ છે.

ચીફ એન્જિનિયર
મુંબઈ પોર્ટ ઓથોરિટી

MbPA-15-2025

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ samachar.bombay@gmail.com ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**



'परमाराध्य' परमधर्माधीश उत्तराम्नाय ज्योतिष्पीठाधीश्वर
जगद्गुरु शङ्कराचार्य
स्वामिश्रीः अविमुक्तेश्वरानन्दः सरस्वती '१००८'
૫૬મો પ્રાગટ્ય દિન
તિથિ પ્રમાણે શ્રાવણ શુક્લ બીજ, તારીખ ૨૬ જુલાઈ ૨૦૨૫
ગુરુ વંદના
અરવિંદ હેમરાજ શાહ,
• સંચાલક-જૈન અલ્પસંખ્યાક વિકાસ આર્થિક વિકાસ મહામંડળ-મહારાષ્ટ્ર શાસન
• ઉપપ્રમુખ-બૃહદ મુંબઈ ગુજરાતી સમાજ • એક્સ બોર્ડ મેમ્બર-લોકલ એડવાઈઝરી બોર્ડ તિરુપતિ તિરુમાલા દેવસ્થાનમ-મુંબઈ બોર્ડ




Online Shopping
8169344142
SINCE 1991
Monsoon Sale
FLAT 35%* PARTY WEAR
CONDITION APPLY
FLAT 20%* COTTON COLLECTION
CONDITION APPLY
AJAY ARVINDBHAI KHATRI
અજય અરવિંદભાઈ ખત્રી
ajayarvindbhaikhatri
www.ajayarvindbhaikhatri.com
BORIVALI (W) : 1, Landmark Bldg., Nr. Petrol Pump, S.V. Road. +91 8591547910
BORIVALI (W) : Chandavarkar Rd. +91 8591545295
MALAD (W) : 1/5, Somaiya Chambers, S.V. Rd. +91 8591541925
AHMEDABAD Shop G-1, Ten-11 Bdg., C.G. Rd. +91 7600527323




IATA
VEG JAIN
10 N | 11 D
VIETNAM
DEP: SEP. 07 | OCT. 24
8 N | 9 D
EGYPT
DEP: AUG. 12, 22 | SEP. 11, 21 | OCT. 13, 24 | NOV. 13, 24
13 N | 14 D
KAILASH MANSAROVAR
DEP: AUG. 11, 21 | SEP. 03, 16
9 N | 10 D
ICELAND
DEP: SEP. 11, 21 | OCT. 10, 19 | NOV. 08, 28 | DEC. 10, 19
Velvet Vacations
By: NOVEX COMMUNICATIONS
વીરલ: +91 8108012096
પ્રતિક્ષા: +91 8424006080
હાર્દિક: +91 8422090740
કુનાલ: +91 8422820391
B-301, REMI BIZ COURT, OPP SUPREME CHAMBERS, VEERA DESAI ROAD, ANDHERI (W), MUMBAI 400058.
EXCITING TOURS: AUSTRALIA | NEW ZEALAND
OTHER DESTINATIONS: ALMATY | BAKU | GEORGIA | AMERICAN ROCKIES
www.velvetvacations.in
NOVEX ENCOURAGES COPYRIGHT COMPLIANCE.